વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૩૮મું
ડિસેમ્બર : ૨૦૧૩
અંક : ૪૨૭

મંગલ મંદિર ● ડિસેમ્બર-૨૦૧૩ ● ૧
(કુલ પાના : ૯૦)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



સાપુતારા

મુખ્ય કાર્યાલય :-
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : info@kutchijainahd.org • Website : www.kutchijainahd.org

તંત્રી મંડળ :
**અશોક મહેતા** - મુખ્ય તંત્રી
**મનુભાઈ શાહ**
**દિનેશચંદ્ર મહેતા**

navbhara
sahitya mandi
An icon of literature

નવભારત સાહિત્ય મંદિર પ્રસ્તુત કરે છે ખાસ આપના માટે

"ગૃહ-પુસ્તકાલય યોજના"

ગાંધીજીએ કહ્યું છે કે ઉત્તમ વાંચન એ આત્માનો ખોરાક છે. આપણા પરિવારને ઉત્તમ વાંચન મળી રહે, ઉત્તમ સંસ્કાર મળી રહે તે જવાબદારી આપણી છે. પ્રત્યેક પરિવાર માટે ઉપયોગી બની રહે તથા પ્રત્યેક ગુજરાતી ઘરને પોતિકું પારિવારિક વાંચન મળી રહે તે માટે નવભારત સાહિત્ય મંદિર રજૂ કરે છે 'ગૃહ-પુસ્તકાલય યોજના'. જેમાં દરેક પરિવારને પોષાય તેવા બજેટમાં અમે ખાસ પુસ્તકોના 'પરિવાર વાંચન સેટ' તૈયાર કર્યાં છે. આ સેટમાં પરિવારમાં વસતાં તમામ લોકોને ઉપયોગી બની રહે તેવાં પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ યોજનામાં અમારી સાથે જોડાઓ અને આપના પરિવારને ઉત્તમ વાંચન આપો, કારણ કે ઉત્તમ વાંચન ક્યારેય એળે જતું નથી. શક્ય છે કે અમે મોકલેલી યાદીમાંથી એકાદ-બે પુસ્તકો આપની પાસે પહેલેથી જ હોય, તો એના માટે નિશ્ચિંત રહો. આપની પાસે જે પુસ્તક હોય તે આ સેટ ખરીદતા પહેલાં અમને જણાવી એ જ કિંમતનું અન્ય પુસ્તક પસંદ કરી શકો છો. આ યોજનામાં જોડાવા અમને સત્વરે પત્ર લખો અથવા રૂ-બ-રૂમાં અમારી નીચેની ઓફિસના સરનામે સંપર્ક સાધો :

**દરેક વ્યક્તિને ઉપયોગી વાંચન**

- બાળકોને ઉપયોગી પુસ્તકો
- પરિવારનાં વડીલોને ઉપયોગી પુસ્તકો
- પરિવારનાં ગૃહસ્થને ઉપયોગી પુસ્તકો
- પરિવારનાં ગૃહીણીઓને ઉપયોગી પુસ્તકો
- પરિવારનાં વિદ્યાર્થીઓને ઉપયોગી પુસ્તકો
- ગુજરાતી ભાષાનાં ચિરંજીવી પ્રશિષ્ટ પુસ્તકો

એક જ સેટમાં આખા પરિવારને ઉપયોગી પુસ્તકો એક સાથે તમને મળી રહેશે. એ પણ ખાસ ડિસ્કાઉન્ટ સાથે. દરેક પરિવારને પોષાય તે માટે અમે ખાસ સ્કીમ તૈયાર કરી છે. જેમાં તમને મળશે,

- માત્ર ૧૦૦૦/- રૂ.માં ૧૨૫૦/- રૂ.નાં પુસ્તકો
- માત્ર ૩૦૦૦/- રૂ.માં ૪૦૦૦/- રૂ.નાં પુસ્તકો
- માત્ર ૫૦૦૦/- રૂ. માં ૬૫૦૦/- રૂ.નાં પુસ્તકો

**નવભારત સાહિત્ય મંદિર**
૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમરોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫, ૨૬૫૮૩૭૮૭
પતાસા પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩

**આપને મનગમતાં કોઈ પણ પુસ્તક માટે સંપર્ક કરો તથા અમારે બે સેન્ટ્રલ એ.સી. શો-રૂમની મુલાકાત લો.**

Like us on : facebook.com/NavbharatSahityaMandir
e-mail : info@navbharatonline.com web : www.navbharatonline.com

નવભારત સાહિત્ય મંદિર

BHARAT B. GALA NAVINCHANDRA D. DEDHIA

SRE

Raju
ENTERPRISE

RE-ROLLING / S.S. PATTA - PATTI


179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 80006 05460

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT
AN ISO 9001 - 2000 COMPANY

# કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ

**સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર**

**મલ્ટી-સુપર સ્પેશિયાલીટી ગ્રીન હોસ્પિટલ**

**આપનો વિશ્વાસ...અમારી સારવાર**

**કેર ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાઇન્સીઝ એ અમદાવાદના હાર્દસમા વિસ્તારમાં ૧૫૦ બેડ ધરાવતી અતિ આધુનિક ઉપકરણોથી સજ્જ એક અદ્વિતિય મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ છે.**












## હૃદયની સર્જરી ફક્ત ૩-૪ ઇંચના કાપાથી

## મીનીમલી ઇન્વેઝીવ કાર્ડિયાક સર્જરી (MICS)




MICS ના અત્યાધુનિક સાધનોથી સુસજ્જ પશ્ચિમ ભારતની પ્રથમ હોસ્પિટલ

આ હૃદય રોગ સર્જરી (MICS) ના ફાયદા:

ઝડપી રીકવરી ● વહેલા ડીસ્ચાર્જ ● ઓછો દુ:ખાવો ● કોસ્મેટીક ફાયદો

**ક્લાસ ૧૦૦ લેમીનાર એરફ્લો મોડ્યુલર ઓપરેશન થીયેટર્સ**

### ૩૦૦૦ થી વધારે હૃદયની સર્જરીનો અનુભવત ધરાવતી કાર્ડિયાક સર્જરી ટીમ

- બાયપાસ સર્જરી
- નબળા અને પહોળા હૃદય માટેની વિશેષ પ્રકારની સર્જરી (SVR)
- વાલ્વ રિપેર અને રિપ્લેસમેન્ટ સર્જરી
- નાના ચેકાવાળી ઓપન હાર્ટ સર્જરી
- પીડિયાટ્રીક કાર્ડિયાક સર્જરી
- થોરાસીક સર્જરી
- મગજ અને હાથ-પગની ધમનીઓની સર્જરી
- હાઇબ્રીડ સર્જરી

### સીમ્સ કાર્ડિયોલોજી ટીમની સિધ્ધિઓ

- ૨૫ વર્ષથી વધારે અનુભવ ધરાવતી ઇન્વટવેન્શનલ કાર્ડિયોલોજી ટીમ
- ૧૫૦૦૦ થી વધારે એન્જિયોપ્લાસ્ટી અને ૫૦૦૦૦ થી વધારે એન્જીયોગ્રાફીનો અનુભવ
- ઇન્ડિયાની અગ્રણીય ટીમ દ્વારા ૨૪ x ૭ કાર્ડિયોલોજીની સેવાઓ
- પશ્ચિમ ભારતમાં સૌપ્રથમ વાર કાર્ટો-૩ સીસ્ટમ - હૃદયના અનિયમિત ધબકારા વાળા દર્દી માટે
- સ્ટેન્ટ/સર્જરીની જરૂર ન હોય ત્યાં દવા, કસરત, યોગ દ્વારા સારવાર
- પ્રથમવાર પીડિયાટ્રીક કાર્ડિયાક ઇન્ટરવેન્શનલ અને સર્જીકલ યુનિટ નિષ્ણાંત ટીમ સાથે

## સીમ્સ કાર્ડિયાક ટીમ

| કાર્ડિયાક સર્જન | |
| --- | --- |
| ડૉ. ધીરેન શાહ (રાંભીયા) | (મો) +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ |
| ડૉ. ધવલ નાયક | (મો) +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ |
| **કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ** | |
| ડૉ. નિરેન ભાવસાર | (મો) +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭ |
| ડૉ. હિરેન ધોળકિયા | (મો) +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮ |
| **પીડિયાટ્રીક કાર્ડિયોલોજી** | |
| ડૉ. કશ્યપ શેઠ | (મો) +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮ |
| ડૉ. મિલન ચગ | (મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |
| **નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ** | |
| ડૉ. અમિત ચિતલીયા | (મો) +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦ |
| **કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ** | |
| ડૉ. અજય નાઇક | (મો) +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |

| કાર્ડિયોલોજીસ્ટ | |
| --- | --- |
| ડૉ. અનિશ ચંદારાણા | (મો) +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨ |
| ડૉ. અજય નાઇક | (મો) +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. સત્ય ગુપ્તા | (મો) +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦ |
| ડૉ. ગુણવંત પટેલ | (મો) +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬ |
| ડૉ. કેયૂર પરીખ | (મો) +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯ |
| ડૉ. મિલન ચગ | (મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |
| ડૉ. ઉર્મિલ શાહ | (મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯ |
| ડૉ. હેમાંગ બક્ષી | (મો) +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧ |
| ડૉ. જોયલ શાહ | (મો) +૯૧-૯૮૨૫૩ ૧૯૬૪૫ |
| ડૉ. રવિ સિંઘવી | (મો) +૯૧-૯૮૨૫૧ ૪૩૯૭૫ |


**CIMS®**
Care Institute of Medical Sciences

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
ફોન :+૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (૫ નંબર)
મો : +૯૧-૯૮૨૫૦૬૬૬૬૪, ૯૮૨૫૦૬૬૬૬૮
એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮
મોબાઈલ: +૯૧-૯૦૯૯૦ ૬૬૫૪૦
ઇમેલ : opd.rec@cims.me વેબ : www.cims.me

**એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી : +૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦, ૯૦૯૯૦ ૧૧૨૩૪**



ROMAN
GROUP
Give Your Society The Best!
Pest Control
Water Purifier
Water Proofing
Building Facilities
Silicon Acrylic Paint
Water Treatment Plant
Rain Water Harvesting
Solar Water Heating Systems
Tank And Ringwell Cleaning
Property Redevelopment And solutions
Landscaping And Play Equipment For Gardens
Roman Group of Companies
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
www.romangroup.in


# પ્રત્યેક ફૅમિલી માટે ખાસ ચીવટપૂર્વક સજાવેલાં તદ્દન નવાં-નવાં પુસ્તકો










| | | |
|---|---|---|
| ધરમકાંટો (પ્રેરક લેખો) | દિનેશ પાંચાલ | ૧૦૦ |
| હૈયાવો હસ્તમેળાપ (લગ્ન વિષયક) | દિનેશ પાંચાલ | ૨૫૦ |
| જીવન જીવવાની કળા (પ્રેરકલેખો) | લલિતપ્રભ, અનુ. હિરેન્દ્ર લાડ | ૧૬૦ |
| વેદના-સંવેદના (કાવ્યો) | પ્રતિભા ગજેરા | ૨૧૦ |
| સ્મરણ મોકલો (કાવ્યો) | પ્રભુ પહાડપુરી | ૧૬૦ |
| ટેરવે પરપોટા (કાવ્યો) | છાયા ત્રિવેદી | ૧૦૦ |
| જન્મારો (નવલકથા) | ઊજમશી પરમાર | ૨૨૫ |
| અઢારમો ચહેરો (નવલકથા) | યોગેશ જોષી | ૧૨૫ |
| સ્વર્ગ-નિમજ્જન (નવલકથા) | હસમુખ દોશી | ૧૨૦ |
| તોરણ ભા. ૧,૨ (વાર્તાઓ) | નાનાભાઈ હ. જેબલિયા | ૩૩૦ |
| પતંગિયા જેવું સપનું (વાર્તાઓ) | તુષાર પરમાર | ૮૦ |
| અમેરિકા એટલે... અમેરિકા (હાસ્ય) | વિનોદ ભટ્ટ | ૭૫ |
| બસ એમ જ... (હાસ્ય) | વિનોદ ભટ્ટ | ૧૨૫ |
| રંગલાની રામલીલા (હળવી શૈલીમાં સંસ્મરણો) | જયંતી પટેલ, 'રંગલો' | ૨૫૦ |
| મારો એડિનબરાનો પ્રવાસ (પ્રવાસ) | પ્રવીણસિંહ ચાવડા | ૧૨૫ |
| દામ્પત્યપોઝ : મૂંઝાવું શાને ? (આરોગ્ય) | ડૉ. કલા શાહ | ૧૦૦ |
| એક્યુપંક્ચર (આરોગ્ય) | ડૉ. પી. જી. શાહ | ૧૦૦ |
| સૂડી વચ્ચે સોપારી (સાસુ-વહુ વિષયક લેખો) | અલ્પા નીરવ શાહ | ૧૦૦ |
| માય ડિયર સન (પુત્રને પત્રો) | ડૉ. રેણુકા પટેલ | ૮૫ |
| સદ્ગતિ (વાર્તાઓ) | અજય પુરોહિત | ૯૦ |
| ચિમ્પાન્ઝી ચાલીસા (પ્રતિકાવ્યો) | મહેશ ધોળકિયા | ૬૫ |
| વાછંટ વિનોદની (હાસ્ય) | મહેશ ધોળકિયા | ૧૦૦ |
| ગીત ગાવું તો પ્રીતનું ગાવું (લગ્ન વિષયક કાવ્યો) | સંપા. રમેશ સંઘવી, સત્યમુનિ | ૧૫૦ |
| એવરી-ડે પૅરન્ટ્સ-ડે | સંપા. રોહિત શાહ | ૧૨૫ |

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય


**રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001**
**ફોન : 22144663 ફેક્સ : 22144663**
**ઈ-મેઈલ :** *goorjar@yahoo.com*

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
13, શિવરંજની સોસા., ઓવરબ્રિજના છેડે,
અશ્વમેધ બંગલોઝના બસ સ્ટેન્ડ પાસે,
સેટેલાઈટ, અમદાવાદ-15
ફોન : 26761366 મો. 9825268759

# શ્રધ્ધાંજલિ

● જન્મ ●
તા. ૧૮-૪-૧૯૪૫



● સ્વર્ગવાસ ●
તા. ૧૫-૧૧-૨૦૧૩
(ઉંમર : વર્ષ ૬૮)

## સ્વ. કાંતિલાલ વેલજી સાવલા

**(ગામ : નાની તુંબડી ★ હાલ : અમદાવાદ)**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સુવર્ણ જયંતી મહોત્સવ તા. ૧૩-૪-૨૦૧૩ના રોજ સંપન્ન થયો. સદ્‌ગત શ્રી કાંતિલાલ વેલજી સાવલા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રથમ ઉપપ્રમુખ ઉપરાંત 'તબીબી સેવા સમિતિ'ના કન્વીનર પણ હતા. તબીબી સેવા સમિતિના નેજા હેઠળ "શ્રી કચ્છી જૈન ભવન" પર મેડિકલ સેન્ટર તથા મેડિકલ ચેક-અપ સેન્ટર ચલાવવામાં આવે છે. સમાજના સુવર્ણ જયંતી મહોત્સવ બાદ તરતમાં આ સેન્ટરને યથાવત કાર્યરત રાખીને રીનોવેશન કાર્ય હાથ પર લેવામાં આવ્યું અને ત્યારબાદના છ મહિનાના સમયગાળામાં રીનોવેશન કાર્ય સંપન્ન પણ કરવામાં આવ્યું. રીનોવેટેડ મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૩ના રોજ નક્કી કરવામાં આવ્યો. રીનોવેશન કાર્યના ખર્ચને પહોંચી વળવા નકરાની એક યોજના નક્કી કરવામાં આવેલ હતી. નકરાની આ યોજનામાં અમદાવાદ સ્થિત મહાનુભાવો પાસેથી સહકાર મેળવવાની પ્રક્રિયા ચાલુ કરવામાં આવેલ હતી અને તે માટે દરેક સમર્થ વ્યક્તિનો સંપર્ક સાધવામાં આવી રહેલ હતો. તા. ૧૫-૧૦-૨૦૧૩થી આ પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ હતી. તા. ૧૮-૧૦-૨૦૧૩ના બપોરના ૧૨ વાગ્યા લગી કેટલાક મહાનુભાવોની મુલાકાત લેવા જે ટીમ ગયેલ હતી તેમાં શ્રી કાંતિભાઈ સાવલાનો પણ સમાવેશ થયેલ હતો. ત્યારબાદ તેઓ પોતાના વિસત પંપ પર ગયેલ હતા કે જ્યાં તેમની તબિયત લથડવાના સમાચાર આવ્યા. એજ રાત્રે તેમને સીમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. કચ્છના જ એવા ડૉ. ધીરેન શાહની રાહબરી હેઠળ રાત્રે ૧ વાગે શરૂ કરવામાં આવેલ ઓપરેશન લગભગ ૮ કલાક ચાલ્યું. ત્યારબાદ તેમની તબિયતમાં ચડાવ-ઉતાર આવ્યા કર્યા. છેવટે શુક્રવાર, તા. ૧૫-૧૧-૨૦૧૩ના સવારમાં ૧૧ વાગે તેમણે દેહત્યાગ કર્યો. તેમને એઓર્ટીક ડિસેક્શન (Aortic Dissection)ની બીમારી હતી. પરંતુ છેવટે બ્રેઈન ડેડ થઈ જવાના કારણે તેમનું અવસાન થયું. સમગ્ર સમાજ માટે આ એક આઘાતજનક અને દુઃખદ સમાચાર હતા. તા. ૧૭-૧૧-૨૦૧૩ની પ્રાર્થના સભા બાદ શ્રધ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવેલ હતું. વિશાળ સમુદાયની વચ્ચે અનેક મહાનુભાવોએ તેમના જીવનને યાદ કરીને તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરેલ હતી. તેમની સારવાર કરનાર ડૉ. ધીરેન શાહે પણ વ્યથિત ઉચ્ચારો સાથે તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરેલ હતી.

આજથી ૨૭ વર્ષ અગાઉ એટલે કે ૧૭ માર્ચ, ૧૯૮૬ના રોજ સાંજના તેઓ મારુતિ ફ્રંટીમાં પૂનાથી મુંબઈ આવી રહેલ હતા ત્યારે માર્ગ અકસ્માતમાં તેઓ બુરી રીતે ઘવાયા. શરીરના નીચેના અર્ધા ભાગે તેઓને મલ્ટી ફ્રેક્ચર થયા. અકસ્માત ખૂબ જ ગંભીર હતો. તેઓના બચી જવાની કોઈ આશા રહેલ ન હતી. તેમ છતાં તેઓ પોતાના મનોબળથી આ જીવલેણ અકસ્માતમાંથી બહાર આવ્યા. અને તે જ સમયે તેમણે તથા તેમના ધર્મપત્ની શ્રીમતી પ્રભાબેને નિર્ણય લીધેલ કે અકસ્માતમાં ઘવાયેલને પૂરેપૂરી મદદ કરવી અને પોતાને એ સમયે તાત્કાલિક સારવાર મળેલ હોવાથી મેડિકલ ક્ષેત્રે જરૂરિયાતવાળાને પૂરેપૂરી સહાય કરવી.

*દરેક ક્ષેત્રમાં નેતૃત્વની આવશ્યક્તા છે. ઊડતા પક્ષીઓની કતારને પણ માર્ગદર્શન માટે લીડરની જરૂરત પડે છે.*

વર્ષ ૧૯૯૧થી તેઓએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની શરૂઆત કરેલ હતી. ત્યારબાદ વર્ષ ૧૯૯૭માં જ્યારે શ્રી કચ્છી જૈન ભવનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું ત્યારે તેમણે મેડિકલ ચેક-અપ સેન્ટર માટે રૂા. ૭.૫ લાખના ડોનેશનની જાહેરાત કરેલ હતી અને તેના કારણે એ સમયે ઊભું થયું "શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર". ત્યારબાદ તેમણે આ ક્ષેત્રે દાન આપવામાં પાછું વાળીને જોયેલ નથી. રીનોવેટેડ મેડિકલ ચેક-અપ સેન્ટર માટે પણ તેમણે રૂા. ૫.૦૦ લાખના ડોનેશનની જાહેરાત કરેલ હતી.

શ્રી કાંતિલાલભાઈ સાવલાનો જન્મ ૧૮ એપ્રિલ, ૧૯૪૫ના રોજ માતુશ્રી કાનબાઈની કૂખે મુંબઈમાં થયેલ હતો. તેઓ કચ્છમાં માંડવી તાલુકાના નાની તુંબડી ગામના વતની હતા. ચાર ભાઈ અને ત્રણ બહેનો એમ કુલ્લે સાત સંતાનોમાં તેમનો નંબર પાંચમો હતો. પ્રાથમિક, માધ્યમિક તથા હાયર સેકન્ડરીનો અભ્યાસ તેમણે મુંબઈમાં કરેલ હતો. એમ.જી. સાયન્સ કોલેજમાં સાયન્સ શાખામાં પણ તેઓશ્રીએ અભ્યાસ કરેલ હતો. ૧૯૬૪માં અભ્યાસ છોડી તેઓ વ્યવસાય ક્ષેત્રે દાખલ થયા. ત્યાં વિવિધ ધંધા પર અજમાયેશ કરી જૂન-૧૯૭૦માં અમદાવાદ આવ્યા અને વિસત પેટ્રોલ પંપ સાથે જોડાયા. ત્યારબાદ તેઓશ્રીએ ધંધાકીય ક્ષેત્રે પાછું વળીને જોયેલ નથી. તેમણે હીના ઓટોમોબાઈલ્સ, હીના મોટર્સ તથા આદિશ્વર મોટર્સની સ્થાપના કરેલ હતી. વિસત ગ્રુપ સાથે રહી "દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ" નામની પબ્લિક સેક્ટરની કંપનીની સ્થાપના કરેલ હતી. અહીં તેઓએ ઉચ્ચ દરજ્જાના કોમ્પ્રેસર વસાવી લો પ્રેસર ગેસને હાઈ પ્રેસર ગેસમાં કન્વર્ટ કરવાનો ધંધો વિકસાવેલ હતો. ત્યારબાદ ડ્રિલીંગ રીગ્સ વસાવી ઓઈલ અને ગેસ એક્સ્પ્લોરેશન ક્ષેત્રમાં ઝંપલાવ્યું. આજે તેઓની સાઈટો ભારતભરમાં ચાલુ છે કે જ્યાં પાતાળમાંથી ગેસ બહાર કાઢવાની પ્રક્રિયામાં જોડાયેલા રહેલ છે.

શ્રી કાંતિલાલભાઈના લગ્ન કોડાયના પટેલ તરીકે ખ્યાતિ પામેલ શ્રી ચીમનલાલ દામજી લાલનની સુપુત્રી પ્રભાબેન સાથે ૫ એપ્રિલ, ૧૯૬૭ના રોજ મુંબઈમાં થયેલ હતા. લગ્ન જીવનથી તેમને એક સુપુત્ર રૂપેશ અને બે સુપુત્રીઓ હીના અને રીટા પ્રાપ્ત થયેલ છે. ત્રણે સંતાનોએ વિદેશમાં અભ્યાસ કરી ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. ત્રણે સંતાનોના લગ્ન થઈ ગયેલ હોવાથી તેઓ તેમના પરિવાર સહિત સુખી જીવન વિતાવી રહેલ છે.

શ્રી કાંતિલાલભાઈ સાવલા ખૂબ જ મિતભાષી હોવાથી તેઓએ ચારે તરફ પોતાના મિત્ર સર્કલનો વધારો કરેલ હતો. તેમના પરિચયમાં આવનાર દરેક પ્રત્યે તેઓ લાગણીના નાતે જોડાયેલા રહેતા. તેઓ પોતાના પરીચિતના દરેક જીવન પ્રસંગમાં પોતાનાથી બનતી સહાય કરવામાં સદાય તત્પર રહેતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તેઓ છેલ્લા કેટલાયે વર્ષોથી એક આધારસ્તંભ બની રહેલ હતા. તેઓની દીર્ઘદૃષ્ટિ અને ઉદાત્ત વિચારસરણીના કારણે સમાજે ખૂબ જ પ્રગતિ હાંસલ કરેલ હતી. તેમના અવસાનથી સમાજને ક્યારેય પણ ભરપાઈ ના થઈ શકે તેવી ખોટ ખમવી પડેલ છે.

શ્રી કાંતિલાલભાઈ સાવલાના અવસાનથી દીપ ઈન્ડસ્ટ્રીઝને અને તેમાં પણ શ્રી શાંતિલાલ મૂળજી સાવલાએ પોતાનો અડીખમ સાથીદાર ગુમાવેલ છે. તેમના પરિવારે એક પ્રેમાળ મોભી ગુમાવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પોતાનો એક અડીખમ સાથીદાર ગુમાવેલ છે.

પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એ જ અભ્યર્થના.

## વિજ્ઞપ્તિ

અમારા પરિવારની છત્રછાયા સમા વડીલ એવા કાંતિલાલ વેલજી સાવલાનું અમદાવાદ ખાતે તા. ૧૫-૧૧-૨૦૧૩ના રોજ દુઃખદ અવસાન થયું છે.

અમારા પર અચાનક આવી પડેલ આપત્તિના સમયે રૂબરૂમાં તેમજ ટેલિફોન, ઈ-મેઈલ દ્વારા શોક સંદેશા પાઠવીને અમારા દુઃખમાં સહભાગી થવા દેશ / વિદેશના અમારા સગાસંબંધી, ધાર્મિક સંઘો, સંસ્થાઓ, વિવિધ સમાજો, વ્યવસાયો, એસોસિએશન્સ, ક્લબ વગેરેના સર્વે હોદ્દેદારશ્રી, આગેવાનશ્રીઓ, કાર્યકરશ્રીઓ, સભ્યશ્રીઓના અમે ઋણી છીએ અને દરેકનો અત્રેથી અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

પ.પૂ. સાધુ-સાધ્વીજી મ.સા.એ ફરમાવેલ માંગલિક અને બોધવચનો બદલ તેઓશ્રીઓને ભાવપૂર્વક વંદના કરીએ છીએ.

દુઃખના આ અવસરે અમને અનેકરીતે મદદરૂપ થવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સર્વે હોદ્દેદારશ્રીઓ, કાર્યકરશ્રીઓ તેમજ સમગ્ર સમાજ પરિવારજનોના અમે ખાસ આભારી છીએ.

**સ્વ. વેલજી કોરશી સાવલા (કચ્છ નાની તુંબડી)ના સમગ્ર પરિવારજનો**

*બધાના અભિપ્રાય લઈ પોતાનો વ્યક્તિગત નિર્ણય લઈ શકે તે જ ખરો લીડર છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## 'મંગલ મંદિર'ની જાહેરાતના માસિક દરો

| ક્રમ | ટાઈટલ | કલર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | અન્ય | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટી કલર | ૭,૦૦૦ | ૪,૫૦૦ | ૩,૦૦૦ | — | તા. ૩૧-૩-૨૦૧૪ સુધી અપાઈ ગયેલ છે. |
| ૨. | કવર પેઈજ નં. ૨ તથા ૩ | મલ્ટી કલર | ૬,૦૦૦ | ૩,૫૦૦ | ૨,૫૦૦ | — | તા. ૩૧-૩-૨૦૧૪ સુધી અપાઈ ગયેલ છે. |
| ૩. | કવર પેઈજ ૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટી કલર | ૫,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૨૫૦ | — | તા. ૩૧-૩-૨૦૧૪ સુધી અપાઈ ગયેલ છે. |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | — | |
| ૫. | અંદરનું પાનું | સીંગલ કલર | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૫૦૦ | — | |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ | — | |
| ૭. | ટચુકડી જાહેર ખબર ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦ | |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦ | |

**નોંધ :**

૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

ચેક અથવા ડ્રાફ્ટ "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો મોકલાવવા વિનંતી.

**નોંધ :**

**જાહેરાતની સાઈઝ**

(૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી.
(૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી.
(૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

## "મંગલ મંદિર" લવાજમનાં દરોની વિગત નીચે દર્શાવેલ છે.

૧ વર્ષના : રૂા. ૧૫૦/-
૩ વર્ષના : રૂા. ૪૦૦/-
૫ વર્ષના : રૂા. ૬૦૦/-
આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-

*"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો ચેક* ***(Payable at AHMEDABAD)*** */ ડ્રાફ્ટ મોકલાવવા વિનંતી.*

JNK Lifters Pvt. Ltd.
Kunal Gala - Director
Cel : +91 9833118836
Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

## "મંગલ મંદિર"

# આકર્ષક પુરસ્કાર મેળવો

સમાજના વિવિધ વિભાગોના મહાનુભાવો પાસેથી "મંગલ મંદિર"ના અંકો વિષે સારા પ્રતિભાવો અવારનવાર સાંપડતા રહે છે. કેટલાક મહાનુભાવો આ અંકોને રેફરન્સ બુક તરીકે પોતાના ઘરની લાઈબ્રેરીમાં સંગ્રહી રાખવાના સમાચારો પણ આવતા રહે છે. આ સમાચારો કેટલા વ્યાપક છે તેની ચકાસણી કરવા 'મંગલ મંદિર'ના તંત્રી મંડળે એક યોજના વિચારી રાખેલ છે.

*આ યોજના મુજબ :*

૧. જેમને ત્યાં છેલ્લા ૧૦ વર્ષના અંકો સચવાયેલા હશે તેમને રૂા. ૧૦,૦૦૦/-નું પુરસ્કાર આપવામાં આવશે.

૨. જેમને ત્યાં છેલ્લા ૫ વર્ષના અંકો સચવાયેલા હશે તેમને રૂા. ૫,૦૦૦/-નું પુરસ્કાર આપવામાં આવશે.

૩. જેમને ત્યાં છેલ્લા ૩ વર્ષના અંકો સચવાયેલા હશે તેમને રૂા. ૧,૦૦૦/-નું પુરસ્કાર આપવામાં આવશે.

*જેઓ પત્ર લખીને અમને જણાવશે કે*

(૧) તેમને ત્યાં જાન્યુઆરી-૨૦૦૪થી ડિસેમ્બર-૨૦૧૩ સુધીના ૧૦ વર્ષના મંગલ મંદિરના અંકો સચવાયેલા છે તો તેમને ત્યાંના અંકોની યોગ્ય ચકાસણી બાદ તેમને રૂા. ૧૦,૦૦૦/- પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવશે.

(૨) તેમને ત્યાં જાન્યુઆરી-૨૦૦૯થી ડિસેમ્બર-૨૦૧૩ સુધીના ૫ વર્ષના મંગલ મંદિરના અંકો સચવાયેલા છે તો તેમને ત્યાંના અંકોની યોગ્ય ચકાસણી બાદ તેમને રૂા. ૫,૦૦૦/- પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવશે.

(૩) તેમને ત્યાં જાન્યુઆરી-૨૦૧૧થી ડિસેમ્બર-૨૦૧૩ સુધીના ૩ વર્ષના મંગલ મંદિરના અંકો સચવાયેલા છે તો તેમને ત્યાંના અંકોની યોગ્ય ચકાસણી બાદ તેમને રૂા. ૧,૦૦૦/- પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવશે.

આ પ્રકારના દરેક વિજેતાઓના નામ મંગલ મંદિરમાં પ્રસારિત કરવામાં આવશે.

આ યોજના ૩૧ માર્ચ, ૨૦૧૪ સુધી ખુલ્લી રાખવામાં આવેલ છે. જેઓનો પ્રતિસાદ અમને ૩૧ માર્ચ, ૨૦૧૪ સુધી મળી શકશે તેઓના નામોની આ યોજના હેઠળ ગણના કરવામાં આવશે.

અગર આપશ્રીને ત્યાં ૧૦ વર્ષ કે ૫ વર્ષ કે ૩ વર્ષના 'મંગલ મંદિર'ના અંકો સચવાયેલા હોય તો અમને વહેલી તકે મંગલ મંદિરના કાર્યાલય પર પત્ર લખી, જરૂરી વિગતો જણાવવા અનુરોધ કરવામાં આવે છે.

**તંત્રી મંડળ – મંગલ મંદિર**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • રવિવાર, તા. ૧૫-૧૨-૨૦૧૩ સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન | તબીબી સેવા સમિતિ | આનંદ તથા ચેક-અપ કેમ્પ. (૧૨ વર્ષ સુધીની ઉંમરના બાળકો માટે.) |
| • બુધવાર, તા. ૧૮-૧૨-૨૦૧૩ સાંજના ૫.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | • વયસ્ક સભ્યો માટે 'અમૃત મહોત્સવ' (૭૫ વર્ષ અને તેની ઉપર) • સમાજના તમામ પરિવારજનો માટે સાંજે ૭.૩૦ વાગે સંગીત સંધ્યા. |
| • રવિવાર, તા. ૨૯-૧૨-૨૦૧૩ સવારે ૧૦.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિ | "આર્ષ" સાથે વાતચીત. |

છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૫૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ*    *લેખક પાના નં.*

- તંત્રી લેખ :
  મંગલ મંદિર, નવેમ્બર-૨૦૧૩નો દીપોત્સવી અંક ..... અશોક મહેતા ..... ૧૩

*લેખ વિભાગ :*

**ધર્મ**

- પાપી, ચોર અને દર્દીઓ માટે અનુકંપાધારી ઈસુ ..... પ્રા. સૂર્યકાંત ભટ્ટ ..... ૧૫

**કચ્છ**

- વટ્ટનો કટકો – કચ્છનો પૂંજો શેઠ
  કચ્છની રસધાર : મણકો-૧૫ ..... દુલેરાય કારાણી ..... ૧૬
- કચ્છમાં આઝાદીની લડત અંતર્ગત જૈનોનો ફાળો
  કચ્છમાં જૈન સંસ્કૃતિ – એક દૃષ્ટિપાત : મણકો-૬ ..... ડૉ. નીતા ઠાકર ..... ૧૮

**વિચાર મંથન**

- સૃષ્ટિના સંતુલનને જફા કોણે પહોંચાડી? ..... ડૉ. ગિરીશ વીછીવોરા ..... ૨૧

**વિચાર વિમર્શ**

- હજી ડિઝનીવર્લ્ડ પણ જોયું નથી
  સંભારણાની સફર : મણકો-૭ ..... ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) ..... ૨૪
- એક પૂછવા જેવો સવાલ ..... મયૂર દેઢિયા ..... ૨૬

**પ્રસારણ**

- માધ્યમોનું ભાવિ ..... યાસીન દલાલ ..... ૨૮

**ઇતિહાસ**

- મહારાણા બખ્તાવરસિંહ
  ફાંસીના વરરાજાઓ : પ્રકરણ-૯ ..... સ્વામી શ્રી સચ્ચિદાનંદજી ..... ૩૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ ..... સંકલન : પ્રતાપ નારાણજી દંડ ..... ૩૩
  પ્રકરણ-૨૩

**વાર્તા**

- ઝિંદાદિલી ..... ડૉ. ચંદ્રકાંત મહેતા, પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી ..... ૩૬
- મારી અનુરા ..... ડૉ. ઊર્મિલા શાહ ..... ૩૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## તંદુરસ્તી


- ભણતર તથા સ્ટ્રેસ (Stress Disorder) .......... ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા) ...... ૪૧


## જીવન ચરિત્ર


- જયકૃષ્ણ ઈન્દ્રજી – એક ઋષિ સંશોધક .......... હરેશ ધોળકિયા ..... ૪૩


## પર્યાવરણ


- ઈન્ટરનેશનલ યર ઑફ વોટર કો-ઓપરેશન – ૨૦૧૩
  સહકારથી જળસંપત્તિનું જતન અને સંરક્ષણ .......... કિરણ ચાંપાનેરી 'સેતુ' ..... ૪૭


## સમાજની ક્ષિતિજો


- વૃધ્ધાશ્રમોની આવશ્યકતા – શું નવી પેઢી જ જવાબદાર? .......... મગનલાલ સંઘવી ..... ૪૯
- આપણા સમાજનું થશે શું? .......... સુરેશ સોની ..... ૫૧
- બે ભાઈઓ .......... આશા વિરેન્દ્ર ..... ૫૨


## હળવાશની ક્ષણોમાં


- બાલુડેં જ્યું ગાલિયું .......... સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૫૩


## નિયમિત વિભાગો


- આંજો કાગર .......... ૫૪
- અન્ય સંસ્થાઓના સમાચાર .......... ૬૧
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ .......... ૬૨
- સાર સમાચાર .......... સંકલન : શાંતિલાલ સંઘવી ..... ૬૩
- જાણવા જેવું .......... સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૪
- શબ્દ રમત-૮૮ .......... સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૫
- સુડોકુ – ૧૦૪૪ .......... સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૭
- લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી .......... ૭૦
- વલોવતન .......... સંકલન : દિનેશ આર. મહેતા ..... ૭૧
- 'મંગલ મંદિર' લવાજમ પ્રથાનો અમલ .......... ૭૩
- 'વયસ્ક સમિતિ'ના સમાચાર .......... ૭૩
- 'સંકલ્પ' - શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ .......... ૭૪
- 'મંગલ મંદિર' લવાજમ ભરવાનું ફોર્મ .......... ૭૫
- તબીબી સારવાર યોજના ફોર્મ .......... ૭૭
- સમાજ દર્પણ .......... ૭૯
- સંસ્થા સમાચાર .......... ૮૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ .......... ૮૩
- ઊડતી નજરે .......... ૮૬


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## મંગલ મંદિર, નવેમ્બર-૨૦૧૩નો દીપોત્સવી અંક

*– અશોક મહેતા*

મંગલ મંદિર, નવેમ્બર-૨૦૧૩નો દીપોત્સવી અંક એટલે કચ્છના પાણી પ્રશ્ને વર્ષ ૨૦૦૩થી વર્ષ ૨૦૧૩ સુધીમાં જે લેખો મંગલ મંદિરમાં પ્રસારિત કરવામાં આવેલ હતા તે લેખોનું સંકલીકરણ. વાચક વર્ગમાંના અનેક લોકોને આ અંક ખૂબ જ પ્રભાવી લાગેલ છે. આ બાબત કેટલાક વાચકોના પ્રતિભાવ પણ ફોન કે એસ.એમ.એસ. દ્વારા અમને પ્રાપ્ત થયેલ છે. મંગલ મંદિરના દીપોત્સવી અંકની જેઓએ પ્રશંસા કરેલ છે એ સહુ વાચક મિત્રોના અમે આભારી છીએ.

એક વાચક મિત્રે ખૂબ જ સરસ રીતે પોતાનો અભ્યાસપૂર્ણ પ્રતિભાવ આપેલ છે. એ પ્રતિભાવનો ટૂંક સાર અમે અત્રે રજૂ કરીએ છીએ.

૧. વર્ષ ૨૦૦૩માં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે નર્મદા નદીનો પાણી પ્રશ્ન હાથ પર લીધેલ.

૨. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની રચના થતા વર્ષ ૨૦૦૫માં તે આ પ્રશ્નમાં જોડાયેલ.

૩. વર્ષ ૨૦૦૫માં નર્મદા નિગમ દ્વારા સહુ પ્રથમ ૩૫૨ કિ.મી. લાંબી અને તે સમયે રૂા. ૩૫૦૦/- કરોડના અંદાજિત ખર્ચવાળી કચ્છ બ્રાંચ કેનાલમાંથી ૭૬ કિ.મી. લંબાઈની કેનાલના રૂા. ૨૫૨/- કરોડના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા.

૪. ઉપરોક્ત કામોમાંથી વર્ષ ૨૦૧૦ સુધીમાં મોટાભાગના કાર્યો અધૂરા રહ્યા.

૫. વર્ષ ૨૦૧૦ની શરૂઆતમાં નર્મદા નિગમના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે શ્રી એસ. જગદીશન અને ચેરમેન તરીકે શ્રી ડી. રાજગોપાલનની નિમણૂક કરવામાં આવી.

૬. એપ્રિલ - ૨૦૧૦માં નર્મદા નિગમ તરફથી એક તરફ અંદાજિત રૂા. ૩,૦૦૦/- કરોડની કિંમતના કચ્છ બ્રાંચ કેનાલના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા અને અન્ય તરફ મે-૨૦૧૦માં કચ્છના એક અગ્રણી રાજકીય કાર્યકર શ્રી મૂકેશભાઈ ઝવેરીની નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી.

૭. નવેમ્બર-૨૦૧૩ સુધીમાં કચ્છ બ્રાંચ કેનાલના મોટાભાગના ટેન્ડરો બહાર પાડી દેવામાં આવેલ અથવા તો તેને પ્લાનિંગ હેઠળ લેવામાં આવેલ.

૮. છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો માટે એક તરફ જમીન સંપાદન અંગેની પ્રક્રિયા હાથ પર લેવામાં આવેલ જ્યારે અન્ય તરફ સાઈટ પરના કામની એકધારી પ્રગતિ થતી આવેલ કે જેના કારણે વર્ષ ૨૦૧૪માં જ કચ્છના શરૂઆતના ભાગમાં પાણી પહોંચવાની શક્યતા દેખાય છે. ત્યાર પછીના તબક્કે મોડકૂવા (અન્ય છેડા સુધી) પાણી આવી શકે તેવા ચિહ્નો દેખાય છે.

૯. વાંઢિયા, ગાગોદર અને દૂધઈ બ્રાંચની પેટા શાખાના કામના આયોજનો ખેતર સુધી પાણી પહોંચે તે રીતે હાથ પર લેવાયેલ છે.

૧૦. જોકે ઉપરોક્ત અને અન્ય બાકી રહેતા કાર્યોમાં રાજકીય પરિસ્થિતિ અનુસાર ચડાવ ઉતાર આવી શકે.

વાચક મિત્રે રજૂ કરેલ ઉપરોક્ત મુદ્દાઓનો સાર એવો નીકળે છે કે એક તરફ સામાજિક સંસ્થાએ દાખવેલ હકારાત્મક અભિગમના કારણે વર્ષ ૨૦૦૫થી વર્ષ ૨૦૧૦ સુધીના કામોની પ્રગતિ કરતા તે કાર્યોમાં ઊંડા ઉતરેલ એક રાજકીય કાર્યકર (શ્રી મૂકેશભાઈ ઝવેરી)ના વર્ષ ૨૦૧૦માં થયેલ સમાવેશના કારણે વર્ષ ૨૦૧૦થી વર્ષ ૨૦૧૩ સુધીમાં આ કામોની જે પ્રગતિ થયેલ છે તે અનેકગણી છે અને તે સમગ્ર રીતે કચ્છના હિતમાં સારી રીતે ઉપસી આવે છે.

વાચક મિત્રના અભ્યાસ અને રજૂઆતને અમે દાદ આપીએ છીએ અને વર્ષોથી જે અમે કહેતા આવ્યા છીએ તે જ વાત આ વાચક મિત્ર તરફથી દીપોત્સવી અંકના લેખોના સાર સ્વરૂપે કહેવામાં આવેલ છે.

કચ્છની પ્રજાના પ્રશ્નોના હિતોની રખેવાળી સામાજિક સંસ્થાઓ જેટલી કરતી આવેલ છે તે રખેવાળીમાં અગર રાજકીય કાર્યકરનો સમાવેશ થઈ શકે તો આ પ્રશ્નોના નિરાકરણ ખૂબ જ જલદીથી આવી શકે અને તેથી જ અમે કચ્છના રાજકીય કાર્યકરોને કચ્છની સમગ્ર માનવ વસાહતને ઉપયોગી થાય તેવા કાર્યોમાં સહકાર આપવાની ફરીથી અપીલ કરીએ છીએ.

*લીડર જેટલો ઊંચો, તેટલો લાંબો એનો પડછાયો – એની અસરનું ક્ષેત્ર એટલું જ વિશાળ હોય છે.*

કચ્છના પાણી પ્રશ્ને હજુ પણ નીચે મુજબના કાર્યોમાં કચ્છના રાજકીય કાર્યકરો વહેલી તકે સક્રિયપણે જોડાઈ જાય તેવી અમારી હાર્દિક અપીલ છે.

- **કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણી :**

આ કાર્યોના આયોજનો જળસિંચાઈ વિભાગ કરે છે. ટોટલ રૂા. ૪૨૦૦/- કરોડની આ યોજના માટે જળસિંચાઈ વિભાગ સંપૂર્ણપણે તૈયાર હોવા છતાં જરૂરી નાણાની ફાળવણીના અભાવે આજ દિન સુધી આ કાર્યો શરૂ થઈ શકેલ નથી. આ કાર્યો સંપન્ન થયે કચ્છના ખેડૂતોને આજની ગણનાએ દર વર્ષે રૂા. ૧૬૦૦/- કરોડની આવક થઈ શકશે. રાજકીય કાર્યકરોએ સરકારશ્રીની આ યોજના સામે જરૂરી નાણાની ફાળવણીનો સમાવેશ વર્ષ ૨૦૧૩-૨૦૧૪ના બજેટમાં કરાવવો જરૂરી છે.

- **કચ્છમાં પર્યાપ્ત માત્રામાં ચેક ડેમો :**

આપણે જાણીએ છીએ કે કચ્છ એ સૂકો પ્રદેશ છે. તેમ છતાં અહીંનો સરેરાશ વરસાદ ૧૪''નો છે કે જે એક પાક પૂરતો પણ પર્યાપ્ત નથી. સમગ્ર કચ્છ પર પડતો ૧૪ ઈંચ વરસાદ (તેના રણ પ્રદેશના ૫૦ ટકા વિસ્તારને બાદ કરતા) એટલે ૫.૫ એમ.એ.એફ. પાણી થાય કે જે નર્મદા નદીના કચ્છને ફાળવવામાં આવેલ ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણી અને ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણી કરતા અનેકગણો વધુ થાય. અગર આ પાણીને અનેક ચેક ડૅમો દ્વારા સંગ્રહીને ભૂગર્ભમાં ઉતારી દેવામાં આવે તો 'કચ્છડો બારે માસ' કહેવત તાદશ્ય સ્વરૂપે નીખરી ઊઠે. આ માટે કચ્છની સજીવ કે નિર્જીવ ૯૨ નદી પર દર એક કે બે કિલોમીટરે ચેક ડેમ બાંધવા જોઈએ. કોઈ રાજકીય કાર્યકરે સરકારશ્રી સાથે સંકલન કરવા આ કાર્ય માટે ભેખ લેવો જરૂરી છે.

- **કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ :**

ધરતીકંપ બાદ કચ્છમાં સ્થપાયેલ ઉદ્યોગોને દરરોજનું ૩૦૦ M.L.D. પાણી જોઈએ છે. પાણી પુરવઠા વિભાગ તરફથી તેઓને દરરોજ નર્મદા નદીના પીવાના પાણીમાંથી ૫૦ M.L.D. પાણી ફાળવવામાં આવે છે. બાકીનું ૨૫૦ M.L.D. પાણી તેઓ કચ્છનું ભૂગર્ભ જળ વાપરે છે કે જેના કારણે અનેક સ્થળે કચ્છના ભૂગર્ભ પાણી ઊંડે ઉતરી ગયેલ છે. અગર પૂરતી માત્રામાં કચ્છના દરિયા કિનારે વિવિધ સ્થળે ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના કરવામાં આવે તો ઉદ્યોગોને તે પાણી ફાળવી, કચ્છનું ભૂગર્ભ જળ વાપરતા અટકાવી શકાય. કેટલા ઉદ્યોગો સ્વખર્ચે કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવા તૈયાર છે પરંતુ સરકારશ્રીની ચોક્કસ નીતિના અભાવે તે કામ થઈ શકતું નથી. કચ્છના કોઈ કાર્યકર સરકારશ્રી સાથે બેસી આ બાબતના નીતિ-નિયમો ઘડાવી શકે તો કચ્છમાં અનેક ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના થઈ શકે. કોઈ રાજકીય કાર્યકરે આ પ્રશ્ને ઉંડાણમાં ઉતરવાની જરૂરત રહે છે.

- **રણ સરોવર :**

વર્ષ ૧૯૬૯થી ૧૯૭૯ દરમ્યાન ગુજરાત સરકારે નર્મદા જળપંચ સમક્ષ કચ્છમાં રણ સરોવર બનાવી તેને નવસાધ્ય કરવા અંદાજિત ૫.૫ એમ.એ.એફ. પાણીની માંગણી કરેલ હતી કે જેને જળપંચ દ્વારા નકારી દેવામાં આવેલ હતી. અગર કચ્છના રણને રણસરોવરમાં ફેરવી નાખવામાં આવે તો તે મીઠા પાણીના કારણે કચ્છ તરફ વાદળો ખેંચાઈ આવે અને દર વર્ષે કચ્છમાં નિયમિતપણે વરસાદ વરસતો રહે. તે હકીકત આજે પણ શક્ય છે. કચ્છના રણ પર તેના ઉત્તર-પશ્ચિમ ખૂણે (સીરક્રીક પાસે) તેમજ રણના દક્ષિણ પ્રદેશમાં એટલે કે સૂરજબારી પાસે બંધો બાંધી દેવામાં આવે તો રણમાં આવતું દરિયાનું ખારું પાણી સંપૂર્ણપણે અટકી જાય. અન્ય તરફ કચ્છના રણમાં જે નદીઓ પોતાના પાણી ઠાલવે છે તેના કારણે થોડા વર્ષે તે પ્રદેશમાં મીઠા પાણીનું સરોવર બની શકે અને આ મીઠા પાણીના રણ સરોવરના કારણે તે વરસાદ ખેંચી લાવી શકે. ખૂબજ લાંબાગાળે અસરકારક બનતી આ યોજના સામે સામાજિક સંગઠનની સાથે સાથે કોઈ રાજકીય કાર્યકર સરકારશ્રી પાસે યોગ્ય નિર્ણય લેવડાવી શકે તો તો તે સમગ્ર કચ્છના હિતની વાત બની શકે.

ઉપર વર્ણવવામાં આવેલ દાખલાઓ ઉપરાંત અનેક કાર્યો એવા છે કે જે બાબતે કોઈ વગધારી રાજકીય કાર્યકર ભેખ ધરી લે તો તેના પરિણામો સમગ્ર કચ્છના હિતમાં આવી શકે.

આ લેખના પરિણામો હકારાત્મક આવે તેવી અપેક્ષા રાખીએ.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*બીજાને જે કામ કરવાનો આદેશ આપે છે તે કામ પોતે કરવાની ક્ષમતા રાખે એ લીડર છે.*

# ધર્મ પાપી, ચોર અને દર્દીઓ માટે અનુકંપાધારી ઈસુ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

નાતાલ, સારો શુક્રવાર તથા પુનર્જીવનનો રવિવાર – Ester Sunday ખ્રિસ્તીઓના મુખ્ય તહેવાર છે. નાતાલ એટલે ઈસુ ખ્રિસ્તની જન્મજયંતી છે. જે ૨૫મી ડિસેમ્બરથી ૧લી જાન્યુઆરી સુધી વિશ્વભરમાં ઉજવાય છે. ૨૪મી ડિસેમ્બરે રાત્રે ૧૨ કલાકે વિશ્વભરના ખ્રિસ્તી દેવળોમાં ઘંટારવ ગુંજી ઊઠે છે. ખ્રિસ્તીઓ દેવળમાં જઈ પ્રાર્થના કરે છે.

ઈસુનો જન્મ યહુદિયા (JUDIA) પ્રાંતના બેથલેહામ ગામમાં થયો હતો. તેમની જીવન યાત્રા ઇ.સ. પૂ. ૪થી ઇ.સ. ૨૯ સુધી વિસ્તરેલી છે. ઈસુ જ્યારે જન્મ્યા ત્યારે સમાજ કુરુઢિઓના ખપ્પરમાં સપડાયેલો હતો. આદમથી નિર્માણ થયેલા મહાન વંશની ૪૨મી પેઢીમાં ઈસુ જન્મ્યા. ઈસુના પિતા યુસુફ સામાન્ય સુથાર હતા. ઈસુના જન્મ વિષે જીવન તથા મૃત્યુ વિષે જૂના કરાર, ઝખાર્યાહ અને માલખીના પુસ્તકોમાં ઘણી ઝીણવટભરી હકીકતો આપવામાં આવી છે. ઈસુનો જન્મ બેથલેહામના તબેલામાં કુમારી મરીયમના કૂખે થયેલો. માત્ર ચાલીસ દિવસની તપશ્ચર્યા બાદ તેઓએ પોતાનું ધર્મકાર્ય આગળ ધપાવેલું.

ધર્મના કઠિન નિયમો સરળ બનાવી પ્રજામાં તે નિયમો ઈસુ રેલાવતા રહ્યા. તેમને અજ્ઞાની, માંદા, ચોર આદિ પ્રત્યે અનુકંપા હતી. સુવાર્તા ગોસ્પેલમાં ઈસુના ઐશ્વર્યો આલેખાયેલા છે. તેઓએ અંધજનોને દિવ્ય દૃષ્ટિ તથા શ્રવણ શક્તિ ગુમાવનારાને શ્રવણ શક્તિઓ આપી છે. ભૂખ્યાને ભોજન કરાવતા. તેઓ કહેતા કે, "સત્ય માર્ગ અને પ્રકાશ હું છું. હું પાપીઓ અને માંદા માણસો માટે જ આવ્યો છું." પાખંડી ધર્મશાસ્ત્રીઓને તેઓ કહેતા કે, "અરે ઢોંગીઓ, તમે નિયમ શાસ્ત્ર તો પાળો છો પણ એ શાસ્ત્ર કરતાંય ચઢિયાતી બાબતો એટલે ન્યાય, દયા અને વિશ્વાસને તમે પડતા મૂકો છો." તમો તમારા વેરીઓ પર પ્રેમ કરો. શાપ દેનારને આશીર્વાદ આપો. જેટલો પ્રેમ તમારી જાતને કરો છો, એટલો જ તમારા પડોશીઓને કરો. બાળકની જેમ નિષ્પાપી બનો. તમને કોઈ એક ગાલે તમાચો મારે તો તેની સામે તમારો બીજો ગાલ ધરો.

ધર્મશાસ્ત્રીઓ તથા સત્તાધારીઓને ઈસુની આ દૈવી વાણી અને માનવતાવાદી વર્તન ખૂંચવા લાગ્યા. તેમને મારી નાખવાનું કાવતરું ઘડવામાં આવ્યું. રાજદ્રોહ અને પ્રભુના અપમાનના અપરાધ સબબ એક કારસ્તાન રચી તેમને બંદી બનાવાયા. ઈસુના શિષ્ય યહૂદીએ આ કાવતરામાં સાથ આપ્યો. એક જ રાતમાં એકવાર ધર્મસભામાં, એકવાર ન્યાયાધીશ પિલાત અને ફરીને પિલાત સમક્ષ તેમને હાજર કરવામાં આવ્યા. સવારે પિલાતે તેમને મૃત્યુદંડ આપ્યો. તેમને ઢોર માર મારી લોહીલુહાણ સ્થિતિમાં વધસ્તંભ (CROSS) પર ચઢાવી, હાથપગ આદિ અંગોમાં ખીલા જડવામાં આવ્યા. **તેઓ પોતાને જ ખીલા જડનારા વિશે અનુકંપા દાખવી બોલ્યા કે, "હે પિતા! તમે એમને માફ કરજો. કારણકે તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે." ઈસુનો આ મૃત્યુ દિન 'સારો શુક્રવાર' (ગુડ ફ્રાઈડે) તરીકે એટલા માટે મનાવાય છે કે લોકોને ઈસુના વચનો સમજાયા. ઈસુને લોકો ઓળખી શક્યા.**

શુક્રવારે વધસ્તંભ પર ઈસુનો વધ થયો એ દિવસે તેમને દફનાવવામાં આવ્યા. એ સમયે એમના પ્રિય શિષ્યો હાજર નહોતા. તેથી તેઓ તેમને દર્શન આપવા ત્રીજા દિવસે પુનર્જિવિત થયા. અનુયાયીઓને બોધ આપી સ્વર્ગમાં પ્રયાણ કર્યું. **આ પુનરુત્થાનના દિવસને "ઈસ્ટર સન્ડે" કહે છે. જેને ખ્રિસ્તીઓ ધામધૂમથી ઉજવે છે.**

ઈસુના જન્મ સમયે આકાશમાં એક તારો ચમકી રહ્યો હતો. ખ્રિસ્તીઓ એ તારાને સદ્‌ભાગ્યનું પ્રતીક માની પોતાના મકાન પર રંગબેરંગી રોશનીની સાથે પ્રકાશિત તારો પણ રાખે છે. નાતાલ વૃક્ષ શણગારીને મૂકાય છે. બાળકોને ભેટ આપવા સાન્તા ક્લોઝ આવે છે. નાતાલ વૃક્ષ લોકો નિઃસ્વાર્થ બને અને એકબીજાને મદદ કરતા રહે એવો સંદેશો પાઠવે છે. આપણા શમીવૃક્ષની જેમ નાતાલ વૃક્ષ - દાન વૃક્ષ છે. **રોમન કેથોલીક અને પ્રોટેસ્ટન્ટ એ બે ખ્રિસ્તી ધર્મના મુખ્ય પંથો છે. આ બંને પંથના અનુયાયીઓ તહેવારો એક સરખા સમયે ઉજવે છે.**

*૬ એ લીમડા લાઇન,*
*સંસ્કારનગર, ભુજ (કચ્છ)*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## ખુલાસો

મંગલ મંદિર, નવેમ્બર-૨૦૧૩ના અંકમાં શ્રી મૂકેશભાઈ ઝવેરીનો લેખ "નર્મદા યોજનાની કચ્છ શાખા નહેર અંગેનો અહેવાલ" પાના નં.-૧૫ થી ૨૧માં વિસ્તૃતપણે લેવામાં આવેલ હતો.

એ લેખની ઉપર તંત્રી નોંધમાં જણાવેલ છે કે વર્ષ ૨૦૦૩થી શરૂ કરેલ "કચ્છ બ્રાંચ કેનાલ" અંગેની મંઝીલ, વર્ષ ૨૦૧૩માં ક્યાં પહોંચેલ છે તેની વિગતવાર માહિતીનો લેખ શ્રી મૂકેશભાઈ ઝવેરી, ડાયરેક્ટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા અત્રે પ્રસ્તુત કરવામાં આવેલ છે.

આ સામે શ્રી મૂકેશભાઈ ઝવેરીએ જણાવેલ છે કે મારો લેખ વર્ષ ૨૦૦૩થી વર્ષ ૨૦૧૩ સુધીની પ્રગતિ અંગેનો નથી. પરંતુ વર્ષ ૨૦૧૧થી વર્ષ ૨૦૧૩ની વચ્ચેના સમયગાળા દરમ્યાનની "કચ્છ બ્રાંચ કેનાલ"ની પ્રગતિનો અહેવાલ છે.

ઉપરોક્ત હકીકતની સહુએ નોંધ લેવા વિનંતી.

*તંત્રી મંડળ – મંગલ મંદિર*

કચ્છ

કચ્છ, કચ્છી પ્રજા અને કચ્છીયતને ઉજાગર કરતી ચાલુ રસધાર કથા

# વટ્ટનો કટકો — કચ્છનો પૂંજો શેઠ

**કચ્છની રસધાર : મણકો - ૧૫**

• દુલેરાય કારાણી •

એક વખતના કચ્છના દીવાન દેવકરણ શેઠનો લાડકો પુત્ર તે પૂંજો શેઠ. દેવકરણ શેઠ એટલે ભુજની પંચહટડીના ચોકમાં ગોળ-ખાંડ અને ઘી-તેલ વેચનાર વેપારી. પોતાની આત્મશક્તિથી તેણે કચ્છનું દીવાનપદું પ્રાપ્ત કર્યું હતું. જ્યારે પૂંજા શેઠને કચ્છના દીવાનની પદવી પિતાના વારસા તરીકે પ્રાપ્ત થઈ હતી. પૂંજો શેઠ એટલે વટ્ટનો કટકો-આગ્રહની મૂર્તિ. જે વાત મન પર લે તેને પ્રાણાંતે પણ પાર પાડે એ એનો જીવન-સિદ્ધાંત હતો. એના આગ્રહી જીવનના અનેક કિસ્સા આજે પણ કચ્છી પ્રજામાં પ્રચલિત છે.

એક વખત આ કચ્છનો દીવાન પૂંજો શેઠ અબડાસાના મોથાળા ગામે જઈ ચડ્યો. ઘોડાની એકધારી લાંબી ચડીથી એ થાકી ગયો હતો, તૃષાતુર પણ થયો હતો. તપાસ કરીને તે એક લોહાણાને ઘેર આવી ઊભો. ઘરના બારણામાં એક જુવાન છોકરી ઊભી હતી. પૂંજા શેઠે તેની પાસે પાણીની માગણી કરી.

"બહેન, એક પાણીનો લોટો લાવીશ?"

છોકરી તરત જ ઘરમાં દોડી ગઈ અને પિત્તળનો ચકચકતો લોટો ભરી લાવીને પૂંજા શેઠના હાથમાં મૂક્યો.

આ બાળા કન્યાકાળ તો ક્યારનીયે ઓળંગી ગઈ હતી, એમ સ્પષ્ટ જણાતું હતું. એણે બદન પર કેડિયું પહેરેલું હોવાથી સહજ જણાઈ આવતું હતું, કે એનાં હજુ લગ્ન થયા નહિ હોય. આવી મોટી કન્યાને અવિવાહિત જોઈને પૂંજો શેઠ મનમાં વિમાસી રહ્યો.

"બહેન, તારો બાપ મરી ગયો છે?" હાથમાં લીધેલો લોટો મોઢે માંડ્યા વિના પૂંજા શેઠે આ તીખો પ્રશ્ન કર્યો.

આવા વિચિત્ર સવાલથી પેલી કન્યા ગભરાઈ ગઈ. છતાં ધીરજથી બોલી, "મારા બાપા ખેતરે ગયા છે."

"જા, તારા બાપને જઈને કહે કે, પૂંજો શેઠ તને હમણાં જ બોલાવે છે." પૂંજા શેઠે પોતાના પ્રધાનપદ પરથી હુકમ કર્યો.

"તમે જરા બેસો, હું હમણાં જ બોલાવી લાવું છું." આમ કહી એ બાળાએ આંગણામાં ખાટલો નાખી ઉપર ગોદડું પાથરી આપ્યું, અને પોતે તરત જ પિતાને બોલાવવા દોડી ગઈ. પૂંજો શેઠ ખાટલા પર બેઠો. પાણીનો લોટો જેમનો તેમ ખાટલા નીચે રહેવા દીધો.

પૂંજા શેઠનું નામ સાંભળીને બહાવરા જેવો બનેલો પેલી કન્યાનો પિતા થોડી જ વારમાં હાંફતો હાંફતો આવી પહોંચ્યો. બે હાથ જોડીને દીવાનના હુકમની રાહ જોતો તે પૂંજા શેઠની સામે ઊભો રહ્યો.

"કોણ છે તું?" પૂંજા શેઠે ગુસ્સાથી ગંભીર બનેલા અવાજે પ્રશ્ન કર્યો."

"હું પણ લોહાણો છું શેઠ, હુકમ હોય તે ફરમાવો!"

"આ બાઈ તારી દીકરી થાય?"

"હા જી! મારી દીકરી થાય."

"મેં તો ધાર્યું કે એનો બાપ મરી ગયો હશે."

"મરી તો નથી ગયો પણ મૂઆને વાંકે જ જીવી રહ્યો છે."

"તું જીવી રહ્યો છે ત્યારે શું કચ્છના લોહાણા મરી ગયા છે કે આવી જુવાનજોધ દીકરીને હજુ ઘરમાં બેસાડી બેઠો છે?"

"મરી તો નથી ગયા પણ જીવતાયે નથી એવું મને લાગે છે. હું પણ માણસ છું, અનાજ ખાઉં છું, હું પણ સારી રીતે સમજું છું કે ઘરમાં જુવાન દીકરીનો વાસો અને સાપનો વાસો બંને સરખાં છે. એ જ ચિંતામાં રાતે પૂરી ઊંઘ પણ નથી આવતી. શું કરું કોઈ ઈલાજ નથી."

"પણ તેનું કંઈ કારણ?"

"કારણમાં આપણા સારસ્વત ગોરોનો જુલમ! તમે તો દીવાનની ગાદી પર બેઠા છો એટલે ગરીબ ભાઈઓની હાલતની તમને ખબર ક્યાંથી હોય? આ સાલે વરસ કરવરું આવ્યું, બળદ મરી ગયો અને વોરે વધુ ધીરવાની ના પાડી. પરિણામે દીકરી કુંવારી રહી ગઈ. કારણ કે, એક તરફ લગ્નનું ખર્ચ અને બીજી તરફ સારસ્વતોના લાગાલગમની રકમ રાખીએ તો લાગા-લગમનું પલ્લું નીચું નમી જાય. આ ત્રાસ હવે તો હદ ઓળંગી જાય છે, છતાં પ્રભુકૃપા હશે તો આવતી સાલે બાઈને પરણાવીને એ ઋણમાંથી મુક્ત થવાની આશા રાખું છું." આટલું કહેતાં જ તેની આંખોમાંથી દડદડ અશ્રુધારા ચાલવા લાગી.

આ ગરીબ જ્ઞાતિબંધુની આવી કરુણ હાલત જોઈને પૂંજા શેઠ જેવા કઠોર માણસનું હૃદય પણ પીગળી ગયું. સારસ્વત ગોરોની નિરંકુશ સત્તાનો કોઈ પણ રીતે અંત આણવાનો એણે પોતાના મન સાથે દૃઢ નિરધાર કરી લીધો.

આ ગરીબ ભાઈને દિલાસો આપી, ખાટલા નીચે રાખેલો પાણીનો લોટો એમ જ રહેવા દઈ પૂંજો શેઠ ઊઠીને ઊભો થયો અને ઘોડા પર સવાર થઈને તેને તે જ વખતે ભુજનગરી તરફ ચાંપી દીધો.

ભુજ આવી બીજે જ દિવસે પૂંજા શેઠે મહાજન મંડળને એકત્ર કરીને ગરીબ લોહાણા ભાઈઓની દુર્દશાનું અને સારસ્વત ગોરોની જોહુકમીનું વર્ણન કરી બતાવ્યું.

એ જ વખતે મહાજનની સંમતિથી સારસ્વતોના લાગાનું નવું બંધારણ તૈયાર કરવામાં આવ્યું. એમાં સહી કરવા માટે સારસ્વત પટેલોને બોલાવવામાં આવ્યા.

"ગોર મહારાજ, આ વાંચી જુઓ અને સહી કરો!" મહાજનના વડાએ બંધારણનો ખરડો સારસ્વત પટેલોને આપતાં સૂચના કરી.

*નેતા ખોટું કરશે તો પ્રજા પણ ખોટું કરશે.*

પટેલોએ ખરડો હાથમાં લીધો. વાંચ્યો. વંશપરંપરાથી ચાલ્યા આવતા એમના લાગાઓ પર કાપ મૂકતો આ ખરડો વાંચી એમનું લોહી ઊકળી ઊઠ્યું.

"આમાં તો અમારું મોત છે! મોતના ખતમાં કોઈ મત્તું મારે ખરો? અમારા કાનૂનોમાં કાપકૂપ કરવાનો તમારો કે કોઈનો અધિકાર નથી."

"મહારાજ, જેને ઘડવાનો અધિકાર છે તેને ભાંગવાનો પણ છે. આમાં તો સહી કર્યે જ તમારો છૂટકો છે."

"તમે મહાસ્થાનના પેટ પર લાત મારવા જ માગો છો એમને?"

"લાત મારવા નથી માગતા પણ મહાસ્થાનની લાતને રોકવા માગીએ છીએ. માટે હવે કંઈ પણ ચૂં-ચાં કર્યા વગર આમાં સહી કરી નાખો!"

"એ તો કદી પણ બની શકે તેમ નથી."

"ત્યારે હવે અમારે બીજો જ કોઈ રસ્તો શોધવો પડશે. તમે જાણો છો કે આપણે એકબીજાને પૂરા પડીએ એવા છીએ, એટલે ભલા થઈને આપણો ભર્યો ભરમ રહી જાય એમ કરો! તમારી અને અમારી બંનેની એમાં શોભા છે."

સારસ્વત પટેલો હવે સમજી ગયા, કે પૂંજા શેઠની મેખ મારેલો આ ખરડો વિધાતાના લેખ જેવો છે. એટલે એમણે આ વાત પર વિચાર કરવા માટે આઠ દિવસની મહેતલ માગી.

આઠ દિવસ તો જોતજોતામાં વીતી ગયા. સારસ્વત વીરોએ હવે ત્રાગું કરવાનો નિશ્ચય કરી લીધો. છેલ્લે દિવસે ભુજના દરિયાવસ્થાનમાં તમામ સારસ્વતો એકઠા થઈ ગયા. મહાજન મંડળના અગ્રેસરો પણ પૂંજાશેઠ સહિત હાજર થઈ ગયા.

"શેઠ, ત્યારે અમારી સહીઓ તમને જરૂર જોઈએ ખરું?" સારસ્વત પટેલે પૂંજા શેઠને પ્રશ્ન કર્યો.

"જરૂર જોઈશે!" પૂંજા શેઠે ભારપૂર્વક જવાબ દીધો.

"નહિ જ ચાલે?" પૂછનારની આંખો લાલચોળ થઈ ગઈ.

"ના, નહિ ચાલે!" પૂંજા શેઠે દૃઢતાથી જણાવ્યું.

પટેલે હવે તૈયાર ઊભેલા યુવાનોને સંબોધીને કહ્યું : "પૂંજા શેઠને સહી કરી આપો બાપ! એ આપણી સહીઓ લીધા વિના જાય તેમ નથી."

તરત જ વીસ વરસના એક ઊગતા સારસ્વત યુવકે પેલો ખરડો પોતાના હાથમાં લઈ લીધો. પ્રથમથી કરી રાખેલી ગોઠવણ મુજબ એ ખરડાને પેટ પર રાખી ભીંતમાં ખોડેલા ભાલામાં એ સડેડાટ કરતો પરોવાઈ ગયો. પછી બીજો, પછી ત્રીજો, પછી ચોથો, એમ જ્યાં સુધી ભાલાની અણી બહાર દેખાતી રહી ત્યાં સુધી આ વિપ્રવીરો ભચ્ચોભચ્ચ એમાં પરોવાતા આવ્યા. બરાબર સાત યુવાનો એ ભાલામાં આરપાર પરોવાઈ ગયા.

યુવાન વિપ્રોના ધગધગતા રક્તના ખોબા ભરીને મરણિયા બનેલા સારસ્વતોએ પૂંજા શેઠને ત્યાં જ નવડાવી દીધો-રેલમછેલ કરી દીધો.

કુદરત જ્યારે અવળી થાય છે ત્યારે સવળું કામ કરતાં પણ અવળું પરિણામ આવી પડે છે. પૂંજા શેઠ પોતાના ગરીબ જ્ઞાતિ બંધુઓની દયા ખાઈને તેમને રાહત આપવાને તૈયાર તો થયો પરંતુ કુનેહથી કામ લેવાને બદલે પોતાના આગ્રહને આરપાર લઈ જવા સારસ્વતો પર જોહુકમી લાદતાં નવલોહિયા બ્રાહ્મણ યુવાનોની હત્યાના પાપનો ભોગ બની ગયો.

આખરે પૂંજો શેઠ પોતાના આગ્રહમાં જેવો ને તેવો મક્કમ અને મજબૂત રહ્યો. અને એ જ કાયદા એણે અમલમાં મૂક્યા જે આજ લગી ચાલતા આવે છે એમ કહેવાય છે. ■

## સૃષ્ટિના સંતુલનને જફા કોણે પહોંચાડી?

***(અનુસંધાન : પાના નં.-૨૧ ઉપરથી ચાલુ)***

ખાતા-પીતાં, બધું કરતાં, મરતાં સુધી સૃષ્ટિનાં એક અંગ બની એને ફાયદો કરતાં જ રહે છે. પોતાના જીવનને ટકાવવા અન્ય જીવો યા વનસ્પતિને ભરખે છે યા ખાય છે, છતાં પોતાના ખપ પૂરતું જ વાપરે છે. ધરાયેલ વાઘ કે સાવજ મારણ પરથી મોં ફેરવી લે છે. જેનો ઉપયોગ અન્ય પ્રાણીઓ કરે છે. આવા અન્ય પ્રાણીઓમાં બહુધા સ્વતંત્ર રીતે શિકાર કરવાની ત્રેવડ હોતી નથી. ટૂંકમાં એક અજીબ સંતુલન સૃષ્ટિમાં વરતાતું રહે છે.

એની સામે માણસને આપણે ક્યાં મૂકશું? કુદરતે એને વધુ બુધ્ધિ કે વિચારશક્તિ આપી હશે. બીજામાં એવું નથી એ એક પ્રશ્નાર્થ છે. માણસે શરૂઆતથી જ સૃષ્ટિએ સ્થાપેલ નિયમોનું છડેચોક ઉલ્લંઘન કર્યું છે. સૃષ્ટિનાં અન્ય ઘટકો પર અધિકાર જમાવવાનો ખોફનાક પ્રયત્ન કર્યો છે. એના લોભને થોભ નથી. સંગ્રહખોરી એનો જન્મજાત રોગ છે. એને ખપ પૂરતાંની ખબર હોય છતાંય ઉસરડતો રહેશે. સૃષ્ટિના ઘટનાક્રમને વધુમાં વધુ જફા માનવે પહોંચાડી છે. માણસ જેટલો વધુ સાધન સંપન્ન એટલો વધુ લોભી, વધુ ક્રૂર, વધુ ઘાતકી ને વધુ લોલુપ બને છે. કોઈપણ સભ્ય સંસ્કૃતિને આપણે જોઈએ છીએ ત્યારે એમાં મનુષ્ય ઘટકની કાર્યવાહી હંમેશાં બેશરમ રહી છે. જેમ નાની માછલી મોટીને ખાય એ નિયમ જાણે માણસ માટે માણસે જ બનાવેલો છે. પશ્ચિમની પ્રજાના ખોફનાક આક્રમક ટોળા છેલ્લાં ચારસો વર્ષમાં અહીંતહીં ફરી વળ્યાં ને એકેએક કુદરતી સંપત્તિની છેડછાડ કરી. અઢળક સંપત્તિ ઉસેડી કદાચ તેઓ હમણાં વૈભવમાં રાચતા દેખાય છે પણ એ તાત્પુરતું છે. સૃષ્ટિ એના નિયમો પ્રમાણે ન ચાલનારને જબરજસ્ત શિકસ્ત આપે છે.

શ્રીમતીજીએ ઢંઢોળ્યો. બોલ્યા, અંધારું થઈ ગયું છે, આપણે ઊઠીએ. હા, તિમિરમાંથી જ્યોતિ તરફ જવા હળવા ડગલે ચાલતા થયા.

***૫૦/૪, રામસદન,***
***માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.***

DEEP JYOT
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS &
ALL TYPES OF OFFICE FILES
DEEP JYOT
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601,
G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# કચ્છમાં આઝાદીની લડત અંતર્ગત જૈનોનો ફાળો

## કચ્છમાં જૈન સંસ્કૃતિ - એક દૃષ્ટિપાત (મણકો-૬)

• ડૉ. નીતા ઠાકર •

### જૈન મુનિઓનો ફાળો

ઈ.સ. ૧૯૨૦-૨૫ દરમ્યાન ગાંધીજીની સત્યાગ્રહની લડતે આખા દેશને આઝાદીની તમન્નાના રંગે રંગી દીધો હતો. ત્યારે કચ્છમાં જૈન મુનિ શ્રી કલ્યાણચંદ્રજી પણ એનાથી મુક્ત રહી શક્યા નહીં. એ વખતે એમના દાદા ગુરુશ્રી વ્રજપાલજી સ્વામી ક્ષીણ જંઘાબળને કારણે મુન્દ્રામાં સ્થિરવાસ હતા. એમની સેવામાં શ્રી કલ્યાણચંદ્રજી ખડેપગે રહેતા. પણ તક મળતાં જ હરિજનવાસમાં નીકળી પડતાં, ખાદીનો પ્રચાર કરતા, રેંટિયો તો એ નિયમિત રીતે કાંતતા અને ખાંડના મિષ્ટાનનો પણ એમણે ત્યાગ કર્યો હતો. મુન્દ્રાના જૈનસંઘના કેટલાક શ્રાવકોને કલ્યાણચંદ્રજીની આ પ્રવૃત્તિ ગમતી નહીં. એ વ્રજપાલજી સ્વામી પાસે ફરિયાદ કરતા, "પૂજ્ય સાહેબ, કલ્યાણચંદ્રજી મહારાજ તો હરિજનવાસમાં જાય છે. રેંટિયો કાંતે છે.' પૂજ્ય મહારાજ કહેતા, "શું કરું, ભાઈ? મારું શરીર ચાલતું નથી, નહિં તો હું પણ એમજ કરું." સ્વાભાવિક છે કે 'ધર્મ'ની ઉત્કૃષ્ટ ભાવનાને કારણે જ શ્રી વ્રજપાલજી સ્વામી અને શ્રી કલ્યાણચંદ્રજીએ આઝાદીની લડતને અને ખાસ તો 'સત્યાગ્રહ'ની લડતને એક ધર્મના સ્વરૂપે સ્વીકારી રાષ્ટ્ર તરફની પોતાની ફરજ નિભાવી હતી.

મુન્દ્રામાં એ વખતે શેઠ પુરુષોત્તમ મૂળજી, વાઘજીભાઈ સોલંકી, વલ્લભદાસ મહેતા વગેરે કિશોરો ગાંધીજી પાછળ ઘેલા બની આઝાદીની ચળવળમાં ભાગ લેતા હતા. તે ખાદી પ્રચાર માટે ખાદીના તાકા ખભે ચડાવીને મહારાજશ્રી સાથે ગામેગામ ઘુમતા. શ્રી પુરુષોતમ શેઠના નાનાભાઈ શ્રી તુલસીદાસભાઈ જેમણે સરકારી કામગીરી અને રાજકારણમાંથી નિવૃત્ત થઈને કચ્છમાં કેળવણીના પ્રચારમાં પોતાનો ફાળો આપ્યો. અંજારના શ્રી કાંતિપ્રસાદ અંતાણી, નાનાલાલ ઉપાધ્યાય, જમનાદાસ ગાંધી, ડૉક્ટર લતીફ, કેરાના કવિ મહમદ હાસમ 'ચમન' વગેરે દેશસેવકો કચ્છની જનતાને જાગૃત કરવા મથી રહ્યા હતાં. તેમને પણ શ્રી કલ્યાણચંદ્રજીનો પૂરો સહકાર મળતો હતો.

મુન્દ્રામાં એક હરિજનશાળા ખોલવાનો વિચાર શ્રી કલ્યાણચંદ્રજી મહારાજના અંતરમાં રાતદિવસ રમી રહ્યો હતો. એવામાં એક દિવસ એમને કાને વાત આવી કે મુન્દ્રામાં એક વખત 'ઈભીવછેરા' ના તોછડા નામે ઓળખાતો ખોજા જ્ઞાતિનો એક તોફાની છોકરો મુંબઈ જઈને જાતમહેનતથી મોટો શેઠ બની ગયો છે. એ શેઠ ઈબ્રાહીમ પ્રધાન હમણાં જ મુંબઈથી આવેલ છે. મુનિશ્રી કલ્યાણચંદ્રજીએ તક ઝડપી લીધી. એક દિવસ હાથમાં પાત્રા લઈ એ નવી શેરીમાં રહેતાં ઈબ્રાહીમપ્રધાનને બંગલે પહોંચી ગયાં. એક જૈનસાધુને આવી ચડેલા જોઈ શેઠે કહ્યું, "મહારાજ, તમે ભૂલી ગયા લાગો છો વાણિયાનાં ઘર તો બાજુમાં છે. અમે તો ખોજા છીએ." પણ હું તો તમારે ત્યાં જ વહોરવા આવ્યો છું. આમ કહીને મુનિ કલ્યાણચંદ્રજીએ હરિજનશાળા માટે ૧૧ હજાર રૂપિયા માગ્યા. આમ ઈબ્રાહીમ શેઠના સહકારથી મુન્દ્રામાં હરિજનશાળા ચાલુ થઈ ગઈ. નોંધનીય છે કે આ શાળાની મુલાકાત ગાંધીજીએ કચ્છપ્રવાસ સમયે લીધી હતી.

ઈ.સ. ૧૯૨૫માં કાઠિયાવાડ રાજકીય પરિષદના કાર્યકર્તાઓએ પરિષદ ભાવનગર ભરવાનું નક્કી કરેલ. એ વખતે કચ્છના ચાર કાર્યકર્તાઓએ ગાંધીજીને કચ્છ પધારવાનું આમંત્રણ આપેલ. એ વખતે શ્રી કલ્યાણચંદ્રજીએ કચ્છના કાર્યકર્તાઓને કહ્યું હતું કે, "બાપુજીને કચ્છ આવવાનું આમંત્રણ તો ભલે આપ્યું પરંતુ બાપુજીના આગમન પહેલાં કચ્છમાં ખૂબ પ્રચાર કરવાની જરૂર છે. કચ્છની પરિસ્થિતિ જોતાં જો પૂરતો પ્રચાર નહીં થાય તો બાપુજીના મનને દુઃખ થશે. કચ્છના પ્રવાસમાં એમને દરેક રીતે સંતોષ થાય એ આપણે ખાસ જોવાનું છે." આ પરિષદનાં કાર્યક્રમમાં બાપા શ્રી ચારિત્રવિજયજી અને શ્રી કલ્યાણચંદ્રજી મહારાજે હાજરી આપી હતી. ત્યાર પછી આસો માસની અધવચ્ચે શ્રી કલ્યાણચંદ્રજી મહારાજ પર ગાંધીજીનો પત્ર આવ્યો હતો. જેમાં જણાવેલું કે "હું દિવાળી પછી તરતમાં જ કચ્છ જવાનો છું." પ્રત્યુત્તરમાં શ્રી કલ્યાણચંદ્રજીએ બાપુજીને જણાવેલું કે મારાથી ત્યાં (કચ્છમાં) આવી શકાશે નહીં પરંતુ આપ મુન્દ્રા પધારો ત્યારે મારા દાદાગુરુ જેઓ વૃદ્ધાવસ્થાના કારણે હાલ ત્યાં સ્થિરવાસ છે, તેમને મળવા પ્રબંધ કરશો.

ગાંધીજીના કચ્છપ્રવાસ સમયે શ્રી કલ્યાણચંદ્રજીએ કચ્છમાં શ્રી દેવચન્દ્રજી સ્વામીને મુન્દ્રા પત્ર દ્વારા વ્યવસ્થા કરવા જણાવેલ અને જ્યારે ગાંધીજી મુન્દ્રા પધાર્યા ત્યારે વ્રજપાલજી સ્વામીને તેઓ મળ્યાં હતાં અને પ્રશ્ન પૂછ્યો હતો કે 'સ્વદયા તે શું અને પરદયા તે શું?' તેના પ્રત્યુત્તરમાં શ્રી વ્રજપાલજી સ્વામીએ જણાવ્યું હતું કે "સ્વદયા એટલે આત્મદયા. આત્મદયાના ચાહકે પ્રથમ રાગ અને દ્વેષથી પર થવા માટે સદા જાગૃત રહેવું જોઈએ. પાંચ પ્રમાદ, ચાર કષાય અને પાંચ વિષયથી નિવૃત્ત થવું જોઈએ. જીવન અને મરણ જેને સમાન હોય, શત્રુ તેમજ મિત્ર પ્રત્યે જેને સમદૃષ્ટિ હોય, માન-અપમાન વચ્ચે જેને ભેદ ન હોય અને છેવટે ભવભ્રમણ અને મોક્ષ પ્રત્યે પણ જેને સમાનભાવ હોય તે જ સ્વદયાનો આરાધક થઈ શકે. જે સ્વદયાના સ્વરૂપને સમજી તેનું પાલન કરે છે તેને કોઈપણ પ્રવૃત્તિમાં પાપ કે પુણ્યનો બંધ થતો નથી. સદાય સ્વ સ્વરૂપમાં સ્થિરતા તેનું જ નામ સાચી સ્વદયા.

પરદયા તો ઓછા-વધતા પ્રમાણમાં દરેક જણ કરે છે. કોઈને દુઃખી દેખી તેને દુઃખ

*દુશ્મનના હથિયારની રેન્જમાં જે ઊભો રહે છે તે સાચો લીડર છે.*

મુક્ત કરવા પ્રયત્ન કરવો, મન-વચન-કર્મથી કોઈને દુઃખ ન આપવું એવી ભાવના સાથે અંતરમાં અન્ય પ્રત્યે જે દયાવૃત્તિ હોવી તેનું નામ પરદયા.''

શ્રી વ્રજપાલજી સ્વામીના ઉત્તરથી પોતાની પ્રસન્નતા વ્યક્ત કર્યા પછી ગાંધીજીએ જણાવ્યું કે, ''આજકાલ સ્વદયાનું સ્વરૂપ સમજનાર અને એને આચરણમાં મૂકનાર કોઈ વિરલ પુરુષ જ હશે. કારણકે બાહ્યદયા પણ સમજણપૂર્વક પાળનારા ઘણા ઓછા જોવામાં આવે છે. બાકી તો બધા સ્થૂળ દયાને જ દયા માનનારા છે.''

અંતમાં વ્રજપાલજી સ્વામીએ ગાંધીજીને દયા અને અહિંસાનાં ઉપકરણ તરીકે પ્રસિદ્ધ એવો એક ગુચ્છો ભેટ આપ્યો હતો. જે ગુચ્છો ગાંધીજીએ સાબરમતી આશ્રમમાં સંભાળપૂર્વક સાચવી રાખેલ. કચ્છની મુલાકાત વિશેના પોતાના વિચારો ગાંધીજીએ તે સમયના 'નવજીવન'માં વિગતપૂર્વક વ્યક્ત કરેલ.

પંડિત શ્રી સુખલાલજીએ ગાંધીજીનું 'અહિંસા' સંદર્ભે યથાર્થ મૂલ્યાંકન કર્યું છે. જે મુજબ :

ગાંધીજીનું દૃષ્ટિબિંદુ મહાયાની અને તેમાં 'અહિંસા' નું તત્ત્વ ઉમેરાયું એટલે સ્વાભાવિક રીતે જ તેમનું જીવન લોકકલ્યાણ તરફ વળ્યું અને તેમની આધ્યાત્મિક શુદ્ધિની દૃષ્ટિએ તેમને અનાસક્ત કર્મયોગ સૂઝાડ્યો. તેમનામાં મૂળથી જ અહિંસાના સંસ્કાર ઓતપ્રોત હતા. એટલે તેમણે પોતાની 'અહિંસા'ને પ્રવૃત્તિનાં બધાંજ ક્ષેત્રોમાં વહેતી મૂકી. ગાંધીજીએ જૈન પરંપરાને માન્ય એવી નિવૃત્તિ પછી દેખાતી અહિંસા અપનાવી છે ખરી, પણ તેમણે પોતાના સર્વ કલ્યાણકારી સામાજિક ધ્યેયની સિદ્ધિ અર્થે તે અહિંસાના અર્થનો એટલો બધો વિસ્તાર કર્યો છે કે આજની સ્થિતિમાં ગાંધીજીનો અહિંસાધર્મ એ એક પોતાનો જ અહિંસાધર્મ બની ગયો છે. ગાંધીજીના જીવનમાં જૈનધર્મ એના મૂળ અર્થ કે પારિભાષિક અર્થમાં નથી જ. એ રીતે એમ પણ કહી શકાય કે તેમના જીવનમાં બૌદ્ધ કે બીજા કોઈ ધર્મો તેના સાંપ્રદાયિક અર્થમાં નથી જ અને છતાં તેમનાં જીવનમાં જે જાતનો ધર્મ સક્રિયપણે કામ કરી રહ્યા છે. તેમાં બધાજ સાંપ્રદાયિક ધર્મોનો યોગ્ય રીતે સમન્વય છે.

આઝાદીની લડતમાં મુનિશ્રી જયવિજયજીનો ફાળો પણ નોંધનીય છે. તા. ૧૫-૩-૧૯૨૩ ના રોજ અંજારમાં કાર્યકરોની સભા મળી. તેના ઠરાવ પ્રમાણે કચ્છમાં એક 'સર્વ સામાન્ય સંસ્થા' ખોલવી તે અંગે વિચાર કરવા કચ્છના તથા કચ્છ બહારના આગેવાનો અને કાર્યકરોને વર્તમાનપત્ર દ્વારા મુનિશ્રી જયવિજયજી, શ્રી કાંતિપ્રસાદ અંતાણી, શ્રી છગનલાલ ભવાનીશંકર અને શ્રી પોપટલાલ મહેતા એમ ચારની સહીથી આમંત્રણો અપાયા હતાં.

ત્યારબાદ રાજકીય સ્પષ્ટ હેતુથી સમગ્ર કચ્છીઓની પહેલી સભા મળી હતી. સભામાં ૨૫૦ થી વધુ લોકોની હાજરી હતી. તેમાં 'કચ્છી પ્રજાસંઘ' સંસ્થાની જાહેરાત થઈ. તેના કાર્યવાહક તરીકે મુનિ શ્રી જયવિજયજી પ્રમુખ તરીકે રહ્યા હતા.

તા. ૨૩-૭-૧૯૨૩ ના રોજ મુન્દ્રામાં જ્યારે મિટિંગ મળી તેના પ્રમુખ તરીકે મુનિશ્રી કલ્યાણચંદ્રજી રહ્યા હતા અને અગત્યના પ્રવક્તા તરીકે મુનિશ્રી જયવિજયજી રહેતા. સાથે મંત્રી કાંતિપ્રસાદ રહેતા હતા. રાજ્યને આ રાજકારણનાં જુવાળથી રાજતંત્રમાં ભયગ્રંથી શરૂ થઈ. અંગ્રેજ સરકારે તેમાં પ્રોત્સાહન આપ્યું અને તા. ૨૯-૭-૧૯૨૩ ના પ્રમુખશ્રી જયવિજયજી મહારાજને દેશપાર કર્યા. તેમની સાથે કાંતિપ્રસાદ પણ ગયા અને સૌરાષ્ટ્ર કાર્યાલય રાણપુરમાં આશરો લીધો તે પછી મુનિશ્રીએ રાજકારણમાંથી નિવૃત્તિ લઈ લીધી. આમ કચ્છમાં જૈનમુનિઓએ પણ આઝાદીની લડતમાં રાષ્ટ્રધર્મ સંદર્ભે મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

## જૈન શ્રેષ્ઠીઓનો ફાળો

જૈન મુનિઓનો સત્યાગ્રહની લડતમાં જેટલો ફાળો છે તેમ કચ્છના શ્રેષ્ઠીઓનો ફાળો પણ મહત્ત્વનો રહ્યો છે. શ્રી સાકરચંદ પાનાચંદ કચ્છમાં નગરશેઠના હુલામણા નામથી સમગ્ર વિસ્તારમાં જૈન અને જૈનેતરોમાં જાણીતા હતા. કચ્છના રાજકીય જીવનના નગરશેઠ મુખ્ય સ્તંભ હતા. કચ્છની સૌપ્રથમ રાજકીય સભા તેમના પ્રમુખપદે જૈન જ્ઞાતિના વંડામાં યોજાઈ હતી. આ સભામાં 'કચ્છી પ્રજા પરિષદ'ની સ્થાપના કરવામાં આવી. ત્યારથી કચ્છમાં આઝાદીની લડતના શ્રીગણેશ થયા. તેમને નગરશેઠનું બિરૂદ રાજ્ય તરફથી મળેલ. પણ અંગત સ્વાર્થ છોડી રાજવિરુદ્ધ આઝાદીનાં જંગમાં ઝંપલાવ્યું. જવાબદાર રાજતંત્રની લડત અંગેની કચ્છી પ્રજા પરિષદની ઐતિહાસિક ગુપ્ત બેઠકો નગરશેઠના નિવાસ સ્થાને યોજાતી. આવી બેઠકો ક્યારેક આખી આખી રાત ચાલતી હતી. તેમાં જાણીતાં સમાજવાદી નેતા યુસુફ મહેરઅલી પણ હાજર રહેતા. ગાંધીજી ભુજ પધાર્યા ત્યારે જૈનજ્ઞાતિના વંડામાં સન્માન કરવામાં આવ્યું હતું. પરંતુ 'મહાદેવભાઈની ડાયરી' પુસ્તકમાં નાગરોની વાડીમાં સન્માન કર્યાનો ઉલ્લેખ છે. અન્ય આધારોમાં પણ નાગરવંડીનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તે સમારંભના પ્રમુખ સ્થાને નગરશેઠ સાકરચંદ પાનાચંદ હતાં. પાછળથી કચ્છ પ્રજા પરિષદના કાર્યવાહક પ્રમુખ તરીકે રહેલા. કચ્છનાં રાજકીય જીવનનાં પિતામહ ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા તેમના નિકટના મિત્ર હતાં તો કચ્છના પીઢ નેતાઓ વયોવૃદ્ધ કાંતિપ્રસાદ અંતાણી, બિહારીલાલ અંતાણી તેમજ શ્રી રસિકલાલ જોષી સાથે તેમના ઊર્મિશીલ સંબંધો હતા.

કચ્છની અદાલતો નગરશેઠની જુબાની પર ભરોસો રાખી જજમેન્ટ આપતી હતી. સામાજિક ક્ષેત્રે પણ તેમનું પ્રદાન વિશિષ્ટ રહ્યું હતું. એટલું જ નહીં મુસ્લિમો પણ નગરશેઠ પર ભરોસો રાખી મસ્જીદના દસ્તાવેજો તેમને સાચવવા આપી જતાં. આઝાદીની લડત વખતે મહારાવશ્રી ખેંગારજી પણ તેમની ધરપકડ

Meera Marketing
Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils
Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions
30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

કરવાથી દૂર રહેતા. ભુજ પાંજરાપોળના ઘણા વર્ષો સુધી તેઓ પ્રમુખ હતા. ભદ્રેશ્વરતીર્થના તેઓ આજીવન પ્રમુખ હતા જે નોંધનીય છે. ૬૬ વર્ષની વયે તા. ૧૯-૧-૧૯૫૨ ના રોજ તેમનું અવસાન થયું. પણ ભુજના નગરશેઠ તરીકે કચ્છના ઇતિહાસમાં તેમનું એક નિશ્ચિત સ્થાન બની ગયું છે.

તેવીજ બીજી પ્રતિષ્ઠિત વ્યક્તિ શ્રી માનસંગ કચરાભાઈ હતાં. તેમણે પણ ગાંધીજીની કચ્છયાત્રા સમયે નાગરોની વાડીમાં આવકાર આપી કચ્છની મરુ મરુ થઈ રહેલી ચાંદીની અનુપમ કારીગરીનો અપાર સૌંદર્યવાળો મોટો પંજાબી ઢબનો, આખો જ નક્કર ચાંદીથી બનેલો ચાલુ રેંટિયો કચ્છ તરફથી ભેટ ધર્યો હતો. અને પછી શહેરના નગરશેઠે માનપત્ર વાંચ્યું હતું. શ્રી માનસંગ કચરાભાઈએ રૂપિયા ૧૦ હજાર દેશબંધુફંડમાં આપ્યા અને રૂપિયા ૨૫૦૦ ગૌરક્ષા માટે આપ્યાં હતાં. આ ઉપરાંત જ્યારે સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રીમ સેનાનીઓ ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ અને સુભાષચંદ્ર બોઝ જ્યારે રંગૂન ગયેલા ત્યારે શ્રી માનસંગ શેઠે તેમનું સ્વાગત કરીને તમામ વ્યવસ્થા સંભાળી હતી.

આઝાદીની લડતમાં શ્રી મોહનલાલ શીવચંદ શાહે પણ ભાગ લીધો હતો. યુસુફ મહેરઅલી સાથે પણ લડત સંદર્ભે કામ કર્યું હતું. કચ્છમાં રાજાશાહી જુલ્મો સામે તેમણે પોતાનો અવાજ બુલંદ કર્યો હતો અને મુંબઈના એક સાપ્તાહિકમાં રાજ્ય વિરુદ્ધ લખાણ કરવા બદલ કચ્છની રાજસત્તાએ તેમની ધરપકડનો વોરંટ પણ કાઢેલ.

કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામમાં શાહ સોદાગર શેઠ કલ્યાણજી ધનજીનું સ્થાન પણ સુસ્મરણીય છે. તેમનો જન્મ ઈ.સ. ૧૯૦૧માં થયો હતો. નાની ઉંમરે કોડાયથી માંડવી આવી વેપારમાં ઝંપલાવ્યું. તેમાં તેમને સારી સફળતા મેળવી. જ્યારે સ્વાતંત્ર્ય સંગ્રામ સંદર્ભે ઈ.સ. ૧૯૨૫માં ગાંધીજી કચ્છ યાત્રાએ આવ્યા ત્યારે માંડવીમાં સ્વયંસેવક દળના કેપ્ટન તરીકે રહ્યા અને ઇ.સ. ૧૯૨૮ થી માંડવી પરિષદમાં અગ્રેસર ભાગ લીધો હતો. કચ્છી વેપારીઓનું અગ્રપદ સંભાળી મહારાવ શ્રી ખેંગારજી સાથે વેપારી અંગેના ડેપ્યુટેશનમાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. આમ તેઓ ઇ.સ. ૧૯૩૪ના અરસામાં કચ્છ વેપારી મંડળના પ્રેરક સ્થાપક હતા. ભચાઉ પરિષદના સ્થાનિક કારોબારી સમિતિના સભ્ય તરીકે ચૂંટાયા તેમજ મુન્દ્રા પરિષદ સમયે શ્રી મહેરઅલીના ખાસ વિશ્વાસુ સાથી રહ્યા હતા. ભુજ પરિષદની કારોબારીમાં પણ ખાસ સ્થાને તેઓ નિયુક્તિ પામ્યા હતાં. આમ પ્રજા જાગૃતિના જોમને આગળ વધારવામાં તેમણે ગૌરવભેર ભાગ લીધો હતો. વિશેષરૂપે સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશનના પ્રસ્થાપક કચ્છી ડાયરેક્ટર પણ તે હતા અને માંડવી મ્યુનિસિપાલિટીના પ્રથમ પ્રમુખ તરીકે તેઓ ચૂંટાયા હતા.

કચ્છ રાજ્યે જવાબદાર રાજ્યતંત્ર અંગેની બંધારણ સમિતિમાં પરિષદના નોમીની રહ્યા હતા. આમ રાજા અને પ્રજાના આગેવાનો વચ્ચે સફળતાપૂર્વક સાંકળ બની સક્રિય ભાગ લીધો હતો. સ્વરાજ્ય મળ્યા પછી 'સી' સ્ટેટનો દરજ્જો મેળવવામાં ચીફ કમિશ્નર પાસે વિશ્વાસુ પ્રજા આગેવાન તરીકે ફરજ બજાવી હતી. વિશેષમાં 'જયકચ્છ' વર્તમાનપત્ર ને મુંબઈથી કચ્છમાં લાવવાનું કાર્ય પણ તેમનું હતું. કચ્છ સ્વતંત્ર ભારત સાથે ભળતાં પરિષદ વિસર્જન અને કોંગ્રેસ સંસ્થામાં સંલગ્ન થવામાં તેનું છેલ્લું અધિવેશન તેમના ગામ કોડાયમાં મળ્યું. તેના તેઓ સ્વાગત પ્રમુખ હતા. નોંધનીય છે કે કચ્છીપ્રજામાં કદાચ પ્રથમ મોટર ભોગવનાર, ફોનથી દુનિયા સાથે વેપારની સાંકળ બાંધનાર પણ તેઓ હતા.

જ્યારે રાષ્ટ્રીયક્ષેત્રે મૂળ માંડવીનાં પ્રા. ખુશાલ ટી. શાહ (કે.ટી.શાહ) નું અર્થશાસ્ત્રી તરીકે મહત્ત્વનું સ્થાન રહ્યું છે. રાષ્ટ્રીય આયોજન બાબતે જવાહરલાલ નહેરૂ કે સુભાષચંદ્ર બોઝ પણ તેમની સલાહ લેતા. સ્વાતંત્ર્ય બાદ એકવાર ડૉ. રાજેન્દ્રપ્રસાદ સામે પ્રમુખની ચૂંટણીમાં પણ ઊભેલા. આમ કચ્છ અને કચ્છ બહાર વસતા જૈનોએ પણ આઝાદીની લડતમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે જે નોંધપાત્ર ગણાય. જૈન હોય કે જૈનેતર પણ કચ્છીઓનો વતનપ્રેમ ખરેખર પ્રશંસાને પાત્ર છે.

## જૈન સ્ત્રીઓનો ફાળો

આઝાદીની લડતમાં જૈન સ્ત્રીઓ પણ જોડાઈ હતી. કચ્છી પ્રજાકીય પરિષદના પ્રમુખ યુસુફ મહેરઅલીની આગેવાની હેઠળ જ્યારે કચ્છને માટે જવાબદાર રાજતંત્ર મેળવવા શરૂ થયેલ આંદોલનમાં દારૂના અડ્ડા પર નગરશેઠાણી મણિબેન સાકરચંદ પાનાચંદના નેતૃત્વ નીચે અન્ય બહેનો સાથે પિકેટીંગ કર્યું હતું. આ માટે કચ્છના પોલીસ અમલદારો સાથે રાજકીય ઘર્ષણ ઊભું થયું હતું. પિકેટીંગ ઉપરના બહેનોને હટાવવા પોલીસે ઘોડાઓ અને દારૂડિયાઓ દ્વારા હુમલો કરાવી બહેનોને ડરાવવા પોલીસ તરફી પ્રયાસો પણ થયા છતાં બહેનોએ પોતાનું કાર્ય ન છોડ્યું.

જ્યારે ભુજ સ્ત્રી સંમેલન યોજાયું ત્યારે ઉદ્‌ઘાટક શ્રીમતી કમલાદેવી ચટોપાધ્યાયનાં પ્રમુખ સ્થાને શ્રી પ્રેમીલાબેન ઠાકરશી હતાં અને વક્તાઓ તરીકે : પદ્માવતી માણેક, કુમારી પ્રભાવતી માનસંગ કચરા, સ્વાગત પ્રમુખ - નગરશેઠાણી મણિબેન સાકરચંદ પાનાચંદ, મોંઘીબેન માવજી કંતાનવાલા, ઝવેરબેન મૂલરાજ કરસનદાસ, ચન્દ્રમણીબેન અંજારિયા અને દેવકીબેન હતાં. વિશેષમાં જ્યારે કચ્છ સ્વતંત્ર ભારતમાં રાજકીય એકમ તરીકે જોડાયું ત્યારે 'કચ્છી પ્રજા પરિષદ' નું વિસર્જન અને કોંગ્રેસ સંસ્થાગત રીતે કચ્છમાં પ્રવૃત્તિશીલ બની ત્યારે કોડાયની પરિષદ તા. ૧૯-૧૦-૧૯૪૮માં સ્વાગત સમિતિમાં શ્રી પાનબાઈ ઠાકરશી હતાં. આમ જૈન સ્ત્રીઓમાં જીવીબેન, માંકબાઈ અંને પાનબાઈ તો ઈ.સ. ૧૯૨૩ માં અમદાવાદ કોંગ્રેસમાં પણ સામેલ થયાં હતાં. ■

MILAN® MASALA
K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883
MILAN® MASALA

વિચાર મંથન

# સૃષ્ટિનાં સંતુલનને જફા કોણે પહોંચાડી?

● ડૉ. ગિરીશ વીછીવોરા ●

સરોવર નાનું, મોટું કે ચટુકડું, પ્રત્યેક હિલ સ્ટેશનનું આગવું અલંકાર. દુનિયાના નાના મોટા પ્રખ્યાત કે અલ્પ જાણીતા હિલ સ્ટેશનોએ સરોવરનું સાનિધ્ય માણ્યું છે. નૌકાવિહાર કર્યો છે. એ બહુ મહત્ત્વનું નહિ. સરોવરના કોઈ અજાણ્યા ખૂણે બેસી ગપ્પાગોષ્ટી કરવી, સરોવરની હલચલ જોવી, એના પરિસરનું સૌંદર્ય માણવું ને ક્યારેક કેમેરાથી છુપારૂસ્તમ બનવું. અનેક સરોવરના સંભારણા કોરે મૂકી એક નાનકડા નાજુક સરોવરનું સાનિધ્ય સંભારીશ.

ખોબા જેવું સાપુતારા ને એમાં સરોવર - બાર હાથનું તરબુચ ને તેર હાથનું બી, જેવી જ વાત થાય. પણ ખાબોચિયા જેવા પાણીના પ્રવાહને સરોવરનું પદ અપાઈ જાય તો સ્વીકારવું જ રહ્યું. દુનિયાદારીમાં ઘણા બધા ક્ષેત્રોમાં વ્યક્તિઓની પોતાની હેસિયત કે આવડત કરતાં વધુ હોંશિયારી અંકાઈ નથી જતી?

અંદાજિત બે હજાર ફૂટની ઊંચાઈનું આ સપાટ મેદાન હશે, માંડ થોડાક ચોરસ કિલોમીટર. ક્યાં પણ ઊભા રહી એની ચારે સરહદો ચાંપી શકાય. દક્ષિણ કોરની ટેકરી જરા જાજવલ્યમાન ખરી. સાવ હુકળી. હસ્તધનૂન કરી શકાય એટલી. એ ટેકરીની હારમાળાએ વહાવેલ પાણી નીચે જમા થાય, વહેળો બની વહેતો થાય પૂર્વ તરફ. સાપુતારા આગળ જરા પહોળાશ પકડી લે ને એના પૂર્વાગમનને રૂકાવટ આવી જાય, એક છોટા બંધથી. પાણીનો સ્થાયીભાવ વહેવાનો. રોકો તો રોષે ભરાય ને ફૂલીને ફાળકો થાય. માણસને એટલું જ જોઈએ. નૌકાવિહાર માટે સરોવર તો જોઈએ જ. હાજર હોય તો ભયોભયો નહિતો યેનકેન પ્રકારેણ એને બનાવો. પાણીની વ્યથાની ઐસીતૈસી.

હલેસાવાળી નૌકા ક્યારની આઉટડેટેડ થઈ હઈ. હવે તો ભખ ભખ નહિ તુનુડાટ ને છિંકોય મારતી ભાગતી ભામિની જેવી ચંચળ નૌકાઓ, રંગબેરંગી, નાનું બાળક પણ ચલાવી શકે એવી અહીંતહીં ઘૂમતી રહે. ધ્વનિ પ્રદૂષણની વાત જ મૂકો. સરોવરને વૃક્ષોની વનરાઈમાં પક્ષીઓ ટહુકે. આ નૌકાઓ આવતાં ટહુકાર તો ઘરે ગયો. થથરે, ચરકે ને પાંખ પહોળી કરી ભાગી છૂટે. બધું હિસાબી ધોરણે થતું હોય ત્યારે આવી નાની, ક્ષુલ્લક, નકામી વાતો માટે ક્યાં સમય છે?

સાપુતારાને વચ્ચોવચ્ચ કાપતો રસ્તો આહવાથી આવતો નાસિક તરફ જાય. સરોવરને તીરેથી રસ્તો નીસરે. એ રસ્તાની કોરે, સરોવરને જરા સંકોરી, જમીન બનાવી નાનો શો બગીચો બનાવ્યો છે. નાનકડો પણ સુંદર. જમીન હરિત હરિયાળી સભર. અહીંતહીં ફૂલવેલ ને થોડાંક તરુવરો. બેસવાના બાંકડા ખરા. તરુવરો ફરતી ફરસ - ચોખ્ખી ચણક. સરોવર તરફ રેલીંગ. વાતાવરણ શાંત. સહેલાણીઓની તંગી. નૌકાઓ આરામ ફરમાવતી હતી.

આ બગીચો મનમાં વસી ગયો. પ્રથમ દૃષ્ટિએ પ્રેમ થઈ ગયો. સવાર, સાંજ કે બપોર અમે એ બગીચાના બાંકડે કે ફરતી ફરસે બેસી વાતોનાં વડાં કરતાં યા નિજમાં ખોવાઈ જતાં.

બગીચામાંથી સરોવર સોહામણું દીસે. પવનની લહેરખી સંગ કૂણા કુમાશભર્યાં મોજા ઉપસે. કાન સરવા કરીએ તો જરાક રવ ઉપસતો ભાસે. દૃષ્ટિ ફલકમાં સરોવર ભરાઈ જાય. દૃષ્ટિ વિસ્તરતી આગળ વધે તો દક્ષિણનો ડુંગર ને તેની ટોચે મોટું મકાન ને રોપ-વે માં ઝુલતા ઝુલા દેખાય. ઉત્તર તરફને કિનારે, પાણીના પનઘટને અડોઅડ એક અડાબીડ તરુવરોનું ઝુંડ ક્યાંકથી આખેઆખું ઉપાડી અહીં રોપી દીધું હોય એવું ભાસે. થોડી શી જગામાં ઘણાબધા ઝાડ નીલગિરીના. એમને બહુજ લાડકોડથી પાળ્યાં પોષ્યા હશે. આડુગજું આમેય નીલગિરી ન કરે, વળી અહીં જગ્યા જ ઓછી. એટલે એમણે તો દોટ મૂકી છે આકાશ તરફ. એટલા ઊંચા જાણે તારાઓ સાથે ગુફ્તેગુ કરવાનાં મનોરથ સેવતાં હોય. આજુબાજુ હોટલો કે હારબંધ હાટડીઓના કીડિયારા ઉભરાય. એમને ટીકી ટીકી કેટલીવાર જોવું! વધું જોતાં મર્યાદાભંગની જાસાચિઠ્ઠી પણ મળે!

નજરને સંકોરી, સાવ ઓરી આણી, સામે જ આવેલા વૃક્ષના શુભ્ર થડ પર ફેરવીએ તો આશ્ચર્યથી અવાક્ થઈ જવાય. કામઢી કીડી કે અણઘડ મંકોડાની હારની હાર, વણતૂટી અહીંતહીં ઉપર નીચે ફરતી જોતાં ધ્યાન ત્યાં જ કેન્દ્રિત થાય. એમની ચંચળતા, ચપળતા ને ચતુરાઈ જોઈ આપણે ખુદને ભોટમામા જ સમજતા થઈએ. એક પળ નકામી ન વેડફે. અહીંતહીં ફરતી રહે. કોણ જાણે એમને એટલી ઉતાવળ હોય જાણે રણસંગ્રામને મોરચે લટકતી હોય. એમને જોતા રહીએ, પણ તેઓ જરા પણ આંખ ઊંચી કરી આપણી તરફ ન જુએ. પોતાનામાં મસ્તરામ. કદાચ એમને આપણે મગતરાં જ ભાસતાં હોઈશું. શું કામ એવું ન વિચારે? સાવ જડસુ થઈ એક ઠેકાણે પથ્થરની જેમ ખોડાઈ જતા માનવ પ્રાણીઓ એમનાં મને સાવ નકામા ને નિર્વીર્ય ભાસે તો એમને શું કામ દોષ દેવો?

કુદરતે હર જીવમાં કોઈ અનોખી ખાસિયત મૂકી છે. ઘણીવાર એ ખાસિયત એની વિશિષ્ટતા બની રહે છે. કીડી કામઢી તો ચકલી ચંચળ. બંનેને જરાવાર પણ ઠરીઠામ થઈ એક ઠેકાણે પડ્યા રહેવું પાલવે? ગમે? સિંહ શિકાર કરીને જ ખાશે, બીજાનું એઠું નહિં જમે. થોડાં લોંકડી જેવા જનાવર એઠું જ ખાશે. સમડી ગીધ ગંધાતું સડેલું માંસ નિરાંતે આરોગશે. એટલે તો એમને 'સફાઈ કામદાર' (Scavengers) કહ્યા છે. વળી ખૂબી એ પણ છે કે પોતાની જન્મજાત ટેવને જિંદગીભર વફાદાર રહેશે. એની નિત્યક્રિયા, એની ટેવો કે ખાસિયતોમાં ખાસ ફરક પડશે નહિ. ફળસ્વરૂપ સૃષ્ટિનો હરેક જીવ જન્મી મૃત્યુને વરે ત્યાં સુધી એક નિર્ધારિત પગલે ચાલશે. એને ફાળે આવેલું કામ બરાબર અદા કરશે. એને ખબર હશે કે નહિ તે ખુદા જાણે પણ એનું પોતાનું કામ કરતાં સૃષ્ટિની ઘટમાળમાં એ કંઈને કંઈ ફાળો આપતું જાય છે. સૃષ્ટિનો એ ઘટનાક્રમ અજીબ સંતુલનથી ચાલતો રહ્યો છે. ગાઢ જંગલમાં સૃષ્ટિએ ઘણાબધા પશુ-પ્રાણી મૂક્યા. એમાં પશુ પ્રાણીઓનું રક્ષણ ને સંવર્ધન બરાબર થઈ શકે તો સાથે સાથે એવા જંગલી જાનવરો અહીં તહીં રખડતાં, ભમતાં,

*(અનુસંધાન : જુઓ પાના નં.-૧૭ ઉપર)*

# અધ્યાત્મનો અનુબંધ (પ્રકરણ-૩)

મૂળ લેખક : સુબોધ શાહ • રજૂઆત : મુરજી ગડા

(ગયા લેખના અનુસંધાનમાં)

*“આપણા પછાતપણાનું સૌથી મહત્ત્વનું કારણ આપણી પ્રાચીન માન્યતાઓમાં રહેલું છે. મનુષ્યો એમની માન્યતાઓ અનુસાર વર્તન કરે છે અને માન્યતાઓ બાળપણમાં મળેલા સંસ્કારોથી ઘડાય છે. આપણી માન્યતાઓ, આપણાં વલણો, રીતરિવાજો, રૂઢિઓ – એ સર્વ ભારતીય સંસ્કારોનો એક ભાગ છે; અને એ સંસ્કારોનાં મૂળ અતિ પ્રાચીન કાળથી ધર્મમાં રહેલાં છે. તેથી ભારતીય સંસ્કારોને યથાયોગ્ય રીતે વર્ણવવા કે બદલવા હોય, તો સૌથી પહેલાં ધર્મ અને અધ્યાત્મની વાત કરવી પડે.”*

**– સ્વામી વિવેકાનંદ**

આ લેખનો વિષય ધર્મ કે અધ્યાત્મ નથી. પણ એમના વિના જો આપણા કૂટપ્રશ્નો સમજી શકાતા ન હોય, તો સૌ પ્રથમ એ બન્ને સમજવા પડે. અધ્યાત્મના ગંભીર અને વ્યાપક વિષયમાં બહુ ઊંડી ડૂબકી માર્યા વિના આ પ્રકરણમાં એની થોડીક કામ પૂરતી વાતો જ કરીશું.

શ્રદ્ધા બદલવી સહેલી નથી. શિક્ષણ કે તર્કશક્તિ, બુદ્ધિ કે પંડિતાઈ, વિચાર કે વિવેક, એમાંનું કાંઈ ધર્મ અને શ્રદ્ધા સામે કામ કરતું નથી. છતાં કોક આંચકો, કૈંક ઉથલપાથલ, કોક મરણ જેવો પ્રસંગ આવું કંઈક બને અને માણસની માન્યતાને એક જ ક્ષણમાં પલટી નાખે એ શક્ય છે. હજાર દલીલો જે કામ ના કરી શકે તે કામ એક અકસ્માત કરે છે. આવી શ્રદ્ધા માણસના સમગ્ર અભિગમને, સમસ્ત વર્તનને બદલી શકે છે. અધ્યાત્મ એ માણસને બદલનાર સૌથી મોટી શક્તિ છે.

- **માન્યતા (Belief) અને શ્રદ્ધા (Faith) :**

પ્રશ્ન, પુરાવો, તર્ક કે શંકા વિના કોઈ માન્યતા સ્વીકારીને એને દઢતાથી વળગી રહીએ ત્યારે, વ્યવહારિક વિષયમાં એને નિષ્ઠા કે વિશ્વાસ અને આધ્યાત્મિક વિષયમાં એને શ્રદ્ધા કહેવાય છે. સમાજમાંથી, કુટુંબમાંથી અને ધર્મમાંથી ગ્રહણ કરીને ઊંડી માન્યતાઓને આપણે સ્વીકારી લઈએ છીએ. વિચારશક્તિ પૂરી વિકાસ પામેલી ન હોય એટલી નાની ઉંમરમાં આ બનતું હોય છે. મોટા થયા પછી એમને બદલવાનું તો દૂર રહ્યું; એ વિષે પ્રશ્ન કરવાનાં બુદ્ધિ, શક્તિ, જ્ઞાન, રસ, રૂચિ, હિંમત કે સમય સુદ્ધાં, બહુ ઓછા લોકો પાસે જોવા મળે છે. પરિણામે રૂઢિગત માન્યતાઓ ચીલાચાલુ સ્વરૂપમાં સર્વસ્વીકૃત બનતી જાય છે. જેની પાસે શક્તિ ને જ્ઞાન હોય તેવા અનેક પાસે રસ, રૂચિ કે હિંમત હોય જ એ હંમેશાં શક્ય નથી. તેઓ પોતાની રૂઢ માન્યતાઓને બુદ્ધિથી સાચી (Rational) ઠેરવવા પ્રયત્નશીલ રહેતા હોય છે. શ્રદ્ધા એ રંગીન કાચના ચશ્મા જેવી છે. વાસ્તવિક હકીકતને જે રંગના ચશ્મામાંથી જોઈએ એ જ રંગની એ દેખાય; બીજા બધા રંગ એમાંથી બાદ થઈ જાય. પછી એ જ રંગ સાચો એમ સાબિત કરવાનાં કારણો આપણે બુદ્ધિ વાપરીને શોધી કાઢીએ, ને આપણી માન્યતાને સાચી ઠેરવીએ. ઈશ્વરમાં ઊંડી શ્રદ્ધાવાળો માણસ ગમે તેટલો ભયાનક ધરતીકંપ જોયા પછી પણ “હે ઈશ્વર, તું દયાળુ છે,” એવું બોલવાનું ભાગ્યે જ બંધ કરે છે. માન્યતા કરતાં સત્ય હકીકત સાવ જુદી હોય ત્યારે માણસ શબ્દોની રમતથી, ચબરાકી ભરેલી દલીલોથી, કે અપ્રામાણિક છટકબારીઓ શોધીને પોતાની માન્યતાનો બચાવ કરે છે. અનેક ડાહ્યા ને પ્રામાણિક સજ્જનોએ ગુલામીની અને અસ્પૃશ્યતાની ધૃણાજનક પ્રથાને સારી ને સાચી ઠેરવવા દલીલો કરી છે. એ જ રીતે જિહાદ, ક્રૂરતા, ક્રુઝેડ, ડાકણો, પૃથ્વીકેન્દ્રીય વિશ્વ, આ બધું એક સમયે તર્કસંગત (Rationalize) કરવામાં આવતું હતું એ ઈતિહાસ-સિદ્ધ હકીકત છે. હિન્દુ સમાજની મૂર્તિપૂજા, વિધિવિધાન, વિધવાઓના પુનર્લગ્નનો વિરોધ, વગેરે ઘણી બધી માન્યતાઓ આ વર્ગમાં આવે છે. ખ્રિસ્તી ધર્મમાં જિસસના પુનરુત્થાન વિષે, જૈનોમાં કંદમૂળ ન ખાવા વિષે, આવી જ પરિસ્થિતિ છે.

ધાર્મિક માન્યતા એ શ્રદ્ધાનો વિષય છે, બુદ્ધિનો નહિ એમ કહેવાય છે. સિક્કાની સારી બાજુને શ્રદ્ધા કહીએ તો એ જ સિક્કાની બીજી બાજુને અંતિમવાદ કે ધર્માંધતા કહેવી પડે. “મારા સત્યમાં મારી અડગ અને અનન્ય શ્રદ્ધા છે; મારું સત્ય જ સાચું, પૂરેપૂરું સાચું અને એમાં સત્ય સિવાય બીજું કંઈ જ નહિ.” ડાહ્યા માણસો આમ બોલે કે નહિ તો પણ, એમની આવી શ્રદ્ધાનો અર્થ સામેવાળાના સત્યમાં અશ્રદ્ધા જ થયો. અંતિમવાદીઓ, માર્ગ ભૂલેલા મૂર્ખાઓ ભાગ્યે જ હોય છે; મોટા ભાગના પોતાના ધર્મની માન્યતાઓમાં અડગ અને અનન્ય શ્રદ્ધાવાન એવા ઈશ્વરભક્ત હોય છે. બિનલાદેન અને અલ-કેદાને તો બધા જાણે છે. અમેરિકામાં સોલોર ટેમ્પલ નામના વ્યક્તિપૂજક સંપ્રદાયથી ૭૪ માણસો માર્યા ગયા હતા; જિમ જોન્સ નામના ગુરુએ આત્મઘાતી ‘People’s Temple’ સ્થાપ્યું હતું. અમેરિકન સમાજમાં જો આવું બની શકે, તો ભારતમાં ભગવાનો છાશવારે ઊગી નીકળે એમાં આશ્ચર્ય શાનું? ધર્મોના ચુસ્ત અનુયાયીઓને સહિષ્ણુતા દાખવવાનું કામ બહુ આકરું પડે છે. દરેક ધર્મ બીજા ધર્મને માર્ગ ભૂલેલો ગણે છે. આપણી માન્યતા સત્ય પર નહિ, શ્રદ્ધા પર આધારિત હોય; છતાં આખી દુનિયાને આપણે મનાવવાની કોશિશ કરીએ છીએ કે અમારું અર્ધસત્ય એ જ એકમેવ પૂર્ણ સત્ય છે.

અનેક માણસો સામાન્ય બુદ્ધિને બાજુએ રાખી લોજિક સામે લડવા ઈશ્વરનો ઉપયોગ કરે છે. યાત્રાએ જતાં જ મારા મિત્રને ગંભીર કાર અકસ્માત થયો. એને સો ટકા ખાતરી થઈ ગઈ કે ઈશ્વરની દયાએ જ એને બચાવ્યો.

*જો એક નેતા નિષ્ફળ જાય તો બીજો તેનું સ્થાન લઈ લે છે. નેતૃત્વનું સ્થાન ખાલી નથી રહેતું.*

પણ યાત્રા જ અટકી પડી; લાખોનો ખર્ચ, ભયંકર વેદના અને કાયમી અપંગ દશા. આ બધાં માટે કયો શયતાન જવાબદાર? કારનો ડ્રાઈવર? ખરાબ રસ્તો? ધોધમાર વરસાદ, હોસ્પિટલની બેદરકારી, પોતાની કમનસીબી, ગયા જનમનાં પાપ કે કલિયુગ? કોર્ટમાં વીમા કંપનીના કેસમાં વિદ્વાન જજ સાહેબે આ બધાંની જવાબદારી ટકાવાર ઠરાવી આપી તેમ છતાં, એ બાબતમાં એના મનમાં થોડીક શંકા રહી ગઈ ખરી! જોશીએ ભાખેલું ભવિષ્ય સાચું પડે ત્યારે જ્યોતિષશાસ્ત્રમાં લોકોની શ્રદ્ધા દૃઢ થાય છે; પણ ખોટું પડે ત્યારે ભાગ્યે જ શ્રદ્ધાને લોકો દૂર કરી શકે છે. આપણે હિન્દુઓ યુદ્ધોમાં જતાં પહેલાં ગુરુના આશીર્વાદ લેતા, પૂજાઓ કરતા, શુકન જોઈને નીકળતા; આપણા દુશ્મનો એવું કાંઈ કરતા નહિ. હજાર વરસના પરાજયો પછી આપણી આ માન્યતાઓ બદલાઈ ખરી? "જ્યાં ધર્મ, ત્યાં જ વિજય" એ માન્યતાની ચકાસણી તો ઠીક, એ વિશે જરાક સંશય સુદ્ધાં આપણામાં પેદા થયો? માન્યતાની પુનઃવિચારણા કરવાને બદલે માણસો હંમેશાં નવી નવી વ્યાખ્યાઓ શોધીને પોતાની માન્યતાઓને હકીકત જોડે બંધબેસતી કરે છે. અને પછી એ સાબિત કરવા પંડિતાઈપૂર્ણ શાસ્ત્રો લખે છે. શ્રદ્ધા સાચી પડે તો દૃઢ થાય; ખોટી પડે તો વધારે દૃઢ થાય. શ્રદ્ધાનો આ અજબ જાદુ છે.

માન્યતા કે શ્રદ્ધા માનવ જીવનનો પ્રેરણાસ્રોત છે. માણસની માન્યતાઓ એના જાગૃત કે અજાગૃત માનસમાં રહેલી હોઈ શકે; એના શબ્દો, રીતિનીતિ, વિગતો કે વાર્તાઓ બદલાતાં રહે; પણ પોતાની માન્યતાઓને અનુસરીને જ માણસો કામ કરતા રહે છે. માણસ કેવો છે, શું કરે છે, કેવી રીતે એ કરે છે, એ બધાંનો આધાર એની માન્યતાઓ પર હોય છે. મહાવીર કે મહમદમાં શ્રદ્ધા ધરાવતા માણસો વિચાર-વાણી-વર્તનમાં તદ્દન જુદા હોય છે, એ તો સહેલાઈથી ધ્યાનમાં આવે એવી વાત છે. તેથી વ્યક્તિ અને સમાજ ઉપર કોઈપણ પ્રકારની માન્યતાની સારી-નરસી અસરો શી થાય છે એનો તલસ્પર્શી અભ્યાસ અતિ આવશ્યક છે. અભ્યાસ કર્યા પછી એની નિખાલસ ચર્ચા-વિચારણા કરવામાં કોઈ બંધન હોવું જરૂરી નથી. વ્યક્તિગત રીતે અને સમૂહમાં, એમ બન્ને રીતે ધર્મ આચરવામાં આવે છે અને ધર્મ એ આધ્યાત્મિક ઉપરાંત એક સામાજિક સંસ્થા પણ છે; જેમ શાસનતંત્ર છે; જેમ આર્થિક વ્યવસ્થાપન તંત્ર છે; જેમ વિજ્ઞાન છે. આ બધી સંસ્થાઓનો ઊંડો પ્રભાવ સમાજ પર પડતો હોય છે અને તેમની ચર્ચાઓ આપણે કાયમ કરીએ જ છીએ. તો પછી શુભ આશયથી ધર્મની યથાયોગ્ય ચર્ચા શા માટે ટાળવી જોઈએ?

*(ક્રમશઃ)*

*૧, શ્યામ વાટિકા સોસાયટી*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

*"આવી પરીક્ષાઓનો શો અર્થ છે? અને એના આધારે વિદ્યાર્થીની સરળતાનો અંદાજ કાઢવાનો પણ શો અર્થ છે? પરીક્ષાના માર્ક એ વિદ્યાર્થીની બુદ્ધિને અંદાજવાની પારાશીશી છે જ નહીં, એવું હું વારંવાર કહું છું.*

*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*
*M/s. J. D. Logistics*
*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

**PUNE**
708/18, Bhavani Peth,
Gurunanak Nagar, Pune-411 042
**Ph. : 26434611**

**CHINCHWAD**
128/B, Mohan Nagar, Sanghvi Compound,
Chinchwad, Pune-411 019.
**Ph. : 27471378, 27475167**

**MUMBAI**
Khajurwala Chambers, Gr. Floor, 313/315,
N.N. Street, Mumbai - 400 009.
**Ph. : 23426818, 23448705, 23400597**

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

**E-mail : jdtcompany@gmail.com**

વિચાર વિમર્શ

# હજી ડિઝનીવર્લ્ડ પણ જોયું નથી....

## સંભારણાની સફર : મણકો - ૭

● ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) ●

શાળા-કૉલેજનાં વર્ષો, એ વ્યક્તિના જીવન-ઘડતરનો એવો પડાવ છે કે જ્યાં વિદ્યાર્થીઓનો વ્યક્તિત્વ વિકાસ એક ચોક્કસ દિશા પકડે છે. કૉલેજનાં વર્ષો તો તેમાં સૌથી મહત્ત્વનાં છે. જે કૉલેજોમાં સ્ટુડન્ટ્સ ઍસોસિએશન દ્વારા વક્તૃત્વ સ્પર્ધા, ગીત-સંગીત-ગરબાના કાર્યક્રમો, સારા વક્તાઓનાં પ્રવચનો વગેરે પ્રવૃત્તિઓ સતત ચાલતી હોય, તો તેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓમાં ગજબ આત્મવિશ્વાસનો સંચાર થાય છે. હું જે કૉલેજમાં ભણાવું છું ત્યાં અમારા વિદ્યાર્થીઓનું સંગઠન ખૂબ જ મહેનતુ છે. કાંઈની કાંઈ પ્રવૃત્તિઓ ચાલતી જ હોય! કોઈપણ સમયે ઘણાબધા વિદ્યાર્થીઓ અનેક ઇતર પ્રવૃત્તિઓમાં જોતરાયેલા હોય જ. મેં મારા અનુભવે જોયું છે કે, વિદ્યાર્થીઓમાં ગમતું કામ કરવાની ભારોભાર શક્તિ હોય છે.

લાઈબ્રેરીમાં જાય, વિવિધ વ્યક્તિઓને મળે અને જે સ્પર્ધા કે પ્રૉજેક્ટમાં ભાગ લીધો હોય તેમાં જાન રેડી દે. શિક્ષક તરીકે હું પણ તેમનામાં રહેલી આ અમાપ શક્તિનો લાભ લઈને તેમને ખૂબ કામ આપું. પણ અલ્લાદિનના જીનની જેમ તેઓ ફટાફટ આપેલાં કામો ઉકેલી કાઢે.

એક વખત મેં ક્લાસમાં એક ખૂબ અઘરા વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કર્યું. વિદ્યાર્થીઓને 'ગરીબાઈ' નો વિષય આપવામાં આવ્યો. હવે આ વિષય એવો છે કે તેમાં કોઈ તારણ પર ન આવી શકાય. વિદ્યાર્થીઓમાં સામસામે આક્ષેપબાજી-વાદવિવાદ થાય, પણ બે ટીમમાંથી કઈ સાચી તે નક્કી ન થાય. મારા માટે એવા વિષયોની પસંદગી કરવાની પણ એક સમસ્યા હોય છે. વિષયો જાત-પાત-ધર્મની લાગણીઓથી પર હોવા જોઈએ, બીભત્સ કે અશ્લીલ ન હોવા જોઈએ તથા તે વિષયની ચર્ચા ઉપયોગી હોવી જોઈએ. 'મલ્ટીનેશનલ કંપનીઓ ભારત માટે લાભદાયી કે શ્રાપરૂપ?' 'શાંતિ માટે યુદ્ધ જરૂરી છે ખરું?' 'ધર્મ જરૂરી કે સંપ્રદાય?' આવા વિષયો મેં આપેલ છે.

હા, તો 'ગરીબાઈ' નો વિષય નક્કી કર્યા પછી વિદ્યાર્થીઓને બે ભાગમાં વહેંચવામાં આવ્યા. બધાંએ અમુક મિનિટ બોલવાનું. ઘણા વિદ્યાર્થીઓ એટલા ઉશ્કેરાઈ જાય કે સમયમર્યાદા પણ ચૂકી જાય. મારા ઘણા જૂના વિદ્યાર્થીઓ મને કહી ગયાં છે કે, 'બહેન, તમે ક્લાસમાં ચર્ચા કરાવતાં હતાં, તે હવે નોકરી-ધંધામાં, પ્રેઝન્ટેશનમાં, ઈન્ટરવ્યૂમાં ખૂબ કામ લાગે છે. ભણેલું તો બધું યાદ નથી, પણ એ દિવસોમાં પ્રાપ્ત કરેલો આત્મવિશ્વાસ બહુ કામ લાગે છે.'

ગરીબાઈ એ બહુ સાપેક્ષ ચીજ છે. અત્યંત તવંગર આદમી માટે મધ્યમવર્ગનો માણસ ગરીબ, મધ્યમવર્ગના માટે નીચલા મધ્યમવર્ગના માણસો બિચારા-બાપડા, અને તેમના માટે ભિખારી એટલે દરિદ્ર. વળી જો કોઈ અર્થશાસ્ત્રીને પૂછો, તો ગરીબાઈની લાંબી-ચૌડી તકનીકી વ્યાખ્યા આપી દેશે. જેમાં 'જી.ડી.પી.', 'માથાદીઠ કૌટુંબિક આવક', 'ફુગાવો' વગેરે જેવા ભારેખમ શબ્દો જરૂર આવશે. મને પૂછો તો 'ગરીબ' એટલે 'એવી વ્યક્તિ, કે જેને પોતાના વિચારો વ્યક્ત કરવાની, સત્ય બોલવાની અને સત્ય માટે લડવાની છૂટ ન હોય. જેને સમાજમાં જાતિ, ધર્મ તથા કાયદાકીય સમાનતા પ્રાપ્ય ન હોય'.

જાત-જાતની ચર્ચાઓ ચાલી. વિદ્યાર્થીઓએ સરસ ઉદાહરણો આપ્યાં. અમેરિકામાં અત્યંત ગરીબાઈમાંથી સ્વબળે આગળ આવીને ફોર્ડ મોટર કંપની સ્થાપનાર શ્રી હેનરી ફોર્ડ પાછળથી તો અત્યંત રઈસ થઈ ગયા. તેમને એક ખૂબ જ વહાલસોયી પૌત્રી હતી. તે દીકરી તો જન્મી ત્યારથી જ વૈભવમાં આળોટી હતી. તેના દાદા તો હેનરી ફોર્ડ પોતે! જન્મથી જ સોનાના ઘૂઘરે રમેલી પોતાની પૌત્રીને ગરીબાઈ વિષે થોડો ખ્યાલ આપવા માટે શ્રી ફોર્ડે એક દિવસ તેને કહ્યું, 'દીકરી, તું મને ગરીબાઈ વિષે એક સરસ મજાનો નિબંધ લખી આપ. જો, મારે તારા જ વિચારો જાણવા છે. કોઈ પુસ્તકના કે નિબંધમાળાના નહીં, ક્યાંયથીય ઉઠાવતી નહીં.'

દીકરી કહે, 'દાદા, મને એક અઠવાડિયું આપો. હું સ્વાનુભવે લખવા માગું છું.'

દાદા કહે, 'જા બેટા! તું અઠવાડિયું તારી રીતે ફર અને પછી મને તારા વિચારો જણાવ.'

એક અઠવાડિયા પછી શ્રી ફોર્ડની પૌત્રી નિબંધ સાથે હાજર થઈ. નિબંધ આ મુજબ હતો :

'ન્યુયોર્ક શહેરમાં એક અત્યંત ગરીબ કુટુંબ રહેતું હતું. બાપ ગરીબ હતો, મા પણ ગરીબ. તેમને એક દીકરી હતી. તે પણ ખૂબ ગરીબ હતી. કુટુંબમાં તેઓ ત્રણ જણ હતાં, પણ ત્રણેય વચ્ચે ફક્ત એક જ મોટર હતી. અને મોટર યે કેવી! ત્રણ વરસ જૂની! તેમના ઘરને ધોળાવ્યે એક વર્ષ ઉપર થઈ ગયું હતું. ગરીબાઈ તો એવી હતી કે તેઓ અઠવાડિયે એક જ વખત રેસ્ટોરાંમાં જમવા જઈ શકતાં. માતા-પિતા બંનેને નોકરી કરવી પડતી.

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
*EXCLUSIVE FANCY KOTA*
*EXCLUSIVELY*
*(RETAIL ONLY ON SATURDAY)*
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

દીકરીને વર્ષમાં ફક્ત બે વાર જ નવાં કપડાં મળતાં. તેમનું ઘર પણ સાવ નાનું! ફક્ત ચાર રૂમનું. ઘર લેવા માટે તેમણે લોન લીધી હતી. અરે, દરિદ્રતા તો કેવી! એ છોકરીએ હજી ડિઝનીવર્લ્ડ પણ જોયું નથી!'

હેનરી ફોર્ડ તો આ નિબંધ વાંચીને સડક થઈ ઘયા. પૌત્રીએ જે કુટુંબનું વર્ણન કર્યું હતું તે તો સામાન્ય અમેરિકન કુટુંબ કરતાં ઘણી સારી હાલતમાં જીવતું એક નાનકડું સુખી કુટુંબ હતું. પોતાની પૌત્રીના વિચારો જાણીને તેમને પારાવાર દુઃખ થયું, પણ શાંતચિત્તે વિચારતાં તેમને સમજાયું કે જે દીકરીને જન્મથી જ પાણી માંગતા દૂધ મળ્યું છે, જેણે જમીન પર પગ નથી માંડ્યો, જે પ્રાઈવેટ જેટમાં જ ફરી છે અને પર્સનલ કોચિંગથી જ ભણી છે, તેને ગરીબાઈનો તો ખ્યાલ જ ક્યાંથી હોય? એ આશા રાખવી જ વ્યર્થ છે. એના માટે ગરીબાઈ ફક્ત એક કલ્પના છે, હકીકત નહીં.

પણ વાચકો, ઉપરના દાખલા પરથી રખે એવું માની લેતા કે માલેતુજાર કુટુંબમાં જન્મેલી વ્યક્તિને દરિદ્રતાની કલ્પનાય નથી હોતી. આપણા જ દેશમાં અઢી હજાર વર્ષ પૂર્વે એક સ્વરૂપવાન રાજકુંવર થઈ ગયો. એની પાસે શું ન હતું? વિશાળ રાજ્ય, જમીન-જાયદાદ, પ્રેમાળ મા-બાપ, આરસમાંથી કોરી કાઢી હોય તેવી સુંદર નમણી પત્ની, રમતિયાળ પુત્ર, સિપાઈ-સપરાં, નોકર-ચાકરનો કાફલો અને રૈયતનો અપાર પ્રેમ. ધાર્યું હોત તો એ કુંવર આજીવન વૈભવમાં આળોટી શક્યો હોત. પણ એક ગરીબ, વૃદ્ધ, બીમાર અને મડદું જોઈને તેણે વૈરાગ્ય અનુભવ્યો. તે સત્યની શોધમાં ચાલી નીકળ્યો. ત્યાગના માર્ગે પદાર્પણ કરીને વખત જતાં દેશવિદેશમાં ગૌતમ બુદ્ધ તરીકે ઓળખાયો. તેઓ જન્મે તો રાજા હતા, પરંતુ તેમના હૃદયમાં ભારોભાર કરુણા હતી. બીજાનાં દુઃખ સમજવાની શક્તિ હતી.

આપણે ભારતીય લોકો વાતો તો મોટી મોટી કરીએ છીએ. બુદ્ધ ભારતના હતા, તેમણે બોધિગયામાં તપ કર્યું, રાજગૃહીમાં ભ્રમણ, સારનાથ અને વારાણસીમાં ધર્મપ્રચાર કર્યો અને કુસીનગરમાં તેમનો દેહવિલય થયો. આપણે માનીએ છીએ કે બુદ્ધના વિચારો પર આપણો માલિકીહક્ક છે. તેમના જ દેશમાં, તેમના જેટલી કરુણા ધરાવનાર ગણ્યાગાંઠ્યા રહ્યા છે.

આમ, ક્લાસમાં સામસામી આક્ષેપબાજી ચાલતી રહી. બે-ત્રણ વિદ્યાર્થીઓએ કહ્યું કે ગરીબાઈનું તો એવું છે કે અર્ધો ગ્લાસ ભરેલો હોય તો કો'ક કહેશે 'અર્ધો ખાલી છે.' એ તો ભાઈ 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.' 'રામ રાખે તેમ રહીએ' વગેરે.

મેં પણ એ બાબત સાથે સંમત થતાં એક વાત કહી : 'એક શહેરમાં વર્ષો પહેલાં અતિ ધનવાન ભાઈ રહેતા હતા. તેમને સંતાનમાં એક માત્ર પુત્ર. જબરદસ્ત મોટું ઘર, વચ્ચોવચ્ચ સ્વીમિંગ પુલ તથા રસોઈયા, માળી, નોકરોની ફોજ. બાબા માટે એક કૂતરો પણ પાળવામાં આવ્યો હતો. એ શ્રીમંત શેઠને હંમેશ એવું લાગતું, કે મારા પુત્રને દુનિયાદારીનું, ગરીબાઈનું ભાન તો કરાવવું જ જોઈએ. ગરીબાઈ વિષે ભાષણ કર્યે નહીં ચાલે. એક ગરીબ ઘરમાં તેને અઠવાડિયું રહેવા મોકલી દઉં તો કાંઈ કામ થાય. ગરીબ ઘરમાં રહેશે, તેમની મુશ્કેલીઓ જોશે તો જ તેને શ્રીમંત હોવાની કિંમત સમજાશે.

પિતા તેમના ગામે એક જણને ઘેર પુત્રને મૂકી આવ્યા. ગામ જંગલના છેવાડે, નદીકાંઠે હતું તથા ત્યાં સંદેશાવ્યવહારનાં કોઈ સાધનો પહોંચ્યા ન હતાં. અઠવાડિયા પછી તેઓ પુત્રને લેવા ગયા. 'બોલ દીકરા, તને ફાવ્યું?'

પુત્ર કહે, 'ડેડી, આપણી અને આ લોકોની જીવન જીવવાની પદ્ધતિમાં આસમાન જમીનનો ફેર છે. આપણા ઘેર તો નાનકડો સ્વીમિંગ પુલ છે અને તેમાં ક્લોરિનવાળું ગંધાતું, વાસી પાણી છે. મારી તો તેમાં હંમેશ આંખો બળે છે. અહીં તો ઝૂંપડીની પાછળ જ નદી વહે. વહેતું પાણી. નહાવાની મજા પડી ગઈ. મારે તો એક જ કૂતરો છે. અહીં તો ચાર કૂતરા મારા મિત્ર બની ગયા હતા. તે ઉપરાંત બે પોપટ, કાગડા, બિલાડી અને સસલાં! આપણે તો રોજ રાત્રે બારીઓ બંધ કરીને એ.સી. ચલાવવું પડે. અહીં તો અમે ખુલ્લામાં જ સૂતા હતા. એવી સરસ ઊંઘ આવતી! શીળો પવન અને તારાની ચાદર. આપણે ઘેર તો રસોયાની બનાવેલી, ફ્રીઝમાં મૂકીને માઈક્રોવેવમાં ગરમ કરેલી રસોઈ નોકરના હાથે ખાવી પડે. અહીં તો બા રોજ ગરમાગરમ જમાડે. બંને વાર તાજું! આપણે ત્યાં પેકેટનાં દૂધ પીવા પડે. અહીં તો રોજ તાજું દોહેલું દૂધ પીવા મળતું. જુઓને હું અઠવાડિયામાં તો કેવો લાલ ટામેટા જેવો થઈ ગયો છું! ખરેખર પપ્પા હોં, સારું થયું તમે મને અહીં મોકલ્યો, નહીં તો ગરીબાઈ એટલે શું એ હું ક્યારેય સમજી ન શક્યો હોત. આપણે બહુ જ ગરીબ છીએ.'

'એટલે મારા વહાલા વિદ્યાર્થીઓ, ગરીબાઈનું આવું છે. ગરીબ હોવાનો એક લાભ પણ છે. તમે તમારી આસપાસ અત્યંત સફળ મનુષ્યો તરફ નજર કરશો તો તેમના ભૂતકાળમાં ક્યાંક ગરીબાઈ જરૂર દેખાશે. ગરીબાઈ તમને કોઈપણ સાહસ ખેડવાનું એક અજીબોગરીબ બળ આપે છે. જે ભૂખ્યો હશે તેને જ કામ કરવાની પ્રેરણા થશે. જેનું પેટ ભરેલું હશે તે થોડો ઊભો થશે? અબ્રાહમ લિંકન, ચાર્લી ચેપ્લીન, વગેરે અસંખ્ય ઉદાહરણો આપી શકાય.

આજની ચર્ચા પરથી મને એટલું સમજાઈ ગયું કે મારા વિદ્યાર્થીઓ ઉંમરમાં મારાથી નાના હતા પણ જ્ઞાનથી ઘણા સમૃદ્ધ હતા. તેઓ ભલે કમ્પ્યુટર સાયંસમાં ડિગ્રી લેવાના હતા પરંતુ તેમણે મારી એક ટેવ ગ્રહણ કરી લીધી હતી. કોઈપણ પરિસ્થિતિને વાર્તાકથન સાથે સાંકળવાની. મને ખાતરી છે કે ભવિષ્યમાં પોતાનાં બાળકોને વાર્તાઓ કહીને, ભારતની આ ભવ્ય પરંપરાને તેઓ આગળ ધપાવશે. ■

તીર્થ પટ
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

# એક પૂછવા જેવો સવાલ

• મયૂર દેઢિયા •

હાલમાં એક પ્રાર્થનામાં જવાનું થયું. પ્રાર્થનામાં ગયા પછી ખબર પડી કે ભાઈનું જવાનીમાં મૃત્યુનું કારણ તેમણે આદરેલી અઠ્ઠાઈની તપસ્યા. ભાઈની ઉંમર માત્ર ૩૮ વર્ષ.

એક બીજા ભાઈ કે જેમણે પણ આવી તપસ્યા આદરેલી તેમનું પણ મૃત્યુ થયું.

ત્યારબાદ એક સાંજીમાં જવાનું થયું. એક ૧૨ વર્ષના બાળકે અઠ્ઠાઈ પૂરી કરી અને તેના માનમાં ધુમધડાકાભેર સાંજીનું આયોજન. બાળકને કદાચ ખબર પણ ન હતી કે આટલો ઉત્સવ શા માટે?

મુંબઈથી પ્રસિદ્ધ થતા આપણા એક સમાજના મુખપત્ર "પગદંડી" ના નવેમ્બર ૨૦૧૦ ના અંકમાં પ્રસિદ્ધ થયેલ એક અહેવાલ વાંચેલ જે નીચે મુજબ હતો.

"પર્યુષણ નિમિતે મુલુંડ (મુંબઈ)માં સપ્ટેમ્બર ૨૦૧૦ દરમ્યાન ખૂબ જ મોટા પાયા પર સિદ્ધિતપની તપસ્યાનું આયોજન કરવામાં આવ્યું. એ તપસ્યા દરમ્યાન એક ૩૮ વર્ષની યુવતી, બે બાળકોને મૂકીને અવસાન પામી. મીડિયાએ વખાણ્યું કે આત્મા સિદ્ધગિરિ પામ્યા. **જૈન ધર્મને નામે એક કાલ્પનિક દુનિયાના ભ્રમમાં આપણે જીવીએ છીએ. જેમાં મોક્ષને નામે દિવસોના દિવસો ઉપવાસ કરવામાં કે કરાવવામાં આવે છે."**

આ પ્રકારના સમાચાર અવારનવાર આપણે સાંભળીએ છીએ.

દર વખતે મને સવાલ થાય કે આવી તપસ્યા શા માટે? જો કોઈ એમ કહે કે આવી તપસ્યાઓ મોક્ષ માર્ગ માટે છે તો મારું માનવું છે કે મોક્ષ માટે આવા કોઈ શોર્ટકટ હોઈ ન શકે. આપણા જૈન શાસ્ત્રોમાં ખૂબજ મક્કમપણે એમ કહેવામાં આવ્યું છે કે આપણા તીર્થંકરોને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું છે. એનો ફક્ત એટલો ને એટલો અર્થ નીકળે કે મોક્ષ માર્ગ માટે ફક્ત અને ફક્ત જ્ઞાન જરૂરી છે. આપણા શાસ્ત્રોમાં ક્યાંય એવો ઉલ્લેખ નથી કે ફક્ત ભગવાન કે તીર્થંકરની કૃપાથી કોઈને મોક્ષ પ્રાપ્ત થયો હોય. તમામે તમામ મોક્ષાર્થીઓ કેવલી તો હતા જ. જે ધર્મમાં જ્ઞાનને આટલું બધુ મહત્ત્વ આપવામાં આવ્યું હોય તેમાં આવી વિધિઓ ક્યાંથી આવી?

ખેર, બીજી કોઈ વિધિ કે ક્રિયાની ક્યારેક ચર્ચા કરીશું પણ આજે તો ચર્ચા કરવી છે ઉપવાસ અથવા જેને તપસ્યાનું નામ આપવામાં આવ્યું છે તે અન્ન ત્યાગવાની ક્રિયા.

સૌ પ્રથમ તો મારો સવાલ છે કે ફક્ત અન્ન ત્યાગવાની પ્રક્રિયાને આપણે તપસ્યા કહી શકીએ કે નહીં?

તપસ્યા એને કહેવાય કે જેનાથી જ્ઞાન પ્રાપ્ત થાય અને તે જ્ઞાન મેળવવાની અદમ્ય ઈચ્છા અને પ્રયાસ. કોઈ એક વૈજ્ઞાનિક કોઈક સંશોધન કરતો હોય તો તેને તપસ્યા કહી શકાય. અને તેની આ તપસ્યામાં ક્યારેક દિવસોના દિવસો તે જો અન્નજળ ખાવાનું ભૂલી જાય તો તેના ઉપવાસને તપસ્યા કહી શકાય.

કોઈ એક ચિત્રકાર ચિત્ર દોરવામાં એટલો લીન થઈ જાય કે તે અન્ન જળ ત્યાગે ત્યારે તેના ઉપવાસને તપસ્યા કહી શકાય.

કોઈ એક સમાજસેવક સમાજની સેવામાં એટલો રચ્યો પચ્યો રહે કે તેને અન્નજળનું ભાન ન રહે તો તેના ઉપવાસને તપસ્યા કહી શકો.

બુદ્ધ શાસ્ત્રોમાં ખૂબ જ સરસ ઉલ્લેખ છે. જ્યારે તથાગત બુદ્ધ જ્ઞાન પ્રાપ્તિ માટે ઉપવાસ પર ઉતરેલા અને જ્યારે શરીરે સાથ ન આપ્યો ત્યારે સુજાતાએ દૂધ આપ્યું. તે દૂધ પીધા પછી બુદ્ધને જ્ઞાન થયું કે ફક્ત અન્નજળ ત્યાગવાથી જ્ઞાન નહીં મળે.

પણ ફક્ત ધાર્મિક આવેશમાં, કે દેખાદેખીમાં, કે ધર્મગુરુઓના આદેશ ઉપર જો ઉપવાસ રાખવામાં આવે તો તેને તપસ્યા કહી શકાય? અને આવા ઉપવાસો પછી થતા જલસા અને સમાજમાં તેનો દેખાડો. શું આ બધાને ખરેખર ધર્મ સાથે લેવા દેવા છે?

આવી સાંજીઓમાં જતા બધાને મારો એક અનુરોધ છે કે તેઓ ફક્ત આવા ઉપવાસ કરનારને એક જ સવાલ કરે કે આ ઉપવાસ પછી તેઓને શું જ્ઞાન લાધ્યું અને આ સવાલ બધા જ લોકો પૂછતા થશે તો ધીરે ધીરે આ પ્રક્રિયા કરનાર વિચારતા થશે કે મેં આ ઉપવાસ શા માટે કર્યા?

અને કાં તો પછી આવા ઉપવાસ પૂરા થયા પછી એક વિશાળ સમારંભનું આયોજન થાય તેમાં આવા ઉપવાસીઓ જાહેરમાં તેમણે આદરેલી તપસ્યામાં જે કંઈ પણ થોડું ઝાઝું સાચું ખોટું જે કંઈપણ આ ઉપવાસ દરમ્યાન તેમણે જાણવા પ્રયત્ન કર્યો હોય તે લોકોને કહે જેથી બીજા લોકોને પણ એક સમજ આવે. અને આવા ચિંતન અને મનન સાથેના ઉપવાસ જે ખરેખર એક તપસ્યા બને અને તેનો ફાયદો સમાજને થશે.

અને ખાસ તો એ જરૂરી નથી કે આવા ઉપવાસો ફક્ત પર્યુષણ પર્વ નિમિત્તે થાય. આ ચિંતન અને મનની પ્રક્રિયા આખા વર્ષમાં ક્યારેય પણ કરી શકાય અને તેને તપસ્યા જેટલું જ મહત્ત્વ આપવું જોઈએ.

આવા ઉપવાસ કરવા સામે મારો કોઈ વિરોધ નથી. ઉલટાનું હું પોતે પણ બે દિવસ ઉપવાસ રાખું છું પણ અહીં કબૂલ કરતાં કોઈ ક્ષોભ નથી કે મારા એ ઉપવાસ તપસ્યા નથી. હું ફક્ત સ્વાસ્થ્ય સારું રાખવા માટે તે કરું છું. તેમાં કોઈ જ્ઞાન મેળવવાની વાત નથી કે તપસ્યાની કે ધર્મની કોઈ વાત નથી.

એક આવડત જે ખૂબ જ જરૂરી છે. અત્રે ચર્ચા કરવા જેવી કે **તમે કોઈ પણ ડોક્ટર કે ડાયેટીશિયનને પૂછો તો કોઈપણ ડોક્ટર કે ડાયેટીશિયન તમને ઉપવાસની સલાહ નહી આપે ઉલટાનું ઉપવાસ હાનિકારક છે તેમ કહેશે.**

*લીડરનું મૂલ્યાંકન શબ્દોથી નહીં, પણ એમના કામથી થતું હોય છે.*

અને જો કોઈ એમ કહે કે અઠ્ઠાઈ કે માસખમણ વૈજ્ઞાનિક છે અને તેની કોઈ આડઅસર નથી તો મહેરબાની કરી તેઓ તથ્ય તપાસે. અને જો ખરેખર તેમને એવું લાગતુ હોય કે તે સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે અને તેની કોઈ આડઅસર શરીર પર નથી. તો તે તેના પર સંશોધન કરી તેના પુરાવા રજૂ કરે. તેમની આ તપસ્યા ખરેખર પુરવાર થાય તો માનવ કલ્યાણ માટે ઉપયોગી છે.

જો ખરેખર ઉપવાસથી જ્ઞાન થતું હોય અને તેવો કોઈ ઉલ્લેખ આપણા શાસ્ત્રોમાં હોય કે કોઈ તીર્થંકરે ૮ વર્ષની ઉંમરે કે ૧૦ વર્ષની ઉંમરે ફક્ત ઉપવાસ કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તો વાંચક મિત્રોને નિવેદન છે કે આવી કોઈ હકીકત મારી જાણમાં લાવે.

પ્રભુ મહાવીર સ્વામીના ઉપવાસ તેમને કરવા નહોતા પડતા થઈ જતા હતા. તે તેમની જ્ઞાન મેળવવાની પ્રક્રિયા હતી. પણ જ્ઞાન મેળવવાના ચિંતન અને મનનો એક ભાગ ન કહેવાય.

અત્રે એક કથા યાદ આવે છે. એક સાધુ પુરુષે પોતાની જ્ઞાન અને ધ્યાન યાત્રામાં બાધા ન પહોંચે તે માટે એક બિલાડી રાખી કારણકે તેઓ જ્યારે ધ્યાનમાં હોય ત્યારે ઉંદરો તેમને હેરાન કરતા હતા. વરસો બાદ જ્યારે તેમને સાધુને જ્ઞાન થયું ત્યારે તેના શિષ્યો અને ભક્તો એમ સમજ્યા કે તેમને ધ્યાન આ બિલાડી બાજુમાં રાખવાથી થયું. અને સૌએ ધ્યાન કરતી વખતે બિલાડી રાખી.

શું આપણી સાથે આવું તો નથી થતું કે આપણે પ્રભુ મહાવીર સ્વામીની જ્ઞાન પ્રાપ્તિ માટેના ઉપવાસને મોક્ષનો કે જ્ઞાનનો શોર્ટકટ સમજી લીધો હોય.

**શું આપણી ફરજ નથી કે આપણે એવા લોકોનું જ બહુમાન કરીએ કે જેમણે ખરેખર કોઈ જ્ઞાન પ્રાપ્તિ માટે કે કોઈ સામાજિક લક્ષ્ય માટે ઉપવાસ રાખ્યા હોય કે જેમના ઉપવાસો સમાજને આગળ જતા ઉપયોગી થવાના હોય.**

આપણે ધર્મગુરુઓને અનુરોધ કરીએ કે તેઓ ફક્ત પોતાની નિશ્રા હેઠળ આટલી તપસ્યાઓ થઈ તે જાહેર કરવાને બદલે પોતે તપાસે અને ફક્ત તેવા લોકોને આદેશ આપે કે જેઓ જ્ઞાન મેળવવા માટે કદાચ ઉપવાસ પણ રાખી શકે.

અને ખાસ તો નાના બાળકો કે જેમને આ સંસાર, મોક્ષ, આત્મા, પરમાત્મા શું છે તેની કોઈ સમજ નથી તેમને ફક્ત 'Brain Wash' કરીને ઉપવાસ કરવા ના પ્રેરે. આવા અબોધ બાળકો ઉપવાસ કરીને પોતાનું સ્વાસ્થ્ય બગાડે છે. અને એક 'UNHEALTHY' સમાજનો પાયો નાખે છે. આવા બાળકોના ઉપવાસને આપણા સમાજે કોઈ જાતનું પ્રોત્સાહન આપવું ન જોઈએ. આવા ઉપવાસો એ કંઈ આવા બાળકોના કોઈ મેડલ કે ઉપલબ્ધિ નથી.

અંતે એટલું જ કહેવાનું છે કે ફક્ત કોઈની દોરવણીથી, કે બીજા કરે છે માટે આપણે કરવા, કે ફક્ત ધર્મગુરુઓના આદેશનું આંખમિંચીને પાલન કરવા માટે ઉપવાસ ન કરવા જોઈએ.

ઉપવાસ એક સમજી વિચારી અને લક્ષ્ય પ્રાપ્તિ માટે આપોઆપ થતી પ્રક્રિયા છે. તેનું આંધળું અનુકરણ કરી ફક્ત એક ક્રિયા બનાવશો નહી. ■

યાત્રા ઈન્ટરનેશનલ ટુર્સ પ્રવાસ

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા
PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE
Chetan Mota's tmt holyday Bubble gum TOURS & TRAVELS
૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com
ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યકિતગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

પ્રસારણ

# માધ્યમોનું ભાવિ

• યાસીન દલાલ •

ગુટેનબર્ગે, ૧૬મી સદીમાં છાપેલા શબ્દની શોધ કરી અને એને પગલે વિશ્વમાં અખબારોનો જન્મ થયો. ત્યારથી જ એના નસીબમાં શાસનની સામે ટકરાવાનું લખાયું છે. વિશ્વભરનો અખબારી ઈતિહાસ એ 'જદો' જે હદ અને સંઘર્ષનો ઈતિહાસ છે. આપણાં અખબારએ ૨૦૦ વર્ષ પૂરાં કર્યા ત્યારે આપણા એક વરિષ્ઠ પત્રકાર ચલાપતિરાવે આપણાં અખબારોના ઈતિહાસને 'દમન' અને 'મુક્તિનો ઈતિહાસ' કહ્યો હતો. બ્રિટિશ અમલ દરમિયાન આપણે ત્યાં આ દમનનો કાયદો ઘડાયો ત્યારથી અખબારો ઉપર નિયંત્રણ માટે જાતજાતના કાયદા ઘડાતા રહ્યા છે. પણ અખબારોનો માર્ગ ભાગ્યે જ કોઈ દેશમાં સંપૂર્ણપણે સુંવાળો રહ્યો છે. અમેરિકા અને બ્રિટનમાં પણ નહીં. પશ્ચિમના મુક્ત વિચારવાળા દેશોમાં પણ અવારનવાર અખબારોએ શાસન સામે લડવું પડે છે. અમેરિકા, બ્રિટન અને કેનેડા જેવા દેશોમાં પ્રેસ કાઉન્સિલ જેવી સંસ્થાઓ સરકાર અને અખબાર વચ્ચેના સંબંધો જાળવી રાખવા માટે મથામણ કરતી રહેતી હોય છે. અને છતાં ક્યારેક સંબંધો તંગ બની જ જાય છે.

અખબારોએ હંમેશાં એક વિચિત્ર અને વિષમ પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે. મોટા ભાગના દેશોમાં સમાજ અખબારોનું મહત્ત્વ સ્વીકારે છે અને એને યશ પણ આપે છે, બિરદાવે છે. પણ બીજી બાજુએ દેશની સરકાર અખબાર તરફ સહિષ્ણુ બની શકતી નથી. સમાજ જે હાથે અખબારને યશ આપે છે તે સરકાર બીજા હાથેથી છીનવી લે છે અને કેટલીક વાર તો ઊલટું અખબારને અપયશ આપે છે, એની સાથે અથડામણમાં ઊતરે છે. અને પછી? એક વધુ વિષમ પરિસ્થિતિ નિર્માણ થાય છે. જેમાં શાસન અખબારને દબાવે છે એમ લોકો એને વધુ માથે ઊંચકે છે. જેમ અખબાર તરફ તંત્ર અસહિષ્ણુ બને છે એમ એની નકલોનો ફેલાવો વધતો જાય છે. આ અર્થમાં જ કદાચ માર્ટિન વૉકર કહે છે કે દમન એ વાસ્તવમાં અખબારની સૌથી મોટી પ્રશસ્તિ છે. પણ આ સત્ય જાણવા છતાં સરકારો અખબાર સામે દમનની લાલચ રોકી શકતી નથી. આથી અંતે તો અખબારે શાસનની સામે ઝીંક ઝીલવાની તૈયારી સાથે જ ચાલવું પડે છે. શાસનપાસે જે સત્તા અને સાધનો છે, એ એની પાસે નથી. એ દૃષ્ટિએ એક બહુ પાંગળું સાધન છે. એની શક્તિને શાસન ગમે ત્યારે છીનવી શકે છે. બરોબર એ જ રીતે, જે રીતે જાપાનના લશ્કરી તંત્રે ૧૯૩૪ માં ત્યાંના વિશ્વપ્રસિદ્ધ અખબાર 'અશાહી શુબ્મ્બુન'ની કચેરીને તોડી ફોડી નાંખી હતી. ૧૯૧૯માં એ જ અખબારના કર્મચારીઓને સત્તાવાળાઓએ ઝાડ સાથે બાંધીને માર્યા હતા. હજી હમણાં, ૧૯૮૦માં 'કુરિયર' ની ઓફિસમાં લશ્કરે ઘસી જઈને એનાં પગથિયાં ઉપર જ એના વરિષ્ઠ પત્રકાર વોલ્ટર તોબાગીને ઠાર કર્યા હતા. અગાઉ કહ્યું તેમ બ્રિટન અને અમેરિકા પણ આમાંથી બાકાત નથી. ૧૯૭૭માં એક સમાચાર છાપવા બદલ એને એનું મૂળ સાધન નહીં બતાવવા બદલ 'ન્યૂયોર્ક ટાઈમ્સ'ના માયરન ફાર્બર નામના પત્રકારને જેલ સજા ફટકારવામાં આવી હતી. દક્ષિણ આફ્રિકાની જેલોની સ્થિતિ વિશે લેખો લખવા બદલ 'રેન્ડ ડેઈલી મેઈલ' ને દંડ કરવામાં આવ્યો હતો. ફ્રાંસનું અગ્રણી અખબાર 'લામોન્ડ' છે અને એના કેટલાક પત્રકારોનાં ઘર ઉપર ૧૯૬૧ અને ૧૯૬૨માં બોંબ ફેંકાયા હતા. ૧૯૬૮માં જર્મનીના અખબાર 'ડાઈવેલ્ટ'નાં ડિલીવરી વાહનોને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. ઈજિપ્તમાં નાસરના મોત પછી સાદત સત્તા ઉપર આવ્યા. નાસરના શાસનમાં 'અલ અહરામ' અને એનાં તંત્રી હેકલનું પ્રભુત્વ એકદમ વધી ગયું હતું. સાદતે હળવેકથી હેકલને અલ અહરામના તંત્રીપદેથી ખસેડી દીધા. બ્રિટન અને ફ્રાંસે એકઠા થઈને ૧૯૫૬માં સુએઝ નેહરને બચાવવા માટે ઈજિપ્ત ઉપર હુમલો કર્યો હતો. આ પગલાંનો 'માંચેસ્ટર ગાર્ડિયને' વિરોધ કર્યો એટલે બ્રિટિશ સરકારે એની જાહેરખબરો બંધ કરી દીધી હતી.

લંડનથી 'ઈન્ડેક્ષ ઓન સેન્સરશીપ' નામનું સામયિક બહાર પડે છે. એનું મુખ્ય કામ છે વિશ્વભરમાં અખબારો ઉપર લદાતી સીધી કે આડકતરી સેન્સરશીપની માહિતી આપીને એની સામે લોકમત ઊભો કરવાનું. એણે ઝિમ્બાબ્વે અને દક્ષિણ આફ્રિકાના દેશોથી માંડીને ઈરાન જેવા એશિયન દેશોમાં અખબારો ઉપર સેન્સરશિપની લગામ જે રીતે લાદવામાં આવે છે એની ચર્ચા કરી હતી. અને વિશ્વભરની જેલોમાં સબડતા અખબારનવેશો અંગે ચોંકાવનારી માહિતીઓ રજૂ કરી હતી. ખાનગી માહિતીના ઓઠા નીચે ઘણીવાર શાસકો જે રીતે લોકોથી સાચી માહિતી છુપાવે છે એની સામે આવી સંસ્થાઓ ઝઝૂમે છે.

ઈન્ટરનેશનલ પ્રેસ ઈન્સ્ટિટ્યુટે ૧૯૮૪ના વર્ષના પોતાના અહેવાલમાં વિશ્વભરમાં અખબારો પ્રત્યે વધી રહેલી અસહિષ્ણુતાની નોંધ લીધી હતી અને પત્રકારો ઉપર થઈ રહેલા હુમલાઓના કિસ્સા ટાંક્યા હતા. હવે રેડક્રોસ પણ આ બાબતમાં સક્રિય બન્યું છે. જિનિવામાં હમણાં આ વિષય ઉપર એની એક ખાસ બેઠક મળી ગઈ જેમાં માહિતી આપવામાં આવી હતી કે ૧૯૮૪માં વિશ્વમાં અખબારી આઝાદી ઉપર તરાપ મારવાના ૨૧૧ કિસ્સા બન્યા હતા. જેમાં ૩૫૯ અખબાર નવેશો સંકળાયા હતા. ૨૩ પત્રકારોનાં ખૂન થયાં હતાં ૨૦૫ને જેલમાં મૂકવામાં આવ્યા હતા અને પત્રની હકાલપટ્ટી થઈ હતી.

રેડક્રોસે હવે અખબારી આઝાદી ઉપર થતા કોઈ પણ પ્રકારના હુમલાની ઘટનાની

*હાર માટે સૈનિકોની નબળાઈ નહીં, પણ સેનાપતિની નબળાઈ જવાબદાર હોય છે.*

તરત જાણ થઈ શકે અને પગલાં લઈ શકાય એ માટે એક 'હોટ લાઈન' ની સ્થાપના કરી છે. આ હોટ લાઈન ચોવીસ કલાક કામ કરતી રહેશે અને પત્રકારોના ગુમ થવાના કે ઈજા થવાના કિસ્સાઓમાં તાત્કાલિક મદદ પૂરી પાડશે. આ ઉપરાંત અખબારોને થતી કનડગતની વિશ્વવ્યાપી માળખાનું કેન્દ્ર બનવાની પણ રેડક્રોસે તૈયારી બતાવી હતી. રેડક્રોસે એ મુદ્દો સ્વીકાર્યો છે કે પત્રકારોને પણ માનવ અધિકારોની બાબતમાં બીજાં ક્ષેત્રો જેટલા જ અધિકારો મળવા જોઈએ. પત્રકારોની સલામતી અંગેના માર્ગદર્શક સિદ્ધાંતો ઘડી કાઢવા માટે ઈન્ટરનેશનલ પ્રેસ ઈન્સ્ટિટ્યુટ સાથે હાથ મિલાવ્યા છે. હવે સંગઠિત વિસ્તારોમાં અથવા યુદ્ધ વિષયક સંવાદદાતાઓ જાય એ માટે ખાસ પ્રકારની તાલીમ આપવામાં આવશે. આ ઉપરાંત અખબારનવેશોને કાનૂની ત્રૂટિઓ અંગે માર્ગદર્શન આપી શકાય એ માટે અવારનવાર પરિસંવાદોનું આયોજન કરવામાં આવશે.

૧૯૮૧માં યુનેસ્કોએ આ વિશે થોડી પહેલ કરી એ પછી આવી ચર્ચા પ્રથમવાર જ યોજાઈ હતી. આફ્રિકી અને આરબ દેશોમાં સંખ્યાબંધ પત્રકારો ગુમ થઈ ગયા છે. એમની ભાળ મેળવવાનું કામ હવે શરૂ કરવામાં આવશે. આ બેઠકમાં કોમનવેલ્થ પ્રેસ યુનિયન વતી શ્રી સી. આ. ઈરાની પણ હાજર હતા, જેઓ કલકત્તાના 'સ્ટેટમેન' સાથે વર્ષોથી સંકળાયેલા રહ્યા હતા.

માર્ટિન વોકર કહે છે તેમ એક મહાન અખબાર સમાચારની બાબતમાં બીજા કોઈ પણ માધ્યમ ઉપર સરસાઈ ભોગવે છે અને આથી એની સ્વાયત્તતાની જાળવણી એ એક મહત્ત્વના માનવઅધિકારની જાળવણી છે.

આપણાં અખબારોના ફેલાવાનો દર વિશ્વમાં નીચામાં નીચા દરમાં આવે. આપણો ફેલાવાનો માથાદીઠ દર ૦.૦૧૩ છે, ત્યારે વિકાસશીલ દેશોનો સરેરાશ દર ૦.૦૨ અને ૦.૦૫ વચ્ચે છે.

કટોકટી દરમ્યાન બંધારણમાં જે કેટલાક સુધારા થયા એમાં એક સારો સુધારો એ થયો કે નાગરિકોની ફરજોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ ઉમેરવામાં આવ્યું. વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ માત્ર બંધારણની પોથીમાં પુરાઈને રહી ગયું છે. બીજા અખબારી પંચે તો આવા સમાચારો અને લેખો ઉપર પ્રતિબંધ મૂકવાની હિમાયત કરી છે. આમ, વિકાસની પ્રક્રિયામાં ઉદ્દીપક બનવાને બદલે માધ્યમો ઘણીવાર એમાં જાણ્યે-અજાણ્યે અવરોધરૂપ બને છે. છેલ્લા દાયકામાં બનેલી ગુજરાતી ફિલ્મોએ બળતામાં ઘી હોમ્યું છે અને ચમત્કારો તથા મંત્ર-તંત્રની ધડમાથા વગરની વાર્તાઓ અને પ્રસંગો વડે લોકમાનસને દૂષિત કર્યું છે. આપણી ગ્રામપ્રથા આ દૂષણોમાંથી મુક્ત નહીં થાય ત્યાં સુધી વિકાસની ગાડી પાટા ઉપર નહીં ચડે.

પ્રેસ કાઉન્સિલના નવા અધ્યક્ષ માર્કંડેય કાત્જુએ કહ્યું છે કે પ્રેસ કાઉન્સિલના કાર્યક્ષેત્રમાં ટેલીવિઝનને પણ આવરી લેવું જોઈએ. તેમણે આક્ષેપ કર્યો છે કે માધ્યમોને પ્રજાની પડી જ નથી. તેમણે પ્રશ્ન કર્યો છે કે જે દેશમાં ૮૦ ટકા પ્રજા રોજના રૂપિયા ૨૦ માંડ કમાતી હોય એ દેશમાં ક્રિકેટ અને સિનેમા પાછળના ગાંડપણનો શો અર્થ? તેમણે પ્રશ્ન કર્યો છે કે પ્રજાને દેવાનંદ અને રાજેશ ખન્નામાં આટલો બધો રસ લેતી શા માટે કરવી જોઈએ? પ્રજાને કરીના કપૂરના લગ્નમાં રસ નથી. દેશના પાયાના પ્રશ્નોમાં એને રસ છે. એમણે વધુમાં કહ્યું હતું કે દેશની ૯૮ ટકા પ્રજા મૂર્ખ છે. ક્રિકેટ અને સિનેમા પાછળ લોકો પાગલ છે અને મોટાભાગની પ્રજા અંધશ્રધ્ધાળુ છે.

શ્રી કાત્જુની આ વાત થોડી આત્યંતિક ભલે લાગે પણ વિચારવા જેવી છે. એમનું સૂચન છે કે દેશમાં પ્રેસ કાઉન્સિલની જેમ જ બ્રોડકાસ્ટિંગ કાઉન્સિલ પણ હોવી જોઈએ. જો કે આવું એક સ્વૈચ્છિક સંગઠન ઉભું થઈ ગયું છે. એણે ઈન્ડિયા ટી.વી. ના શ્રી રજત શર્માને સમન્સ પાઠવીને બોલાવ્યા પણ હતા. એક વાત એવી છે કે શ્રી શર્માએ માફી માંગી હતી. બીજી વાત એવી છે કે તેઓ કોઈપણ જાતના જવાબ આપ્યા વિના ભાગી ગયા હતા. સી.એન.એન. દેશ આઈ.બી.એન. ચેનલ ઉપર શ્રી કરણ થાપરે શ્રી કાત્જુની લીધેલી મુલાકાત આ દૃષ્ટિએ ખૂબ રસપ્રદ બની રહે છે.

બીજી બાજુ સરકાર તરફથી વાણી સ્વાતંત્ર્યનું ગળું ઘોંટવા માટે પ્રયત્ન થાય છે એ પણ એક હકીકત છે. બંગાળમાં મમતા બેનરજી આપખુદ ઢબે વર્તી રહ્યા છે. એમણે પોતાનું કાર્ટૂન દોરનાર એક અધ્યાપકને તરત જ જેલમાં પૂરી દીધો. આની સામે મહાશ્વેતા દેવી સહિત બંગાળના બુદ્ધિજીવીઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો. આ ઓછું હોય તેમ મુંબઈમાં એક કાર્ટુનિસ્ટ શ્રી અસીમ ત્રિવેદીની એક કાર્ટૂન બદલ ધરપકડ થઈ. એમના ઉપર દેશદ્રોહનો આરોપ મૂકાયો. એમણે સાંસદો બંધારણની મશ્કરી કરે છે એનું કાર્ટૂન દોર્યુ હતું. દેશદ્રોહનો કાયદો અંગ્રેજોએ બનાવ્યો છે. આઝાદ ભારતમાં એનું કોઈ ઔચિત્ય જ નથી. અસીમ ત્રિવેદીએ જામીન

## અખબારો અંગે કેટલીક જાણવા જેવી માહિતી

★ વિશ્વમાં છાપાનો પ્રથમ શોધક : ગુટેન બર્ગ

★ ભારતનું પ્રથમ અખબાર : બેંગાલ ગેઝેટ

★ ભારતનો પ્રથમ પત્રકાર : જેમ્સ હીકી

★ વિશ્વમાં સૌથી વધુ ફેલાવો ધરાવતું દૈનિક 'ન્યુયોર્ક ટાઈમ્સ'

★ ભારતનું સૌથી જૂનું હયાત અખબાર : 'મુંબઈ સમાચાર'

★ ગુજરાતમાં પ્રગટ થતાં કુલ પત્રોની સંખ્યા : ૪૫૦

★ ભારતનાં કુલ દૈનિકોની સંખ્યા : ૮૦૦

★ ભારતમાં સો વર્ષ વટાવી ગયા હોય તેવા કુલ ૧૦ પત્રો છે તેમાંથી ચાર ગુજરાતમાં છે. (૧) 'મુંબઈ સમાચાર', (૨) 'જામે જમશેદ', (૩) 'ખેડા વર્તમાન', (૪) 'ગુજરાત મિત્ર.' આમાંથી પ્રથમ બે પત્રો મુંબઈથી પ્રસિદ્ધ થાય છે. એક વર્તમાન પત્ર ગુજરાતના ખેડામાંથી પ્રગટ થાય છે અને 'ગુજરાત મિત્ર' સુરતનું દૈનિક છે. 'જામે જમશેદ' હવે બંધ પડ્યું છે.

*શક્તિશાળી લોકો સંગઠનમાં માને છે, જ્યારે હલકા માણસો ષડયંત્રમાં જોડાય છે.*

ઉપર છૂટવાનો પણ ઈન્કાર કર્યો. અંતે એમનો છૂટકારો થયો. મુંબઈના પોલીસ વડાએ કહ્યું કે કાર્ટૂનિસ્ટે પોતાની મર્યાદામાં રહેવું જોઈએ. પ્રશ્ન એ છે કે પોલીસ વડા અહીં પોતાની જ મર્યાદા ચૂકી ગયા અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યની બાબતમાં ખોટો ચંચૂપાત થયો. ગુજરાતમાં પણ અનેક પત્રકારો ઉપર રાજદ્રોહનો આરોપ લાગી ચૂક્યો છે.

હવે મૂળ મુદ્દા ઉપર પાછા આવીએ. તો કોઈપણ સ્વાતંત્ર્ય જવાબદારી વિનાનું હોતું નથી અને હોઈ શકે પણ નહીં. પ્રેસ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયા એક જમાનામાં સક્રિય હતી પણ હવે એ નિષ્ક્રિય થઈ ગયું છે. એણે ભૂતકાળમાં રમખાણો વખતે રિપોર્ટીંગની બાબતમાં એક માર્ગદર્શિકા બહાર પાડી હતી જેનું પાલન અત્યારે માધ્યમો કરતાં જ નથી. ગુજરાતના રમખાણો હોય કે આસામના, અખબારો અને ટેલિવિઝન ક્યારેક આગ ઠારવાને બદલે એમાં ઘી નાખે છે. ઉપરથી આપણા બેજવાબદાર નેતાઓ તદ્દન ભડકામણાં ભાષણો કરે છે. હમણાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાનાં શ્રી રાજ ઠાકરેએ જાહેરમાં કહ્યું કે હું મુંબઈમાંથી બધા ઉત્તર ભારતીયોને હાંકી કાઢીશ. છતાં એમની ઉપર કોઈ પગલાં લેવાયા નહીં.

નવા માધ્યમોનો સદુપયોગ કરવામાં આવે તો દેશ અને સમાજને ખૂબ ફાયદો થઈ શકે તેમ છે. નવા માધ્યમની મદદથી આપણને એકપણ પૈસો ખર્ચ્યા વિના અઢળક માહિતી મળી શકે છે. આ માહિતીની મદદથી આપણે ધારીએ તો પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતરી આવે. જમીનના પેટાળમાં ક્યાં પાણી છે અને કેટલું છે એ જાણી શકાય. વૈકલ્પિક ઉર્જા મેળવી શકાય. ઉપગ્રહોની મદદથી હવામાનનો વર્તારો ચોક્કસપણે મેળવી શકાય પણ આ બધામાં સ્વયંશિષ્ટ અનિવાર્ય છે. ભારત અત્યારે એક ગરીબ અને બેરોજગાર દેશ છે. આરોગ્યની બાબતમાં કુપોષણથી પીડાતો દેશ છે. જો માધ્યમોનો સદુપયોગ કરવામાં આવે તો ગરીબી અને બેકારી દૂર કરવામાં ઝડપ આવી શકે. તેમજ ભ્રષ્ટાચાર વિરુદ્ધ પણ માધ્યમોની મદદથી લોકોને જાગૃત કરી શકાય.

અત્યારે સોશિયલ મીડિયાનો જમાનો છે. ફેશબુક, ટ્વીટર, ઈ-મેઈલ, સ્કેનીંગ આ બધા શબ્દો લોકો રોજબરોજ વાપરે છે. ખાસ કરીને નેતાઓને કાંઈ કહેવું હોય તો ટ્વીટર અને ફેશબુકનો ઉપયોગ કરે છે પણ એનો દુરૂપયોગ પણ વ્યાપક થઈ ગયો છે. યુવાપેઢી છોકરીઓની છેડતી માટે સોશિયલ મીડિયાનો ખાસ ઉપયોગ કરે છે અને મોબાઈલ ઉપર ફોટા પાડીને એની ક્લીપ બધે ફેરવવામાં આવે છે. રાજસ્થાનના એક મંત્રી આમાં જ ઝડપાઈ ગયા અને રાજીનામું આપવું પડ્યું. હવે મધ્યપ્રદેશના એક મંત્રી પણ આમાં જ ઝડપાઈ ગયા છે. એમણે તો વળી એક કદમ આગળ ભર્યું. પેલી યુવતીને ફરિયાદ પાછી ખેંચી લેવા માટે એક કરોડ રૂપિયાની ઓફર કરી પણ વાત બહાર પડી ગઈ એટલે મુખ્યપ્રધાને એમને હાંકી કાઢી. ટૂંકમાં આ જમાનો સોશિયલ મીડિયાનો છે પણ ભારતમાં એનું ચલણ હજી વ્યાપક બન્યું નથી. હવે જુદી જુદી રાજ્ય સરકારો ટેબલેટ એટલે કે લેપટોપ વિદ્યાર્થીઓને મફત આપવાની છે. ઉત્તરપ્રદેશ સરકારે એનો અમલ પણ શરૂ કરી દીધો છે. કેન્દ્રના પ્રધાન કપિલ સિબ્બલે દોઢથી બે હજાર રૂપિયામાં ટેબલેટ અપાશે એવી જાહેરાત પણ કરી દીધી છે.

અમેરિકામાં 'ન્યુઝવિક' બંધ થઈ ગયું અને બીજા સંખ્યાબંધ દૈનિકો અને સામયિકો બંધ થવાને આરે છે. કારણ કે ત્યાં હવે દૈનિકો અને સામયિકો ઈન્ટરનેટ ઉપર મુકાવા માંડ્યા છે. પરિણામે મુદ્રણ માધ્યમનો ફેલાવો ઘટવા માંડ્યો છે. અમુક કિસ્સામાં તો માત્ર ઈન્ટરનેટ માટેના જ છાપા શરૂ થયા છે. ગુજરાતમાં સુરત ખાતેથી 'ઈ-મેઈલ' નામનું ઈ.સામયિક શરૂ થયું હતું પણ આપણે ત્યાં આ બધું પ્રાયોગિક ધોરણે ચાલે છે. કેટલાક સામયિકો પોતાના વિશેષાંકો ઈન્ટરનેટ ઉપર મૂકે છે. રાજકોટનું સાંધ્ય દૈનિક 'અકિલા' પણ ઈન્ટરનેટ ઉપર મુકાય છે. પરિણામે મારા લેખો અને મારે લગતા સમાચારો કેનેડામાં રહેતી મારી પુત્રી વાંચી શકે છે. દિલ્હીના મોટાભાગનાં દૈનિકો પણ ઈન્ટરનેટ ઉપર મુકાવા માંડ્યા છે.

પણ આમ કહ્યા પછી પણ એક વાત નોંધવી પડે છે કે ભારત અને ગુજરાતમાં દૈનિકો અને સામયિકોનો ફેલાવો વધ્યો છે. આનો દાખલો 'દિવ્ય ભાસ્કર' દૈનિક ગુજરાતમાં એ અમદાવાદ ઉપરાંત વડોદરા, સુરત અને છેક કચ્છ સુધી પહોંચ્યું છે. આખા દેશમાં એની એક ડઝનથી વધુ આવૃત્તિઓ નીકળે છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાન સુધીનો વિસ્તાર એણે કબજે કરી લીધો છે. 'ગુજરાત સમાચાર' ની પણ પાંચ આવૃત્તિઓ પ્રગટ થાય છે એ બધાનો કુલ ફેલાવો ૧૮ લાખ નકલ જેટલો છે. માત્ર રાજકોટમાંથી જ દસ સાંધ્ય દૈનિકો નીકળે છે. 'અકિલા', ઉપરાંત 'સાંજ સમાચાર', 'આજતક', 'અબતક', 'કાઠિયાવાડ પોસ્ટ', 'ઈન્વેસ્ટીગેશન', 'સૌરાષ્ટ્ર આસપાસ', 'આજકાલ', 'લોકસમર્થન' આટલા દૈનિકો નીકળે છે. રાજકોટ જેવા શહેરમાં આટલી મોટી સંખ્યામાં સાંધ્ય દૈનિકો નીકળે છે એ શું સૂચવે છે? કે મુદ્રણ માધ્યમોનો ગુજરાત અને ભારતમાં અસ્તકાળ શરૂ થયો નથી. આના અનેક કારણો છે. એક તો આપણા દેશમાં બધાને કોમ્પ્યુટર કે ઈ-મેઈલ પોસાય નહીં. હજી સાક્ષરતાનો દર ૬૫ ટકાએ પહોંચ્યો છે. બીજી આપણી પ્રજા હજી ટેકનોલોજીથી વાકેફ નથી. હજી દેશની ૭૦ ટકા વસતી ગામડામાં વસે છે. આ બધા કારણો જોતા અત્યારે તો લાગે છે કે માધ્યમોની બાબતમાં મુદ્રણ માધ્યમો ભવિષ્યમાં એમ જલદી અસ્ત નહીં થાય. અમદાવાદથી હમણા 'મેટ્રો' નામનું બપોરનું દૈનિક શરૂ થયું છે. અમદાવાદથી જ અને બીજા કેટલાક કેન્દ્રોમાંથી 'ડી.એન.એ.' નામનું અંગ્રેજી દૈનિક શરૂ થયું છે. આની સામે 'જનસત્તા' રાજકોટથી બંધ થઈ ગયું છે પણ એકંદરે બંધ થનાર કરતાં નવા નવા અખબારો વધારે નીકળ્યા છે. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' ની ગુજરાતી આવૃત્તિ શરૂ થઈ અને બંધ પણ થઈ ગઈ. એવું જ 'જન્મભૂમિ' અને 'મુંબઈ સમાચાર' નું થયું. 'કુમાર' અને 'અખંડ આનંદ' બંધ થઈને ફરી શરૂ થયા. સાથે સાથે અનેક નવા સામયિકો પણ શરૂ થયા અને જે

*માણસના જીવનમાં ત્રણ મુખ્ય પડાવ આવે છે. નાનપણમાં એ પરાધીન છે, યુવાનીમાં એ સ્વતંત્ર છે અને પરિપક્વ થાય ત્યારે સંગઠિત થાય છે.*

સામયિકો ટકેલા છે એ વધુ સમૃદ્ધ થયા છે. દા.ત. 'બુધ્ધિપ્રકાશ.' સુરતથી 'સંવેદન' નવું સામયિક નીકળ્યું છે. એ જ રીતે અમેરિકાના ગુજરાતી ડાયજેસ્ટ 'ગુર્જરી ડાયજેસ્ટ' ની ગુજરાતી આવૃત્તિ અમદાવાદથી શરૂ થઈ છે. જો કે એનું પ્રકાશન સ્થળ મુંબઈનું છાપ્યું છે. એના સંપાદક કિશોર દેસાઈ છે. તાજેતરમાં ઉંઝાની અસાઈત સાહિત્ય સભા તરફથી 'કલા વિમર્શ' નામે ત્રૈમાસિક શરૂ થયું છે. એના તંત્રી વિનાયક રાવલ અને સંપાદકો હેમંત દવે અને મનીષા દવે છે. ગાંધીનગરથી 'મમતા' નામનું વાર્તા માસિક પણ શરૂ થયું છે. આમ 'ચાંદની' અને 'આરામ' નો યુગ કદાચ પાછો આવી રહ્યો છે.

આમ માધ્યમોના ભવિષ્યની વાત કરીએ તો ભારત અને વિશ્વની પરિસ્થિતિ જુદી છે. અમેરિકા અને યુરોપ એક જ પંગતમાં બેસે છે તો એશિયા અને આફ્રિકા જુદી પંગતમાં આવે. રૂપર્ટ મર્ડોકે થોડા વરસ પહેલા એક આંતરરાષ્ટ્રીય દૈનિક શરૂ કરેલું છે. જેની જુદા જુદા દસ દેશોમાંથી આવૃત્તિઓ નીકળતી એનું નામ 'આઈ.એચ.ટી' એટલે કે 'ઈન્ટરનેશનલ હેરલ્ડ ટ્રીબ્યુન' હતું. એની એક આવૃત્તિ આપણા પડોશમાં શ્રીલંકાથી પણ નીકળી. મારી કલ્પનાનાં ભવિષ્યની વાત કરું તો મને હંમેશા મુદ્રણ માધ્યમો વધુ ગમે છે. ટેલીવિઝનને આપણે અનુસરવું પડે છે ત્યારે છાપું આપણને અનુસરે છે. આપણી અનુકૂળતાએ અખબાર વાંચી શકીએ છીએ. બહારગામ ગયા હોઈએ તો આવીને જેટલા દિવસ બહારગામ હોઈએ તેટલા દિવસના છાપા એક સાથે વાંચી શકાય છે પણ રેડિયો કે ટેલીવિઝનની બાબતમાં એ શક્ય નથી. ઈન્ટરનેટ માટે કોમ્પ્યુટર અને પ્રિન્ટર તથા સ્કેનર કે લેપટોપ જેવા સાધનો જોઈએ, પણ અખબાર માટે કોઈ સાધનની જરૂર નથી પડતી. ટેલીવિઝન આવ્યું ત્યારે બર્ટ્રન રસેલે આગાહી કરેલી કે લોકો હવે રેડિયો અને છાપાને ભૂલી જશે પણ એ આગાહી ખોટી ઠરી. દરેક નવું માધ્યમ આવે છે ત્યારે જૂના માધ્યમ સાથે સંઘર્ષ થાય છે પણ અંતે બંને માધ્યમો ટકે છે. ટેલીવિઝન આવ્યું એ પછી સિનેમા ૭૦ એમ.એમ. થયું અને સ્ટીરિયો ફોનિક સાઉન્ડ આવ્યું. ડિજીટલ સીસ્ટમ આવી, મલ્ટીપ્લેક્ષ સિનેમાગૃહો આવ્યા. પરિણામે લોકો હજી અત્યંત મોંઘી ફિલ્મો જોવા જાય છે.

૧૯૫૫માં માર્શલ મેક્લુહાન નામના મીડિયા પ્રોફેટે આગાહી કરી હતી કે એક વખત એવો આવશે કે જ્યારે આખું વિશ્વ એક ગામડામાં ફેરવાઈ જશે. આને એમણે 'વૈશ્વિક ગામડું' તરીકે ઓળખાવેલું. આ બે રીતે થઈ શકે એમ એમનું કહેવું હતું. એક તો ટ્રાન્સપોર્ટ ઝડપી બનશે. આ વાત સાચી પડી ગઈ છે. યુરોપના લોકો ખરીદી માટે સિંગાપુર જતા થઈ ગયા છે. દુબઈ પણ ખરીદીનું સ્વર્ગ થઈ ગયું છે. હોંગકોંગની લીઝની મુદત પૂરી થઈ જતાં એ ચીનના ભાગ તરીકે ચાલુ રહ્યું છે. ચીને હજી એને મુક્ત બંદર તરીકે ચાલુજ રાખ્યું છે કે જેથી બહારના લોકો ત્યાં ખરીદી માટે આવી શકે. બીજું મેક્લુહાનની આગાહી મુજબ સંદેશા વ્યવહારમાં ક્રાંતિ થશે. રાબેતા મુજબ મેક્લુહાનને એમના સમકાલિનોએ ગાંડો ગણીને હસી કાઢ્યો પણ આજે હવે આખી દુનિયા એને યાદ કરે છે. ઈન્ટરનેટની મદદથી આખી દુનિયા એકમેક સાથે સંકળાઈ ગઈ છે. થ્રીજી મોબાઈલની મદદથી ભારતની વ્યક્તિ અમેરીકન વ્યક્તિ સાથે વાત કરી શકે છે અને એને જોઈ પણ શકે છે. આમ અરેબિયન નાઈટસ કે પંચતંત્રની વાત હવે સાચી પડે છે. આ બધા વિજ્ઞાન અને ટેકનોલોજીના ચમત્કારો છે. અત્યારે આ સ્થિતિ છે તો ભવિષ્યમાં શું હશે એની કલ્પના જ કરવી રહી. જો કે દરેક સાધનનાં બે ઉપયોગ હોય છે. છરીથી શાક સુધારી શકાય તેમ કોઈની હત્યા પણ કરી શકાય. આપણે ત્યાં હવે 'પેઈડ ન્યુઝ' નું દૂષણ આવી ગયું છે. એક સંસદ સભ્યે ઝી ન્યૂઝ ઉપર સો કરોડની લાંચ માગવાનો આરોપ મૂક્યો છે. એનો કેસ ચાલે છે. કેટલાક અખબારોમાં પણ રાજકીય પક્ષો પૈસા આપીને સમાચારરૂપે પોતાનો પ્રચાર કરે છે. આમ માધ્યમોની દૃષ્ટિએ ભવિષ્ય ઉજળું પણ હશે પણ એના ભયસ્થાન સાથે.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી, રાજકોટ - ૩૬૦ ૦૦૭.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

**કરીં ધર્મજી ગાલીયું, શોષિ રાંકે રત્ત;**
**''રશ્મિન'' ચેં ઈન લોકજી, ઈશ્વર ન રખે પત્ત. ૨૮**
**હિકડા મચ્ચ વેસાઈએં, બ્યા કરીંયે ઉબારા;**
**કેંજે દિલમેં સરળતા, કોય કમ કરીં કારા. ૨૯**
**ઘારીયું ભલેં ઉ ડીંયે, જેંજા અંધર સચ્ચા;**
**ઝેર રખીને બોલેં મીઠો, ઈ ડંભી સાજન કચ્ચા. ૩૦**
**કડવા વેણ ન બોલજે, જેંસેં રોપાજે વેર;**
**હિકડે શબ્દ જે કારણે, મહાભારત થ્યો ઝેર. ૩૧**
**વસન મીળે અભરા, દારૂ-ભજર-ભંગ;**
**દેવ મીંજા દાનવ કરીંને નિત્ત મચાંઈએ જંગ. ૩૨**
**કૂળ-કુત્તે-કપટી કન્ના, રોજે સદાઈ દૂર;**
**ચોંટેત વિજે વિપત્તી, વિખ્ખ જીંનીજા મૂળ. ૩૩**
**લખ્ખ ન ડિજે મીંજજી, ડુખમેં રોજે મગન;**
**પાછી પેની ના કજે, ચાય ક્રોડુપેં વિઘન. ૩૪**
**ઉપકાર તેં ઉપકાર કેણું, ઈસાધારણ વ્યવહાર;**
**ફિટાંઈ ઘલસેં ભલાઈ કેણી, ઈ જીતેવ્યો સંસાર. ૩૫**

*'રશ્મિન જો રણકાર' ભાગ-૧ માંથી સાભાર*

**રમેશ ડી. લોડાયા** **M. 98259 93496**

હંસા ડાઈનીંગ હોલ ★ એક્મ ભવન
રવિ ટોકીઝની પાછળ, સ્ટેશન રોડ, ભુજ, કચ્છ. ફોન : (૦૨૮૩૨) ૨૨૫૬૯૪

સાંધવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL GROUP
MRL CLEARING AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents

ઇતિહાસ

# મહારાણા બખ્તાવરસિંહ

## ફાંસીના વરરાજાઓ : પ્રકરણ-૯

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

આઝાદીની લડાઈ ત્રિમુખી હતી : (૧) તે સૈનિકોની હતી, (૨) તે રાજા મહારાજાઓની હતી અને (૩) તે જનતાની હતી. મેરઠની સૈનિક-છાવણીમાં મંગલ પાંડેના મૃત્યુથી આ લડાઈની શરૂઆત થઈ. મંગલ પાંડેને તોપના ગોળે ઉડાવી દીધો અને સૈનિકો ભડક્યા. સૈનિક વિદ્રોહ થઈ ગયો.

રાજા-મહારાજાઓનાં રાજ્ય ખાલસા કરવાની નીતિથી એક પછી એક કેટલાંક રાજ્યો ખાલસા કરવા મંડ્યાં તેથી રાજા-મહારાજાઓ વિદ્રોહી બન્યા. નાના ફડનવીસ, પેશ્વા અને ઝાંસીની રાણી વગેરે નિમિત્ત બન્યાં.

સૈનિકો અને રાજા-મહારાજાઓના વિદ્રોહથી પ્રજા પણ વિદ્રોહમાં જોડાઈ. ૧૮૫૭માં લગભગ પૂરું ઉત્તર ભારત વિદ્રોહની આગમાં સળગતું રહ્યું અને એવું લાગવા માંડ્યું હતું કે બસ હવે થોડા જ સમયમાં ભારતમાંથી અંગ્રેજો ભાગી જશે. પણ વિદ્રોહ નિષ્ફળ ગયો. અંગ્રેજો જીતી ગયા. હારેલા અને પકડાયેલા લોકોને ક્રૂરતાથી ફાંસીએ લટકાવવામાં આવ્યા. તેમાં મધ્યપ્રદેશના ધાર જિલ્લાના અમઝેરા રાજ્યના રાજા મહારાણા બખ્તાવરસિંહ પણ હતા. તેમની વાત કરીશું.

મહારાણા બખ્તાવરસિંહના પૂર્વજો રાજસ્થાનના જોધપુરના રાઠોડ હતા. જ્યારે દિલ્હી ઉપર જહાંગીરનો સૂર્ય તપતો હતો ત્યારે મહારાણાના પૂર્વજોએ જહાંગીરની સેવા કરેલી. તેના બદલામાં પુરસ્કાર-રૂપે જહાંગીરે ધાર જિલ્લાનું અમઝેરા રાજ્ય ઈનામમાં આપેલું. આ આખો પ્રદેશ આદિવાસીઓથી ભરપૂર હતો.

પરંપરાથી મહારાણા બખ્તાવરસિંહ ગાદી ઉપર હતા. તે પોતે વિદ્વાન હતા અને વિદ્વાનોની કદર કરનારા હતા. શૌર્ય-પરાક્રમની સાથે વિદ્વત્તા પણ ભળે તો સોનામાં સુગંધ ભળી કહેવાય. મહારાણાના પિતાનું નામ રાવ અજિતસિંહ હતું અને માતાનું નામ રાણી ઈન્દ્રકુંવર હતું.

ત્યારે આખો દેશ અનેક નાનાં-મોટાં રજવાડાંઓમાં વહેંચાયેલો હતો. ઈન્દોરમાં તુકોજીરાવ હોલકરનું રાજ્ય હતું. ઈન્દોર અને ધાર જેવાં મોટાં રાજ્યો સાથે મહારાણાને મિત્રતા હતી. રાજ્યની સુરક્ષા મિત્રો વધારવાથી થતી હોય છે, શત્રુઓ વધારવાથી નહીં. મિત્રો વધારવા એ કુશળ રાજનેતાની પ્રથમ સફળતા કહેવાય.

આ બધાં નાનાંમોટાં રજવાડાં ઉપર અંગ્રેજોની સત્તા હતી. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના વાઈસરૉયોએ ધીરેધીરે પૂરા દેશ ઉપર પકડ જમાવી દીધી હતી. આ પકડ સમજવા જેવી છે. દેશમાં મહત્ત્વની જગ્યાઓમાં સૈનિક-છાવણીઓ ઊભી કરવી. શક્તિનું પ્રતીક સૈન્ય અને શસ્ત્રો છે. તેના વિના પકડ જામી શકે નહીં. તેથી અંગ્રેજોએ ભરપૂર સૈનિક-શક્તિ ઊભી કરી હતી અને પૂરા દેશમાં જુદી જુદી છાવણીઓમાં તે ભેગી થઈ હતી. શાંતિકાળમાં આ સૈનિકો નિષ્ક્રિય રહેતા, પણ જરૂર પડતાં જ તે તૈયાર થઈ જતા અને જ્યાં જરૂર પડે ત્યાં પહોંચીને શક્તિ દ્વારા અંગ્રેજોના પક્ષમાં વિજય અપાવતા.

બીજી વ્યવસ્થા રજવાડાંઓમાં પૉલિટિકલ એજન્ટોની સ્થાપનાની હતી. રજવાડાં રાજ્ય કરવામાં સ્વતંત્ર હતાં પણ તેમના ઉપર નજર રાખવા માટે એક અંગ્રેજ એજન્ટ રહેતો. તેનું કામ રાજ્યમાં કોઈ અંગ્રેજ વિરોધી ચળવળ તો નથી થતીને? તે જોયા કરવાનું હતું. જરાક વિરોધી ચળવળ દેખાય તો તે તરત જ સાવધાન થઈને ઉપરના શાસકોને સૂચના આપી દેતો. જેથી તત્કાલ પગલાં ભરીને ચળવળ દબાવી દેવાતી. આમ, આ દ્વિમુખી વ્યવસ્થાથી પૂરા દેશનાં બધાં રજવાડાં અંગ્રેજોને આધીન થઈને રહેતાં હતાં. અમઝેરા રાજ્ય ઉપર નજર રાખવા માટે કેપ્ટન એચિસન નિયુક્ત હતો. મુખ્ય મથક ઈન્દોર હતું. ત્યાં પૉલિટિકલ એજન્ટ મિ. ડુરંડ બેઠો હતો. તેણે ભોપાવર અને સરદારપુરમાં સૈનિક-છાવણીઓ ઊભી કરી રાખી હતી. માત્ર ઉપદેશો આદેશથી જ રાજસત્તા ટકી રહેતી નથી. રાજસત્તાનો મૂળાધાર શક્તિ હોય છે. શક્તિ વિના રાજસત્તા ન તો સ્થાપિત કરી શકાય, ન ચાલુ રાખી શકાય. એટલે સૈનિક-છાવણીઓ તો હોવી જ જોઈએ. અંગ્રેજો કોરા આદર્શવાદી ન હતા, પૂરેપૂરા વાસ્તવવાદી હતા. ધર્મ, અધ્યાત્મ, સંસ્કૃતિ વગેરે ક્ષેત્રોમાં આદર્શ અને કલ્પનાવાદ ચાલી શકે, પણ રાજસત્તાના ક્ષેત્રમાં તો માત્ર વાસ્તવવાદ જ ચાલી શકે. રાજસત્તામાં પણ જે લોકો આદર્શવાદ અને કલ્પનાવાદનો ઢગલો ઊભો કરતા હોય છે તે કમોતે મરતા હોય છે.

ત્યારે ૧૮૫૭ની ક્રાંતિ મશાલ સળગી ચૂકી હતી. અંગ્રેજોની ગુલામી કોઈને પણ ગમતી ન હતી, તેથી રાજા-મહારાજાઓ પણ આ ક્રાંતિનો લાભ લઈને પોતાને સ્વતંત્ર કરવા તૈયાર થઈ ગયા હતા. વિજયની પક્કડ બનતી હોય છે. પરાજયમાં પક્કડ ઢીલી થઈ જતી હોય છે. અંગ્રેજો માટે તે દિવસો પરાજયના હતા. તેમની પક્કડ ઢીલી થઈ ગઈ હતી. દરેક સ્થળે વિદ્રોહ ભડકી રહ્યો હતો. તેવામાં ઈન્દોરના મહારાજા તુકોજીરાવ હોલકરે ઇન્દોરમાં રેસિડેન્સી ઉપર હુમલો કરી દીધો. એજન્ટ મિ. ડુરન્ડે ભાગીને જાન બચાવી. રાજનેતાએ હંમેશાં ભાગવાની પણ બારી રાખવી જોઈએ. ક્યારે ઓચિંતો હુમલો થઈ જાય તે કહેવાય નહીં. ભાગ્યા પછી શરણ લેવાની પણ જગ્યા હોવી જોઈએ. ડુરંડ ભાગીને હોશંગાબાદ પહોચ્યો. અહીં અંગ્રેજોની મોટી સૈનિક-છાવણી હતી. ત્યાં શરણ લીધું.

ઈન્દોરના સમાચાર અમઝેરા પહોંચ્યા. અમઝેરાના મહારાણા બખ્તાવરસિંહે પણ

*(અનુસંધાન : જુઓ પાના નં.-૩૫ ઉપર)*

*લીડરે સમદૃષ્ટિ કેળવવી પડે છે, એના કોઈ માનીતા ન હોવા જોઈએ.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૨૩

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

### જાન્યુઆરી-૨૦૦૬માં કચ્છના વિવિધ તાલુકાઓમાં કિસાન સંમેલન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ સામાજિક ક્ષેત્રે દર વખતે કંઈક નવું કરવાની ધગશ ધરાવે છે. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના નેજા હેઠળ સંસ્થાનાં સહયોગથી તા. ૧-૧-૨૦૦૬થી શરૂ કરવામાં આવેલા ખેડૂત સંમેલનો ઉપર જણાવ્યા મુજબ ખૂબ જ અસરકારક તથા ખેડૂતોને ઉપયોગી રહ્યા.

ઉપરોક્ત કાર્યક્રમનાં પ્રથમ ચરણમાં પ્રથમ સભા ભુજ ખાતે રાખવામાં આવી હતી. જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ તથા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં અધ્યક્ષશ્રી ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા ઉપરાંત શ્રી કે.ડી. શાહ, શ્રી રવિલાલ પારેખ તથા શ્રી બાબુભાઈ ખેતશી મહેતા ઉપસ્થિત રહેલ હતા. ભુજનાં રાજ નિકેતન હોલમાં સંસ્થાના સભ્યો સિવાય શ્રી કાંતિસેન શ્રોફ, શ્રી ધનજીભાઈ શાહ, શ્રી નવીનભાઈ સોદાગર તથા શ્રી કુલીનકાંતભાઈ મોમાયા સહિત ઘણા પ્રતિષ્ઠિત આગેવાનો પણ ઉપસ્થિત રહેલ હતા. દીપ પ્રાગટ્ય ભુજ વિભાગનાં ધારાસભ્ય શ્રી શિવજીભાઈ આહીરે કરેલ હતું. શ્રી મહેન્દ્રભાઈ માકાણી ગ્રુપ દ્વારા રતન જ્યોતનાં વાવેતર વિષે નિર્દેશન સહિત ખૂબ જ સરસ સમજ આપવામાં આવેલ હતી. આ સભામાં ખેડૂતો તરફથી પ્રશ્નોત્તરી પણ સારી સંખ્યામાં કરવામાં આવી હતી. જેનો સ્પષ્ટ અને વ્યવસ્થિત જવાબ આપવામાં આવેલ હતો.

કચ્છની લીડ બેંક દેના બેંક તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના જવાબદાર ઓફિસર્સે દરેક કાર્યક્રમમાં ઉપસ્થિત રહી આ પાક સામે બેંક તરફથી અપાતી લોનની સગવડ વિશે વિસ્તૃત માહિતી આપેલ હતી. આ સભામાં અંદાજિત ૬૦ ખેડૂતો ઉપસ્થિત રહેલ હતા.

બીજા દિવસે એટલે કે તા. ૨-૧-૨૦૦૬નો કાર્યક્રમ નખત્રાણા તાલુકામાં નખત્રાણા ખાતે પાટીદાર સમાજની વાડી ખાતે યોજવામાં આવેલ હતો. જેમાં અંદાજિત ૧૨૫ ખેડૂતો ઉપસ્થિત રહેલ હતા. કચ્છના સાંસદ શ્રી પુષ્પદાન ગઢવી કાર્યક્રમનાં અધ્યક્ષ સ્થાને બિરાજેલ હતા. અન્ય મહાનુભાવો શ્રી પ્રાણલાલભાઈ પટેલ, શ્રી હંસરાજભાઈ પટેલ તથા શ્રી ધનજીભાઈ પટેલ વગેરે મુખ્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ત્રીજા દિવસનો કાર્યક્રમ લખપત તાલુકાનાં દયાપર ગામે સારસ્વતમ્ સંસ્થા ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં અંદાજિત ૭૦ ખેડૂતો ઉપસ્થિત રહેલ હતા. તે દિવસનાં કાર્યક્રમમાં સ્થાનિક કિસાન આગેવાનો, સ્ટેટ બેંકના અધિકારીઓ તથા વન વિભાગનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનાં પ્રમુખ સ્થાને લખપત તાલુકા પંચાયતના પ્રમુખશ્રી બિરાજમાન હતા. ખેડૂતોને જેટ્રોફાના વાવેતર વિશે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચોથા દિવસનો કાર્યક્રમ અબડાસા તાલુકાનાં કોઠારા ગામે રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ પશ્ચિમ કચ્છ ગ્રામોદ્યોગ સંઘના હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. તે દિવસના કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટી શ્રી મુરજી નરશી લોડાયા તથા શ્રી હીરજીભાઈ શાહ જોડાયા હતા. આ કાર્યક્રમમાં લગભગ ૧૦૦ ખેડૂતો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા કોઠારા કન્યાશાળાના પ્રિન્સિપાલ શ્રી પ્રભાતસિંહજી જાડેજા, એગ્રોસેલના શ્રી સત્યમૂર્તિ તથા ખાદી ગ્રામોદ્યોગના મંત્રી શ્રી ખોડુભા જાડેજાએ સારી જહેમત ઉઠાવેલ હતી. આ કાર્યક્રમમાં ડુમરાનાં શ્રી ગાભુ શેઠ તથા કર્નલ ભાનુશાલી તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા. પંજાબ તથા હરિયાણાનાં ખેડૂતો કે જેઓ કચ્છના આ વિભાગમાં સ્થિર થયેલ છે તેમની હાજરી પણ સારા પ્રમાણમાં હતી. આ કાર્યક્રમ બાદ બાડાનાં શ્રી ખુશાલભાઈ દેઢિયાનાં ૩૦૦ એકરના રતન જ્યોત ફાર્મ પર અને લાયજાનાં શ્રી વિશનજી ધનજી ફુરિયાના રતન જ્યોત તથા જોજોબાના ૫૦ એકરનાં ફાર્મની મુલાકાત લેવામાં આવી હતી. બંને પ્રગતિશીલ ખેડૂતો સાથે રતન જ્યોતની ખેતી વિશે સારી એવી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

તા. ૫-૧-૨૦૦૬નાં દિવસે રતન જ્યોત વિશે બે વાર્તાલાપ રાખવામાં આવ્યા હતા. પ્રથમ વાર્તાલાપ માંડવી ખાતે શ્રી ધરમશી નેણશી કોમ્યુનિટી સેન્ટરમાં સવારના ૧૦ વાગે રાખવામાં આવેલ હતો. જ્યારે બીજો વાર્તાલાપ લાયજા ખાતે જૈન મહાજનવાડી ખાતે બપોરનાં ૩ વાગે રાખવામાં આવેલ હતો. માંડવી ખાતેનાં આ કાર્યક્રમમાં અંદાજિત ૭૦ વ્યક્તિ ઉપસ્થિત રહેલ હતી. ઉપસ્થિત મહાનુભાવોમાં શ્રી અરવિંદ કુંવરજી ગાલા, શ્રી નવીનભાઈ સોદાગર, શ્રી વાડીલાલ દોશી, શ્રી હીરજીભાઈ દેઢિયા, શ્રી મણિલાલભાઈ વેલાણી તથા દેના બેંક તેમજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનાં અધિકારીશ્રીઓ હતા. બપોરના ૩ વાગ્યાના લાયજા ગામના કાર્યક્રમમાં અંદાજિત ૨૦૦ ખેડૂતો ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે મુંબઈથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં કાયમી ટ્રસ્ટી શ્રી જગશી જેઠાભાઈ છેડા સહિત ૧૦ મહાનુભાવો પધારેલ હતા. છેલ્લા બે વર્ષથી શ્રી વિશનજી ધનજી ફુરિયા લાયજા ગામની પોતાની ૫૦ એકર જમીનમાં તથા શ્રી ખુશાલભાઈ દેઢિયાએ બાડા ગામની પોતાની ૩૦૦ એકર જમીનમાં રતન જ્યોતનું વાવેતર કરેલ હતું. આ બંને મહાનુભાવોએ પોતાના

*જ્ઞાન વિનાનો કેવળ સ્વચ્છ વ્યવહાર નકામો છે. પણ જ્ઞાન સાથે જો વ્યવહાર સ્વચ્છ ના હોય તો એ ભયજનક બની જાય છે.*

રતન જ્યોતની ખેતી વિષયે પોતાના અનુભવો વર્ણવેલ હતા. આ કાર્યક્રમમાં પૂર્વ સાંસદ શ્રી અનંતભાઈ દવે ખાસ ઉપસ્થિત રહેલ હતા.

તા. ૬-૧-૨૦૦૬નાં રોજ મુંદ્રા ખાતે શ્રી સર્વસેવા સંઘના હોલ ખાતે રતન જ્યોત વિશેનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં લગભગ ૫૦ ખેડૂતોની હાજરી હતી.

તા. ૭-૧-૨૦૦૬નાં રોજ અંજાર તાલુકાનાં ગામડાંઓના ખેડૂતો માટે અંજાર ખાતે લોહાણા મહાજનવાડીના હોલમાં રાખવામાં આવ્યો હતો. તે દિવસના કાર્યક્રમમાં અમદાવાદથી શ્રી અશોકભાઈ મહેતા, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી રજનીભાઈ પારેખ તથા શ્રી ભરતભાઈ ઓઝા જોડાયા હતા. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં સેક્રેટરી શ્રી પ્રતાપ નારાણજી દંડ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા. રતન જ્યોત ખેતીનાં નિષ્ણાત "ગુજરાત ગ્રો વેલ એગ્રો ફોરેસ્ટ્રી પ્રા.લિ."નાં શ્રી દીપક ભવાનજી નાગડા, ડૉ. નાગર તથા શ્રી મનોજભાઈ મહેતાએ પણ હાજરી આપેલ હતી. અને તે પછીના દરેક કાર્યક્રમની જવાબદારી તેઓએ સંભાળી લીધેલ હતી. તે દિવસના કાર્યક્રમમાં અંજાર તાલુકાના મામલતદાર શ્રી પટેલ ખાસ ઉપસ્થિત રહેલ હતા. તદ્ઉપરાંત અન્ય મહાનુભાવોમાં શ્રી વખતસિંહજી જાડેજા, શ્રી બટુકસિંહજી જાડેજા, શ્રી વલ્લભજીભાઈ હુંબલ, શ્રી મધુભાઈ માંકડ, શ્રી નવીનભાઈ સોદાગર વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમમાં અંદાજિત ૬૦ ખેડૂતો હાજર રહેલ હતા. આ કાર્યક્રમમાં "એગ્રો બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ" વિશે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી તથા તે સ્થાપવાની વિવિધ શક્યતાઓ વિશે ચર્ચા હતી.

તા. ૮-૧-૨૦૦૬નાં રોજ ભચાઉ તાલુકાઓના ખેડૂતો માટે ગુણાતીતપુર ખાતેનાં સ્વામિનારાયણ મંદિરમાં કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. તે દિવસના કાર્યક્રમમાં ગુજરાત કિસાન સંઘના ઉપાધ્યક્ષ શ્રી વિઠ્ઠલભાઈ શેઠિયા, ભચાઉ તાલુકા કિસાન સંઘના પ્રમુખ શ્રી છગનભાઈ વેલાણી તથા અન્ય ૯૦ જેટલા ખેડૂતો ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમ બાદ ભચાઉનાં એક પટેલ ડૉક્ટરના ફાર્મ ઉપર રતન જ્યોતના વાવેતરનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવા ગયા હતા.

તા. ૯-૧-૨૦૦૬નાં રોજ રાપર તાલુકાના ખેડૂતો માટે રાપરનાં સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે રતન જ્યોતનાં વાવેતર વિશે પરિસંવાદ રાખવામાં આવ્યો હતો. તે દિવસના કાર્યક્રમમાં શ્રી પંકજભાઈ મહેતા, શ્રી વાઘજીભાઈ પટેલ તથા કેશુભા વાઘેલા ખાસ હાજર રહેલ હતા. શ્રી વાઘજીભાઈ પટેલ રાપર તાલુકા સહકારી સોસાયટીના પ્રમુખશ્રી તથા એ.પી.એમ.સી.ના ચેરમેનપદે બિરાજમાન હતા. શ્રી કેશુભા વાઘેલા રાપર તાલુકા ખરીદ વેચાણ સંઘના ડિરેક્ટર અને રાપર તાલુકા ભાજપના મહામંત્રીપદે બિરાજમાન હતા. અન્ય ઉપસ્થિત મહાનુભાવોમાં શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળના સ્વામીજી શ્રી વિજ્ઞાન સ્વરુપદાસજી, શ્રી પ્રદીપસિંહજી સોઢા, શ્રી રત્નાભાઈ પટેલ મુખ્ય હતા. તે દિવસનાં કાર્યક્રમના અંતે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં રતન જ્યોત (જેટ્રોફા)નાં કચ્છનાં પ્રત્યેક તાલુકાઓના કાર્યક્રમનું સમાપન થયું હતું.

આ રીતે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં સહયોગથી યોજેલ કાર્યક્રમ દરેક રીતે સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. કાર્યક્રમોમાં અંજાર, લાયજા તથા રાપરનાં કાર્યક્રમો શિરમોર સમાન હતા.

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તા. ૨૫-૨-૦૬ના રોજ સાંજે એક કાર્યક્રમ યોજેલ હતો. જેમાં સમાજના વડીલોએ બહોળી સંખ્યામાં ભાગ લીધેલ હતો. કાર્યક્રમની શરૂઆતમાં કેટલાક વડીલ બંધુઓએ પોતાનાં જીવનનાં સારા-નરસા પ્રસંગો વર્ણવ્યા હતા. કચ્છી સમાજના વડીલ શ્રી હંસરાજભાઈ કંસારાએ વયસ્કોની સમસ્યાઓનું તારણ કાઢતા શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં વડીલોની પરિસ્થિતિ આર્થિક, સામાજિક, શારીરિક તથા માનસિક પાસાઓની દૃષ્ટિએ અન્ય પરિવારોની તુલનાએ ઘણી જ સારી અને માન ભરેલી છે, જે આપણા સમાજ માટે ગૌરવની વાત છે. આવી રસપ્રદ માહિતી જૈન વડીલો સમક્ષ પ્રસ્તુત કરવા બદલ શ્રી હંસરાજભાઈ કંસારાનો આભાર માનવામાં આવ્યો હતો.

અમદાવાદના લાફિંગ ક્લબના પ્રણેતા, અન્ય હાસ્ય થેરેપીને અમેરિકાથી અમદાવાદ લાવનાર, અમદાવાદનાં બગીચાઓને હાસ્યથી જીવંત રાખનાર એવી બહુમુખી પ્રતિભા ધરાવનાર ડૉ. મુકુંદ મહેતાએ દોઢેક કલાક સુધી પોતાનું વક્તવ્ય રમુજી ટુચકા સાથે આપેલ હતું અને રમુજી શૈલીમાં સ્વસ્થ શરીર અને આનંદિત મન કેમ રાખવું તે સમજાવ્યું હતું. ત્યારબાદ તેઓએ શ્રોતાગણના શારીરિક અને માનસિક પ્રશ્નોનાં સંતોષકારક ઉકેલો સૂચવ્યા હતા. પોતાનાં વક્તવ્યનાં અંતમાં તેઓએ "દેહદાન"નું મહત્ત્વ સમજાવ્યું હતું. આજના યુગમાં કિડની, ચામડી, ચક્ષુ વગેરે અવયવોના દાનોનું મહત્ત્વ પણ સમજાવ્યું હતું. તે સમારંભમાં તે સમયનાં રાપર વિભાગનાં ધારાસભ્ય અને માજી નાણામંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહ ઉપસ્થિત રહેલ હતા તથા તંદુરસ્તી વિશે પોતાના વિચારો રજૂ કરીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓને બિરદાવેલ હતી.

ડૉ. શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયાએ આભારવિધિ કર્યા બાદ સૌ વડીલો તથા મહેમાનોએ સમૂહમાં ભોજનની મજા માણી હતી.

ઉપરોક્ત કાર્યક્રમ બાદ વયસ્ક યોજના અંતર્ગત માર્ચ મહિનાની ૨૫મી તારીખે ત્રીજો રંગબેરંગી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ઑરકેસ્ટ્રાની મધુર રંગત સાથે જૂના ફિલ્મી ગીતોનો આનંદ સૌ વડીલોએ માણ્યો હતો. ફિલ્મી ગીતો સમાજનાં વડીલોએ જ ગાયા હતા. કાર્યક્રમમાં લગભગ ૧૦૦ વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની પ્રવૃત્તિઓ દિવસે દિવસે વિકસતી જતી હતી. વિવિધ સમિતિઓ દ્વારા સામાજિક તથા સેવાકીય કાર્યો રાબેતા મુજબ નિયમિત ચાલુ હતા. ખાસ કરીને મેડિકલ સેન્ટરની સેવાઓ – તેમાં પણ વિવિધ પ્રકારનાં રોગોનાં ફ્રી મેડિકલ ચેક-અપ કેમ્પો વયસ્ક સમિતિ તરફથી સમાજનાં વડીલો માટે રંગારંગ

*લીડરની મુખ્ય લાક્ષણિકતાઓ છે : સ્વચ્છ વ્યવહાર, ન્યાયપૂર્ણતા અને પોતાના કામ દ્વારા દૃષ્ટાંત પૂરું પાડવું.*

કાર્યક્રમો યોજાતા હતા. ત્રણે ભવનોમાં યાત્રિકોને ઉત્તમ વ્યવસ્થા પૂરી પાડવામાં સમિતિના સભ્યો કાર્યરત રહેતા હતા. ફક્ત રાબેતા મુજબનાં કાર્યો જ નહીં પણ સાથે સાથે કંઈક નવા અને પ્રગતિકારક વિચારો સાથે સમાજનો વિકાસ થઈ રહેલ હતો.

તા. ૧૬-૭-૨૦૦૬નાં રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજની ૧૯મી વાર્ષિક સામાન્ય સભા મળી હતી. ટ્રસ્ટમંડળ તથા કારોબારી સમિતિમાંથી નિવૃત્ત થયેલા સભ્યોની ખાલી પડેલી બેઠકો ઉપર સંસ્થાની પ્રણાલિકા મુજબ ઉમેદવારોને બિનહરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

સંસ્થાના સુચારુ વહીવટ માટે નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી : મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ : ડૉ. શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયા, પ્રથમ ઉપપ્રમુખ : શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા, દ્વિતીય ઉપપ્રમુખ : શ્રી કાંતિલાલ વેલજી સાવલા, માનદ્ મંત્રી : શ્રી પ્રતાપ નારાણજી દંડ, સહમંત્રી : શ્રી હસમુખ બાબુલાલ શાહ, ખજાનચી : શ્રી ચંદ્રકાંત દામજી શાહ તથા સહ ખજાનચી : શ્રી રજનીકાંત ધરમશી પારેખ.

ભારતનો આઝાદી દિન ૧૫મી ઓગસ્ટનાં રોજ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. અમદાવાદ સ્થિત કચ્છી ઉદ્યોગપતિ શ્રી હરીશભાઈ રણજીત ઠક્કરનાં હસ્તે સવારના ૯.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં લગભગ ૧૦૦ વ્યક્તિઓની હાજરીમાં ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું. શ્રી કચ્છી સમાજ - અમદાવાદનાં શ્રી કરશનભાઈ પટેલ, શ્રી અતુલભાઈ સોની, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી નાનાલાલ ચૌહાણ, શ્રી સુનીલભાઈ ઠક્કર, શ્રી લાભશંકર ઓઝા, શ્રી દિલીપભાઈ પટેલ તથા શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી રઘુરામભાઈ ઠક્કર પણ ઉપસ્થિત રહ્યા હતા.

ધ્વજવંદન બાદ ફ્રી મેડિકલ ચેક-અપના કેમ્પોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. થેલેસેમિયા તથા રૂબેલા કેમ્પનું ઉદ્‌ઘાટન શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલાના હસ્તે થયું હતું.

*(ક્રમશઃ)*

## મહારાણા બખ્તાવરસિંહ

*(અનુસંધાન : પાના નં.-૩૨ ઉપરથી ચાલુ)*

વિદ્રોહ કરી દીધો. તેમણે પણ અમઝેરાના અંગ્રેજ એજન્ટ ઉપર હુમલો કરી દીધો. મહારાણાએ ભવાનીસિંહ અને દીવાન ગુલાબરાવના નેતૃત્વમાં અફઘાન, મકરાણી વગેરેની સેના ભોપાવર મોકલી દીધી.

ભોપાવરમાં અંગ્રેજી સેનામાંથી ઘણા ભીલ સૈનિકો દેશી સૈનિકો સાથે આવી મળી ગયા. હુમલો એટલો જોરદાર હતો કે ભોપાવરના અંગ્રેજો ભાગીને ઝાબુઆ જતા રહ્યા. ચારે તરફ વિજયનો જયજયકાર થઈ રહ્યો હતો. મોહનલાલે બ્રિટિશ ઝંડો ઉતારીને રાજ્યનો ઝંડો ફરકાવી દીધો. લોકોમાં પણ ખૂબ જોમજુસ્સો હતાં. વિજય અને સફળતાથી આપોઆપ જોમજુસ્સો પેદા થતાં હોય છે. અંગ્રેજ એજન્ટ અચિસન ભાગીને ઝાબુઆ ગયો અને ત્યાંથી ઈન્દોર પહોંચી ગયો. દશ હજાર માઈલ દૂરથી આવેલી મુઠ્ઠીભર પ્રજા પૂરા ભારત ઉપર રાજ્ય કરે તે નવાઈ જ કહેવાય ને! સેનાપતિના મૉરલનું માપ પરાજયમાં નીકળતું હોય છે. વિજયનો ઉન્માદ તો હીજડાઓને પણ ચડતો હોય છે. અંગ્રેજો પરાજિત થઈ રહ્યા હતા. ઈન્દોરમાં ભેગા થયા પછી અંગ્રેજોએ જે કાંઈ સેના હતી તેના દ્વારા ઈન્દોરનો વિદ્રોહ દબાવી દીધો અને મિ. ડુરંડે હોશંગાબાદ પણ કબજે કરી લીધું. ત્યાંથી મિ. અચિસન ભોપાવર ઉપર ત્રાટક્યો. ભોપાવર સ્વતંત્ર થઈ ચૂક્યું હતું. તેને ફરીથી પકડમાં લઈ લીધું. દીવાન ગુલાબરાવ, ભવાનીસિંહ અને કામદાર ચિમનલાલને કેદ કરી લીધા અને જેલમાં પૂરી દીધા. હવે ભોપાવરનો વિદ્રોહ પણ શાંત થઈ ગયો હતો. વિદ્રોહ ભડકો હતો, જે ભડક્યો તો ખરો, પણ પૂરું આયોજન ન હોવાથી થોડી જ વારમાં બુઝાઈ ગયો.

હવે અંગ્રેજોએ અમઝેરા ઉપર નજર નાખી. ક્રાંતિનું મૂળ તો અમઝેરા હતું. ત્યાં મહારાણા બખ્તાવરસિંહે પહેલો હુમલો કરીને ભોપાવર કબજે કરી લીધું. ત્યાંથી મહારાણા સરદારપુર ઉપર ત્રાટક્યા. સરદારપુરમાં અંગ્રેજી સેના તૈયાર હતી. બંને સેનાઓ વચ્ચે ઘોર સંગ્રામ થયો. અંગ્રેજો પાસે તોપો હતી. તોપોના ગોળા ખાઈને પણ મહારાણાના વ્યૂહથી ક્રાંતિકારીઓનો વિજય થયો.

ક્રાંતિકારીઓ હવે અંગ્રેજોની તોપો લઈને ધાર પહોંચ્યા. ધારમાં મહારાજા ભીમરાવ ભોંસલેનું રાજ્ય હતું. બંને સેનાઓ મળી ગઈ. હવે ક્રાંતિકારી સેના મહુ, માનપુર અને મંડલેશ્વર પહોંચી ગઈ અને અંગ્રેજી સેના ઉપર હુમલો કરી દીધો. અંગ્રેજો સમજી ગયા કે જીતી શકાય તેમ નથી તેથી તેમણે સંધિ કરવાની વાત ચલાવી. આંખ મિંચીને યુદ્ધ જ કરવું તે કાચી મુત્સદ્દીગીરી કહેવાય. વિજયની આશા ન રહે ત્યારે બને તેટલું રક્ષણ કરીને સંધિ કરી લેવી તે પણ જરૂરી હોય છે. જ્યારે ઘમાસાણ યુદ્ધ ચાલતું હોય અને પોતે પરાજિત થતા હોય ત્યારે સંધિની વાત ચલાવીને સામા પક્ષને ઠંડો કરી શકાય છે.

મિ. ડુરંડે સંધિની વાતો ચલાવી. મહારાણા તેની ચાલમાં આવી ગયા. મહારાણાને સંધિ કરવા મહુ બોલાવ્યા અને છળકપટથી ગિરફતાર કરી લીધા. વિજયી પક્ષે પરાજિત પક્ષના કેમ્પમાં સંધિ માટે જવાનું ન હોય. પોતાના કેમ્પમાં જ સંધિ થાય અથવા કોઈ તટસ્થ જગ્યાએ સંધિ થાય. પણ અહીં મહારાણા થાપ ખાઈ ગયા. વધુ પડતો વિશ્વાસ તેમને મહુ લઈ ગયો અને ચાલાક અંગ્રેજોએ તેમને ગિરફતાર કરી લીધા.

અંતે તા. ૧૦-૨-૧૮૫૮ ના રોજ સિયાગંજની છાવણીમાં મહારાણાને ફાંસીએ લટકાવી દીધા. આ ફાંસી વખતે બીજા ત્રણ ક્રાંતિવીરોને પણ ફાંસી આપવાની હતી. તે હતા દીવાન ગુલાબરાવ, ચિમનલાલ અને બશીરઉલ્લાખાં. આ લોકોમાં એક વિવાદ થઈ ગયો કે પહેલાં ફાંસી કોને આપવી? મહારાણા ઈચ્છતા હતા કે "પહેલાં મને પોતાને ફાંસી અપાય, પછી મારા કર્મચારીઓને અપાય." પણ અંગ્રેજો માન્યા નહીં. એક પછી એક ત્રણેને ફાંસીએ લટકાવ્યા તે મહારાણાને બતાવ્યું, જેથી ફાંસીએ લટકવું કેવું ભયંકર હોય છે તેનું જ્ઞાન થાય. મહારાણાએ ત્રણેની ફાંસી પૂરી મર્દાનગીથી જોઈ અને પછી પોતે ફાંસીએ લટકી ગયા. વંદન...વંદન...વંદન!

*ભક્તિ નિકેતન આશ્રમ, મુ.પો. દંતાળી,*
*તા. પેટલાદ, જિલ્લો : ખેડા*

*લીડરમાં ભૂલ સ્વીકારવાની હિંમત હોવી જોઈએ. ભૂલ ન સ્વીકારવી એ સૌથી મોટી ભૂલ છે.*

વાર્તા

# ઝિંદાદિલી

• ડૉ. ચંદ્રકાંત મહેતા, પૂર્વ ઉપકુલપતિ - ગુજરાત યુનિવર્સિટી •

"મારી કોલેજમાં નિમેય જેવા ઉપદ્રવી છોકરાને હું એક ક્ષણ માટે પણ રાખવા માગતો નથી' - પ્રિન્સિપાલે રોષ વ્યક્ત કરતાં નિમેયના પપ્પાને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું.

"સાહેબની વાત ખરી છે... નિમેય જાતજાતના પ્રશ્નો પૂછીને પ્રાધ્યાપકોનું મગજ પકવી નાખે છે. એની વાત ન સાંભળો તો વર્ગના છોકરાઓને ઉશ્કેરીને વર્ગ બંધ કરાવી દે છે...આવા તોફાની છોકરાઓને કારણે જ કોલેજનું નામ બગડતું હોય છે" - ઉપસ્થિત પ્રાધ્યાપકે પ્રિન્સિપાલની વાતની તરફેણમાં અભિપ્રાય આપ્યો..

નિમેયના પપ્પાજીએ બન્નેની વાત સાંભળી નમ્રતાપૂર્વક કહ્યું : "સાહેબ, તમે ન રાખવા ઈચ્છતા હો તો હું નિમેયને અહીંથી બીજી કોલેજમાં લઈ જવામાં પળનો પણ વિલંબ કરવા માગતો નથી... પણ મારે એક વાત તમને ભારપૂર્વક કહેવી જ છે. પ્રિન્સિપાલ સાહેબ, આ ૨૧ મી સદી છે. એનો યુવાન માંયકાંગલો, વધુ પડતો આજ્ઞાંકિત કે ડાહ્યોડમરો થઈને ચાલે એવી આપની અપેક્ષા ઉચિત છે ખરી? ઘોડાપૂર આવે એટલે નદી નકામી? દઝાડે એટલે વરાળ નકામી? કાળજી ન રાખો અને કાંટો વાગે એટલે ગુલાબ નકામું? ખરું પૂછો તો આજનો યુવાન મસ્તીખોર નથી, મસ્ત રીતે જીવવાના ખ્વાબમાં રાચે છે... એની પાસે એના પ્રશ્નો છે, પ્રબળ જિજ્ઞાસા છે... એ પ્રશ્ન પૂછે એટલે વિદ્રોહી, એવો આરોપ કોઈ યુવાન પર મુકાય ખરો? યુવા તો વાયુ જેવો છે... એ ઠંડક પણ આપી શકે અને જીદે ચઢે તો તોફાની પવન પણ બની શકે! બદલવાની જરૂરિયાત હોય તો સૌથી પહેલાં વડીલોએ પોતાનો દષ્ટિકોણ બદલવાની જરૂર છે! ઉપદેશક બન્યા કરતાં ઉદાહરણરૂપ બનવું એ જ શિક્ષકનું મુખ્ય કર્મ અને ધર્મ છે. પણ જવા દો, આપને મારી આ વાત નહીં સમજાય, કારણ કે ઘરેડમાંથી બહાર નીકળવા માટે નિયત અને નિશ્ચય બન્નેની જરૂર પડે..... આવજો" - કહીને નિમેયના પપ્પાજી ચાલ્યા ગયા. અને નિમેયની કોલેજના આચાર્યે તેના કોલેજપ્રવેશ પર પૂર્ણવિરામ મૂકી દીધું.

નિમેયની મમ્મીના હૃદયમાં વાત્સલ્યનું એવું પ્રબળ ઝરણું વહેતું હતું કે પુત્રના તમામ દોષોને એમાં વહી જવાનો મોકો મળતો! નિમેયના પપ્પાજીને પુત્રની તેજસ્વિતા ગમતી, પણ એ સ્વચ્છંદી બને એ એમને લેશમાત્ર પસંદ નહોતું...નિમેયના પપ્પા સ્વમાની પણ ભારે... પુત્રને કારણે પોતાને નીચું જોવું પડે એ એમને ગમે નહીં... એમ છતાં પુત્ર પ્રેમને વશ થઈ તેઓ નિમેયના બચાવમાં ઍડવોકેટની ભૂમિકા જ ભજવતા.

*એ પ્રશ્ન પૂછે એટલે વિદ્રોહી, એવો આરોપ કોઈ યુવાન પર મૂકાય ખરો? યુવા તો વાયુ જેવો છે... એ ઠંડક પણ આપી શકે અને જિદે ચઢે તો તોફાની પવન પણ બની શકે! બદલવાની જરૂરિયાત હોય તો સૌથી પહેલાં વડીલોએ પોતાનો દષ્ટિકોણ બદલવાની જરૂર છે!*

નિમેયને ચીલે ચાલવું ગમતું નહીં... સત્યનો ઝંડો લઈને એને ફરવાની ટેવ. એટલે બીજી કોલેજમાં પણ એની સત્યપ્રિયતાની કદરને બદલે જાકારો જ મળ્યો... નિમેય અંદરથી ખૂબ મૂંઝવણ અનુભવતો હતો! વિદ્યાના આ બધા મહારથીઓ? 'સા વિદ્યા યા વિમુક્તયે' - મુક્તિ અપાવે તે વિદ્યા, પણ એમનાં પોતાનાં મન કેટલા અંશે મુક્ત છે, એ વિચારવાની એમને ફૂરસદ છે ખરી? પડકાર ઝીલવા સદાય તત્પર રહે તે પ્રાધ્યાપક અને અનુકરણીય આદર્શોની પરબ બને તે પ્રિન્સિપાલ, શું આ વાત સ્મૃતિશેષ બની જશે?... મારે બંધન નહીં, મુક્તિ જોઈએ છે! હું હવે મારી અંદરની કોલેજનો વિદ્યાર્થી બનીશ." - નિમેયનું મનોમંથન ચાલતું જ રહ્યું..

અને એક દિવસ એણે કોલેજને પણ 'અલવિદા' કહી દીધી અને ઘરને પણ! પોતાના એક મિત્રને ફોન કરી એ મુંબઈ ચાલ્યો ગયો! મુંબઈ પહોંચ્યા બાદ એણે પોતાના પપ્પાને ફોન કર્યો : 'હું નથી ભાગ્યો કે નથી ગુમ થયો કે નથી મારું કોઈએ અપહરણ કર્યું એટલે તપાસ માટે પોલીસ ફરિયાદ કે સગાંવહાલાં દ્વારા મારી શોધ કરશો નહીં! મમ્મીને સાચવજો, કારણ કે હું એના કાળજાનો કટકો છું... પણ મારે લાગણીના દરિયામાં ડૂબેલા નથી રહેવું! પપ્પા, એક વાત કહું : દરેક પપ્પાએ થોડાક અંશે મમ્મી બનવું જોઈએ અને દરેક મમ્મીએ થોડાક અંશે પપ્પા! આપણા દેશના માબાપો આ વાત સમજવા કે સ્વીકારવા તૈયાર નથી! હું પાછો અવશ્ય આવીશ, પણ થાકેલા-હારેલા શરણાગત તરીકે નહીં! યૌવન હારવા જન્મ્યું જ નથી, એની તાકાત હરાવવાને કાજે જ પ્રયોજાવી જોઈએ. પરાજયનો ચૂપચાપ સ્વીકાર એ યૌવનનો અક્ષમ્ય અપરાધ છે.. આભાર પપ્પાજી!"

અને તે દિવસે અડધી રાત સુધી નિમેયની મમ્મીની આંખો ગંગા-જમના વહેવડાવતી રહી. રોષે ભરાયેલા નિમેયના પપ્પાએ દીકરાના નામનું નાહી નાખ્યાની જાહેરાત પણ કરી દીધી! પડોશીઓ વંઠેલા નિમેયના દુર્ગુણોનું બુલેટીન બહાર પાડ્યે જ જતા હતા.. સમાચાર પ્રસરતાં એની કોલેજના આચાર્ય પણ નિમેયની વિશેની પોતાની આગાહી સાચી પડ્યાની વાતથી ખુશ હતા...

નિમેયે રેગ્યુલર કોલેજ જવાને બદલે એક્ષ્ટર્નલ પરીક્ષા આપી બી.એ. ની પરીક્ષા દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ કરી. દરમ્યાન એક પ્રતિષ્ઠિત કંપનીમાં એને હેડક્લાર્ક તરીકેની નોકરી પણ મળી ગઈ હતી. સવારથી સાંજ

*લીડરે લોકપ્રિયતાથી અંજાઈ ન જવું જોઈએ કારણકે અહમ્ એનો સૌથી મોટો શત્રુ છે.*

સુધી નિમેય પોતાની ફરજમાં મશગૂલ રહેતો. બીજા કર્મચારીઓ રિસેસમાં મોજ-મસ્તી કરી ખાણી-પીણીમાં વ્યસ્ત રહેતા, ત્યારે નિમેય કંપનીની પ્રોડક્ટ કેમ સુધરે અને પ્રતિષ્ઠા કેમ વધે તેવા આયોજનો માટે સમય ફાળવતો હતો.

કંપનીના ચેરમેન એનાથી ખુશ હતા. નિમેય એકલો છે, એટલે લંચ બોક્સ લાવી શકતો નથી, એમ માની પોતાને ઘેરથી આવતા ટિફિનમાં નિમેયના ખાણાની વ્યવસ્થા ઉમેરવાની સૂચના પણ તેમને રસોઈયાને આપી દીધી હતી!

ચેરમેને લંચ સમયે નિમેયને બોલાવ્યો, ત્યારે એની ડિશ તૈયાર હતી! ચેરમેને એને ભોજનમાં જોડાવાનો આગ્રહ કર્યો. પણ નિમેયે કહ્યું : "સર, ફોગટનું ખાવાની ટેવ જ માણસના ચારિત્ર્યની સૌથી મોટી દુશ્મન છે. હું અહીં નોકરી કરું છું અને તેનો પગાર કંપની મને ચૂકવે છે... હું ઘેરથી નાસ્તો કરીને નીકળું છું એટલે બપોરે જમવાની કે નાસ્તાની મને જરૂરિયાત જણાતી નથી! અને બીજી વાત : માણસે ગૌરવથી જીવવું હોય તો બીજાના અહેસાનના પોટલાંના ભારથી દિલ અને દિમાગને મુક્ત રાખવું જોઈએ. અહેસાન ક્યાં સુધી પોષકની ભૂમિકા ભજવશે અને ક્યારે એ શોષણના પંથે સરી જશે, એનો કશો જ ભરોસો નથી હોતો. મને આપનો પ્રેમ ખપે છે, પણ અહેસાન નહીં! મને 'મારાપણા' ના રક્ષક બનવામાં આપ મદદ કરો... માણસ પોતાની જાત સાથે જેવી લૂંટ ચલાવે છે, એવી લૂંટ તો દુશ્મન સામે પણ ચલાવતો નથી! થેંક યુ સર" - શબ્દો સાથે નિમેયે ચેરમેનની ચેમ્બરમાંથી વિદાય લીધી...

નિમેયનો જીવન પ્રત્યેનો ઉદાત્ત દૃષ્ટિકોણ જોઈ ચેરમેન ખુશ થઈ ગયા. તેમને નિમેય જેવા જ નિષ્ઠાવાન અને નેક ઈન્સાનની જરૂર હતી. એટલે બીજે દિવસે એમણે નિમેયને વળી પાછો પોતાની ચેમ્બરમાં બોલાવ્યો. નિમેયે માન્યું કે સરે એને બપોરના ખાણા માટે બોલાવ્યો હશે... પણ જમ્યા પછીની ખાલી ડિશ લઈ નીકળતા પ્યૂનને એણે જોયો, એટલે એ કારણ એણે મનમાંથી કાઢી નાખ્યું. ચેરમેને એને આદરપૂર્વક બેસાડી એના હાથમાં એક કાગળ મૂક્યો... નિમેયને પ્રથમ તબક્કે તો એમ જ લાગ્યું કે ગઈકાલે સરનું મેં માન ન સાચવ્યું, એટલે કદાચ નારાજ થઈને એમણે મને નોકરીમાંથી પાણીચું પરખાવવાનો નિર્ણય લીધો હશે! પણ હકીકતમાં એ હતો નિમેયની કલ્પના બહારના પ્રમોશનનો લેટર! ચેરમેને તેને મળતા પગારમાં ત્રણ ગણો વધારો કરી તેને ચીફ એક્ઝિક્યુટિવ બનાવ્યો હતો! ...નિમણૂકપત્ર વાંચી નિમેયે કહ્યું : 'સર, માફ કરજો, મારા સિનિયરોને કચડીને આગળ વધવાનો મને જરાય અભરખો નથી! અને એવી લાલચ કેવળ મારે જ નહીં, કોઈ પણ કર્મચારીએ ન જ રાખવી જોઈએ. કંપનીનો અત્યાર સુધીનો વિકાસ મારા પૂર્વેના અનેક કર્મચારીઓએ રેડેલા પરસેવાનું પરિણામ છે! મને મારા કામમાં કાબેલિયત દેખાડવા માટે તપવાનો મોક આપો! જે ક્ષણે મને એમ લાગશે કે હું પ્રમોશનને લાયક બન્યો છું, ત્યારે હું સામેથી આપની પાસે પ્રમોશન માટે આવીશ, ત્યાં સુધી પગારનો ઈજાફો કે પ્રમોશન હું નહીં જ સ્વીકારું. હા, આપે મારા કામની કદર કરી એનો મને આનંદ છે! આજના માણસે પોતાના અંતઃકરણમાં મીઠા ઝરણાને વહેવાની જગા જ ક્યાં રહેવા દીધી છે! મુંબઈના દરિયાથી પણ ખારો દરિયો તો માણસના હૃદયમાં સંકોચાઈને પડ્યો છે!"

ફરી પાછો 'થેંક યુ સર' કહીને નિમેય ચાલ્યો ગયો!

ચેરમેન સાહેબ સ્તબ્ધ થઈ ગયા! એક અદના કર્મચારીમાં જીવન અને કર્તવ્યપરાયણતા વિશેની કેટલી ઊંડી સમજણ છે! આજે મોટાં પદો પર પડી રહેલા મગરમચ્છો માનવતાનું ભક્ષણ કરી રહ્યા છે, ત્યારે આ ફૂટડો જવાન માનવતાનો સંતરી બનવા મથી રહ્યો છે! ક્યાંથી આવ્યા એનામાં આવા સંસ્કાર! મારે એના માતા-પિતાને મળવું જ જોઈએ! ચેરમેને મનોમન વિચાર કર્યો.. અને નિમેયને એક મહત્ત્વનું કામ સોંપી પોતે બે કલાક પછી 'ઓફિસે પાછા ફરશે' એમ જણાવી નિમેયના ઘરને સરનામે પહોંચી ગયા!

નિમેયનો મિત્ર નિર્મિત પોતાના મિત્રના સ્વભાવથી સુપેરે પરિચિત હતો.. નિમેયે ચેરમેન સાથે લડાઈ-ઝઘડો તો નહીં કર્યો હોય અથવા હડતાલ તો નહીં પડાવી હોય... એવી આશંકા સાથે એણે કંપનીના ચેરમેનનું સ્વાગત કર્યું. ચેરમેન સાહેબ ચતુર હતા... નિર્મિતના ચહેરાની ગંભીરતા જોઈ એમણે કહ્યું : "ભાઈ, હું નિમેયના વર્તનની કશી ફરિયાદ કરવા નથી આવ્યો. મારી કલ્પનાને સાર્થક કરતા યુવાન નિમેયના માતા-પિતાને હું વંદન કરવા આવ્યો છું! ક્યાં છે તેઓ બન્ને?" નિર્મિતે મૌન ધારણ કર્યું, એટલે ચેરમેને કહ્યું : "ઘોડો તબેલો છોડી ભાગ્યો હોય તો તે માટે પોતાનું તોફાન જવાબદાર હોઈ શકે અથવા એના માલિકની ક્રૂરતા! નિમેય તો તોફાની ઘોડો છે, પણ પોતાની ચાલને સંયમમાં રાખવાની કુદરતે એને શક્તિ અર્પી છે... હવે એનાં મા-બાપ વિશે મને કહો... સાચે સાચું."

અને નિમેયની કોલેજ-કેરિયર તથા પપ્પાજીની કડકાઈને લીધે તેમ જ સ્વાવલંબન ખાતર ઘર છોડ્યાનો ઈતિહાસ નિર્મિતે ચેરમેન સાહેબને કહી સંભળાવ્યો અને ચેરમેન સાહેબના આગ્રહથી નિમેયના પપ્પાજીનું અમદાવાદનું સરનામું તથા ફોન નંબર પણ જણાવી દીધા. ચેરમેન સાહેબે સોગંદ આપી પોતાના આગમન તથા નિમેયના પરિવાર વિશેની માહિતી આપ્યાની વાત ગુપ્ત રાખવાની નિર્મિતને સૂચના આપી!

*નિમેયને જોઈને એમણે કહ્યું : "આવ દીકરા નિમેય, તારાં મમ્મી-પપ્પાને મેં જ અહીં બોલાવ્યાં છે. એમના સદ્ગુણો કે સ્વભાવગત મર્યાદાઓ વિશે મને કશી જ માહિતી નથી, પણ કળિયુગમાં તારા જેવા સત્યનિષ્ઠ અને કર્તવ્યપરાયણ નેક યુવાનને જન્મ આપી આ પૃથ્વીનું એમણે પુણ્ય વધાર્યું છે. એમના એ તપને વંદન કરવા મેં મારાં મહેમાન બનવા તેડાવ્યાં છે... આપણાં પરિવારોને માત્ર શ્રવણ સમાન સંતાનો કરતાં સત્યકામ જેવા સંતાનોની વધુ જરૂર છે.*

*યુદ્ધમાં જીતે તે શૂરવીર. મનને જીતે તે મહાવીર.*

એ વાતને પંદર દિવસ પસાર થઈ ગયા. નિમેય પોતાની રાબેતા મુજબની ફરજો બજાવતો હતો. ચેરમેન સાહેબ પણ એની કાર્યપદ્ધતિથી ખુશખુશાલ હતા. એક સાંજે ચેરમેન સાહેબ ઓફિસેથી વહેલા ઘેર જવા નીકળ્યા અને નિમેયને સોંપેલું કામ પૂરું કરી પોતાને બંગલે નવ વાગ્યા સુધીમાં આવવાની સૂચના આપી. ચેરમેને નિમેયને લઈ આવવાની ડ્રાઈવરને સૂચના આપી પણ નિમેયે ઈન્કાર કરતાં કહ્યું : ‘‘સર, મારી ફરજ અદા કરવા માટે મારે વિશેષ સુવિધાની કશી જરૂર નથી! નજીકના સ્ટેશનેથી ઉપડતી લોકલ ટ્રેન મને આપના બંગલે લઈ આવશે. આપ નિરાંતે પધારો, મારું કામ પૂરું કરી હું આપે સૂચવેલા સમયે આપને બંગલે અવશ્ય પહોંચી જઈશ.’

નિમેયે ચેરમેને સોંપેલું કામ કાળજીપૂર્વક પૂરું કર્યું અને લોકલ ટ્રેઈનમાં બેસી તેમના બંગલે પહોંચી ગયો. વૉચમેને તેને કહ્યું : ‘ચેરમેન સાહેબના કોઈ વી.આઈ.પી. મહેમાન આવ્યા છે, એટલે આપને અડધો કલાક રાહ જોવાનું કહ્યું છે. બંગલાની લોનમાં આપ બેસો, મહારાજ ચા-નાસ્તો આપને ત્યાં જ પહોંચતો કરશે.’ સહેજ નારાજગી સાથે નિમેયે કહ્યું : ‘ચેરમેન સાહેબને કહો કે એમનું કામ પૂરું કરીને હું ફાઈલો લઈ આવ્યો છું... કંપનીના કામથી મોટું કોઈ વી.આઈ.પી. કામ હોઈ શકે નહીં! ચા-નાસ્તા દ્વારા મને આંતરી રાખવાની કોશિશ મને ગમતી નથી... લો, આ ફાઈલો આપી તમે પાછા આવો, એટલે હું તરત જ અહીંથી વિદાય થઈશ!’’

થોડી જ વારમાં વૉચમેન પાછો ફર્યો અને ચેરમેન સાહેબે ડ્રોઈંગરૂમમાં આવવાની આપેલી સૂચનાની નિમેયને જાણ કરી...

નિમેય ઉતાવળે શેઠના ડ્રોઈંગ રૂમમાં પ્રવેશ્યો... પણ ત્યાંનું દૃશ્ય જોઈ આશ્ચર્યચકિત થઈ ગયો! ચેરમેન સાહેબ નિમેયના મમ્મી-પપ્પા સાથે આનંદપૂર્વક વાતો કરી રહ્યા હતા. નિમેયને જોઈને એમણે કહ્યું : ‘‘આવ દીકરા નિમેય, તારાં મમ્મી-પપ્પાને મેં જ અહીં બોલાવ્યાં છે. એમના સદ્‌ગુણો કે સ્વભાવગત મર્યાદાઓ વિશે મને કશી જ માહિતી નથી, પણ કળિયુગમાં તારા જેવા સત્યનિષ્ઠ અને કર્તવ્યપરાયણ નેક યુવાનને જન્મ આપી આ પૃથ્વીનું એમણે પુણ્ય વધાર્યું છે. એમના એ તપને વંદન કરવા મેં મારાં મહેમાન બનવા તેડાવ્યાં છે.. આપણાં પરિવારોને માત્ર શ્રવણ સમાન સંતાનો કરતાં સત્યકામ જેવા સંતાનોની વધુ જરૂર છે... સત્યની ભક્તિ, એ મા-બાપની ભક્તિ કરતાં પણ વધુ ચઢિયાતી વસ્તુ છે! નિમેય, તારામાં રહેલી યૌવનની પવિત્રતા અને ખુમારીને વંદન કરું છું... તારાં માતા-પિતા તારી સાથે રહી શકે એ માટે મેં નાનકડા મકાનની વ્યવસ્થા કરી છે... હા, મફત નહીં, તને પોસાય તેવું ભાડું લેવાની શરતે! તારાં મમ્મી-પપ્પા ભલે દેવકી અને વસુદેવની ભૂમિકા નિભાવે, આજથી હું અને મારી પત્ની નંદ અને યશોદાની ભૂમિકા અદા કરીશું.. નિમેય, મારી વિનંતીને તું ઠુકરાવતો નહીં દીકરા!’

અને નિમેય અનિમેષ નજરે ચેરમેનમાં રહેલા ફરિશ્તાને નીરખી રહ્યો. ચેરમેનનાં ચરણ ચૂમી એણે કહ્યું : ‘‘સર, યૌવનને ભાંડનાર અને વગોવનારાંનો તો તોટો નથી, પણ ક્યાં છે આપના જેવા ભીના હૃદયવાળાં વડીલો! આપની વાતનો અસ્વીકાર કરવાનું મારે પાપ નથી કરવું!’’

અને પોતાના પપ્પાને વંદન કરી નિમેય મમ્મીને ગળે વળગીને બાળકની જેમ રડ્યો હતો! અને એ રાત વિખૂટાં પડેલાં હૈયાનું પ્રભાત બની ગઈ હતી, એક ઝિંદાદિલ ઈન્સાન ઉર્ફે ચેરમેન સાહેબની મહાનતાને કારણે!

***૧૬, હેવન પાર્ક, રામદેવનગર પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.***
***મો. : ૯૮૨૪૦ ૧૫૩૮૬***
***ફોન : (૦૭૯) ૨૬૯૨ ૮૨૮૬***

## મારી અનુરા

***(અનુસંધાન : પાના નં.-૪૦ ઉપરથી ચાલુ)***

ઘૂઘવતા મધદરિયે દીવાદાંડીના પ્રકાશની જેમ મને જાણે કોઈએ માર્ગ ચીંધ્યો ન હોય! અનુરાએ મારા પર્સમાં ફરી એક કાગળ મૂકી દીધો હતો. મારે કામ પર વાંચવા માટે. ને એ દિવસથી મારા જીવનનો જાણે અભિગમ જ બદલાઈ ગયો.

*‘‘વ્હાલી મા,*

*હું જાણું છું કે તું અનેક વિટંબણાઓમાંથી પસાર થઈ રહી છે. તારે તારા દુઃખનો ભાર હળવો કરવા થોડું વધુ બહાર જવાની જરૂર છે. મા તું અમારી ચિંતા સતત કર્યા જ કરે છે ને ક્યારેય તારા મનને હળવું કરવા તરફ ધ્યાન જ નથી આપતી. હવે તો અમે મોટાં થયાં છીએ. અમે પણ અમારા મિત્રો સાથે હળીએ-મળીએ છીએ ને આનંદ કરીએ છીએ. તું કેમ તારા મિત્રોને નથી મળતી? અમારે અમારી પ્રવૃત્તિઓ છે. તું અમારી ચિંતા છોડી દે. તારું મન હળવું થાય તે માટે તને ગમે તેવી પ્રવૃત્તિ કર, મિત્રોની સાથે હળમળ ને આનંદ કર તો અમને ખૂબ ગમશે. અમે સદાય તારાં બાળકો જ બની રહેવાનાં છીએ. અમે તારાં જ છીએ. તું અમને ક્યારેય ગુમાવી શકવાની નથી. અમારી ચિંતામાંથી તું મુક્ત થઈ જા.*

*તારી અનુરા.’’*

ને એ કાગળ વાંચીને જાણે મારા હૃદયનો બધોય ભાર જાણે હળવોફૂલ બની ગયો. મને થયું. મારૂં માતૃત્વ કેવું ભવ્ય છે! જીવનનો આવો અપૂર્વ લહાવો કેટલીક માને મળતો હશે??? ઈશ્વરે મારી ગમે તેટલી કસોટી કરી છે પણ આવાં સંતાનો આપવા માટે હું મનોમન ભગવાનનો પાડ માની રહી છું.

***૨૫, પાર્શ્વ બંગલોઝ, એસ. જી. હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૧૫.***
***મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪***

આપણા વડીલોનો વારસો
**શુધ્ધ કાંસાના વાસણ**

પ્રાપ્તિ સ્થાન :
**પારસ મેટલ વર્કસ**
૯૦, કંસારા ચાલ,
કાલબાદેવી રોડ, મુંબઈ-૨.
ફોન : ૨૨૪૨૧૫૯૧, ૨૨૪૨૨૮૬૮

# મારી અનુરા

• ડૉ. ઊર્મિલા શાહ •

ત્યારે તો અનુરા લગભગ સાતેક વર્ષની હશે. પણ એ નાની હતી ત્યારથી જ ખૂબ લાગણીશીલ ને સાથે સાથે સમજુ પણ એવી. ભારે સ્વમાની અને એટલે મારે તેને વારંવાર સંભાળી લેવી પડે. આટલાં નાનાં છોકરાં આટલાં સ્વમાની હોય તેવી તો ક્યારેય કલ્પના પણ ન આવે. હું ક્યારેક તેના સ્વમાનને જીદ માની લેતી અને એટલે એને માટે હું જાણે ક્યારેક અજુગતું વર્તન કરી બેસતી પણ તેણે એટલી નાની ઉંમરથી મારી સાથે જે રીતે સતત સાયુજ્ય સાધ્યું છે, વિવાદ ને વાદ કરવાને બદલે શબ્દોથી જે સંવાદ સાધ્યો છે એ બધી જ વાત તમને કહ્યા વિના રહી શકતી નથી.

ત્રીજા ધોરણની લગભગ શરૂઆત હશે... સ્કૂલમાંથી એ આવીને મને ગળે વળગી પડી. "મમ્મી... મમ્મી મને એક કંપાસ જોઈએ છે. આજે અનિકેત લાવ્યો હતો તેવો... મમ્મી ખૂબ સરસ હતો. મને અપાવશે? ના મમ્મી, તું મને આજે જ એવો કંપાસ અપાવવા લઈ જા. નહીં તો હું આજે નહીં જમું જા.' ને મને મનમાં મૂંઝવણ થઈ. એક મા તરીકે વિચાર આવ્યો. 'શું છોકરાંઓની બધી જ માંગ પૂરી કરવી જ જોઈએ? તો તો તેમને બધું જ માંગે તે મળવું જ જોઈએ એવી ટેવ પડી જાય. ને કદાચ જિદ્દી થઈ જાય તોય નવાઈ નહીં. પણ હું જાણું છું કે એ દઢ આગ્રહી તો છે જ, મનમાં આવ્યું છે એટલે મારો કેડો તો એ નહીં જ મૂકે. ને પછી હારી થાકીને ના કહ્યા પછી અપાવીશ તો તે હંમેશાં એવું શીખી જશે.' અને એટલે હું સાંજે તેને બજારમાં સાથે તો લઈ ગઈ. અનિકેત જેવો કંપાસ દુકાનમાં જોયો ને તે ખૂબ ખુશ થઈ ગઈ. "હા...હા... મમ્મી બસ આ જ. આવો જ કંપાસ અનિકેત પાસે છે." તેની અધીરાઈ વ્યક્ત થતી હતી.

મેં કિંમત પૂછી. "સાઠ રૂપિયા."

"શું આટલા કંપાસના સાઠ રૂપિયા? હોતું હશે? ને તેમાંય એને ખોલતાં તો વાગે એવું છે!"

કિંમત અને એની વાપરવાની સગવડતા બંને અંગે મને મૂંઝવણ થઈ અને એટલે મેં અનુરાને સમજાવવાનો પ્રયત્ન કર્યો : "બેટા! આ કંપાસ તો ખોલતા વાગી જાય તેવો છે. ક્યાંક આંગળીમાં વાગી જશે તો! ના, ના, આપણે તે નથી લેવો." અનુરા નાખુશ થઈ ગઈ. મેં તેને કંપાસને બદલે ચોકપેટી અપાવી એટલે એ વખત પૂરતું તો તે માની ગઈ, પણ મને ય ખ્યાલ આવ્યો કે તેને સંતોષ થયો નથી. પણ હું ચૂપ રહી. રાતે અનુરા સૂવા ગઈ ત્યારે મારા ઓશીકા પાસે જ મને દેખાય તેવી રીતે ચિઠ્ઠી મૂકી ગઈ હતી. તેમાં લખ્યું હતું :

*"વ્હાલી મમ્મી,*

*(૧) કંપાસ વાગે તેવો હતો પણ તે તો મને જ વાગત ને!*

*(૨) તને બૂટ લેવા હતા તે, તેં ગયા રવિવારે લીધા હતા કે નહીં?*

*(૩) વર્ષગાંઠને દિવસે દાદીમાએ રૂપિયા આપ્યા હતા તેમાંથી મને જે ગમે તે લેવાનું તેમણે કહ્યું હતું.*

*તારી વ્હાલી અનુરા."*

ને બીજે દિવસે હું તેને માટે કંપાસ લઈ આવી. વાદવિવાદ કે સંવાદથી સાયુજ્ય ન સધાઈ શક્યું તે સાત વર્ષની અનુરાના સ્પષ્ટ શબ્દોથી શક્ય બની શક્યું. શબ્દો અને તેની અભિવ્યક્તિમાં ક્યારેક આપણાં જ સંતાનો આપણાં હૃદય સુધી કેવાં પહોંચી શકે છે! એના કાગળો વાંચીને મને અનહદ આનંદ થાય છે, પછી ભલે હું ગમે તેવા મૂડમાં હોઉં, ક્યારેક તો એના શબ્દો મારા હૃદયમાં અનેક સ્પંદનો ઊભાં કરે છે, મારી લાગણીને સ્પર્શી જાય છે ને હું રડી ઊઠું છું. મારી અનુરા સાથેના આ લાગણીના સેતુને કારણે હું ખૂબ ખુશ છું. ગમે ત્યારે, ગમે તેટલો વાદ હોય કે, વિવાદ હોય પણ મને આ શબ્દોના સંવાદથી સર્જાતી સંવાદિતા ખૂબ ગમે છે અને એટલે જ મને સમજાય છે કે કિશોરાવસ્થામાં પ્રવેશેલાં સંતાનો સાથે સાયુજ્ય એ બહુ અસરકારક માધ્યમ છે.

કિશોરાવસ્થામાં દીકરો કે દીકરી પ્રવેશે એટલે એના શારીરિક ફેરફારો સાથે તેનામાં લાગણીઓ પણ એકદમ ઊમટે. તેને જ ન સમજાય એવું તેમાં પૂર ઊમટે. તે હૃદયનો વિસામો શોધવા મથામણ કરે. કોઈને પામવા તેનું મન ઝંખે. અહમ પ્રબળ બને, 'હું કઈક છું. મને કોઈક કંઈ શું કહે?' એવો ભાવ અંદરથી જાગે ને ત્યારે માને થાય કે "અત્યારે હું એને નહીં ટોકું તો એ હવામાં અધ્ધર ઊડશે ને ક્યાંક પછડાટ ખાશે." મા તરીકે તેની ચિંતાય સાહજિક છે ને તેમાંય માનો તો એ મૅનોપોઝ પિરિયડ. એટલે એનાં ય હૃદયમાં ને મન પર ભારનો સખત વંટોળ હોય એ પણ સ્વાભાવિક. મા ઘણો વિચાર કરે કે 'છોકરાં મોટાં થયાં તેમને બહુ કહેવું ઠીક નહીં.' ને છતાંય તેને માની મમતા હલાવી મૂકે છે ને તે દીકરા-દીકરીને ટોક્યા વિના રહી શકતી નથી. પરિણામે સામસામા વાદવિવાદ સર્જાય છે ને પરિણામે જૂની અને નવી પેઢીનાં ઘર્ષણ અને બે વચ્ચે અંતર ઊભું થાય છે. એવા વખતે પત્ર દ્વારા આ સાયુજ્યનો સેતુ એ ખરેખર આશીર્વાદરૂપ બની જાય છે. એ મારા અનુભવની વાત હું તમને કહી રહી છું. ઘણી વાર મોંથી વાતચીત કરીને હાવભાવથી વ્યક્ત થઈ નથી શકતું તે લખેલા શબ્દોથી વધુ સફળ રીતે વ્યક્ત થઈ શકે છે.

એક દિવસ અનુરા તેનો રેઝર બાથરૂમમાં બેઝીન પર ભૂલી ગઈ, પાંચ વર્ષનો પ્રતીક એ લઈને ક્યાંક બગાડી બેસે તો! મને એકદમ ચિંતા થઈ. "આવી બેદરકારી? કેમ ચલાવી લેવાય?" મેં તેને પૂછ્યું 'આની તને

*સ્વપ્ન જોવા માટે ઊંઘવું પડે પરંતુ સ્વપ્નને સાકાર કરવા માટે તો જાગવું જ પડે.*

શું શિક્ષા કરું?' અને તે એકદમ ગુસ્સે થઈ ગઈ. 'મમ્મી, તું કશું નથી ભૂલી જતી? એવો તે મોટો મેં શું ગુનો કર્યો છે કે તું મને શિક્ષાની વાત કરે છે? આટલી ભૂલનું આટલું મોટું સ્વરૂપ કેમ આપે છે?'' ને કહી તે છનછન કરતી સ્કૂલમાં ચાલી ગઈ. પણ મને મનમાં ખૂબ ગુસ્સો ચડ્યો. ''પ્રતીકને ક્યાંક વાગ્યું હોત તો! અરે! ગળાની નસ પર જ રેઝર ફરી વળે તો! છોકરા તો છોકરમત ગમે ત્યારે કરી મૂકે. પણ અનુરાને ક્યાં આ વાતની ગંભીરતાનો ખ્યાલ જ છે! ને હું મનોમન સમસમી રહી હતી.

પણ સાંજે અનુરા રસોડામાં ચિઠ્ઠી મૂકી ગઈ હતી.

*''મમ્મી....*

*મારી ભૂલ થઈ ગઈ. હું ખોટી અકળાઈ ગઈ હતી. આજ પછી ક્યારેય આવી ગંભીર ભૂલ નહીં કરૂં. મને માફ કરી દેજે મા!*

*અનુરા.''*

અને મેં તેના ટેબલ પર વળતી ચિઠ્ઠી મૂકી.

*''વ્હાલી દીકરી અનુરા,*

*સાંજે સ્કૂલેથી આવીને ટી.વી. જોજે. બહેનપણી સાથે આઈસ્ક્રીમ ખાવા જજે ને રીલેક્સ થજે.*

*મમ્મી.''*

તેને સંતોષ થયો. તેની ભૂલ માટે તેને પસ્તાવો થયો. તેનાથી વધુ મારે શું જોઈએ! મને પણ મારી ભૂલ સમજાઈ કે શિક્ષા કરતાં બદલો ક્યારેક વધુ અસરકારક નીવડે છે ને તેમાંય કિશોરાવસ્થા એ તો સંતાનો માટે ખૂબ જ નાજુક તબક્કો છે ત્યારે તો તેમને ખૂબ સંભાળી લેવાં પડે છે.

અનુરા કોલેજમાં આવી ને પહેલે દિવસે એ જે મેક-અપ કરીને કોલેજમાં જવા નીકળી તે જોઈને હું અકળાઈ ઊઠી. મારે તેની સાથે સખત વાદવિવાદ થયો. પણ એ દિવસે એણે મને ફરી ખૂબ લાંબો કાગળ લખ્યો.

*''વ્હાલી મા,*

*સવારે હું તારી સાથે ખૂબ ખરાબ રીતે વર્તી તેનું મને સખત દુ:ખ થયું છે. હું ગાંડી થઈ ગઈ હતી પણ તું પણ એટલું એકધારું બોલતી હતી કે મને કશું જ બોલવાની પણ તેં તક ન આપી. કદાચ મને તેં તક આપી હોત તો સારું થાત. 'મારી આંખો એટલી ખરાબ દેખાય છે' તેવું કહેવાને બદલે તેં મને એ આંખો સારી ને ભાવવાહી કેવી રીતે લાગે તે સમજાવ્યું હોત તો! તે મને વધુ ગમત. મનેય સારા દેખાવું ગમે! કોલેજના પહેલા દિવસે સૌ કોઈ મારા રૂપથી મને આંકે એ મને ન ગમે! મમ્મી, છોકરાઓને ય સારા દેખાવાનું મન થાય છે તો હું તો છોકરી છું. મને રૂપાળા દેખાવું કેમ ન ગમે! પણ છતાંય તેં મને શાંતિથી વાત સમજાવવાનો ને મને સમજવાનો પ્રયત્ન કર્યો હોત તો મને ખૂબ સારું લાગત. મારી ભૂલ માટે હું માફી માગું છું.*

*હવેથી હું તને અને મને બંનેને રુચે એવી રીતે મેક-અપ કરીને કોલેજ જઈશ. એવું મેક-અપ શીખવાની હું જવાબદારી લઉં છું. તે માટે હું શક્ય તેટલી જાણ મેળવતી રહીશ, અભ્યાસ કરતી રહીશ.*

*હું હવે મોટી થઈ રહી છું. મને ખૂબ સુંદર દેખાવાનું મન થાય છે. મારી આંખો ખૂબ ભાવવાહી દેખાય એવી મને ઈચ્છા થાય છે. તું મારા હૃદયના આ ભાવને એક સ્ત્રી હોવાના નાતે સમજી શકશે મા! મને પંદર દિવસની મુદત આપ, મા! હું મારી આ શક્તિનો ટેસ્ટ લઉં તો કેમ? મને લાગે છે તું મારી આ વાત સાથે સંમત થશે.*

*તારી અનુરા....''*

અને તમે માનશો? ત્યાર પછી ક્યારેય અનુરાએ મને શરમ અપાવે એવું મેક-અપ કર્યું નથી કે એવા કપડાં પહેર્યાં નથી. 'મારી અનુરા' કહીને હું ગૌરવ લઈ શકું તેવી જ રીતે તે હંમેશાં રહી છે. સંતાનોમાં એકવાર sense of freedom, પોતે સ્વાધીન છે તેવો વિશ્વાસ બેસે છે પછી તેઓ ક્યારેય બેજવાબદાર રીતે વર્તતા નથી.

અને એમ કરતાં કરતાં તો એ હવે મારી અંગત મિત્ર જેવી બની ચૂકી છે. વીસ વીસ વર્ષના દાંપત્ય પછી અમારા જીવનમાં એકાએક વંટોળ વાયો ને વિધિની વિષમતા પણ એવી કે મારે છુટાછેડા લેવા પડ્યા. અનુરા અને અનુજની જવાબદારી મારે માથે આવી પડી. દાંપત્ય જીવનમાં ઊઠેલી એ આંધીથી હું માનસિક રીતે તો સાવ ભાંગી પડી હતી જ. તેમાં વળી બીજી બાજુ બંને છોકરાઓની જવાબદારી. સદ્ભાગ્યે નોકરી ચાલુ હતી. પણ એકલા હાથે આવક-જાવકનાં બે પાસાં મેળવવા ઓવરટાઈમ કરવો પડે તેમ જ હતું. મનોમન સખત દુ:ખ હતું કે 'મારે અત્યારે છોકરાંઓને માની મમતા ને પિતાનું છત્ર પૂરું પાડવાનું છે ત્યારે તેમનાથી વધુ કલાકો છૂટા રહેવું પડે છે. પણ હું મારા સંજોગો આગળ લાચાર હતી. મનમાં ને મનમાં સિઝાયા કરતી હતી. ને છોકરાંઓ આગળ તમાચો મારી, ગાલ લાલ રાખી, હિંમતનું મહોરું પહેરીને ફર્યા કરતી હતી. ત્યારે એક દિવસ હું થાકીપાકી ઑફિસેથી ઘેર આવીને રસોડામાં ચા મૂકવા ગઈ તો ગૅસ પાસે અનુરાએ ચિઠ્ઠી મૂકી હતી.

*''વ્હાલી મા,*

*મને ખબર છે કે તું અત્યારે કેવા વમળમાંથી પસાર થઈ રહી છું. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તારી બધી જ મુશ્કેલીઓનો અંત લાવી દે. હું તને કેટલી બધી ચાહું છું એ હું તને કેવી રીતે કહું મા! મારી પાસે તે લાગણી વ્યક્ત કરવા પૂરા શબ્દો નથી. તને આ ડિવોર્સનું સખત દુ:ખ છે તે હું સમજું છું પણ છતાંય મા તું ખૂબ મહાન છે, શક્તિશાળી છે. ને એથીય અધિક તો તું મારી મમતાભરી મા છે. મને તારે માટે ગૌરવ છે. હું અને અનુજ સદાય તારે પડખે છીએ, તું જરાય મૂંઝાઈશ નહીં મા! તું તો દેવી છે, મહાશક્તિ છે.*

*અનુરા...''*

ને એ કાગળે મારામાં આત્મશ્રદ્ધાનો, આત્મવિશ્વાસનો સંચાર કર્યો. મને જાણે એક અણકલ્પેલો, અણચિંતવ્યો સહારો મળી ગયો.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૮ ઉપર)**

*સંતાનોને નાણાંનું મૂલ્ય સમજાવો.*

# તંદુરસ્તી ભણતર તથા સ્ટ્રેસ (STRESS DISORDER)

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

આગળના લેખ "હું ફાઈનલ પરીક્ષા નહીં આપી શકું" (સપ્ટેમ્બર ૨૦૧૩) માં આપણે જાણ્યું કે ભણતર તથા ખાસ કરીને પરીક્ષા વિદ્યાર્થી માટે તણાવ ઉત્પન્ન કરે છે. આમાં બાહ્ય પરિબળ (ભણતર તથા પરીક્ષા) કરતાં આંતરિક પરિબળ શારીરિક પરિબળ મનના અવયવોની રચના તથા કાર્યશક્તિ, માનસિક પરિબળ-વ્યક્તિત્વ, માતાપિતા, વડીલોનો અભિગમ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ એક પ્રકારની બીમારી (Disorder) છે જેની યોગ્ય સારવાર (દવાઓ અને કાઉન્સેલિંગ) કરવાથી વિદ્યાર્થી સફળતાપૂર્વક સ્ટ્રેસનો સામનો કરી શકે છે. મનોચિકિત્સકની સારવારથી વિદ્યાર્થિનીના આંતરિક પરિબળની ક્ષમતામાં વધારો થયો. બાહ્ય પરિબળ (પરીક્ષા) એ જ રહેવા છતાં વિદ્યાર્થિની સ્ટ્રેસનો સફળતાપૂર્વક સામનો કરી શકી અને પરીક્ષામાં પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ થઈ શકી.

### • શિક્ષણ – ૨૧મી સદીમાં :

અત્યારના સમયમાં શિક્ષણ પુસ્તકિયા જ્ઞાન મેળવવાનું સાધન થઈ ગયું છે. વ્યક્તિત્વના ઘડતર કે વિકાસ પર ધ્યાન અપાતું નથી. બાળક એક પછી એક ધોરણ ઊંચા માર્કસે પાસ કરતું જાય છે. ડિગ્રી મેળવે છે. સારી નોકરી પણ મેળવે છે. પણ એનો એકાંગી વિકાસ થાય છે. સર્વાંગી વિકાસ નથી થયો હોતો એટલે જીવનની પરીક્ષામાં મોટાભાગે એ નિષ્ફળ જાય છે. જીવનમાં વિપદા આવે, વિટંબણા આવે, વિષમતા સર્જાય ત્યારે એ નિરાશ થઈ જાય છે, હતાશામાં ડૂબી જાય છે ત્યારે એનું ટેકિનકલ જ્ઞાન એને ઉગારી શકતું નથી. સમગ્ર જીવનનો વિચાર કરે એવી વિચારશક્તિ બાળકના વ્યક્તિત્વમાં ખીલવી જોઈએ.

### • શિક્ષણ – સદીઓ પહેલાં :

સદીઓ પહેલાના સમયમાં શિક્ષણ એ વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસનું મહત્ત્વનું પગલું હતું. રાજાના દીકરાને પણ ઋષિમુનિના આશ્રમમાં ભણવા જવું પડતું હતું. ત્યાં ગરીબ કે તવંગર વિદ્યાર્થીઓમાં કોઈ ભેદભાવ ન હતો. સુદામા-શ્રીકૃષ્ણનો કિસ્સો આનું જ્વલંત ઉદાહરણ છે. રાજા કે તવંગરના દીકરાને પણ આશ્રમમાં સામાન્ય વિદ્યાર્થી તરીકે રહેવું પડતું હતું તથા કામ કરવું પડતું હતું. શિક્ષણની આ પદ્ધતિથી વ્યક્તિત્વનું ઘડતર તથા વિકાસ થતો હતો. ભવિષ્યમાં જો કોઈ મુશ્કેલી આવે તો એનો સામનો કરવાની શક્તિનો સંચાર આથી થતો હતો. ઋષિમુનિઓ શિક્ષક તથા માતાપિતાનો ભાગ ભજવતા હતા.

### (અ) અભ્યાસ વિષેના લક્ષણો :

(૧) ભણવામાં એકાગ્રતા (Concentration) ઓછી થઈ જાય. પહેલાની જેમ એકધારું કલાકો સુધી અભ્યાસ કરી ન શકાય.

(૨) પહેલા દિવસે વાંચેલુ બીજા દિવસે યાદ ન રહે.

(૩) એક ને એક પ્રકરણ બીજી વખત વાંચતાં હોય તો પણ આ પ્રકરણ પહેલી વખત વાંચતા હોય એવું મહેસૂસ થાય, ભૂલકણાપણું રહે (Forgetfullness).

(૪) એક પાનું કે પ્રકરણ વાંચતા તથા સમજવામાં વધારે સમય લાગે (grasping).

(૫) અભ્યાસમાં મન ન લાગે.

(૬) અભ્યાસ સિવાયનું વાંચવામાં સમય વેડફાઈ જવાય.

(૭) સમયપત્રક (Time Table) બનાવ્યું હોય એ પ્રમાણે અભ્યાસ ન થાય. જેથી સ્ટ્રેસ ઓર વધી જાય.

(૮) આત્મવિશ્વાસ ઓછો થઈ જાય.

(૯) અભ્યાસ કરતી વખતે વિચારોમાં વિદ્યાર્થી ખોવાઈ જાય.

(૧૦) "હું અભ્યાસ નહીં કરી શકું" "હું પાસ નહીં થઉં" "હું નાપાસ થઈશ" "હું પાસ થવાને લાયક નથી" વગેરે નકારાત્મક વિચારો આવે.

(૧૧) મનમાં અન્ય વિદ્યાર્થીઓ જોડે (અયોગ્ય) સરખામણી કર્યા કરે. મારા મિત્રો વધારે અભ્યાસ કરે છે, મારાથી આગળ નીકળી ગયા છે, એમને બધું આવડે છે, મને નથી આવડતું" વગેરે સરખામણીના વિચારો સતત આવ્યા કરે.

(૧૨) વિદ્યાર્થીની ક્ષમતા પ્રમાણે માર્કસ ન મળે.

(૧૩) ઘરે પ્રશ્નોના ઉત્તર વ્યવસ્થિતપણે લખી શકે પરંતુ પરીક્ષાના હોલમાં કે ક્લાસમાં આવડતું હોવા છતાં ઉત્તરો યાદ ન આવે તથા ઉત્તરો લખી ન શકે. ઘણી વખત ઉત્તરપત્ર કોરું જ મૂકી આવે (Performance Anxiety).

### (બ) માનસિક લક્ષણો :

(૧૪) મનમાં બેચેની રહે.

(૧૫) વિદ્યાર્થી નાની નજીવી બાબતોમાં ચિડાઈ જાય.

(૧૬) મન અસ્વસ્થ રહે. આનંદ, ખુશી ન રહે.

(૧૭) વિદ્યાર્થીના મનમાં અજંપો રહે.

(૧૮) મનગમતી પ્રવૃત્તિઓ ટી.વી. કાર્યક્રમ, સ્ટોરી બુક, રમત-ગમત વગેરેમાં રૂચિ ઓછી થઈ જાય.

### (ક) શારીરિક લક્ષણો :

(૧૯) ભૂખ ઓછી થઈ જાય.

(૨૦) ઊંઘમાં ખલેલ પહોંચે. ઊંઘ ઓછી થઈ જાય. ઘણી વખત ઊંઘ વધારે આવે. અભ્યાસ કરતી વખતે દિવસે પણ ઊંઘ આવે.

(૨૧) શારીરિક નબળાઈ લાગ્યા કરે.

*કટુ વાણી કરે કુટુંબને ધૂળ - ધાણી.*

(૨૨) માથું ભારે થઈ જાય. માથું દુઃખ્યા કરે.
(૨૩) છાતીમાં દુઃખાવો થાય.
(૨૪) શરીરમાં કળતર રહે.

- **નિદાન :**

ઉપરોક્ત વર્ણવેલા લક્ષણોમાંથી ૭ કે વધારે લક્ષણો હોય (ખાસ કરીને અભ્યાસના ક્ષેત્રના લક્ષણો હોય) તથા અભ્યાસ પર નકારાત્મક અસર થતી હોય (વિદ્યાર્થીની ક્ષમતા કરતા ઓછા ગુણાંક મળતા હોય) તો વિદ્યાર્થી સ્ટ્રેસ ડીસઓર્ડરની બીમારીથી પીડાય છે.

યોગ્ય સારવારની આ વિદ્યાર્થીને જરૂરત છે. ફક્ત સમજણ નહીં પરંતુ કારણોમાં જવાને બદલે યોગ્ય સારવાર કરવાની જરૂરત છે (રૂપલનો કેસ) જેથી લાંબા ગાળાના નકારાત્મક પરિણામો અટકાવી શકાય અને ભવિષ્યમાં વ્યક્તિત્વ પર નકારાત્મક અસર ન થાય.

- **કારણો :**

આધુનિક સંશોધનોએ પુરવાર કર્યું છે કે ભણતરના સ્ટ્રેસની (સ્ટ્રેસ ડીસઓર્ડરની) બીમારીમાં શારીરિક ફેરફારો થાય છે. મગજમાં આવેલા મનના અવયવોમાં ફેરફારો થાય છે.

શારીરિક પરિબળો તથા વિદ્યાર્થીના વ્યક્તિત્વના પરિબળોનો સમન્વય થાય ત્યારે બીમારી થવાની શક્યતા છે અન્યથા નહીં.

**(અ) શારીરિક પરિબળો :**

**(૧) અનુવાંશિકતા (Genetics) :** વ્યક્તિ/ વિદ્યાર્થી જોડે લોહીનો સંબંધ ધરાવતા કુટુંબીજનોમાં હતાશાની બીમારી (Depressive Disease) તથા વારંવારના ગભરામણના હુમલાની બીમારીના (Panic Disorder) કિસ્સા વધારે હોય છે.

સ્ટ્રેસ ડીસઓર્ડર બીમારીના જીન્સ (genes), ક્રોમોઝોમ્સ (Chromosomes) ને લીધે મનના અવયવો પ્રમાણમાં નબળા હોય છે. રોજિંદા જીવન વ્યવહારમાં એના લીધે તકલીફ થતી નથી. પરંતુ સ્ટ્રેસનું પ્રમાણ થોડું પણ વધારે થાય તો એ વ્યક્તિ/વિદ્યાર્થી બીમાર પડે છે જ્યારે નોર્મલ સામાન્ય વ્યક્તિ (જેમાં બીમારીના જીન્સ, ક્રોમોઝોમ્સ નથી) એજ સ્ટ્રેસનો સામનો કરી શકે છે અને બીમાર પડતી નથી.

(૨) મનના અવયવોમાં ન્યુરોટ્રાન્સમીટર્સના ફેરફારો : મનના કાર્યો જેવાં કે વિચારો, લાગણી, એકાગ્રતા, ગ્રહણશક્તિ, નિર્ણયશક્તિ, સ્મરણશક્તિ, વર્તણૂક વગેરે મગજમાં (Brain) આવેલા મનના (Mind) અવયવો (પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, એમીગડેલા, હિપોકેમ્પસ, હાઈપોથેલામસ, મેમરી ગ્લેન્ડ, લોક્સ સેરુલિયસ વગેરે) દ્વારા થાય છે.

આ બીમારીમાં ઉપરોક્ત મનના અવયવોમાં કદ, રચનામાં ફેરફારો થાય છે. આથી ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં વધઘટ થાય છે. ઉપરોક્ત મનના કાર્યોમાં નકારાત્મક અસર થાય છે જે બીમારીના લક્ષણો રૂપે બહાર આવે છે.

**(બ) વ્યક્તિત્વના પરિબળો :**

(૧) વાસ્તવિકતા કરતા વધારે અપેક્ષા : વિદ્યાર્થીને આગળ પરીક્ષામાં ૬૦-૭૦% જેટલા ગુણાંક મળ્યા હોય અને આ વર્ષે ૯૦% ગુણાંકની અપેક્ષા રાખે તો આ અવાસ્તવિક અપેક્ષાને લીધે સ્ટ્રેસનું નિર્માણ થાય છે. અપેક્ષા અને વાસ્તવિકતા વચ્ચે જેમ અંતર વધારે તેમ સ્ટ્રેસ વધારે.

ભણવાની ક્ષમતાનું પૃથક્કરણ (ભણવામાં રૂચિ, વાંચવાની તથા ગ્રહણશક્તિની ક્ષમતા, આગળના પરીક્ષાના પરિણામો વગેરે) કરી યોગ્ય અપેક્ષા રાખવાથી સ્ટ્રેસનું નિર્માણ નહીં થાય.

(૨) બીજા વિદ્યાર્થીઓ જોડે સરખામણી : પોતાનાથી સારા ગુણાંક મેળવનાર વિદ્યાર્થી જોડે સરખામણી કરવાથી વિદ્યાર્થીમાં આત્મસન્માન, આત્મવિશ્વાસ ઓછો થાય છે. જેથી વિદ્યાર્થીની ભણવાની ક્ષમતા હોય તેનાથી પણ ઓછી થાય છે અને સ્ટ્રેસ વધે છે.

(૩) લક્ષ પરિણામ પર : પરિણામ પર લક્ષ કેન્દ્રિત કરવાથી સ્ટ્રેસનું નિર્માણ થાય છે તથા સ્ટ્રેસ વધે છે. ભણવાનું કાર્ય વિદ્યાર્થીના હાથમાં (કાબૂમાં) છે. પરિણામ વિદ્યાર્થીના કાબૂમાં નથી. જે પ્રસંગ આપ પોતાના કાબૂમાં નથી એના વિષે અપેક્ષા રાખવાથી સ્ટ્રેસનું નિર્માણ થાય છે.

(૪) પરીક્ષાના હોલમાં સમય-મર્યાદામાં બધા ઉત્તરો લખવાની અણઆવડત : પરીક્ષા વખતે સમય મર્યાદામાં બધા ઉત્તરો લખવાના હોય છે. ઘણા વિદ્યાર્થીઓ આવડતું હોવા છતાં બધા ઉત્તરો લખી શકતા નથી જેથી ગુણાંક ઓછા મળે છે. સમય મર્યાદામાં ઉત્તરો લખવા પણ એક કળા છે.

(૫) માતા-પિતા વડીલોનું વલણ : માતાપિતા/વડીલો વિદ્યાર્થીને વારંવાર/નિયમિત સલાહ આપતાં જ હોય છે. એમને એમ લાગતું હોય છે કે અમે એના સારા માટે કરીએ છીએ.

વધારે મહત્ત્વનું છે કે વિદ્યાર્થીને એ સલાહની જરૂરત છે કે નહીં. વિદ્યાર્થી આ સલાહોનું અર્થઘટન (Perception) કઈ રીતે કરે છે – હકારાત્મક કે નકારાત્મક અર્થમાં? મોટા ભાગના વિદ્યાર્થીઓએ અમને જણાવ્યું છે કે એમને માતાપિતા/વડીલોની આ સલાહો ટોક ટોક લાગે છે. એમનામાં સ્ટ્રેસ નિર્માણ કરે છે. આથી વિદ્યાર્થી માતાપિતા/વડીલો જોડે જરૂરત પૂરતો જ સમય ગાળે છે બાકીનો સમય બહાર રહે છે.

માતાપિતા/વડીલોનું વલણ વિદ્યાર્થી માટે સ્ટ્રેસ નિર્માણ કરે છે જેની ભણતર પર નકારાત્મક અસર થાય છે.

ઉપરોક્ત કારણોની જાણકારી વ્યક્તિગત રીતે સારવારમાં મદદરૂપ થાય છે.

- **સારાંશ :**

ભણતરનું સ્ટ્રેસ એક બીમારી છે. લક્ષણો પરથી નિદાન કરવું જરૂરી છે. જેથી યોગ્ય સારવાર થઈ શકે તથા વિદ્યાર્થી ભવિષ્યમાં ગુણવત્તાભર્યું જીવન માણી શકે.

સારવાર બાબત હવે પછીના લેખમાં ચર્ચા કરીશું

*મનોસ્મૃતિ પોલીક્લિનિક 'પ્રભુકૃપા'*
*એલ.બી.એસ.માર્ગ*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*ધીરજ રાખો, સફળતા જરૂર મળશે.*

જીવન ચરિત્ર

# જયકૃષ્ણ ઇન્દ્રજી – એક ઋષિ સંશોધક

• હરેશ ધોળકિયા •

## • પ્રાસ્તાવિક :

આપણે જો ઈતિહાસનો અભ્યાસ કરીએ અથવા કરવાનો પ્રયાસ કરીએ, તો ઈતિહાસમાં એક વિશિષ્ટ બાબત જોવા મળશે. દર ત્રણસો-ચારસો વર્ષે ઈતિહાસમાં એક વળાંક આવતો હોય છે. પચાસ-સો વર્ષનો એક લાંબો સમય-પટ્ટો આવતો હોય છે જ્યારે સમગ્ર દુનિયામાં પ્રતિભાશાળી લોકોનું આગમન થતું હોય છે. તેઓ દરેક ક્ષેત્રમાં પ્રગતિ થાય તેવા વિચારો અને કાર્યો કરે છે જે પછીના સમયને પ્રભાવિત કરે છે. છેલ્લાં હજાર વર્ષનો જ માત્ર વિચાર કરીએ તો અગિયારમી સદી, ચૌદમી સદી અને સત્તર અને અઢારમી સદીમાં આવું જોવા મળે છે. ચૌદમી સદીમાં અકબર, તુલસીદાસ વગેરે અનેક અદ્‌ભુત લોકો થઈ ગયા. તો અઢારમી સદીમાં લગભગ ૧૮૫૦થી ૧૯૫૦ દરમ્યાન પણ ભારત અને વિશ્વમાં અનેક પ્રતિભાશાળી લોકો થઈ ગયા જેમણે અનેક ક્ષેત્રોમાં પોતાનો મહત્તમ ફાળો આપ્યો. ગાંધીજી, આઈન્સ્ટાઈન વગેરેનાં તો આપણે નામ જાણીએ છીએ, પણ એવા તો અનેક નામી-અનામી લોકોએ ફાળો આપ્યો છે.

આ સમય (૧૮૫૦થી ૧૯૫૦) દરમ્યાન કચ્છમાં પણ કેટલાક લોકો થઈ ગયા. જેમણે પણ વિવિધ ક્ષેત્રોમાં પોતાનો અનન્ય ફાળો આપ્યો છે. તેમાં શ્યામજી કૃષ્ણવર્મા, પ્રો. કે.ટી. શાહ, યુસુફ મહેરઅલી વગેરેનાં નામ આપી શકાય. આ લોકોએ રાષ્ટ્રીય કક્ષાએ કામ કર્યું, તો એવા લોકો પણ થઈ ગયા જેમણે સ્થાનિક ક્ષેત્રે કામ કર્યું. અને એવા લોકો પણ થઈ ગયા જેમણે સ્થાનિક અને અન્યત્ર પણ કામ કર્યું.

આવાં અદ્‌ભુત વ્યક્તિત્વોમાં શ્રી જયકૃષ્ણ ઈન્દ્રજીનું નામ પણ ગૌરવપૂર્વક લઈ શકાય છે. તે કચ્છના હોવા છતાં તેમણે અન્યત્ર પણ પોતાના ક્ષેત્રમાં પુષ્કળ કામ કર્યું અને કીર્તિ પ્રાપ્ત કરી. અને તેમનું ક્ષેત્ર હતું વનસ્પતિશાસ્ત્ર.

## • જીવન :

જયકૃષ્ણ ઈન્દ્રજીનો જન્મ ૧૭ સપ્ટેમ્બર, ૧૮૪૯માં, વિજયાદશમી (દશેરા)ના દિવસે લખપતમાં થયો હતો. તે અંગ્રેજી ચાર ધોરણ (આજનાં આઠ ધોરણ) સુધી ભણ્યા હતા. ગરીબીના કારણે તે આગળ અભ્યાસ ન કરી શક્યા. અલબત્ત, ઘેર બેસી તેમણે સંસ્કૃત ફારસી અને સંગીતનો અભ્યાસ કર્યો હતો. એટલે કહી શકાય કે બાળપણથી જ તે અભ્યાસપ્રેમી હતા.

તેમને વનસ્પતિશાસ્ત્રનો પરિચય હૂકર રચિત ગ્રંથ "ધ ફર્સ્ટ બુક ઓફ બોટની" દ્વારા થયો હતો. ત્યાર પછી તે પ્રખ્યાત પુરાતત્ત્વશાસ્ત્રી પંડિત ભગવાનલાલજીના સંપર્કમાં આવ્યા. તે વનસ્પતિશાસ્ત્રનું જ્ઞાન પણ ધરાવતા હતા. તેમના સાથે જયકૃષ્ણજી ફરતા, ત્યારે તે આસપાસની વનસ્પતિઓનો અભ્યાસ કરતા, તેના નમૂના એકઠા કરતા અને ભગવાનલાલજીની મદદથી જ્ઞાન મેળવતા. સાથે વનસ્પતિશાસ્ત્રનાં અનેક પુસ્તકોનો પણ અભ્યાસ કર્યો.

પંડિત ભગવાનલાલે તેમને મુંબઈ ગ્રાન્ટ મેડિકલ કોલેજના વનસ્પતિશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. સખારામ સાથે પરિચય કરાવ્યો. તેમના કારણે તે બીજા પણ અનેક સંશોધકોના પરિચયમાં આવ્યા હતા. આ સમય દરમ્યાન તેમણે ડૉ. રૂસ્તમજી ખોરીને "મટિરિયા મેડિકા" ગ્રંથ લખવામાં પણ મદદ કરી હતી.

૧૮૬૬માં તે પોરબંદર રાજ્યમાં જંગલ અને બગીચા વિભાગના ક્યુરેટર તરીકે નિમાયા. અહીં તેમણે બરડા ડુંગરની વનસ્પતિઓનો અભ્યાસ કર્યો. ત્યાંથી ૧૯૦૪માં નિવૃત થયા પછી તેમણે સંશોધનના આધારે "વનસ્પતિશાસ્ત્ર" નામનો દળદાર ગ્રંથ લખ્યો. નિવૃત્તિ પછી કચ્છમાં આવ્યા અને મહારાવ ખેંગારજી ત્રીજાના સંપર્કમાં આવ્યા. અહીં પણ તે સમગ્ર કચ્છમાં ઘૂમ્યા અને વનસ્પતિઓનો અભ્યાસ કરી "કચ્છ સ્વસ્થાનની વનસ્પતિઓ" નામનો અદ્‌ભુત ગ્રંથ પ્રકાશિત કર્યો.

આ ઉપરાંત, તેમણે કચ્છનાં રણને આગળ વધતું રોકવા, જમીનને રણમાં ફેરવાતી અટકાવવા અને સતત ઊડતી રેતીની સમસ્યા નિવારવા ખાસ વનસ્પતિઓ શોધી તેનું રણમાં વાવેતર કરાવ્યું. કચ્છમાં તેમણે 'વૃક્ષારોપણ મંડળ' ની પણ સ્થાપના કરેલ. કચ્છમાં અનેક સ્થળોએ વન સંવર્ધન પણ કરાવેલ. મહાત્મા ગાંધી કચ્છમાં આવેલ ત્યારે તેમના હસ્તે વડનું રોપણ કરાવેલ. ગાંધીજીએ તેમના અદ્‌ભુત કાર્યની નોંધ લઈ તેમને "ગુજરાતનું ભૂષણ" કહેલા. મહાદેવ દેસાઈએ પણ તેમની પ્રશંસા કરેલ. ગોકુળદાસ બાંભડાઈ, વૈદ્ય બાપાલાલ વૈદ્ય વગેરે તેમના શિષ્યો હતા.

આ બધાં કાર્યોના પરિણામે તે સમગ્ર ભારતમાં પ્રખ્યાત વનસ્પતિશાસ્ત્રી તરીકે પ્રખ્યાત થઈ ગયા હતા. બનારસ યુનિવર્સિટી અને ગુજરાત વિદ્યાપીઠમાં મદનમોહન માલવિયા અને ગાંધીજીએ તેમને વક્તવ્ય આપવા ખાસ આમંત્રણ આપેલ.

તેમણે ૩૭ વર્ષે લગ્ન કરેલ. તેમનાં ત્રણ સંતાન હતાં - બે પુત્ર અને એક પુત્રી. પુત્રો નાની ઉંમરે અવસાન પામેલ. પુત્રી તેમના મૃત્યુ પહેલાં થોડા સમય પહેલાં જ મૃત્યુ પામેલ. પુત્રીના અવસાનથી આઘાત પામ્યા અને ૮૧મા વર્ષે ૩ ડિસેમ્બર, ૧૯૨૯ના ભુજમાં મૃત્યુ પામ્યા.

## • ઉત્તમ સંશોધક :

સંશોધક હોવા માટે આમ તો વૈધિક તાલીમની જરૂર હોય છે. પણ જેમના પાસે સાચી જિજ્ઞાસા હોય છે, તેમને કદાચ તાલીમ

*તમામ સુખ પરમાત્માનાં શરણમાં છે.*

ન પણ મળે, તો પણ તેઓ કેવળ જિજ્ઞાસા અને મહેનતના આધારે પણ ઉત્તમોત્તમ સંશોધક બની શકે છે. વિશ્વમાં અનેક એવા દાખલા છે જેમાં સંશોધકે કોઈ શાસ્ત્રીય તાલીમ નહોતી મેળવી, છતાં ઉતમ સંશોધક તરીકે નામના મેળવી.

જયકૃષ્ણ ઈન્દ્રજી પણ આવા સ્વ-પ્રેરિત સંશોધક હતા. શાળાકીય શિક્ષણ ખૂબ જ ઓછું મેળવેલ. છતાં જિજ્ઞાસા, અવલોકન, અભ્યાસ અને કઠોર મહેનતની મદદથી તે વનસ્પતિશાસ્ત્રી બન્યા.

- **બાહ્ય પરિબળો :**

અભ્યાસવૃતિ કેળવાય તેમાં અનેક પરિબળો પણ કામ કરતાં હોય છે. તેમાં મહત્ત્વનો ભાગ કુટુંબ પણ ભજવે છે. જયકૃષ્ણને પણ કૌટુંબિક પરિસ્થિતિએ મદદ કરી હતી. તેમના ત્રણ ભાઈઓની વિદ્વતા જ પ્રેરક હતી. મોટાભાઈ રામકૃષ્ણ પુરાણ અને ભાગવતના અભ્યાસી હતા. બીજા ભાઈ પરમાનંદ વેદાંતી, કર્મકાંડી અને જ્યોતિષ હતા. ત્રીજા ભાઈ ભાણજી સંસ્કૃતના વિદ્વાન અને સંગીતપ્રેમી હતા. આમ, તેમની આસપાસનું પર્યાવરણ જ પાંડિત્યથી છલકાતું હતું. એટલે, ભલે તે કેવળ ચાર ધોરણ સુધી જ ભણ્યા, છતાં જિજ્ઞાસાવૃતિ, કુશાગ્ર બુદ્ધિ અને તીવ્ર સ્મરણશક્તિના કારણે બાહ્ય અભ્યાસની ઉણપને તે અતિક્રમી શક્યા હતા.

મથુરાની એક મુલાકાતથી તેમને વ્રજભાષા અને હિન્દીનો અભ્યાસ કરવાની તક મળી. તેના કારણે તેમને કવિતા, છંદ, દોહા વગેરે મોઢે થઈ ગયા અને વિજ્ઞાન સાથે સૌંદર્યનું પણ શિક્ષણ મળ્યું જેનો પરિચય તેમના વનસ્પતિશાસ્ત્રના એક ગ્રંથમાં જોવા મળે છે. તેમાં તે લખે છે : "જેમ આપણે એક નાનાં બચ્ચાંને શુદ્ધ અંતઃકરણના પ્યારથી બોલાવીએ છીએ, તો તે આપણી સાથે પ્રસન્નતાથી વાત કરે છે. તેમ વનસ્પતિનું પણ છે. જ્યારે આપણે વનસ્પતિને પ્રેમથી આપણી પાસે રાખી બૃહદદર્શક કાચથી તેનાં અવયવો અને તેની રચના ઈશ્વરની લીલા જોવાના ભાવથી જોઈએ છીએ, ત્યારે તેમાં ખરેખર તલ્લીન થઈ જવાય છે. આનંદથી આપણું હૃદય છલકાઈ જાય છે. એ અવર્ણનીય હોય છે."

પંડિત ભગવાનલાલનો સંપર્ક તેમના માટે જિંદગીનો વળાંક બન્યો. તેના કારણે જ તેમની સંશોધનવૃત્તિને વેગ મળ્યો. તેનાથી તેમને પ્રયોગાત્મક અનુભવ અને આંતરદૃષ્ટિ મળ્યાં. અંગ્રેજ અને ભારતીય વિદ્વાનોના સંપર્કથી તેમનામાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાયો. મુંબઈમાં ડૉ. સખારામના સંપર્કથી તો તેમને નવી જ દિશા મળી. સખારામે તેમની જિજ્ઞાસાવૃત્તિને ઓળખી લીધી અને ખૂબ જ પ્રોત્સાહન આપ્યું. અહીંથી તેમનું ઊંડાણભર્યું કામ શરૂ થયું. અહીંથી તે અનેક સ્થળોએ જતા, વનસ્પતિના નમૂના એકઠા કરતા અને તેને સમજતા. ન સમજાય તો પરખ માટે પૂના અને કલકત્તા મોકલતા. ત્યાંની પ્રયોગશાળાઓનો લાભ લેતા. આ સમય દરમ્યાન મુખ્યત્વે તે મુંબઈ રહ્યા, પણ વનસ્પતિ પ્રેમે તેમને પશ્ચિમ ભારત, સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક સ્થળોએ ફેરવ્યા. એટલે તેમનું સંશોધન ઊંડાણ સાથે વ્યાપક પણ બન્યું. પરિણામ એ આવ્યું કે તેમની વિદ્વતાથી અંજાઈ અનેક ભારતીય અને વિદેશી વિદ્વાનો તેમને ખૂબ જ આદર આપતા. ગુજરાતના તે પ્રથમ વનસ્પતિશાસ્ત્રી બન્યા અને દેશ-વિદેશમાં પણ વનસ્પતિશાસ્ત્રના ઉતમ જ્ઞાતા તરીકે પ્રસિદ્ધ થયા.

આ અભ્યાસવૃત્તિનું પરિણામ પોરબંદર અને કચ્છમાં જોવા મળ્યું અને બે ઉતમ ગ્રંથો મળ્યા. આ બન્ને ગ્રંથોમાં તેમણે હજારથી વધારે વનસ્પતિઓનો ઊંડો અભ્યાસ કર્યો અને વૈજ્ઞાનિક રીતે સમજાવી.

તેમની સંશોધક વૃત્તિ વ્યવહારમાં પણ દેખાતી. તે પોતાના મહેમાનો અને મિત્રોને "નીગ્રો કોફી" પીવડાવતા. તે કાસુંદરાના બીજમાંથી બનાવતા. તે આયુર્વેદિક રીતે પણ આરોગ્યપ્રદ હતી. તે સાથે તેમણે કચ્છની સૂકી જમીનને હરિયાળી કરવા, ખારી જમીનને નવસાધ્ય કરવા અને ડુંગરો પર વનરાજી ઊગાડવા અનેક યોજનાઓ તૈયાર કરી હતી. તેના પ્રયોગો પણ કર્યા હતા. માંડવીનો વિજયવિલાસ મહેલ તેનો આજે પણ સાક્ષી છે.

આ રીતે જયકૃષ્ણજીની સંશોધનવૃત્તિને શરૂઆતથી જ મોકળું મેદાન મળેલ. પણ મહત્ત્વની વાત એ છે કે તેમણે તેનો જીવનની પળેપળ લાભ લીધો અને પોતે તો ખૂબ શીખ્યા જ, સાથે સમાજને પણ પ્રદાન કર્યું.

- **તેમની સંશોધન પદ્ધતિ :**

જયકૃષ્ણ ઈન્દ્રજી એક શુદ્ધ વૈજ્ઞાનિક સંશોધક હતા. વનસ્પતિશાસ્ત્રમાં તેમણે જે કામ કરેલ છે, તે કંઈ આડેધડ કામ નથી કરેલ. શુદ્ધ વૈજ્ઞાનિક રીતે, અત્યંત ઝીણવટથી, વૈજ્ઞાનિક અભિગમથી અને શાસ્ત્રીય પદ્ધતિથી કરેલ છે. તેમનો કચ્છની વનસ્પતિ વિશેનો ગ્રંથ તપાસીએ તો તેમાંનું સમગ્ર લખાણ તેની સાક્ષી આપે છે. થોડાં ઉદાહરણો જોઈએ...

★ પ્રથમ તો તે સમગ્ર કચ્છમાં ફર્યા. જ્યાં ગયા ત્યાંની વનસ્પતિ એકઠી કરી. તેની માહિતી મેળવી. કચ્છી નામ મેળવવા ખાસ મહારાવ ખેંગારજી પાસે પણ ગયા.

★ પછી તેમણે બે પુસ્તકની કલ્પના કરી. નાનું પુસ્તક અને મોટું પુસ્તક. બન્ને માટે અલગ પત્રક તૈયાર કર્યા.

★ મોટું પુસ્તક તૈયાર કરવા તેની અનુક્રમણિકા તૈયાર કરી. તેમાં દસ પ્રકરણ નક્કી કર્યા. તેમાં કચ્છની જડીબુટ્ટીઓ, બાગાયતી વનસ્પતિઓ, જંગલી ઝાડી, જંગલો, આવળ અને બાવળ, ચેરિયાં, રેતી અટકાવવા દેશી સરુ અને કેસુરિયાનાં ઝાડ, નારિયેળ અને ખેતીવાડી વિષયક રાસાયણિક માહિતીનો સમાવેશ કર્યો.

★ દરેક પ્રકરણની માહિતીમાં આ બાબતોનો સમાવેશ કર્યો :

- ✦ વનસ્પતિનો નૈસર્ગિક વર્ગ
- ✦ તેનાં દેશી-વિદેશી નામો.
- ✦ અન્યત્ર તે વનસ્પતિનો ઉલ્લેખ
- ✦ વનસ્પતિનું ટૂંકું વર્ણન.
- ✦ તે ઉગવાનું સ્થાન.

*તમારાં જ્ઞાનને બીજા સુધી પહોંચાડો.*

- ✦ તેનો ઔષધાદિ ઉપયોગ.
- ✦ તે વિશે વિશેષ વિવેચન.
- ✦ નર્સરી કેમ તૈયાર કરવી.
- ✦ જંગલ વિદ્યા - વિવિધ દૃષ્ટિથી.
- ✦ વાવણીની રીતો.
- ✦ ઊડતી રેતી અટકાવનાર વનસ્પતિઓની યાદી.
- ✦ ખારી જમીન સુધારણા પ્રક્રિયા.
- ✦ આ વનસ્પતિઓ ક્યાં જોવા મળશે.
- ✦ દરેક વનસ્પતિનાં ચિત્રો.
- ✦ એમાં ઉપયોગમાં લીધેલ પુસ્તકોની યાદી.

પછી તેમણે દરેક વનસ્પતિનાં નામોની ગુજરાતી, હિંદી, કચ્છી, અંગ્રેજી, સંસ્કૃત, ફારસી, મરાઠી યાદી આપેલ છે. આ યાદી જ તેમના પ્રત્યે આદર વધારી નાખે તેવી છે.

ત્યારબાદ જયકૃષ્ણજી દરેક પ્રકરણમાં જે તે વનસ્પતિ બાબતે સમજ આપે છે. દરેક વનસ્પતિને સમજાવવા માટે તે તેને આઠ રીતે સમજાવે છે : વર્ગ, સંખ્યાંક, દેશી-વિદેશી નામો, અન્યત્ર ઉલ્લેખ, વર્ણન, સ્થાનક, ઉપયોગ, વિશેષ વિવેચન. આ દરેક પર નજર કરીએ તો દેખાય છે કે તેમણે તે વનસ્પતિ બાબતે એટલી ઝીણવટથી અભ્યાસ કરેલ છે. તેમની અવલોકન શક્તિનાં અદ્‌ભુત દર્શન થાય છે. વિશેષ વિવેચનમાં તો જાણે કે ખીલે જ છે. તેમાં તેને લગતી કહેવતો વગેરે પણ દર્શાવે છે. દાખલા તરીકે 'આંબલી' વિશે લખે છે કે તેનાં ફળ 'સંકુડી' કહેવાય છે. માછી લોકો સંકુડી જાળને બાંધી તારુ તરીકે દરિયામાં તારે છે. તે પરથી ગોરખનાથના શિષ્યો તેમને વિનવે છે કે,

*"ગોરખ તોંજી આંબલી,*
*ફર મછીઆરા તારુ :*
*અસાં નિપજ અજાણ,*
*તુ તારૂથી જગ વાણ."*

એટલે કે, "હે ગુરૂ, તું વાણરૂપ થઈ અમે જે તદ્દન અજ્ઞાની છીએ તેને ભવસાગરથી તાર."

એ જ રીતે ખાખરાની વિશેષ માહિતી આપતાં તે વર્ડઝવર્થનું કાવ્ય ટાંકે છે :

***"Flowing that with a Scarlet gleam,***
***Cover a hundred leagues, and seem***
***To set the hills on fire."***

આગળ કહે છે કે યુધ્ધ મેદાન "પ્લાસી" નું નામ પણ પલાશ પરથી જ પડેલ છે.

અને પછી રસિકતાથી તે વિશે લખે છે... "આ એકનાં એક પવિત્ર અને મનનીય ઝાડની બે મનોહરા સ્ત્રીઓ છે. તે બન્ને બહેનો જ છે. મોટી બહેનનું નામ "પ્રૌઢા પલાશલતા" અને નાની બહેનનું નામ "મુગ્ધા પલાશલતા." બન્ને પતિવ્રતા છે. પોતાના પતિ જેવાં જ ભૂરાં મખમલી રંગની સુંદર ચકચકિત રૂંછાળવાળાં ત્રણ મોટાં વસ્ત્રો પોતાનાં સુંદર મરોડવાળાં પાતળાં અંગો પર પરિધાન કરે છે. વળી, બન્ને ચતુર સન્નારીઓએ, પોતાનો પતિ પોતા કરતાં વિશેષ સશક્ત હોવાથી આ ભવાટવીની લાંબી મુસાફરી દરમ્યાન મોટા પુત્રો (મોટી અને લાંબી શીંગો) નો ભાર તેને વહન કરવા દઈ, પોતે બાલપુત્રો (નાની અને ટૂંકી શીંગો) ને પોતની લટકારી વક્ર અંકોમાં ગ્રહણ કરી રાખે છે."

બહુ લાંબું વર્ણન છે તેનું તો! આ તો ઝાંખી છે.

અહીં સ્પષ્ટ જોઈ શકાય છે કે જયકૃષ્ણજી કેવળ શુષ્ક વનસ્પતિશાસ્ત્રી નથી. તે અનેક વિષયોમાં રસ ધરાવે છે. પોતે પણ રસિક છે. તેમનું મગજ બહુમુખી છે. તેનો પ્રભાવ આ વર્ણનો અને માહિતીમાં ઠેર ઠેર જોવા મળે છે.

- ✦ તેમણે શરદબાગની વનસ્પતિઓની યાદી પણ વૈજ્ઞાનિક રીતે કોઠામાં સ્પષ્ટ રીતે આપી છે.
- ✦ ક્યાંક જયકૃષ્ણજી શિક્ષક પણ બની ગયા દેખાય છે. ચોથા પ્રકરણ "જંગલ વિદ્યા" માં તેમણે સવાલ-જવાબની રીત અપનાવી વિગતોને સરળ રીતે સમજાવવાની સફળ કોશિશ કરી છે.

છેલ્લે વનસ્પતિઓનાં દોરેલાં ચિત્રો આપવામાં આવ્યાં છે. તે સૂચવે છે કે જયકૃષ્ણજીએ ખૂબ ઝીણવટથી તેનું નિરીક્ષણ કરી દોર્યા કે દોરાવ્યાં છે. તેની ચોખ્ખાઈ અને સ્પષ્ટતા આશ્ચર્ય પમાડે છે.

આમ, સમગ્ર પુસ્તક પર નજર કરતાં પાને પાને જ નહીં, દરેક લીટીમાં પણ તેમની શુદ્ધ અને શાસ્ત્રીય વૈજ્ઞાનિકતા દેખાય છે. એક શાળાકીય શિક્ષણ ન મેળવેલ પણ પ્રતિબદ્ધતા અને તીવ્ર મહેનતથી કામ કરે તો કેવાં શ્રેષ્ઠ પરિણામ લાવી શકે છે તેનો આ પુસ્તક નમૂનો છે. જયકૃષ્ણજી તેનો વૈયકિતક નમૂનો છે. સલામ ભરવાનું મન થાય તેમને.

### ★ ઋષિ-સંશોધક :

આપણે ત્યાં પ્રાચીન સમયમાં-આજ સુધી-કેટલાક લોકોને ઋષિ તરીકે સંબોધવાનો રિવાજ છે. "ઋષિ" એટલે જે વ્યક્તિ કોઈ એક વિષય પર, અથવા ક્યારેક અનેક વિષયો પર, એટલા ઊંડાણથી અભ્યાસ કરે અને તેના પર માસ્ટરી મેળવે, નિષ્ણાત થાય, કે તે તેના પ્રમાણભૂત વ્યક્તિ બની જાય. આ કરવા માટે તે તપસ્યા જ કરે. જીવનનાં સાદાં સુખોનો ત્યાગ કરે. પળે પળનો સંશોધનમાં જ ઉપયોગ કરે. તે માટે જે પણ તકલીફોનો સામનો કરવો પડે. તે કરે, પણ પોતાનું કામ ક્યારે ન છોડે. વશિષ્ઠ, વિશ્વામિત્ર, યાજ્ઞવલ્કય, કણાદ, વ્યાસ જેવા અનેક ઋષિઓના નામોથી વૈદિક અને પૌરાણિક સાહિત્ય છલકાય છે. તો વર્તમાનમાં જગદીશ બોઝ, સી.વી. રામન, ડૉ. કલામ જેવા અનેક લોકો પણ ઋષિવત રહ્યા છે. તેમના પ્રયાસોના પરિણામે જ દેશનું ગૌરવ વધ્યું છે.

જયકૃષ્ણ ઈન્દ્રજી પણ આવા જ એક ઋષિ-સંશોધક છે. તેમની તપસ્યા પણ ધ્યાન ખેંચે છે. તપસ્યાની વ્યાખ્યા છે, ગીતાના શબ્દોમાં, અભ્યાસ અને વૈરાગ્ય. જયકૃષ્ણજીના અભ્યાસની વાત તો આપણે જાણી છે. વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ કરવા તે ભગવાનલાલના સંપર્કમાં આવ્યા. તેમની સાથે સતત ફરતા. વનસ્પતિઓના નમૂના એકઠા કરતા. તે વિશે બધી જ માહિતી મેળવતા. ન સમજાય તો ભગવાનલાલને પૂછતા. છતાં ન સમજાય તો કલકત્તામાં પ્રયોગશાળાને મોકલી તપાસ કરાવતા. પણ પૂર્ણ જાણીને પછી જ જંપતા. ત્યાં સુધી સતત મહેનત અને અભ્યાસ પાછળ જ લાગી રહેતા. પોરબંદર

*પ્રેમને નદીની ધારાની જેમ વહેવા દો.*

કે કચ્છમાં પણ જતા ત્યારે સતત ડુંગરોમાં કે જંગલોમાં ફરતા. નવી માહિતી મેળવતા.

અભ્યાસનું બીજું પાસું હતું નોંધ. જે પણ જુવે, તપાસે, તે બધું જ નોંધી લેતા. અને તે એટલું રખડ્યા હતા અને એટલી વનસ્પતિઓ મેળવી હતી કે તેમની નોંધ વિશાળ હતી. પોતે જ એક જગ્યાએ કબૂલ કરેલ છે કે તેમની પાસે નોંધેલ છે તેમાંથી બહુ જ ઓછું લખી શકાયું છે. જીવનની છેલ્લી પળ સુધી તે અભ્યાસી જ રહ્યા. અરે, લખવાથી મુકત થઈ મથુરા-વ્રજનાં દર્શન કરવા ગયા, તો ત્યાં પણ આવેલ ગિરિરાજ પર્વતને તેમણે ભક્તિ સાથે જંગલખાતાંની અને સંશોધકની દૃષ્ટિએ જોયેલ અને ત્યાંની વનસ્પતિનું પણ વર્ણન કરેલ. આમ, તેમની આંખ વનસ્પતિઓ માટે જ બની ગઈ હતી તેમ કહી શકાય.

આ અભ્યાસની લગની એટલી કે સામાન્ય વ્યવહારુ બાબતોમાં વૈરાગ્ય જ રહેતો. મુંબઈમાં હતા ત્યારે ડૉ. સખારામના એક સાથી ડૉ. રૂસ્તમજી ખોરીને 'મટિરિયા મેડિકા' ગ્રંથ લખવામાં ખૂબ જ મદદ કરી હતી. પણ જ્યારે આ ગ્રંથ પ્રસિદ્ધ થયો, ત્યારે લેખકે તેમના નામનો ઉલ્લેખ જ કર્યો ન હતો. તેમણે આ બાબતે ક્યાંય ફરિયાદ નથી કરી. તેમની આ તટસ્થતા આકર્ષે છે.

આવી તમન્નાથી કામ કરનારાઓને જબરી તકલીફોનો અનુભવ થતો હોય છે. અનેક આઘાતોનો સામનો પણ કરવો પડતો હોય છે. તેમને પણ આ કામ કરવા દરમ્યાન અનેક તકલીફોનો સામનો કરવો જ પડ્યો હશે. અનેક વાર તેમની વાતોનો અસ્વીકાર થયો હશે. એની કોઈ નોંધ નથી. પણ છતાં તેમણે તો પોતાનું આ મિશન ચાલુ જ રાખ્યું, જીવનની છેલ્લી પળ સુધી. છેલ્લે તો પુત્રીનું મૃત્યુ તેમના માટે ફટકારુપ જ રહ્યું. પણ આ બધા વચ્ચે પણ તેમની સાધના વણથાકી રહી તે ઋષિ લક્ષણ છે.

ઋષિ-સંશોધકો જ અદ્‌ભુત પરિણામો લાવી શકતા હોય છે. ચરક, વાગ્ભટ્ટ, સુશ્રુત વગેરેના ગ્રંથો જોઈએ છીએ, ત્યારે નવાઈ લાગતી હોય છે કે આટલું વિશાળ છતાં ઝીણવટથી કેમ કામ કરી શક્યા હશે. પણ જયકૃષ્ણ ઈન્દ્રજીના ગ્રંથ પણ જોઈએ છીએ ત્યારે ખાતરી થાય છે કે ના, આ પૂર્વજોએ આવું શ્રેષ્ઠ કામ કર્યું જ હશે. કહેવાય છે કે ચરક વગેરે વૃક્ષ સામે બેસતા અને વૃક્ષ તેમની સાથે બોલવાનું શરૂ કરતું. જયકૃષ્ણજીનું લખાણ વાંચીએ છીએ, ત્યારે પણ એવો જ ભાસ થાય છે. વનસ્પતિ જાણે તેમની જ રાહ જોતી હશે અને જેવા તે તેની પાસે બેસતા હશે, તરત તે પોતાનું સઘળું રહસ્ય ખુલ્લું કરી દેતી હશે. આ જ ઋષિની તાકાત છે.

જયકૃષ્ણજીના ગ્રંથ પર નજર કરીએ છીએ ત્યારે પાને પાને આશ્ચર્યચકિત થવાય છે. એક વ્યક્તિ એક જિંદગીમાં કેટલું કરી શકે છે, અને તે પણ વૈધિક તાલીમ વિના કે અનેક તકલીફો વચ્ચે, તે તેમનું કામ કહે છે. તે પણ તેમને ઋષિવત્‌ બનાવે છે.

### ★ સમાપન :

શ્રી જયકૃષ્ણ ઈન્દ્રજીના જીવન-કવનનો અભ્યાસ આપણને સૂચવે છે કે જીવનની પળેપળનો ચોક્કસ હેતુથી ઉપયોગ કરવામાં આવે, તો જીવનમાં અનેકવિધ સિદ્ધિ મેળવી શકાય છે અને જીવનને સાર્થક બનાવી શકાય છે.

અંતે, ફરી ગાંધીજીએ તેમને આપેલ અંજલિથી જ તેમનું મૂલ્યાંકન કરીએ.

"The most pleasant function I was required to perform in Cutch was the planting of the trees and inauguration of a tree planting and protection society. The enterprise was due to the genius of one man. His name is Jaykrishna Indrajit. Gujarat has very few specialists. Of this Shri Jaykrishna is among the most distinguished. He is a lover of plant life. He is the author of an accurate work on the fauna and flora of the Barda hills in the Porbunder State. He is now forest officer in Cutch and is trying to interest the people of Cutch and the state in forestry. He believes that with judicious plantation Cutch can be turned into a land flowing with milk and honey. He is of opinion, and I venture to share his belief, that the parts which the wind ruins by turning them into sand heaps can be turned into gardens if its inhabitants will pledge themselves each to plant and rear so many trees per year as they buy and keep cows...They have a capable enthusiast to guide them." (Young India : 19-11-25)

એ જ રીતે ગાંધીજી ૨૨-૧૧-૧૯૨૫ ના 'નવજીવન' માં ફરી લખે છે, "Shri Jaykrishna Indrajit is making great efforts in this direction. He made me plant a tree in a lovely open space at some distance from Mandvi.... **He is a gem of Gujarat.** There are only few in Gujarat who are engrossed in their own field of activity. Shri Jaykrishna Indrajit enjoys a pride of place among such leading persons. He knows each tree and each leaf in Barda. He has such great faith in planting trees that he accords it a place of prime importance. And he believes that a great deal can be achieved by these means. His enthusiasm and his faith in this matter are infectious. I have long been infected by these."

કલ્પના કરો કે જેના ઉત્સાહથી ખુદ ગાંધીજીને પણ ચેપ લાગ્યો હતો, તે કેવી વ્યક્તિ હશે? ચેપ કેવળ પ્રતિબદ્ધ, મિશનરી વ્યક્તિ જ લગાવી શકે. જયકૃષ્ણજી એવા જ વ્યક્તિ હતા.

આજે જ્યારે તેમને અને તેમનાં આ અદ્‌ભુત પુસ્તકને શતાબ્દિ થઈ ગઈ છે, ત્યારે તેમના વિશે વધતું જતું અજ્ઞાન દેશની પ્રગતિ માટે ચિંતાજનક છે. દેશને સતત આવા મિશનરીઓની જરૂર હોય છે. તો જ દેશ નવી

*(અનુસંધાન : જુઓ પાના નં.-૪૮ ઉપર)*

*રહેણીકરણી દ્વારા જીવન વિશે શીખો.*

પર્યાવરણ

ઈન્ટરનેશનલ ઈયર ઓફ વોટર કો-ઓપરેશન – ૨૦૧૩

# સહકારથી જળસંપત્તિનું જતન અને સંરક્ષણ

● કિરણ ચાંપાનેરી 'સેતુ' ●

સી.ઈ.આઈ. એટેચ ટુ એચઓ, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ

સારોયે સંસાર સર્જાયો છે પંચમહાભૂતમાંથી. વાયુ, પાણી, પૃથ્વી, આકાશ અને અગ્નિ – આ વિશ્વનાં મૂળ પાંચ તત્ત્વો છે. વાયુના અભાવમાં થોડીક ક્ષણો, પાણી વગર થોડાક દિવસ અને ખોરાક વિના થોડાક માસ જીવન ટકી શકે. જીવન ટકાવવા આ પંચમહાભૂત તત્ત્વો અતિ આવશ્યક છે.

માનવ જીવનમાં ડગલે ને પગલે જળની જરૂરિયાત પડે છે. સવારથી સાંજ સુધીના દૈનિક જીવનકાર્યમાં પાણીનો વપરાશ વિચારીએ... આપણા પ્રત્યેક કાર્યમાં પાણી અનિવાર્ય છે. ખેતીમાં સિંચાઈ માટે ૭૩ ટકા, ઉદ્યોગોમાં ૧૬ ટકા અને ઘર વપરાશમાં ૭ ટકા પાણી વપરાય છે. જ્યારે ૪ ટકા પાણીનો બગાડ થાય છે, વેડફાય છે.

વિશેષતા તો એ છે કે સૌરમંડળના બધાયે ગ્રહોમાં માત્ર આપણી પૃથ્વી ઉપર જ જળનું અસ્તિત્વ છે! અને આ જળ છે તો જીવન છે. પૃથ્વીની ૭૦ ટકા સપાટી ઉપર જળ પથરાયેલું છે અને ૩૦ ટકા ભૂમિવિસ્તાર છે. પૃથ્વી પરના કુલ જળ હિસ્સાનો ૯૬.૫ ટકા સાત સમુદ્રો મહાસાગરોમાં હિલોળા લે છે. ૧.૭ ટકા હિસ્સો ધ્રુવીય હિમખંડો, હિમનદીઓ અને સ્થાયી હિમભંડારોના રૂપે અસ્તિત્વ ધરાવે છે. જ્યારે ૧.૭ ટકા જળ ભૂમિગત સરોવર, ઝરણાં અને નદીઓમાં છે. જેમાંથી માત્ર ૦.૦૮ ટકા જ પાણી મનુષ્યના સીધા ઉપયોગ માટે પ્રાપ્ય છે. આમ જોઈએ તો જળ આપણી સૌથી મૂલ્યવાન કુદરતી સંપત્તિ છે.

સંસારની જીવસૃષ્ટિ માટે જળની અગત્યતા પિછાણી સંયુક્ત રાષ્ટ્રસંઘે (યુનો) વર્ષ - ૨૦૧૩ ને 'ઈન્ટરનેશનલ ઈયર ઓફ વોટર કો-ઓપરેશન' તરીકે ઉજવવાનું ઘોષિત કર્યું છે. ભારતવર્ષમાં પ્રાચીનકાળથી કુદરતી જળસ્રોત સમી નદીઓને માતાનું સ્થાન અપાયું છે! ગંગામૈયા, યમુનામૈયા, નર્મદામૈયા... પણ પવિત્ર મનાતી આ નદીઓને સ્વચ્છ અને સુંદર રાખવાની આપણે સભાનતા રાખી નથી. નદીઓને પ્રદૂષિત કરવામાં પાછું વળીને આપણે જોયું નથી.

પાણી આટલું મહત્ત્વનું હોય તો આપણે તેના વપરાશ, ઉપયોગમાં સભાનતા અને જાગરૂકતા દાખવવી જોઈએ. 'આંતરરાષ્ટ્રીય જળ સહયોગ વર્ષ ૨૦૧૩' ની ઉજવણી વિશ્વભરમાં આખું વર્ષ કરવાની છે. એટલે આપણે સૌએ સહકારથી પાણીને બચાવવાના ભગીરથ પ્રયાસો કરવાના છે. વ્યક્તિગત રીતે, સ્વૈચ્છિક સંસ્થાકીય, રાજ્ય શાસન દ્વારા પાણીને બચાવવાના પ્રયાસો જ નહીં પણ સૌના સહકારથી પાણીને પ્રદૂષિત થતું અટકાવવાનું છે. પવિત્ર લેખાતી નદીમાતાઓને અને જળાશયોને સ્વચ્છ, સુંદર અને રળિયામણાં રાખવાનાં છે. આપણી આસપાસના કુદરતી જળસ્રોતોને સ્વચ્છ રાખવાની નૈતિક જવાબદારી પ્રત્યે સભાનતા દાખવવાની છે. આમ થાય તો જ ભાવિ પેઢીને સમૃદ્ધ અને સ્વચ્છ જળભંડારોનો વારસો આપી શકીશું.

પાણી કુદરતી મહત્ત્વની સંપત્તિ હોઈ આપણે સૌએ તેના ટ્રસ્ટી બની જતન અને સંરક્ષણ કરવાનું છે. પાણીના ટીપેટીપાનો કાર્યક્ષમ ઉપયોગ થાય તે જોવું જોઈએ. રોજિંદી વપરાશમાં પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરવો જોઈએ. ઘરમાં ટપકતાં નળનું પાણી બંધ કરી, પાણીના બુંદેબુંદને બચાવવા પ્રયાસ કરીએ. વરસાદી પાણીનો સંગ્રહ કરવો જોઈએ. ઘરનું પાણી ઘર ટાંકામાં, ફળિયાનું પાણી ફળિયાના ડંકી-બોરવેલમાં, ગામનું પાણી તળાવમાં અને ખેતરનું પાણી ખેતતલાવડી કે કૂવા રિચાર્જ કરીને પાણીને વહેતું અટકાવી બચાવી શકાય.

ઇન્ડિયન નેશનલ કમિટી ઓફ ઇરિગેશન એન્ડ ડ્રેનેજના અહેવાલ મુજબ ભારતમાં દર વર્ષે સરેરાશ ૪,૨૬૦ ક્યૂબિક કિ.મી. વરસાદ પડે છે. જેમાંથી ૧,૮૮૦ ક્યૂબિક કિ.મી. પાણી નદીનાળાઓમાં વહી જાય છે, ૧,૨૫૮ ક્યૂબિક કિ.મી. પાણી બાષ્પીભવન પામી ઊડી જાય છે અને ૬૯૦ ક્યૂબિક કિ.મી. પાણી તળાવ, ડૅમ, જળાશયોમાં એકઠા થાય છે. માત્ર ૪૩૨ ક્યૂબિક કિ.મી. પાણી જમીનમાં ભૂજળ રૂપે સંગ્રહ થાય છે.

ખેતીમાં સૌથી વધુ પાણીની જરૂર પડે છે. ખેતી આજે પણ આકાશી છે. ખેતી માટે પાણીનો મુખ્ય આધાર વરસાદી પાણી છે. વરસાદ પડે અને વધારાનું પાણી વહી જાય છે. વરસાદનું ૭૫થી ૯૦ ટકા જેટલું પાણી વહેળા કે નદીઓમાં વહીને સમુદ્રમાં ભળે છે અને ૨૫ થી ૩૦ ટકા પાણી ભેજરૂપે જમીનમાં ઊતરે છે. વહી જતા વરસાદી પાણીને જમીન ઉપર કે જમીનમાં સંઘરાય એ ખૂબ જરૂરી છે. સૌએ સાથસહકારથી વરસાદી પાણીનો સંગ્રહ કરવાના પ્રયાસો કરવા જોઈએ.

ખેતરમાં યોગ્ય જગ્યાએ જરૂરિયાત મુજબ ખેત તલાવડી ખોદાવી વરસાદી પાણી સંગ્રહી શકાય. ખેત તલાવડીથી જમીનમાં પાણી ઊતરતાં આસપાસના કૂવાઓનાં તળ ઊંચાં આવે છે. ગ્રામ્ય વિસ્તારોમાં જળસ્રોતને સમૃદ્ધ બનાવવા ખેત તલાવડીના કાર્યક્રમને રાજ્ય સરકાર ખાસ મહત્ત્વ આપે છે. ખેત તલાવડી બનાવવા રાજ્યના કૃષિ-સહકાર વિભાગ તરફથી પ્રોત્સાહન અને આર્થિક સહાય અપાય છે.

વરસાદી પાણી સંગ્રહની આપણે ત્યાં સૌથી પ્રાચીન પદ્ધતિ ઘરટાંકાની છે. ઘરના

*સરળ, સાદું જીવન ભક્તિનું પ્રતીક છે.*

છાપરા પર પડતા વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે મકાન નીચે કે ફળિયામાં ભૂગર્ભ ટાંકાની પ્રાચીન પદ્ધતિ ખૂબ જ ઉપયોગી છે. ભૂગર્ભ ટાંકા પદ્ધતિનો મોટો ફાયદો એ છે કે તેનાથી દરેક ઘરમાં પાણીનો સ્રોત-જથ્થો હાથવગો બને છે અને સો ટકા શુદ્ધ પાણી મળી રહે છે! આ સંગ્રહિત પાણી પીવા અને રસોઈ માટે ઉપયોગમાં લેવાય છે. ગુજરાતનાં ઘણાં ગામ, નગર, શહેરોમાં ઘરટાંકાની આ પ્રકારે વ્યવસ્થા આજે પણ જોવા મળે છે.

રહેણાકનાં મકાનો, સરકારી, અર્ધસરકારી, શૈક્ષણિક સંકુલોનાં મકાનો ઉપર પડતા વરસાદી પાણીનો સંગ્રહ ભૂગર્ભ ટાંકામાં કરવામાં આવે તો પાણીને બચાવી શકાય અને સાર્વજનિક જરૂરિયાત પૂરી થઈ શકે છે. જ્યારે સમગ્ર વિશ્વમાં પાણીનો જથ્થો ઘટી રહ્યો છે ત્યારે આપણા પૂર્વજોએ જાગૃતિ દાખવી ઘરટાંકાની ઘરે બેઠાં ગંગાનો ઉપાય બતાવ્યો છે તેને જાળવીએ અને પુનઃસંવર્ધિત કરીએ. એ જ રીતે ફળિયાના પાણીને ડંકી, કૂવા, બોરવેલમાં ઉતારી રિચાર્જ કરી શકાય છે. આમાં પણ સહકારી રાહે સંપીને કાર્ય કરીએ તો પાણીનો ઘણો જથ્થો સંગ્રહી શકાય છે.

આંતરરાષ્ટ્રીય જળ સહયોગ વર્ષ - ૨૦૧૩ ની ઘોષણા કરી, આખું વર્ષ જળ જાગૃતિ માટે સેમિનારો, વાર્તાલાપો, ચર્ચાવિચારણા થાય... 'જળ એ જ જીવન છે' અંગે ચિંતન કરવામાં આવે તે છે. કુદરતી સંપત્તિ સમા જળનું મહત્ત્વ સમજાય, જળને સાચવવાના સહિયારા પ્રયાસો ઉપાયો થાય, ઘર-ઑફિસોમાં પાણીનો કરકસરથી ઉપયોગ અને ટપકતાં નળો દ્વારા જળનો થતો બગાડ અટકાવવો, શક્ય હોય ત્યાં પાણીને શુદ્ધ કરી પુનઃઉપયોગમાં લેવાય તે પણ સમયની માંગ છે.

ખેતીમાં પાણીનો જરૂર પ્રમાણે જ ઉપયોગ થાય. પાકને ઝાઝા પાણીની નહીં પણ માત્ર ભેજની જરૂર હોય છે. વધુ પડતું પાણી જમીન અને પાકને નુકસાન કરે છે. એટલે ખેતીમાં શક્ય હોય ત્યાં જૂની ધોરિયા-ક્યારા પદ્ધતિની જગ્યાએ સિંચાઈની ટપક પદ્ધતિ, ફુવારા પદ્ધતિ જેવી આધુનિક પદ્ધતિઓ અપનાવી ઓછા પાણીએ મહત્તમ સારો પાક લઈ શકાય.

સૌ સાથે મળી સહકારથી પાણીને બચાવીએ, જમીનના જળભંડારો સમૃદ્ધ બનાવીએ તો જળસ્તરો પણ ઊંચે આવે. જમીન અને પાણીમાં ક્ષારીય અને ક્લોરાઈડનું પ્રમાણ ઘટશે. ભાવિ પેઢીને સમૃદ્ધ, સ્વચ્છ, પ્રદૂષણરહિત જળભંડારોનો વારસો આપી શકીશું. 'આંતરરાષ્ટ્રીય જળ સહયોગ વર્ષ ૨૦૧૩' માં આ બધું સહકાર - સહયોગથી કરીએ તો જ સાચી ઉજવણી કરી ગણાય...

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

## જયકૃષ્ણ ઈન્દ્રજી – એક ઋષિ સંશોધક

*(અનુસંધાન : પાના નં.-૪૬ ઉપરથી ચાલુ)*

નવી શોધો કરી શકે છે. જયકૃષ્ણ પછી કચ્છમાં, ગોકુળદાસ બાંભડાઈને બાદ કરતાં, કોઈ જ વનસ્પતિશાસ્ત્રમાં રસ લેનાર નથી થયો. એ તેમની અવગણના જ કહી શકાય. અરે! ગુજરાતે પણ તેમને અવગણ્યા છે. માત્ર પૂના યુનિવર્સિટીમાં જ તેમનો ફોટો છે. હવે જ્યારે કચ્છ યુનિવર્સિટી શરૂ થઈ છે, ત્યારે જયકૃષ્ણ ઈન્દ્રજીના નામે વનસ્પતિશાસ્ત્ર ભવન હોય અને તેમના નામે એક ચેર પણ હોય જે આ બાબતે સંશોધન કરતાં રહે તો જ તેમને સાચી અંજલિ આપી ગણાશે.

***સંદર્ભ :***

(૧) કચ્છ સ્વસ્થાનની વનસ્પતિઓ અને તેની ઉપયોગિતા : જયકૃષ્ણ ઈન્દ્રજી
(૨) કચ્છના જ્યોતિર્ધરો : ડૉ. ગોવર્ધન શર્મા અને ડૉ. ભાવના મહેતા.
(૩) કલ્યાણપથનો અંક : તેમાં જયકૃષ્ણ ઈન્દ્રજી વિશેનો લેખ : બી.સી.પટેલ
(૪) The Collected Works of Mahatma Gandhi. Volume - 28

***આભાર :*** (૧) ડૉ. નિપુણ બૂચ.

*ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

[redacted]

**કારા ડુંગર - સમુદ્ર જલ, કાળી કોયલ આંમ;**
**કારા વસજા વાદળા, કારો આય ઘનશ્યામ (૧) ૨૬**
**કારી રાત અમાસજી, કારા મત્થે જા વાળ;**
**કારો આંજણ અખ્ખમેં, ઈસતોય શુભકાર (૨) ૨૭**
*'રશ્મિન જો રણકાર' ભાગ-૩ માંથી સાભાર*

# બુટીક જ્વેલર્સ

**સેમી કલ્ચર મોતી, રાઈસ મોતી, રીયલ મોતી,**
**કલ્ચર મોતી, શુદ્ધ ચાંદીના દાગીના,**
**કુંદનના સેટ (જડતર) અને ૧૮ કેરેટ સોના**
**અને ચાંદીમાં અમેરિકન ડાયમંડ જ્વેલરી**
**૧ ગ્રામ સોનાના દાગીના મળશે.**
**(પેરોણીગર રોજ બેસે છે.)**

૨, હરિ ભુવન, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : (૦૨૨) ૨૫૬૧ ૯૫૪૧

**પ્રો. : જવેર બી. ખોના**

સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર

**કમર્શિયલ પેકીંગ સર્વિસીસ**

સ્થાપના ૧૯૫૮ ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ

**53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.**
**ફોન : 67993347, 25684567**
**ફેક્સ : 67993357**
E-mail : compack@pin2piano.net

સમાજની ક્ષિતિજો

# વૃધ્ધાશ્રમોની આવશ્યક્તા - શું નવી પેઢી જ જવાબદાર?

• મગનલાલ સંઘવી •

ભારતમાં શહેરીકરણની પ્રગતિ સાથે સંયુક્ત કુટુંબો ઓછા થઈ રહ્યા છે, અને ઓછા થતા રહેશે. મહાનગરોમાં આ ગતિ વધારે તેજ રહેશે. આ કારણે જુદા જુદા કારણોસર એકલા રહેતા વૃદ્ધોની સંખ્યા વધતી જાય છે, અને વધતી રહેવાની છે.

આમ થવાના કારણો જોઈએ તો : (૧) સંતાનોનું સ્થળાંતર, (૨) નવી જગા કે વિદેશમાં વૃદ્ધોને અનુકૂળ ન આવવું, (૩) કુટુંબમાં સુમેળનો અભાવ અને સ્વભાવ દોષના કારણે સાથે રહેવાનું શક્ય ન બને.

નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાંથી નોકરીઓ કે ધંધા અર્થે થતું સ્થળાંતર તથા મહાનગરોમાંથી નવી પેઢીનું અન્ય નગરોમાં અથવા વિદેશમાં થતું સ્થળાંતર, એ વૃદ્ધોને એકલા રહી જવાનું મોટું કારણ છે. ગામડામાં કે નાના કસબાઓમાં રહેલા વૃદ્ધોને મહાનગરોમાં કે વિદેશમાં રહેવાનું અનુકૂળ નથી આવતું. અને તેઓ એકલા પડે છે. એમાંય દંપતીમાંથી એકની વિદાય થાય ત્યારે જો પુરુષ એકલો થાય તો તેની હાલત કફોડી થાય છે, ચાહે નાનું શહેર હોય કે મહાનગર. આનો ઈલાજ શું?

સંયુક્ત કુટુંબ, જો એમાં સુમેળ હોય તો એ એક આદર્શ વ્યવસ્થા છે, પણ કેટલીક પરિસ્થિતિ એવી આવે છે કે સાથે રહેવાનું શક્ય નથી જ બનતું. ત્યારે વૃદ્ધોએ શું કરવું?

મોટા શહેરોમાં અવારનવાર એકલા રહેતા વૃદ્ધોને લૂંટી લેવાના અને હત્યા સુધીના બનાવો બનતા રહે છે. આવા વૃદ્ધોની સલામતીનું શું? સરકાર કે પોલીસ દરેક ઘર ઉપર ચોકી પહેરો તો ન જ બેસાડી શકે, તો ઈલાજ શું?

આ બધાં પ્રશ્નોનો એકમાત્ર ઉકેલ છે તે વૃદ્ધાશ્રમો અથવા સારી ભાષામાં "વયસ્ક નાગરિક ગૃહ" કે સીનિયર સિટિઝન્સ હોમ.

વૃદ્ધાશ્રમોની વાત આવે એટલે કહેવાતા સંસ્કૃતિ રક્ષકો, કેટલાક સાધુ સંતો ભારતીય સંસ્કૃતિની દુહાઈ આપીને વિરોધ કરતા હોય છે. અત્યારની પરિસ્થિતિમાં આવો વિરોધ અસ્થાને છે. જ્યાં આખી સમાજ વ્યવસ્થાજ બદલાઈ રહી હોય ત્યાં કુટુંબોએ અને સમાજે નવી વ્યવસ્થાને અનુકૂળ થવું જ પડશે. સમય જતાં વધતી જતી આયુષ્ય મર્યાદાના કારણે વૃદ્ધોની સંખ્યા પણ વધતી રહેવાની. યુવા પેઢીનું સ્થળાંતર પણ યાતાયાતના સાધનો વધવાના કારણે વધતું રહેવાનું અને એ સાથે વૃદ્ધાશ્રમોની જરૂરિયાત પણ વધતી જ રહેવાની. જો વૃદ્ધો નવી પરિસ્થિતિને અનુકૂળ ન જ થઈ શકે તો તેઓ એકલા અન્ય કારણોસર પણ પડવાના. એકલા રહીને અનેક પ્રકારની અગવડો અને જોખમોમાં સામનો કરવા કરતાં પોતાને યોગ્ય વૃદ્ધાશ્રમનો આશ્રય લેવામાં શું વાંધો? સમાજનો અમુક વર્ગ માતાપિતા કે કોઈ એક એકલા પડે અને વૃદ્ધાશ્રમનો આશ્રય લે તો તરત જ તેઓના સંતાનોને દોષી માનવા લાગે છે. આ વલણ બદલવું જોઈએ. હાલ સમાજમાં વૃદ્ધાશ્રમ એટલે જ્યાં ત્યજાયેલા વૃદ્ધો મરવાની રાહ જોતા પડી રહ્યા હોય એવી છાપ છે એ પણ બદલવી જોઈએ. **વિદેશમાં વસતા સંતાનોના અને એવા બીજા આર્થિક રીતે સદ્ધર વયસ્ક નાગરિકો માટે તેઓને અનુકૂળ બધી આધુનિક સગવડો સાથેના વયસ્ક નાગરિક ગૃહો વ્યવસાયિક ધોરણે સ્થાપી શકાય. સાથે આર્થિક સગવડ વગરના અથવા સંતાનહીન વયસ્કો માટે સરકાર અને સમાજ મળીને યોગ્ય 'ગૃહો' ઊભા કરી શકે.** ઘણી સામાજિક સંસ્થાઓ આ ક્ષેત્રે કામ કરી પણ રહી છે.

સાથે એક બે નવી વિચારણાઓ થઈ શકે. સમાજમાં એવા દંપતીઓ હશે કે જેઓ બન્ને અથવા એકે (જેમકે અનાથાશ્રમમાં ઉછરેલા) માતાપિતા કે દાદા-દાદીનું સુખ જોયું જ નહિ હોય. આવા દંપતીઓ જો આર્થિક સ્થિતિ સારી હોય તો દાદા દાદી અથવા કોઈ એકને દત્તક લઈ શકે. આવા કિસ્સા એકલ દોકલ બન્યા છે. વધારે પ્રચાર જરૂરી છે. **આ સિવાય મોટી ઉંમરે એકલતા ટાળવા યોગ્ય જીવનસાથીનો સાથ પુનર્લગ્ન કરીને મેળવવાનું વલણ પણ વધી રહ્યું છે. આ વલણ પણ આવકારદાયક છે.** કેટલાક મેરેજ બ્યૂરોવાળા પણ આ કાર્યમાં રસ લેતા થયા છે.

આથી સંસ્કૃતિને બહાને વૃદ્ધાશ્રમોનો વિરોધ કરવાનો કંઈ અર્થ નથી.

હવે વૃદ્ધોની તકલીફો અને એકલતા માટે નવી પેઢીને દોષ દેવાય છે એ કેટલે અંશે વાજબી છે એ જોઈએ.

નવી પેઢીના સંતાનોમાં પાંચેક ટકા શ્રવણ જેવા માતૃપિતૃ ભક્ત હોઈ શકે, અન્ય પાંચેક ટકા તદ્દન નફ્ફટ, કુસંસ્કારી હોઈ શકે, બાકી ૯૦ ટકા સંતાનો માતાપિતાને અકારણ દુઃખી કરવા માગતા હોતા નથી. જૂની પેઢીની (સાથે રહેતા હોય કે અલગ) સંતાનો તરફની મુખ્ય ફરિયાદો - (૧) એકલતા. સંતાનો પાસે સમય નથી. (૨) સંતાનો સાથે રાખવા તૈયાર નથી. (૩) નાણાકીય મુશ્કેલીઓ. આ ફરિયાદોમાં ઊંડા ઉતરીશું તો જણાશે કે આ પરિસ્થિતિ માટે તેઓ જાતે જ જવાબદાર છે.

### (૧) એકલતા :

ખાસ કરીને સંપન્ન વર્ગનો આ પ્રશ્ન છે. અહીં સવાલ એ પૂછી શકાય કે તેઓએ જાતે સંતાનોને કેટલો સમય આપ્યો છે? માત્ર નાણાને જ મહત્ત્વ અપાયું હોય, સંતાનોને જોઈતા નાણા અને સગવડ પૂરી પાડી હોય પણ સમય આપ્યો જ ન હોય તો સંતાનો એમ જ વર્તે એ સ્વાભાવિક છે, પછી ભલે એક ઘરમાં જ રહેતા હોય. બીજી એકલતા જે સંતાનોના સ્થળાંતરના કારણે આવે છે, એ માટે પણ સંયોગો, જે તેઓએ જ ઉત્પન્ન

*જ્ઞાન વિતરણ આજે ખૂબ અનિવાર્ય છે.*

કરેલા હોય એજ જવાબદાર હોય છે. જો તેઓ નવી જગ્યાઓને અનુકૂળ ન જ થઈ શકે તેમાં સંતાનોને કઈ રીતે દોષ અપાય? સંતાનો પોતાનો અન્ય જગાએ જમાવેલ સારો ધંધો કે સારી નોકરી છોડી પોતાનું ભાવિ જોખમમાં તો ન જ મૂકે. આ ઉપરાંત અન્ય કારણ એ હોઈ શકે કે માતાપિતાએ પોતાનાજ માતાપિતાને સાચવ્યા ન હોય કે બાળકોની હાજરીમાં જ તેઓની ઉપેક્ષા કરી હોય તો નવી પેઢી એજ બાબતને સહજ ગણીને તેનું અનુકરણ કરે એમાં કોનો દોષ? "જેવું વાવે તેવું લણે" એ કહેવત અહીં બરાબર લાગુ પડે છે.

**(૨)** સંતાનો માતાપિતાને પોતાની સાથે રાખવા તૈયાર ન થાય ત્યારે પણ દોષ સંતાનોને દેવાય છે. નવી પેઢી સ્વાર્થી અને એકલપેટી થઈ ગઈ છે એમ કહેવાય છે, પણ તેની પાછળના કારણો જાણવા કોઈ કોશિશ કરતું નથી.

"છોરુ કછોરુ થાય પણ માવતર કમાવતર ન થાય" આવી કહેવતો બધી અર્ધસત્ય હોય છે. સંતાનો મા-બાપને સાથે રાખવા તૈયાર ન થાય એમાં અગાઉ જણાવ્યું તેમ તેઓએ જ સંતાનોને આપેલા સંસ્કાર કામ કરે છે, પણ એ ઉપરાંત માવતરો ક્યારેક સંતાનોની જિંદગી બરબાદ કરી નાખતા હોય છે, એના કારણે તેઓના મનમાં પેદા થયેલી નફરત પણ કારણભૂત છે. કેટલાય શિક્ષિત માબાપ, ખાસ કરીને બાપ, પોતાની અધૂરી મહેચ્છાઓ પૂરી કરવાના સાધનરૂપે સંતાનોને જુવે છે, અથવા પોતાની આબરૂ વધારવાનું સાધન સમજે છે! (મારો દીકરો પ્રખ્યાત...છે!) સંતાનની રૂચિનો કંઈપણ વિચાર કર્યા વગર તેને મનગમતી કેરિયર નથી લેવા દેતા. ઉંમરલાયક થાય ત્યારે મનપસંદ જીવનસાથી પણ પસંદ ન કરી શકે. જરૂરત પડ્યે ઈમોશનલ બ્લેકમેઈલ (તું નહિ માને તો અમે આપઘાત કરશું) કરીને પણ ધાર્યું કરાવે છે. આવી હાલતમાં નફરત તેઓના અજાગૃત મનમાં ઘૂંટાતી રહે છે અને સમય આવ્યે બહાર આવે છે.

કેટલાય કુટુંબોમાં પુત્ર પરણે એટલે ઘરમાં વગર પગારની રસોયણ કે નોકરાણી આવી એવું સમજવામાં આવે છે. કેટલાય સાસરિયાઓ કમાતી પુત્રવધુનો પૂરો પગાર ઝૂંટવી લેતા હોય છે. આવા સંયોગોમાં શ્રવણ જેવા ૫-૭% ટકા બાદ કરતાં યુવાન પુત્ર જો વિરોધ કરે તો વહુઘેલાનું લેબલ લાગે અને ન કરે તો પત્ની તરફથી માવડિયાનું લેબલ લાગે. આમ રોજના કંકાસથી છૂટવા દંપતીને અલગ થવાનો નિર્ણય લેવો પડે એમાં કોનો દોષ? સમાજમાં આ પરિસ્થિતિ અપવાદ રૂપે નથી. ધાર્યા કરતાં ઘણી વ્યાપક છે. આ ઉપરાંત દહેજ જેવા કુરિવાજો પણ વિખવાદમાં ભાગ ભજવે છે અને એના કારણે વહુઓના આપઘાત (કે ખૂન?) ના કિસ્સા પણ વ્યાપક છે.

**(૩) નાણાકીય પરિસ્થિતિ :**

સંપન્ન વર્ગને તો આ પ્રશ્ન નડે નહિ. તેઓમાં મા બાપને સાથે ન રાખવામાં આગળ જણાવેલ અન્ય કારણો જવાબદાર હોય, પણ ખાસ કરીને મધ્યમ વર્ગમાં પોતાની અથવા સંતાનોની અતિ ઉચ્ચ શિક્ષણ તથા વિદેશગમનની મહત્વાકાંક્ષાઓ પોષવા માબાપ ગજા ઉપરાંત ખર્ચ કરતા હોય છે પછી સંતાનની લાયકાત હોય કે ન હોય. અહીં તો સંતાન નિષ્ફળ નીવડે કે પેલા ૫-૭ ટકાવાળા નાલાયક નીવડે તો વૃદ્ધ માતાપિતા એકલા તો પડે જ છે, પણ નાણાકીય મુશ્કેલીમાં પણ આવી જાય છે. તેઓ હવે તો સંતાનને ઉચ્ચશિક્ષણ કે વિદેશગમન માટે પોતાની લાયકાત ઉપર બેંકમાંથી લોન લેવાનું કહી શકે છે.

જ્યાં ઉપર જણાવેલા કારણો નથી હોતા ત્યાં સંતાનો વૃદ્ધ માતાપિતાને શક્ય એટલી સારી રીતે સાચવે જ છે.

છેલ્લે, આ પ્રશ્નો માટે વડીલોએ શું કરવું, શું ન કરવું, યુવાનોએ શું કરવું, શું ન કરવું - એવા ઉપદેશને દૂર રાખ્યો છે. માત્ર જરૂરિયાતના કારણો તેમજ જવાબદારીની જ ચર્ચા કરી છે. બન્ને પેઢીના વાચક મિત્રો પોતાના પ્રતિભાવ જણાવશે તો આનંદ થશે.

*ત્રિવેણી બંગલો, એચ.પી. પેટ્રોલ પંપ પાસે*
*સત્યમાર્ગ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫*

## બે ભાઈઓ

***(અનુસંધાન : પાના નં.-૫૨ ઉપરથી ચાલુ)***

*જેઠાણી બંને મળીને માનો કબાટ ખોલીને જોઈ લે ને જેને જે જોઈતું હોય એ લઈ લે તો સારું.*

*ખેતરમાં મરચાં થયાં હશે. સુમિત્રાને કહેજે કે, લીંબુ-મરચાંનું અથાણું બનાવી રાખે. આટલાં ગાય-ભેંસ છે તે ઘી તો ઘણું નીકળતું હશે, નહીં? વધારે નથી જોઈતું. પાંચેક કિલોનો ડબ્બો ભરાવી રાખજે. આ તો શું છે, તારી ભાભી હમણાં બહુ નબળી પડી ગઈ છે. રોજ થોડું થોડું ઘરનું ઘી ખાય તો થોડી શક્તિ આવે. અમે બધા શનિવારે સાંજ સુધીમાં પહોંચી જઈશું.*

*લિ. મોટાભાઈના આશિષ."*

પત્ર વાંચીને નાનકો તો હરખાઈ ગયો. પોતાની પત્નીને વંચાવીને કહેવા લાગ્યો. 'ખરેખર, આપણે કેટલા નસીબદાર છીએ નહીં સુમી? આપણા માથે આવા પ્રેમાળ ભાઈ-ભાભીનું છત્ર છે. નહીંતર આજના જમાનામાં કોણ નાના ભાઈનું આટલું ધ્યાન રાખે? એની પત્ની ધીમેથી માત્ર એટલુંજ બોલી, 'હાસ્તો.'

***(રામકુમાર આત્રેયની હિંદી લઘુકથાને આધારે)***
***(સાભાર : ભૂમિપુત્ર)***

**ભક્તે સંતને પૂછ્યું, 'પ્રભુ, એવી પત્નીને શું કહેવાય જે સુંદર હોય, બુદ્ધિશાળી હોય, સમજદાર હોય, કદી ઈર્ષ્યા ન કરે અને રસોઈ પણ સ્વાદિષ્ટ બનાવતી હોય?**

**સંત આંખો બંધ કરીને એક જ શબ્દ બોલ્યા : અફવા.**

☺ ☺ ☺ ☺ ☺

**ઈન્ટરવ્યૂ લેનાર : તારું ક્વોલીફિકેશન શું છે?**

**બંતા : હું પી.એચ.ડી. છું.**

**ઈન્ટરવ્યૂ લેનાર : પીએચડી?**

**બંતા : હા. પાસ્ડ હાઈસ્કૂલ વિથ ડિફીકલ્ટી!**

*જીવનમાં ઉત્સવની ક્ષણો જાળવી રાખો.*

# આપણા સમાજનું થશે શું?

• સુરેશ સોની •

છેલ્લા કેટલાંક વર્ષોમાં, દેશભરમાં, Self Financed (આ શબ્દ જ બરોબર નથી! જો ટ્રસ્ટીઓ - સંચાલકો પોતાના ઘરના પૈસાથી કોલેજો ચલાવતા હોય તો Self Financed કહેવાય! આ તો Financed Through Fee) ખાનગી, મેડિકલ કોલેજો વધી રહી છે. દર વર્ષે એની ફીમાં ધરખમ વધારો થાય છે. કેટલાક સ્થળે મ્યુનિ. કોર્પો. દ્વારા પણ ખાનગી સ્થળે મેડિકલ કોલેજો ચાલે છે.

હાલમાં ગુજરાતમાં સરકારી મેડિકલ કોલેજો ૬ છે. એમાં વાર્ષિક ફી રૂ. ૬૦૦૦ છે, કુલ ૧૦૮૦ સીટ છે. ખાનગી મેડિકલ કોલેજો ૧૨ છે. એની સીટ ૧૭૦૦ છે, એમાં વાર્ષિક ફી રૂ. ૩,૨૫,૦૦૦ થી માંડીને રૂ. ૪,૫૦,૦૦૦ છે. કેટલીકમાં હજુ 'ઍડહોક' નક્કી થયેલી છે. સાડાચાર વર્ષમાં માત્ર ફીના ઓછામાં ઓછા રૂા. ચૌદ લાખ, MBBS થવાના; બીજી ઢગલાબંધ ફી, હોસ્ટેલ - અપડાઉનનો ખર્ચ, ભોજન, પુસ્તકો વગેરે તો અલગ.

વળી, માત્ર MBBS થવાથી શહેરમાં 'દુકાન' ઓછી જ ચાલવાની? MD કે MS કે P.G. નો કમસે કમ ડિપ્લોમા તો જોઈએ જ. એમાં ફીનું ધોરણ સ્પેશિયાલિટી (ફીઝીશિયન, પીડિયાટ્રીશિયન, સર્જન) પ્રમાણે અલગ. અમુક સ્પેશિયાલિટીની તો લાખ્ખો રૂપિયા ફી છે. (પરિણામે જાહેર આરોગ્ય જેવી શાખાઓમાં ઓછા હોંશિયાર ડોક્ટર્સ જાય છે અને આ ક્ષેત્ર નબળું પડતું જાય છે.) પછી દુકાન માટે જગ્યા, મકાન, મશીનો, જાહેરાત, કમિશન વગેરેનો સરવાળો કરોડ રૂપિયાથી ઓછા નહીં.

મસમોટી રકમના ખર્ચા પછી થયેલો ડોક્ટર ખર્ચેલા પૈસા વસુલ કરવાની તરકીબોમાં જ મચી જાય. કશું આડુંઅવળું ધારો કે ન કરે, તોયે પૈસા વસૂલવા દર્દીઓ પાસેથી ઘણી ઊંચી ફી એણે લેવી જ પડે. આ તગડી ફી આપણા સમાજના દરિદ્રો ચૂકવી શકે જ નહીં. એમના આરોગ્યનું શું? એમને મરવા દઈશું? એમને કાયમી વિકલાંગ રહેવા દઈશું? બીમારી મટી શકે તેવી હોવા છતાં બીમાર જ રહેવા દઈશું?

મારા પ્રિય ફિલ્મ પ્રોડ્યુસર રાજ કપૂરે, દાયકાઓ પહેલા, ફુટપાથ ઉપર રહેનારાઓના ઘર માટેના સ્વપ્નાને કેન્દ્રમાં રાખીને ફિલ્મ 'શ્રી ૪૨૦' ઉતારેલી. ૧૦૦ રૂપિયા આપીને ઘર નોંધાવવાનું. દરિદ્ર લલિતા પવાર રાજ પાસે જઈને કહે છે, 'બેટા, ૧૦૦ રૂપિયામાં ૩ રૂપિયા ૧૨ આના ઓછા છે. એક બારી ઓછી મૂકજે.'

દરિદ્ર દર્દીઓ ડોક્ટરને કહેશે : 'ડોક્ટર ભગવાન, ફીમાં થોડાક રૂપિયા ઓછા છે. સડેલા ૪ દાંતમાંથી ૩ કાઢજો, એક રાખી મૂકજો'... 'ડૉક્ટર બહેન, પૈસા ઓછા છે, નોર્મલ ડીલીવરી જ કરાવજો, ભલે મારું વહાલસોયું સંતાન મરી જાય'... 'સાહેબ, રોજ ૧૦ ઝાડા અને ૧૫ ઉલ્ટી થાય છે, પૈસા ઓછા છે, ૨ ઝાડા અને ૩ ઉલ્ટી ભલે ચાલુ રહે'... 'બન્ને ફેફસામાં ટીબી છે, અડધા પૈસા જ છે, એકમાં મટાડજો.'

દરિદ્ર દર્દીનારાયણોની ચિંતા ઊંઘ ઉડાડે એવી છે. નક્સલવાદને અટકાવીશું નહીં? નક્સલવાદી ડૉક્ટરનું ખૂન કરશે, એમના કુટુંબીઓનું શું થશે? ખૂની નક્સસલવાદી પકડાશે ત્યારે એના કુટુંબીઓનું શું? અને વેરઝેર વધ્યા જ કરશે! દરિદ્રો અને તવંગરોની ખાઈ વધ્યા જ કરશે!

આપણા પગ નીચે રેલો પહોંચે એની રાહ જોઈને બેસી રહીશું? રાત્રે ઊંઘ કેમ કરીને આવશે? તમાશો જોયાં કરીશું? સળગતી આગ આપણું ઘરઆંગણું સળગાવે એની રાહ જોઈશું? પોતાના સ્વજનને આંખો સામે મરતાં કે કાયમી વિકલાંગ જીવતાં જોઈને કુટુંબીઓનું થશે શું? એમાંથી જ વકરશે નક્સલવાદ?

સરકારી આરોગ્ય કેન્દ્રમાં પણ ડૉક્ટર્સ વધારે પગાર માંગવાના જ, એટલે ટેક્ષ વધવાનો. વર્ષોની સખત જહેમત પછી આરોગ્યના ક્ષેત્રે મેળવેલી સરસ સિદ્ધિઓ (દા.ત. સરેરાશ આયુષ્યમાં વધારો, બાળ મૃત્યુદરમાં ઘટાડો વગેરે) ધોવાઈ જવાની... ટ્રસ્ટોની હોસ્પિટલોને ડૉક્ટર્સ કેવી રીતે મળશે? અને મળશે તો ટકશે? ટકાવવા કેટલું વેતન ચૂકવીશું?

સુપ્રીમ કોર્ટના કેટલાક જજમેન્ટસ જ એવા આવેલા છે કે ફી ઘણી રાખવી પડે છે. એને બદલવા શું કરીશું? ખાનગી મેડિકલ કોલેજોની ફી નક્કી કરવાની જસ્ટીસ (રીટાયર્ડ) આર.જે શાહ કમિટીમાં એકાદ વર્ષ હું સભ્ય હતો. થેન્કલેસ જોબ! ફી ના વધે તો સંચાલકોની બુમરાણ અને વધે તો વાલીઓની હૈયાવરાળ! કોર્ટમાં કેસો ચાલે, લાખો રૂપિયા તો સરકારે વકીલોને ચૂકવ્યા કરવાના. ન વાલીઓને સંતોષ, ન સંચાલકોને સંતોષ. કેટલીક ખાનગી મેડિકલ કોલેજોમાં તો દર્દીઓયે પૂરા નહોતા અને ડૉક્ટરો (અધ્યાપકો) પણ પૂરતા નહોતા! આવી કોલેજોમાંથી બહાર પડતા ડૉક્ટરો કેવી સારવાર કરે! શાણો - સારો સમાજ તો એ છે કે જેમાં સૌને આરોગ્ય, શિક્ષણ અને જીવનજરૂરિયાતની પ્રાથમિક વસ્તુઓ સરળતાથી પોષક ભાવે મળ્યા કરે.

સત્યાગ્રહ માટે ગાંધી અવતારની રાહ જોયા કરીશું? વૃદ્ધ ચુનીભાઈ વૈદ્યને વિનંતી કરીશું? સરકારને જગાડીશું કેવી રીતે? બધા રાજકીય પક્ષોનું ધ્યાન ખેંચવું પડશે. ઇલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયાવાળાઓનો સથવારો મેળવવો પડે. આરોગ્યવીમાનો વ્યાપ ખૂબ મોટા પ્રમાણમાં વધારવો જ પડે, છતાં એ પર્યાપ્ત તો નથી જ. ખાનગી મેડિકલ કોલેજો બંધ કરીને સરકારી મેડિકલ કોલેજો વધારવી શક્ય છે? ખાનગી મેડિકલ કોલેજોમાં ઓછામાં ઓછી ૨૫ ટકા સીટ ગરીબ વિદ્યાર્થીઓ માટે? જાગો અને જગાડો.

મારા નાનકડા દિમાગમાં તો ઉકેલ સૂઝતો નથી. હું તો દિલવાળો છું, આ વાંચનારમાં મને શ્રદ્ધા છે. ગઈકાલ કરતાં આજ સારી છે અને આજ કરતાં આવતીકાલ વધુ સારી આવવાની છે : તમારા દ્વારા, એમાં પણ મને શ્રદ્ધા છે.

***(સૌજન્ય : 'નયા માર્ગ')***

*પ્રાર્થના દ્વારા મનના મેલને ધોઈ નાખો.*

# બે ભાઈઓ

• આશા વિરેન્દ્ર •

એક જ માને પેટે જન્મેલા બે ભાઈઓ. માએ પોતાની ડાબી-જમણી આંખ સમજીને બેઉને ઉછેરેલા. માને એમ કે, મોટા થઈને બેઉ એકબીજાને પડખે ઊભા રહેશે, એકમેકને હૂંફ આપશે. પણ ખરેખર એવું થયું ખરું? ચાલો, આપણે જોઈએ.

મોટો ભાઈ એટલે શહેર. એનો તો ભઈ, વટ ભારે! ઠાઠ - માઠથી રહેવાનું ને બધી સાહ્યબી ભોગવવાની. એને થતું, 'જોયું? મારી અક્કલ ને હોશિયારીથી હું ક્યાંથી ક્યાં પહોંચ્યો? છે કોઈની તાકાત કે મારી સામે આંગળી ચીંધી શકે? ભલ-ભલાને ધૂળ ચાટતા કરી દઉં.'

નાનો ભાઈ એટલે ગામડું. બિચારો ભલો-ભોળો ને સીધોસાદો. ઝાઝી મહત્ત્વાકાંક્ષા ન રાખે. જે મળે એમાં એ અને એનો પરિવાર ખુશ. એ હંમેશા વિચારતો, 'આપણને જે મળે એમાં સુખ-સંતોષથી રહેવું. કહેવાયું છે ને કે, સંતોષી નર સદા સુખી.' એને તો બસ, એ ભલો ને એનું કામ ભલું.

જેટલો ફરક મોટા અને નાના ભાઈ વચ્ચે, એનાથી વધુ બંનેની પત્નીઓ વચ્ચે. મોટાની પત્ની ભણેલી-ગણેલી, જાજરમાન અને ફેશનેબલ. એને પોતાની આવડતનું ખૂબ ગુમાન. કહેવત છે ને કે, 'હું પહોળી ને શેરી સાંકડી.' બસ, મોટાની પત્નીનું કંઈક એવું જ. બધાને કહેતી ફરે, 'મારા પતિનાં અડધાં ઉપર કામ તો હું જ પતાવી દઉં. ક્યા ખાતામાં જઈને કયું કામ કરવાનું એ બધી મને ખબર. આટલું ભણ્યાં-ગણ્યાં તે નકામું થોડું જવા દેવાય?' મોટાને પણ પોતાની પત્ની માટે અભિમાન હતું. એને પૂછીને જ એ પાણી પીતો.

નાનાની પત્ની સાવ અભણ એવું તો નહીં પણ ભણી હશે કદાચ દસ-બાર ધોરણ સુધી. સાદી, સુતરાઉ સાડી, તેલ નાખીને ઓળેલા ચપ્પટ વાળ અને કપાળે મોટો, લાલ ચટાક ચાંદલો. એનો હંમેશનો આ જ પરિવેશ. એનામાં સૂઝ-સમજ ઘણી પણ એ બધાને દેખાડવાનો જરાય શોખ નહીં. પોતાનાં કામ સિવાય કોઈ લપ્પન-છપ્પન નહીં. પોતાની પત્નીના ગુણો માટે નાનાને માન. ઘરનું કે બહારનું કંઈપણ અગત્યનું કામ હોય તો બેઉ સાથે મળીને નિર્ણય લેતાં.

ખેતરમાં જે કંઈ પાકે એ પોતાના કે પોતાનાં બાળકોનાં મોંમાં મૂકતાં પહેલાં નાનો કોઈ ને કોઈ સથવારા સાથે મોટાભાઈને ઘેર પહોંચતું કરતો. એ જો ભૂલ્યો હોય તો એની પત્ની યાદ કરાવ્યા વિના ન રહેતી, 'મેં મેથિયાના અથાણાની બરણી ભરીને તૈયાર રાખી છે હં! મોટાભાઈની બબલીને મુન્નો તો આંગળા ચાટી ચાટીને મારું બનાવેલું અથાણું ખાતાં હોય છે. ને હા, ગૌરી ગાયનાં દૂધમાંથી કાઢેલા ચોખ્ખા ઘીનો ડબ્બો પણ ભરી રાખ્યો છે. કોઈ એ તરફ જનારું હોય તો કહેજો.'

એક વખત આ જ રીતે નાનાભાઈએ કોઈકની સાથે પોતાના ખેતરમાં ઊગેલી કેરીઓ અને એની પત્નીએ જાતે ઘંટીએ દળેલો લોટ મોકલાવેલા. બે-અઢી મહિના થવા આવ્યા પણ કંઈ સમાચાર ન આવ્યા એટલે એને થઈ ચિંતા. એ તો પોસ્ટ-ઑફિસમાં જઈને આંતર્દેશીય પત્ર લઈ આવ્યો અને પોતાના ગરબડિયા અક્ષરોમાં મંડ્યો પત્ર લખવા :

*"મારા માતા-પિતા જેવા વડીલ ભાઈ ને ભાભી, જે શી કરસન સાથે લખવાનું કે, બે કે તઈણ મઈના પેલ્લાં અહીંથી રમલો ત્યાં આવતો'તો એની હંગાથે તમારા બધાના હારુ આપડી વાડીની કેરી મોકલેલી. મારી ઘરવાળીએ કીધેલું કે કાલે જ પાંચ શેર અનાજ દળેલું છે તે તાજો લોટ પણ મોકલેલો. ઘરના દળેલા લોટના રોટલા છોકરાવને બઉ ભાવસે. પણ આ બધું મળી ગયાની પોંચ તમારા તરફથી આવી નથી તે જીવ ત્યાં લાગી ર્યો છે.*

*મેં વિચાર કયરો છે કે આવતા રવિવારે હું જાતે જ આવીને કુશળ સમાચાર જાણી જાઉં. સવારની પેલ્લી બસમાં નીકળીને ત્યાં પોંચીશ.*

*- લિ. તમારા નાનકાના પાયલાગણ."*

પત્ર વાંચીને મોટાની વહુનાં ભવાં ચઢી ગયાં. 'આ બધી ચાલબાજી છે. તમે રહ્યા ભોળા તે કંઈ સમજો નહીં. ગઈ સાલ દિયરજી કહેતા'તા કે, છત પરથી ચોમાસામાં પાણી બહુ ચૂએ છે તે નળિયાં નખાવવાં છે, પણ પૈસાનો વેંત થતો નથી. અહીં આવવા પાછળનું કારણ પૈસા માગવાનું જ છે - બીજું કંઈ નહીં.'

મોટાને થયું, પત્નીની વાત તો સો ટકા સાચી છે. હવે કરવું શું? બહુ વિચારીને એણે એક પોસ્ટકાર્ડ લખ્યો

*"મારા વ્હાલા નાનકા અને આખો પરિવાર,*

*તારો પત્ર મળ્યો. નાનપણથી જ તું બહુ લાગણીશીલ છે. મારાથી જવાબ ન આપી શકાયો તેથી તને થયેલી ચિંતા હું સમજી શકું છું. પણ હવે હું તને વધુ ફિકર કરાવવા માગતો નથી તેથી તું અહીં આવે એ પહેલાં હું જ તારી ભાભી અને બંને છોકરાઓને લઈને ત્યાં આવું છું.*

*આમ પણ તું અહીં આવે તો ખેતરની ને ઢોરઢાંખરની દેખભાળ કોણ કરે? વળી અહીં શહેરના અટપટા રસ્તામાં તું ક્યાંક ભૂલો પડી જાય ને તને ઘર ન મળે તો નક્કામી ઉપાધિ થાય. આમ વિચારીને અમે ત્યાં આવવાનું નક્કી કર્યું છે. છોકરાઓને તારી પાસે તળાવમાં તરતાં શીખવું છે. તારી ભાભી કહે છે કે, એને બીજું તો કંઈ કામ નથી પણ સાથેસાથ જો એ પણ આવી જાય તો માના ગુજરી ગયા પછી એની ચીજ-વસ્તુઓની વહેંચણી કરવાની રહી જ ગઈ છે, તો દેરાણી-*

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૦ ઉપર)**

*મા-બાપની સેવા કરો. મોટું પુણ્ય મળશે.*



# બાલુડે જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે નીચે રેંતા સે બચુકાકા પેટજો ઑપરેશન કરાયાં વા ને ડૉક્ટર ઑપરેશન કે પુઠિયા અનીંકે રજા ડેને તડેં થોડીવાર રેને હોસ્પિટલજો વોર્ડબોય ધોડધો ધોડધો અનીંજે ઘરે આવ્યો વો... સે તપાસ કરતા બચુકાક પનઈ ઘરે અચે વ્યા વા ક ડૉક્ટર રજા ડેના વા.... વોર્ડબોય કુલા આવ્યો વો?

બચુડો : (તપાસ કરેનેં ચે) ઑપરેશન ત ભરાભર થે વ્યો વો ને ડૉક્ટર રજા ડેનાં અતરે બચુકાકા ઘરે આવ્યા વા. પણ વોર્ડબોય અચેનેં ચે'ક ડૉક્ટરજે હથજો મોજો પેટમેં રે વ્યો આય તેંલા બઈયાર અચણું પોંધો... અતરે પોય બચુકાકા વોર્ડ બોય કે ચેં... હા હી વી રૂપીયા ગેને વન ને ડૉક્ટરકે ચો જ નવો મોજો ગને અચેં... અનલા કીં બઈયાર પેટ કપેજી જરૂર નાય...

## ખિલજા મ ભલા

ભોળાકાકા: અરે કાકા, તમે મને જગાભાઈ કહીને જોરથી પીઠમાં ધબ્બો મારી દીધો પણ હું જગાભાઈ નથી. હું તો ભોળાભાઈ છું.

કાકા : મારી ભૂલ થઈ ગઈ... મને પાછળથી તમે જગાભાઈ જેવા જ લાગ્યા હતા.

ભોળાભાઈ: પણ આટલો જોરથી ધબ્બો મરાય?

કાકા : તું જગાભાઈ નથી તો આટલી બધી ગરબડ કેમ કરે છે?

☺ ☺ ☺ ☺ ☺

મોહન : જે દિવસે મારી પત્ની ઘેર પાછી આવી એ જ દિવસે અમારે ત્યાં ચોરી થઈ.

સોહન : તને ખબર નથી, મુસીબત ક્યારેય એકલી નથી આવતી.

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : યાર ચીન્ટુ, આમ દોડતો દોડતો ક્યાં જઈ રહ્યો છે?

ચીન્ટુ : મને મોડું થાય છે... મારે દસ વાગ્યાની ગાડી પકડવાની છે.

મોન્ટુ : પણ હજી તો નવ જ વાગ્યા છે.

ચીન્ટુ : તારી વાત સાચી, પણ હજી રસ્તામાં તારા જેવા દસ-પંદર જણા તો જરૂર મળવાના... ને બધા આમ જ પૂછશે.

☺ ☺ ☺ ☺ ☺

ઈલા : પહેલા તો તું ચાર દિવસમાં સ્વેટર તૈયાર કરી લેતી હતી. આ વખતે તો તને પંદરેક દિવસ થયા તોય બાકી છે.

મીના : વાત એમ છે કે છેલ્લા આઠેક દિવસથી તો હું ઓફિસે જ નથી ગઈ.

☺ ☺ ☺ ☺ ☺

પત્રકાર પોપટલાલ : (૯૯ વર્ષના કાકાને) આ ઉંમરે તમારી તંદુરસ્તી કેવી છે?

જેઠાભાઈ : ખૂબ સરસ... આજથી ૯૯ વર્ષ પહેલા તો હું બેસી કે ચાલી પણ શકતો નહોતો. જ્યારે આજે હું મારા ઘરમાં દસ પંદર ચક્કર તો આરામથી લગાવી શકું છું.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલ આદિત્ય, સાત સંતરાને ચાર વ્યક્તિ વચ્ચે કેવી રીતે વહેંચી શકાય?

આદિત્ય : એ તો સાવ સહેલું છે. સાત સંતરાનો જ્યુસ કાઢીને ચાર ગ્લાસમાં આપવાનો.

☺ ☺ ☺ ☺ ☺

પપ્પા : બેટા, નિરાશ ન થતો.... એ તો નસીબમાં નાપાસ થવાનું લખાયું હશે.

બંટી : સારું થયું ને મેં જરાપણ મહેનત જ ન કરી... નહિં તો બધી જ મહેનત માથે પડત!

☺ ☺ ☺ ☺ ☺

ગરબડદાસ : (કેળાં વાળાને) આ કેળું કેટલાનું છે?

કેળાંવાળો : ૧ રૂપિયાનું એક.

ગરબડદાસ : આઠ આનામાં આપવું છે?

કેળાંવાળો : આઠ આનામાં તો ફક્ત છાલ આવે.

ગરબડદાસ : ઠીક છે, તો લે... આ આઠ આના. છાલ તું કાઢી લે ને અંદરનું કેળું આપી દે.

☺ ☺ ☺ ☺ ☺

બબલુ : (દુકાનદારને) કાકા, મને એવી ચીજ આપો કે હું ખાધા જ કરું, ખાધા જ કરું છતાં ખતમ ન થાય.

દુકાનદાર : લે બેટા, આ ચ્યુઈંગ ગમ લઈ જા અને ખાવાનું શરૂ કર.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*દુર્વ્યવહારનો જવાબ વિનમ્રતાથી આપો.*

[redacted]

I thank you very much for your invitation to attend the Opening Ceremony of newly renovated medical centre. My all best wishes with you and I wish the function every success.

I have personally seen your all social activities at Ahmedabad and really I am very happy to congratulate your entire team as well as all the donors.

I am happy that you all believe in "MANAV SEVA IS PRABHU SEVA". May God Bless You all.

***Premchand Motta - Kolkata***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેના પાલડી ખાતેના જૈન ભવન પરનાં આધુનિકરણ કરેલ નવનીત મેડિકલ સેન્ટર અને શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટરનાં ઉદ્‌ઘાટન પ્રસંગે આપશ્રીએ મને ખાસ યાદ કરીને નિમંત્રણ પાઠવેલ તે બદલ હું આપશ્રીનો અને આપનાં સૌ સાથીઓનો આભારી છું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા માત્ર જૈન સમાજ જ નહિ પરંતુ સર્વે સમાજો માટે તથા સૌ કચ્છીઓ માટે વિધ વિધ સેવાઓની પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવેલ તે ધીરે ધીરે વટવૃક્ષ બની અવિરત રીતે વિસ્તરતી જ રહી છે. અને આ પ્રવૃત્તિઓમાં વધારો કરી સેવાકીય પ્રવૃત્તિઓનું વિસ્તૃતિકરણ થઈ રહ્યું છે તે જાણી અતિ આનંદ થાય છે.


અનિવાર્ય કારણોવશાત્ ઉપરોક્ત તા. ૨૦-૧૦-૨૦૧૩ના આયોજિત શુભ પ્રસંગે મારાથી ઉપસ્થિત રહી શકાશે નહિ જે બદલ આપ સૌની ક્ષમા ચાહું છું.

આપનાં સમાજની સેવાકીય પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર વિસ્તરતી રહે અને સર્વ જન હિતાયની પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવાનું આપને સૌને પરમ કૃપાળુ પરમાત્મા સામર્થ્ય બક્ષે એવી પ્રભુનાં ચરણોમાં નમ્ર પ્રાર્થના.

આપની દરેક પ્રવૃત્તિઓની સફળતા માટે હાર્દિક શુભ કામનાઓ પાઠવતા હું આનંદની લાગણી અનુભવું છું.

***પી. એસ. ગઢવી - ભુજ, કચ્છ***
***પૂર્વ સાંસદ (લોકસભા) - કચ્છ***

★




શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના આધુનિકરણ કરાયેલ મેડિકલ સેન્ટર અને ચેક-અપ સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહેવા આપનું નિમંત્રણ મળ્યું છે, તે બદલ હું આભારી છું.

મારા અન્ય રોકાણોને લઈ હું હાજરી આપી શકું તેમ નથી, તે બદલ દિલગીર છું. આપના દ્વારા હાથ ધરાયેલ સેવા પ્રવૃત્તિ અને તેના પ્રારંભ પ્રસંગે આયોજિત સમારોહની સફળતા માટે મારા અંતરની શુભેચ્છા પાઠવું છું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા થતી પ્રેરણાજનક સેવાકીય પ્રવૃત્તિઓ સરાહનીય છે. આવા સેવાકીય કાર્યો કરવા બદલ આપને તથા આપની ટીમને અભિનંદન. આભાર.

***પંકજ એ. મહેતા - ભુજ, કચ્છ***
***પ્રમુખ : કચ્છ જિલ્લા ભાજપ***

★

સાદર જણાવવાનું કે અમદાવાદમાં મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે હાજરી આપવા આપનું સ્નેહસભર આમંત્રણ મળ્યું. પરંતુ અહીં શ્રી હરિ શાંતિ નિકેતન - વયસ્ક વિશ્રામ સ્થાનમાં તા. ૨૦ના જ મહિલા ગરબી મંડળોની હરીફાઈનું આયોજન માધાપરના લોહાણા મહિલા મંડળ, યુવક મંડળ અને રઘુવંશી સોશિયલ ગ્રુપના ઉપક્રમે કરવામાં આવેલ છે. તેથી હું અમદાવાદ મુકામે હાજરી આપી શકું તેમ નથી. તેથી દિલગીરી અનુભવું છું.

સમાજની મુખ્ય ત્રણ જરૂરિયાતો પૈકી એક મહત્ત્વની આરોગ્ય સેવાની જરૂરિયાત સંતોષવા અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજે જે આયોજન કર્યું છે તે ખરેખર સરાહનીય છે અને ધન્યવાદને પાત્ર છે. જુદી જુદી તમામ ફેકલ્ટીઓના સ્પેશિયાલિસ્ટો દ્વારા રાહત દરે સેવા ઉપલબ્ધ કરાવવી એ એક મોટું કામ છે અને તેમાં આપના જેવા સંન્નિષ્ઠ કાર્યકરોની મહેનત અને દાતાઓના દિલેર દાનના સંગમ દ્વારા આપ સમાજને જે રીતે ઉપયોગી થઈ રહ્યા છો તે માટે આપને અને આપની સમગ્ર ટીમને તેમજ દિલેર દાતાઓને અંતઃકરણ પૂર્વકના ધન્યવાદ છે. પરમ કૃપાળુ પરમાત્મા આપને સૌને સમાજ ઉત્કર્ષના આવા કાર્યો કરતા રહેવા સદાય શક્તિ અને પ્રેરણા પૂરી પાડે તેવી અભ્યર્થના.

***શશીકાંત ઠક્કર***
***ઉપપ્રમુખ, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ***

★

*જીવન એક પટકથા છે. કર્મ કરતા રહો.*

મેડિકલ સેન્ટર અને મેડિકલ ચેક-અપ સેન્ટરના આધુનિકરણ પામેલા સંકુલના ઉદ્‌ઘાટનનું નિમંત્રણ મળ્યું. હૃદયપૂર્વક આભાર.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે સાધેલી પ્રગતિને સતત જોતો રહ્યો છું, અનુમોદના કરતો રહ્યો છું. નવીનીકરણ પામેલાં સંકુલમાં તબીબી વિભાગની ૨૮ જેટલી શાખાઓમાં ૧૪૦૦૦૦ જેટલાં દર્દીઓને અદ્યતન કક્ષાની સેવાઓ, ઉચ્ચ કક્ષાના તબીબો દ્વારા મળે છે એ વાત સાબિત કરે છે કે, સંસ્થાના અધિકારીઓ સ્થાપિત ચીલાચાલુ નીતિનિયમોથી ઊભરાઈ જઈ વિઝનરી બની, આવનારા સમયના પરિપ્રેક્ષ્યમાં સેવાના કાર્યોને મૂલવી રહ્યા છે. જરૂર છે દાતાઓ પાસે આ દૃષ્ટિની.

આપ સહુમાં રહેલાં વિઝન અને મિશનનાં સંકલ્પ અને દૃષ્ટિને અભિનંદું છું.

*પન્નાલાલ ખીમજી છેડા - મુંબઈ*
*છેડા જ્વેલરી માર્ટ (ફોન : ૨૩૪૨૧૯૯૫)*

★

નવીનીકરણ થયેલ મેડિકલ સેન્ટરના તા. ૨૦-૧૦-૨૦૧૩ના ઉદ્‌ઘાટન સમારોહ કાર્યક્રમની આમંત્રણ પત્રિકા મળી. આભાર, ધન્યવાદ.

સમયની પ્રતિકૂળતા હોઈ અનુપસ્થિતિને ક્ષમ્ય ગણશો.

સેવાકીય પ્રવૃત્તિઓની અનુમોદના, પ્રસંગની સફળતા, પ્રગતિના પંથે પ્રયાણની અભ્યર્થના.

આપ સહુ સજાગ કાર્યકરોની ખંત, ખાંખત અને ખમીર સાથે સંસ્થાને ઉચ્ચ શિખરે લઈ જવાના પ્રયત્ન સાથેની સજાગતા અનુમોદનીય છે. અભિનંદન - ધન્યવાદ.

આમંત્રણ બદલ ફરી આભારની લાગણી સાથે, વંદેગૌમાતરમ.

*વશનજી પ્રેમજી સોની*
*પ્રમુખ, શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર - લૂણી*

★

નવીનીકરણ પામેલ મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન સમારોહ પ્રસંગેનું નિમંત્રણ મળ્યું. ખૂબ ખૂબ આભાર.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વર્ષોથી જનસેવાના અનેક કાર્યો કરી રહ્યું છે. જેમાં મેડિકલ ક્ષેત્ર શિરમોર કાર્ય રહ્યું છે. સેવા થકી સંસ્થાને સુગંધી બનાવનાર સૌ ટ્રસ્ટીઓ, અધિકારીઓ અને તબીબી સેવા સમિતિના કાર્યકરોને ઊરના ઊંડાણેથી મારા લાખ લાખ અભિનંદન.

આધુનિકરણ કરેલ નવનીત મેડિકલ સેન્ટર અને શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે હું મારી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

*જેઠાલાલ વી. ગંગર 'મંગલમ્' - ડોંબીવલી (ઈસ્ટ)*
*મો. ૯૮૧૯૧ ૨૯૨૩૫*

★

આપે મોકલાવેલ નિમંત્રણ પત્રિકા મળેલ છે. તે બદલ આભાર. અનિવાર્ય સંજોગોવશાત્ સમારોહમાં આવી શકાશે નહિ. તે બદલ દરગુજર કરશો.

તબીબી ક્ષેત્રે મેડિકલ સેન્ટરનું નવીનીકરણ કરવું જરૂરી છે અને આપે એ કાર્યને સિધ્ધ કરેલ છે. આ માટે અમારા તરફથી આપ સર્વે ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ અને કાર્યકરોને હાર્દિક શુભ કામનાઓ.

સમયાંતરે મળતા રહીશું એવી આશા સહ, આભાર.

*ધનજી વી. સાવલા*
*શ્રી વાગડ વેલફેર હોસ્પિટલ, ભચાઉ - કચ્છ*

★

જય ભારત સાથે જણાવવાનું કે તા. ૨૦-૧૦-૨૦૧૩ના પ્રોગ્રામ માટે આપેલ આમંત્રણ બદલ આભાર.

અનિવાર્ય સંજોગોના કારણે સમારંભમાં હાજરી આપી શકાય એમ ન હોવાથી ક્ષમા યાચું છું.

આપના કાર્યક્રમની સર્વાંગી સફળતા માટે શુભેચ્છા. તેમજ આપની ઉપરોક્ત સંસ્થા દિન પ્રતિદિન પ્રગતિ કરે એવી ઈશ્વર પાસે પ્રાર્થના....

*અરવિંદ કે. શાહ - માંડવી, કચ્છ*
*મો. ૯૮૨૫૩ ૫૫૪૫૦*

## OPENING OF RENOVATED MEDICAL CENTRE

***Shri Ashokbhai Mehta, (Managing Trustee), Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad***

At the outset, I thank all the trustees of Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad (SKJSS) for remembering me on all important occasions of SKJSS and inviting me for the same in this Silver Jubilee Year. I did attend on 20th October 2013, the latest such occasion of Inauguration function of Renovated Medical Centre at Paldi. I congratulate the entire team of SKJSS for all such achievements. I append some of my views about the latest function, which if you feel are worthy of place in SKJSS's mouth piece Mangal Mandir, you may do publish them.

Change is a continuous process. All changes are not necessarily progress. In last decades, three fields have witnessed tremendous changes due to technology. These are Medical, Communication and Entertainment. In particular medical field has undergone paradigm shift. It is heartening to note that SKJSS has in tune with time did the renovation of its Medical

*જીવનમાં ક્યારેય કોઈની ઈર્ષ્યા ન કરવી.*

Centre. This is progress, a step further in the right direction and one more feather in the cap of SKJSS.

In his speech, Shri Ashokbhai Mehta mentioned that SKJSS extends the medical facilities as well as the guest house facilities to any Kutchhi who comes to Ahmedabad for the medical treatment, at subsidized rate or free depending upon the merit. So it is more appropriate to call Shri Kutchhi **JAIN** Seva Samaj - Ahmedabad, Shri Kutchhi **JAN** Seva Samaj - Ahmedabad. This is indeed a great work. He also mentioned that majority of the patients coming from Kutchh suffer from cancer or kidney related diseases. About forty years back, when I was studying in engineering college at Surat, one Kutchhi officer in Public Health Department, who was known to me had told me that the highest rate of eye related diseases were reported in Kutchh. The situation today may be different.

It is an accepted fact that in the success of any public institution or activity, TEAM WORK is at the core. But even in such team success, the role or contribution of some individual is notable. While celebrating the success, many institutes fail to recognize the contribution of some worthy individual. I am glad that SAKJS publically acknowledged the work done by Shri Pratapbhai Dand for the renovation of medical centre and honoured him by a proper 'Sanman Patra'. This should become an example for other institutes to follow. Recently I read that the word TEAM is the acronym of a sentence 'Together Each Achieves More'. But the latest acronym for TEAM is **'Together Each Achieves Miracle'**. SKJSS has epitomized the latest acronym.

Shri Chandrakantbhai Ghoghari mentioned that in next financial year, the Company Law is going to make mandatory 2% contribution of annual profit towards Corporate Social Responsibility (CSR) for the corporate. He mentioned that their group has been spending more than 2% for such causes. I had in the past read that some Gujarati Corporate Houses like Tatas, Wadia and Lalbhai Group were pioneers in extending the amenities like eight hours working per day, paid leave, leave travel concession, bonus, housing facilities, crash, subsidized canteen facilities, transportation, provident fund and gratuity to name some of them to their employees. They did extend most of these amenities before it became mandatory by law. Many people quote that 'What Bengal thinks today, India thinks tomorrow'. Here I wish to state that 'What Gujarati does today, othere do tomorrow or may be day after.' Corporate Social Responsibility (CSR) and Inclusive Growth are two buzzwords in circulation these days. It is good that SKJSS is instrumental in the implementation part of these two jargons.

Another noteworthy feature of this function was that, quite a number of donors for various activities of SKJSS are REPEAT DONORS. This is an indication of the feet that most of the donors have felt that their donation is properly and judiciously used for the purpose for which they had donated. This indicates the faith the donors have in the team of SKJSS.

***Pravinchandra Shamji Shah (Dharamashi) - Surat***
***M. 99789 03247***

★

## શ્રધ્ધાંજલિ

*સંધ્યા સમયનો સૂર્યાસ્ત એ તો કુદરતનો અણસાર છે,*
*પણ મધ્યાહ્ને સૂર્યાસ્ત કેવો ક્રૂર પ્રહાર છે.*
*હે પ્રભુ! અમારે જેની જરૂરત હતી તેની તમારે શી જરૂર પડી?*
*હે કુદરત! શું હતી ખોટ તમારે વતન, કે લૂંટી લીધું અમારું જતન.*

શુક્રવાર, તા. ૧૫ નવેમ્બર, ૨૦૧૩ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજનો માટે આઘાતનો દિવસ બની રહ્યો. સમાજના દાતાશ્રી તેમજ જેમના નામથી પાલડી ભવનમાં ચાલતા મેડિકલ ચેક-અપ સેવાના અગ્રણી તથા ઉપપ્રમુખ શ્રી કાંતિલાલ વેલજી સાવલાના અકાળ દુઃખદ અવસાનથી સમાજ ખાલીપાની લાગણી અનુભવે છે.

જેમના હૃદયમાં સમાજ પ્રત્યેની સેવાના ઝરણાં વહ્યા કરતાં હતાં. જેમણે પોતાનું જીવન સમાજને સમર્પિત કરેલ. દરરોજ પોતાની હાજરીથી મેડિકલ સેન્ટરને ધબકતું રાખનાર તથા મેડિકલ સેન્ટરના પ્રશ્નોના નિરાકરણ માટે હંમેશાં જાગૃત રહેનાર શ્રી કાંતિલાલ વેલજી સાવલાનાં દુઃખદ અવસાનથી અમો ખૂબ જ આઘાતની લાગણી અનુભવીએ છીએ. તેમનો ખાલીપો સવારના ચા પીવાના સમયે અમને તેમની યાદ અપાવે છે.

પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે તથા પરિવારજનો ઉપર આવેલ આપદાને સહન કરવાની શક્તિ આપે તે જ પ્રાર્થના.

***લી. પ્રાર્થનાર્થી***
***મણિલાલ કે. ગોસર, ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ),***
***દિનેશચંદ્ર જગજીવન શાહ, રમણિલાલ કે. ગોસર,***
***રજનીકાંત ડી. પારેખ***

★

*બીજાને આનંદ આપવાની અનોખી મજા.*

## 'મંગલ મંદિર' દીપોત્સવી અંક

દીપોત્સવી અંક ગાગરમાં સાગર જેવો. ઊંડો ઊંડો ગજબ જ્ઞાનનો ભંડાર

દીપોત્સવી અંક 'પાણી' વિષેના સંભારણા અંકો ખરેખર દાદ માંગી લે છે. કેવી રીતે, કેમ, કેટલાયને યાદ કરી કંડારી લીધા છે જેના માટે કઈ રીતે આપ સૌને નવાજવા તેના શબ્દો ઉપલબ્ધ નથી.

દીપોત્સવી સંભારણા અંકો એક દસ્તાવેજી પુરાવા છે તેમજ ઈતિહાસ છે. ટૂંકમાં 'કૂંડમંડૂપ.' જે આ અંકો સાચવવા જેવા રહ્યા કારણકે આટલી વિગતો, લેખો, કમિટીઓ, મહાનુભાવો, રાજકારણીઓ, સામાજિક કાર્યકરો, પેપરોની વિગતોની રજેરજ માહિતી કંડારી અને બનાવેલ ગજબ ઊંડા મહાસાગરની જેમ સંભારણા અંકો છે. જે બદલ આપને, સહયોગીઓ, તંત્રીમંડળ અને લેખકોને લાખ લાખ અભિનંદન અને આપને લીધે નર્મદા નહેરનું કામકાજ પણ ધપેલ છે.

આવી જ માહિતી 'નર્મદા વિશેષાંક' નીકળેલ હતો તેમાં હતી. પણ આ સંભારણામાં એનાથી વિશેષ માહિતીઓ છે. ખરેખર ક્યાંયથી ગોતી લાવ્યા અને યાદ કરી વાચકો સમક્ષ રસલ્હાણ કરાવી છે. તે બદલ અમારા ધન્યવાદ.

'નર્મદા વિશેષાંક' અને નર્મદા વિષેનાં ઘણા લેખો મારી પાસે મોજૂદ છે જે હાલમાં કચ્છમાં સચવાયેલા પડ્યા છે કારણકે નવ વર્ષથી મારી બિલ્ડિંગનું રી-ડેવલપમેન્ટ અટકાયેલું પડ્યું છે તે કારણે.

સિવાય, મારી પાસે ૫૦થી ૭૦ વર્ષનાં સામાયિકો, અન્ય માહિતી, આખી મુંબઈની માહિતી, કચ્છની માહિતી વિ. અસંખ્ય માહિતી એકઠી કરાયેલ છે. જો આપ તેમની ઝેરોક્ષ પ્રગટ કરતા હો તો મોકલી આપું. એક વખત ભુજમાં હું આખી સુટકેસ ભરીને લાવેલ હતો પણ તમારા ભરચક કાર્યક્રમ અને સમયના અભાવે તમને બતાવી શકેલ ન હતો તે સહેજ.

*હીરાલાલ વી. ઉનડોઠવાલા - ચેમ્બુર, મુંબઈ*

★

## સંભારણા અંકો

'મંગલ મંદિર'ના સંભારણા અંકો વાંચીને અત્યંત આનંદ થયો કારણકે કચ્છની જૂની સંસ્કૃતિ - માહિતી ભેગી કરી - કરાવી વાંચકો સમક્ષ ધરેલ જે એક નજરાણું છે. આજની કે જૂની પેઢી માટે સંભારણા સમાન છે. કારણકે ચોરો વિષેની માહિતીઓ 'પગી' દ્વારા મળતી. એ પગી કયા ગામના? જેમના નામો એકઠા કરેલ છે તો વાંચકને વાંચીને બહુ જ આશ્ચર્ય જરૂર થયું હશે.

હાલના પહેલાના અંકોમાં કચ્છ અને મુંબઈની જાહેર સંસ્થાઓ કઈ કઈ છે તેની માહિતી નામાવલિ પ્રમુખ - મંત્રીઓ, કાર્યવિધિની માહિતીઓ ખરેખર દાદ માગી લે છે કે આવી સંસ્થાઓ સમાજ માટે કેટલી ઉપયોગી છે. ખરેખર, આવી માહિતી માટે જે કદમ ઉઠાવી અને મંગલ મંદિરને શણગાર આપેલ છે તે નવી - જૂની પેઢી ક્યારેય ભૂલશે નહિ જેમ ક્રિકેટર સચિન તેંદુલકર.

હાલના અંકમાં હાલાપુરના પાનબાઈમા, ડુમરાના કબુબાઈ (બાઈ સાહેબ) તેમજ અન્ય માહિલાઓની માહિતી જે આપેલ છે તે સંભારણું છે કારણકે કબુબાઈ વિષે મારો જાત અનુભવ છે અને આઠ વર્ષ ડુમરામાં (બોર્ડિંગમાં) ભણેલ છું અને કબુબાઈની જ્ઞાનશાળા મારા નાનાણાની સામે જ હતી અને સવારમાં ૫.૩૦થી રાત્રે ૯.૩૦ સુધી બહેનોને ધાર્મિક શિક્ષણ મળતું હતું અને હજારોની સંખ્યામાં બહેનોએ લાભ લીધો હોઈ આજે ડુમરાની બહેનો ક્યાંય પણ જાય ત્યાં સંસ્કાર અને ધાર્મિક શિક્ષણ હરીફાઈમાં પહેલો નંબર હોય.

*હીરાલાલ વી. ઉનડોઠવાલા - ચેમ્બુર, મુંબઈ*

★

## સપ્ટેમ્બર અંકનો તંત્રી લેખ

આ અંકમાં તંત્રીશ્રીએ કેટલાક વિવાદાસ્પદ વિધાનો કરેલ છે.

રાજકીય પક્ષો અને ભ્રષ્ટાચાર સુધી તેમની વાત બરાબર છે. મહાજનો ઉંઘી ગયા છે એ પણ સાચું, પણ ત્યારબાદ તેમણે દીક્ષાર્થીની મક્કમતા અને આતંકવાદીની કટ્ટરતાને એક ત્રાજવામાં મૂક્યા છે. આ બન્ને બાબતો સંપૂર્ણપણે એકબીજાથી વિરૂદ્ધ છે.

મક્કમતા એ હકારાત્મક બાબત છે, જેમાં વિચારપૂર્વક અને વિવેક પૂર્વક પોતાના અને કુટુંબ કે સમાજના હિતાર્થે લેવાયેલા નિર્ણયને વ્યક્તિ વળગી રહે છે અને અમલ કરે છે, જ્યારે કટ્ટરતામાં એવું કંઈ હોતું નથી. તેમાં વ્યક્તિનું એટલી હદ સુધી બ્રેઈનવોશ કરવામાં આવે છે કે વિવેક કે વિચારને અવકાશ જ નથી હોતો. ત્યાં એક જાતનું ગાંડપણ તથા આંધળું ઝનૂન હોય છે. આતંકવાદીઓ આ કક્ષામાં આવે છે. તેઓ પોતાની કટ્ટર માન્યતાના કારણે સેંકડો નિર્દોષ લોકોને મોતને ઘાટ ઉતારી શકે છે.

આમ મક્કમતા અને કટ્ટરતા વચ્ચેના મૂળભૂત તફાવતને તંત્રીશ્રીએ લક્ષમાં નથી લીધો.

જો દાખલો લેવો જ હતો તો સરહદની રક્ષા કાજે લડતા અને શહીદ થતા આપણા લશ્કરના જવાનોનો લઈ શકાતો હતો.

મહાજન સંસ્કૃતિની વાત કરીએ તો વર્તમાનમાં તો રાજકારણ અર્થકારણ અને ભ્રષ્ટાચાર, ત્રણે એટલી હદે એકબીજામાં ભળી ગયા છે કે જૂની મહાજન પ્રથાને ભૂલી જ જવી પડે.

બોર્ડિંગ સ્કૂલોની તેઓએ હિમાયત કરી છે. હાલ ભારતમાં બોર્ડિંગ સ્કૂલો છે. એક જાતની સ્કૂલો સંપ્રદાયો દ્વારા સ્થાપિત છે, જેને તેઓ ગુરૂકુળ કહે છે. એ સંપ્રદાયો સ્ત્રીવર્ગથી દૂર ભાગે છે! બીજી જાતની બોર્ડિંગ સ્કૂલો મોટા હિલ સ્ટેશનોમાં કરોડપતિઓના બાળકો માટે જ હોય છે. ઉપરાંત આવી સંસ્થાઓ સ્થપાય તો સીમિત વસતિને જ અસર કરી શકે.

ખરી વાત તો એ છે કે હાલ જે શિક્ષણપદ્ધતિ છે એ ૧૦૦% વ્યવસાયલક્ષી છે. જીવનમાં ઉપયોગી થાય તેમજ નીતિમત્તા તથા અન્ય ગુણો વિકસાવે એવું શિક્ષણ ક્યાં છે? આજની શિક્ષણ પ્રથામાં, તેના પાઠ્યપુસ્તકોમાં જીવનલક્ષી શિક્ષણ શરૂઆતથીજ દાખલ થાય,

*કામ, ક્રોધનું પરિણામ ખોટું જ આવે છે.*

માતાપિતા અને શિક્ષકો પાસેથી પણ બાળપણથીજ સારા સંસ્કાર મળ્યા હોય તો જ ૧૦-૧૨ વર્ષના બાળકમાં બોર્ડિંગ સ્કૂલો દ્વારા ઈચ્છાશક્તિ, મક્કમ મનોબળ, રાષ્ટ્રીયતા, સંસ્કારિતા વિ. ગુણો આરોપી શકાય. ૧૦-૧૨ વર્ષ સુધી આજનું શિક્ષણ લીધેલ બાળકમાં ત્યારબાદ આવા બધા ગુણો આરોપવા મુશ્કેલ થાય. આ સિવાય આ બધા કામ માટે ઉત્તમ શિક્ષકો પણ આજના સમાજમાંથી જ તૈયાર કરવા પડે. સાથે આપણા મહાજનો, દાતાઓ ઠેકઠેકાણે મંદિરો અને તીર્થસ્થાનો ઊભા કરવા માટે કરોડોનું ખર્ચ કરવાના બદલે ઉત્તમ જીવનલક્ષી શિક્ષણ તરફ ધ્યાન આપે તો કંઈ અશક્ય નથી. સાથે, માત્ર નાણા આપવાથી જ સારી શિક્ષણ સંસ્થાઓ ઊભી થતી નથી. એના સંચાલન માટે સમય અને શક્તિનો ભોગ આપનારા મહાજનો પણ જોઈશે.

આ રીતે બાળપણમાં કુટુંબના સંસ્કાર, કિશોરવયમાં ઉત્તમ શિક્ષકોના સંસ્કાર અને આ બંન્નેનો સમન્વય કરે એવી સારી સંસ્થાઓ, આ બધાંનો સુમેળ થાય તો એક કે બે પેઢીઓ બાદ ઉત્તમ પરિણામ મળી શકે. આપનું કહેવું બરાબર છે કે કોઈ ટૂંકો રસ્તો નથી. આપણે ભવિષ્યની પેઢી અને ભવિષ્યના યુવાનો માટે આશાવાદી રહીએ.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫*

★

## એક પ્રતિભાવ

ઓક્ટોબર અંકમાં બૌદ્ધ અને જૈન ધર્મના પ્રસાર - પ્રચાર બાબત ભાઈશ્રી શાંતિભાઈના લખાણથી થોડાક રૂઢિવાદીઓ નારાજ થઈ શકે છે, પણ મોટા ભાગના વાચકોને વિચારવાનું ભાથું મળ્યું હશે. તેમની વાત સાથે સંમત થવા ઉપરાંત હજુ પણ થોડી બાબતો, જેમાં સુધારા જરૂરી છે એ ઉમેરી શકાય.

પહેલી વાત : જૈન સાધુઓનો અમુક વર્ગ પૃથ્વીની ભૂગોળ અને ખગોળશાસ્ત્ર, જે પ્રત્યક્ષ અને પુરવાર થયેલા છે એમ પણ સ્વીકારવા તૈયાર નથી. આજે પણ જંબુદ્વિપ જેવી પ્રતિકૃતિઓ બનાવવામાં આવે છે. આજે પણ પ્રતિક્રમણમાં સૂર્ય, ચંદ્ર, તારા વિ. ને દેવો તરીકે વર્ણવવામાં આવે છે. મોટા ભાગના સાધુઓ હવે સમજવા છતાં આ બધું ભૂલભરેલું છે એ ખુલ્લી રીતે સ્વીકારી પડતું મૂકવાની હિંમત કેમ નથી કરતા? હજુ પણ ક્યારેક એવા મુનિઓ પૃથ્વી સપાટ હોવાનો દાવો કરવા ક્યારેક બહાર આવે છે. હજુ થોડા વર્ષ પહેલાં જ પાલિતાણામાં કોઈએ પૃથ્વી ગોળ છે એમ સાબિત કરનારને ૧ કરોડના ઈનામની જાહેરાત કરીને છેવટે અદશ્ય થઈ ગયા!

બીજું : વીજળીક અને ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો પણ એવી ભૂમિકા ઉપર વિરોધ કરવામાં આવે છે કે એ સચેત છે. સચેતનો મતલબ એ થાય કે તેમાં જીવ છે. હવે આ વાત કેમ ગળે ઉતરે? શુદ્ધ ભૌતિક બાબતને પણ સ્વીકારવા તૈયાર નથી. વીજળીક અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓ વગરની દુનિયાની હવે કલ્પના થઈ શકે?

જૈનો વ્યાપારી પ્રજા હોવાથી વિદેશ ગમન મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે એટલે દુનિયામાં જૈન ધર્મ વિષે ૫-૧૦% જ જાણકારી થઈ છે, બાકી જૈન ધર્મના અસ્તિત્વની જાણકારી મોટાભાગની દુનિયાને આજે પણ નથી.

બૌદ્ધોએ હજારો વર્ષ પહેલાં તક્ષશિલા અને નાલંદા જેવા મહા વિદ્યાલયો સ્થાપ્યા. તે વખતની વાત જવા દઈએ તો આજે જૈનો પાસે એટલી સમૃદ્ધિ છે કે એવા અનેક મહાવિદ્યાલયો સ્થાપી શકે, પણ એ માટે વ્યવસ્થાપકો અને ખાસ કરીને શિક્ષકો, આચાર્યો પહેલાં જોઈએ, જેની જૈન સમાજમાં અછત છે. જૈન સમાજ નાણા ખર્ચે છે, પણ આવી મૂળભૂત પ્રવૃત્તિઓ ઉપર કોઈ ગંભીરતા પૂર્વક ધ્યાન આપતું હોય એવું દેખાતું નથી. આજે ગણીગાંઠી જૈન શિક્ષણ સંસ્થાઓ છે એ પણ સંપ્રદાયવાદ અને ક્રિયાકાંડોથી મુક્ત નથી. વળી એ સંસ્થાઓ પણ માત્ર છોકરાઓ માટેજ! સ્ત્રી શિક્ષણ વગર સમાજને ઊંચે લાવવાની વાત જ શક્ય નથી. અહીં તો આખા સ્ત્રીવર્ગથીજ દૂર ભાગવાની વાત છે.

પ્રભુ મહાવીરના ઉપદેશની એક વિશિષ્ટ વાત બહુ ઓછા લોકોના ધ્યાનમાં આવી હશે. તેઓએ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા, એ ચારને સમાજમાં ૪ પાયા ગણાવ્યા. તેમાં ઊંચનીચ નાનામોટાનું કોઈ અંતર નથી રાખ્યું. આવો સમાન અધિકાર સ્ત્રી પુરુષને જગતના કોઈ ધર્મે આપ્યો હોય એવો ખ્યાલ નથી. આવા સમાન અધિકારનું ગૃહસ્થ સમાજમાં તો ઠીક, પણ સાધુ સમાજમાં પણ પાલન થતું નથી, ત્યાં પણ પુરુષની કક્ષા ઊંચી ગણાય છે.

જૈન ધર્મમાં સેંકડોને હિસાબે પડેલા ગચ્છ માટે કારણભૂત માત્ર અને માત્ર સાધુ ભગવંતોના અહમ છે અને હતા. ગયા વરસેજ મુઠ્ઠી જેટલા જૈનોમાં પાંચ જુદી જુદી તિથિઓએ સંવત્સરી ઉજવાઈ અને બદનામી થઈ.

ઘણું કહી શકાય, પણ હાલ આટલેથી જ બસ.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫*

★

## વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ

તા. ૨૨-૯-૨૦૧૩નો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ યાદગાર હતો. વખતોવખત અનેક આયોજનો થતા હોવા છતાં આપ લોકો સતત પ્રવૃત્તિમય રહો છો અને દરેક પ્રોગ્રામ વધારે રસદાર બનાવો છો. ખૂબ જ અનુમોદનીય છે.

આ વર્ષે અને ગયા વર્ષના વાર્ષિક મિલનોત્સવમાં એક નોંધનીય બાબત એ હતી કે ૧૫ વર્ષની નીચેના બાળકો એક જ સવાલ પૂછે છે અમને અહિંયા લાવ્યા શું કામ? શેના માટે? જમવા માટે જ. મને યાદ છે, આજથી ઘણા વર્ષો પહેલા મણિનગર - સ્વામિનારાયણ મંદિરમાં આપણા પ્રોગ્રામ થતાં ત્યારે બપોરે જમીને 'સંકલ્પ' દ્વારા અથવા બહારથી આર્ટિસ્ટને બોલાવીને અવનવા પ્રોગ્રામો થતા હતા. જમીને બપોરે પ્રોગ્રામ માણીને છૂટા પડતા અને નાનાથી માંડીને મોટા સુધી દરેકને બીજા વર્ષની પ્રતીક્ષા રહેતી. શું એવું આયોજન શક્ય

*ખોટી બાબતનો દરેક સ્તરે વિરોધ કરો.*

નથી? હા, હવે તો દરેક ઉંમરના લોકો માટે ઘણા બધા પ્રોગ્રામો વર્ષ દરમ્યાન થાય છે પણ વાર્ષિક સમારંભમાં જ્યારે દરેક સભ્યો હાજર રહેતા હોય છે તે માટે અલગથી વિચારવું જોઈએ. નાના-મોટા સૌને મજા આવે એવો કાર્યક્રમ બપોરનાં સ્વામિવાત્સલ્ય બાદ હોવો જોઈએ.

આપ લોકો ઘણી બધી મહેનત કરીને આ પ્રકારના ઘણાં પ્રોગ્રામો સફળતાપૂર્વક કરો છો. એટલે આ વિચાર રજૂ કરેલ છે.

*સ્નેહલ પી. શેઠ - અમદાવાદ*

★

## પણ.... એણે શું આપ્યું?

રમતવીર તેંડુલકર. આ વીર વિષે છેલ્લા ૫-૭ દિવસોમાં મીડિયામાં જેટલું લખાયું, બોલાયું છે તેટલું કોઈ એક બાબતે આવું થયાનું સ્મૃતિમાં નથી. માણસ મોટો કહેવાય.

આખા રાષ્ટ્રને મુગ્ધ કરનાર આ ક્રિકેટવીરને બધાએ કાંઈને કાંઈ આપ્યું. સારો માણસ હોવાનો કે ભલો હોવાનું કહેવાનું તો કોઈ ચૂક્યું નહિ. મિત્રો, પ્રશંસકો, સ્નેહીઓ અને સરકારે સુદ્ધાં આપ્યું જ આપ્યું. અપાય તેટલું સૌએ આપ્યું. એક પ્રેમીએ તો જીવ પણ આપ્યો! ભાઈ 'ભારતરત્ન' પણ થઈ ગયા. એને 'LEGEND' અને 'યુગપુરુષ' જેવા વિશેષણો પણ અપાયા. આ થઈ માનમરતબાની અને થોડા રૂપિયાની વાત. આપણા લોકોના ક્રિકેટપ્રેમ અને લોકપ્રિયતાને કારણે એની મબલખ આવક - કાયમી અને સતત — ની વાતો છાની નથી. (દા.ત. જાહેરાતનો ૨૦૦ કરોડનો કરાર) એને બિરદાવવામાં જૂના-નવા ક્રિકેટરો, રમતવીરો, પત્રકારો, ફિલ્મી હસ્તીઓ, રાજકારણીઓ, કલાકારો અને સાહિત્યકારો, દેશવિદેશના પ્રેમીઓ, કોઈએ મણા ન રાખી.

આ બધું વાંચી - સાંભળીને મને એક આશા જાગી. એના ઘેલા પ્રેમીઓની હો હા, ને વાહવાહ ઓછી થશે પછી આ મહાપુરુષ મોટો ધડાકો કરશે — સખાવતની મોટી રકમની. **કરોડોનો માલિક લોકોએ બતાવેલા આવા ઉમળકાનો ઉત્તર, આમ આદમીને લાભ થાય તેવી કોઈ મોટી ૧૦૦ / ૨૦૦ કરોડની યોજનાથી આપશે. આપણા દેશમાં અનાથ બાળકો, સ્ત્રીઓ, અપંગો, વૃધ્ધો માટેની સેંકડો સંસ્થાઓ ઉપરાંત શિક્ષણ, આરોગ્ય કે છેવટે રમતગમત જેવા અનેક ક્ષેત્રો દિલાવર દાતાઓની રાહ જુએ છે. એશ આરામની જિંદગી જીવનારા આવા શાહજાદાઓ આવું કશું જાણતા નહિ હોય? હોંશે હોંશે, બધું જ સ્વીકારી લેનાર આ 'રત્ન' આપવા બાબતે એવું જ ઉદાર વલણ દાખવશે, મોડી મોડી પણ મને આશા છે.**

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

★

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ

જયહિંદ સાથે જણાવવાનું કે હર્ષાબેન નરેન્દ્રભાઈ ચૌહાણ કચ્છ ગામ કુકમાવાળા, કચ્છી વિશ્રામ ગૃહમાં રોકાયા હતા. સંસ્થાના કામે આવ્યા હતા. અમે રોકાયા ત્યારે રોકાણમાં મજા આવી. કુદરતે અમારી વીંટી નંગ-૪ રૂમ નં.-૩૦૭માં રહી ગઈ હતી. અમે ભુજ બાજુ રવાના થયા. ભુજ સુધી પહોંચવાની તૈયારી હતી. વીંટી યાદ આવી. તરત જ નીતિનભાઈને ફોન કર્યો. **નીતિનભાઈએ તપાસ કરી તો વીંટી મળી અને અમને વીંટી નંગ-૪ મળી ગઈ છે. સંસ્થાના સ્ટાફનો ઘણો આભાર માનીએ છીએ.**

*હર્ષાબેન ચૌહાણ (મો. ૯૯૨૯૩ ૬૩૯૮૭)*

★

## મંગલ મંદિર — દીપોત્સવી અંક

મંગલ મંદિર દીપોત્સવી અંક, "કચ્છ અને તેની પાણીની સમસ્યા : સંભારણા વિશેષાંક-૨" ખરેખર એક અમૂલ્ય નજરાણા અંક છે. જે ૨૦૦૩થી ૨૦૧૩ સુધી કચ્છ માટે નર્મદાના પાણીની તાતી સમસ્યા અને છેલ્લા દસ વર્ષ દરમ્યાન આ સમસ્યા અંગે મબલખ માહિતી આપી, કચ્છ માટે તે અંગે સેવાતી બેદરકારી, ધીમી પ્રગતિ, અવરોધો વિશે ભરપૂર માહિતી આપતા તંત્રી લેખો, તજજ્ઞ લેખકોનાં તબક્કાવાર લખાયેલ લેખો વિગેરેની ભરપૂર માહિતી, મંગલ મંદિરના આ વિશેષાંક સિવાય અન્ય કોઈ સોર્સીસ મારફતે મળી જ ન શકે. ટૂંકમાં નર્મદા નીર વિશે મંગલ મંદિરે, કચ્છને સજાગ રહેવા, સરકારશ્રીની કચ્છ માટેની લઘુતા અને ઘણાં અંશે ઓરમાયું વર્તન શ્રી પ્રવીણ શાહના લેખો દ્વારા પાધરા થયેલ છે. શ્રી અશોક મહેતાના દસ વર્ષના પ્રત્યેક અંકોમાં લખાયેલ લેખો દ્વારા તો આ અંગે પુષ્કળ જાણવા - વિચારવા - જાગૃત થવા, લડત આપવા અંગે મનોમંથન યુક્ત ઉજાગર કરતા લેખો - કચ્છીઓ કે જેઓ આ યોજના વિશે બહુ ઓછું જાણતા હોય તેવા વાચક મિત્રો માટે એક અરીસાનું કામ કરે તેવું છે.

આ અંક વિશે ઘણું લખી શકાય તેમ છે પણ હું તો માત્ર એટલું કહીશ કે, આવો સુંદર માહિતીસભરનું નજરાણું મંગલ મંદિરના વાચક મિત્રોને આપવા બદલ સંચાલક મંડળને ખૂબ ખૂબ અભિનંદન.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*

★

વર્ષોથી 'મંગલ મંદિર'નો અભિભાવક અને વાચક છું. શ્રી કચ્છી જૈન સેવા સમાજના પ્રમુખ સુત્રધારો સાથેનો અંગત વ્યક્તિગત સંપર્કનાતો પણ મારી આ વિભાવનાને જીવંત રાખે છે. 'મંગલ મંદિર'માં લખવાનો લહાવોય લીધો છે પણ અનિવાર્ય એવા વ્યક્તિગત ટેવ - કારણોને લીધે એમાં અંતરાય - અવરોધ સર્જાય છે પણ 'મંગલ

સ્થાપના : ૧૯૮૪
કે. કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

મંદિર'ના વાચન પછી જે ચોટડુક વાતો મનમાં ઠસી ગઈ હોય છે તેની મુખ્યતંત્રી જોડે ટેલિફોનિક ચર્ચા કરી સંતોષ માની લઉં છું.

છેલ્લા ચારેક મહિનાથી 'મંગલ મંદિર'નું સંપાદકીય પોત ઉપસ્યું છે. પરિવારના સૌની રસરૂચિને સંતોષે તેવા લેખો (કાવ્યો સિવાય)નું પણ કાળજીપૂર્વક સંકલન - સંપાદન થતું જોવા મળે છે. અગાઉ હતું તેમ કચ્છના કલમનવેશોની પ્રસાદી વચ્ચે થોડો સમય અંતરાલ થઈ ગયા પછી પુનઃ દેખાવા લાગી છે. એમાં કેટલાક નવોદિતો પણ છે જ જેઓ પહેલાં 'મંગલ મંદિર'ના નભોમંડળમાં દષ્ટિગોચર થતા ન હતા. એ માટે અભિનંદન અને આનંદ. બે કલમનવેશોના વ્યક્તિગત નામોનો ઉલ્લેખ ટાળું છું કેમકે 'મંગલ મંદિર'ના સંપાદક મંડળે વ્યક્તિગત પ્રશંસાના પુષ્પો વેડફવાની મનાઈ ફરમાવી છે.

'જૈન ધર્મ' વિશેના ઓક્ટોબરના અંકમાં બે લેખો (ચિંતનાત્મક) પ્રગટ કરાયા છે. એમાંના કેટલાક અંશો પરસ્પરની ખોજ કે પૃચ્છા કે શંકાના સમાધાન સ્વરૂપ છે. બુધ્ધ ધર્મની વ્યાપકતા વાસ્તવમાં એટલી નથી જેટલી લેખમાં દર્શાવાઈ છે. તો જૈન ધર્મનો પ્રચાર પ્રસાર અસીમિત કેમ ન થઈ શકે એવો પ્રશ્ન પણ અસ્થાને અને અપ્રસ્તુત છે. બંને ધર્મના અભિગમો ભિન્ન પ્રકારી છે અને એટલે એના વાહક અનુયાયીઓના અભિક્રમ - ઉપક્રમ પણ ભિન્ન જ રહેવાના. જૈન શાસ્ત્રો (જે મહદાંશે શ્રુતભાવન છે)માં ઉપબોધ્યા પ્રમાણે 'સે એવમ્ ભન્તો'ની વાતને જ વળગી રહી એનું નીરક્ષીર અવગાહન કરવું જોઈએ. અન્યથા, એકને ઉચ્ચ સ્તરે લઈ જવાનો અને અન્યને નિમ્ન સ્તરે નીરખવાનો દોષ લાગે.

'કચ્છના જૈન નારી રત્નો' વિશેના ઇતિહાસવિદ્ બહેન ડૉ. નીતા ઠાકરનો લેખન પ્રયાસ પ્રશંસનીય અને વધાવવા જેવો છે. 'મંગલ મંદિર'માં આ જ વિષયે જુદા જુદા ક્ષેત્રોને આવરી લેતા લેખો અગાઉ પ્રગટ થઈ ચૂક્યા છે. વચ્ચે થોડો અવકાશ આવી ગયો. એમણે છેલ્લા લેખમાં 'નારી રત્નો'ની જે ટીપ ઉતારી છે તે ઘણી મર્યાદિત છે. કચ્છમાં ઘણી વ્યક્તિઓ એવી વસે છે, જેમનો સંપર્ક કરવાથી ડૉ. નીતાબહેન જેમનાં વ્યક્તિત્વ અને પ્રદાનને ભૂલી ગયા અથવા નોંધ ન લઈ શક્યાં એ કચાશ ટાળી શકાઈ હોત. તેઓ આ મણકાશ્રેણીને આગળ વધારે તો એમનો આ પ્રયાસ જરૂર સાર્થક નીવડશે.

અન્ય અખબારો કે સામયિકોમાંથી ઉદ્ધૃત કરેલા લેખ - અંશો સુચારુ વાંચન માટે આવશ્યક અને આવકાર્ય છે. પરંતુ તે સાથે યા તો એ અખબારો - સામયિકો અથવા લેખકોનો સૌજન્ય સ્વીકાર એ ઉત્તમ સંપાદન પરંપરા છે. ઓક્ટોબર-૨૦૧૩ના અંકમાં ૩૬મા પાને પ્રગટ કરાયેલો અજય નાયકનો લેખ "દિવ્ય ભાસ્કર"માં પ્રગટ થયો છે. તે જ રીતે વિનેશ અંતાણીની એક સત્યકથા (પૃષ્ઠ-૧૦) પણ 'દિવ્ય ભાસ્કર'ની પ્રસાદી છે.

જૈન સાધુ - સાધ્વીઓએ ઘણી ભાષાઓ શીખવી જોઈએ અથવા / અને સંગીતના સારા જ્ઞાતા અને ગીતકાર બનવું જોઈએ એવી વાત - સૂચન અસ્થાને નથી પણ સાંપ્રતકાળમાં પણ એવા અનેક સાધુ - સાધ્વીઓ છે જે આ બંને અપેક્ષાઓને સંતોષે છે. પંન્યાસ મુનિ શ્રી જંબુવિજયજી ૧૮ ભાષાઓના જાણકાર હતા. વિદેશી વિદ્વાનો સાથે જૈનધર્મ વિશે સંપર્કનાતો જાળવનારા હતા. અચલગચ્છ સંઘનાં એક યુવાન સાધ્વીને હજારો ગાથાઓ કંઠસ્થ છે અને તેઓ ખૂબ સારી શાસ્ત્રીય રીતે ગાઈ શકે છે. ત્રણેક જૈનાચાર્યોને તો શાસ્ત્રીય ગીત સંગીતથી જૈન ધર્મની વાતો અને એવા શાસ્ત્રીય ગીત સંગીત મહોત્સવમાં દાદ દેતા આ લખનારે જોયા, સાંભળ્યા અને માણ્યા છે. પણ એ બધાએ ધર્મની શાસ્ત્રીય મર્યાદાઓ અને પરંપરાઓને વળગી રહેવાનું વિશેષ પસંદ કર્યું છે. એનું કારણ જૈન ધર્મ પર શ્રુત જ્ઞાનની આણ છે અને સંભવતઃ તેઓ આનો અનાદર કે અવજ્ઞા કે આશાતના કરવાથી દૂર રહેતા હોય.

ઓક્ટોબર અંકમાં કચ્છને સ્પર્શતું રેલવે ટાઈમ ટેબલ છપાયું છે. એમાં બે ટ્રેનો હવે પછી શરૂ થશે એવો ઉલ્લેખ કરાયો છે. વાસ્તવમાં એ.સી. એક્સપ્રેસ ગત તા. ૧૮-૫-૨૦૧૩થી અઠવાડિયામાં ત્રણ દિવસ દોડતી થઈ ગઈ છે અને ગત મહિને તો એને સામખિયાળીનું સ્ટોપેજ પણ અપાઈ ચૂક્યું છે. એ જ રીતે ભુજ - શાલીમાર ટ્રેન પણ નિયમિત થઈ ગઈ છે. બરેલી ટ્રેન સપ્તાહમાં બે-ત્રણ દિવસ અમદાવાદ થઈને આવ-જા કરે છે અને હવે ગાંધીધામ - વિશાખાપટ્ટનમ ટ્રેન માર્ચ પહેલાં શરૂ થઈ જશે એવું પ.રેલવેના જનરલ મેનેજરે નવેમ્બરના બીજા સપ્તાહમાં કચ્છના પ્રવાસ દરમ્યાન કહ્યું છે. લાગે છે કે રેલવે ટાઈમ ટેબલના પ્રકાશન વિશે 'મંગલ મંદિર'ને ક્ષતિ કરવાની ફાવટ આવી ગઈ છે. ગત વર્ષે પણ આવી જ ચૂક થઈ ગઈ હતી.

છેલ્લે સંપાદકીય નોંધ વિશે. મુખ્ય સંપાદકની નોંધ અત્યંત વાચનીય - મનનીય હોય છે, મુદ્દાસર હોય છે. કચ્છની સમસ્યાઓ વિશે જ સામાન્યપણે એની અભિવ્યક્તિ હોય છે. પરંતુ છેલ્લા ચારેક અંકોથી લાગે છે કે મુખ્ય સંપાદકને પૂરતો ચિંતન-સમય મળતો લાગતો નથી એટલે ટૂંકમાં જ છણાવટ કરી લેવાનું દેખાય છે. સંભવ એવોય છે કે સંપાદકની સાથોસાથ સમીપના મુખ્ય સૂત્રધાર તરીકેની જવાબદારીનું પાલન કરવામાં અતિ ભારે વ્યસ્તતા પણ અંતરાય સર્જતી હોય.

છતાંય સરવાળે, મંગલ મંદિર એક સમાજ - મુખપત્ર નહિ પરંતુ કચ્છીયતને ઉજાગર કરવા મથામણ કરતું સાર્વજનિક સામાયિક તરીકે ઊભર્યું છે - ઊભરી રહ્યું છે એ આનંદની વાત છે. એ માટે સૌ સંપાદકોને ધન્યવાદ.

"દીપોત્સવી અંક : સંભારણા વિશેષાંક-૨" ઉત્તમ કક્ષાનું સંપાદન છે. એક સંદર્ભગ્રંથ તરીકે સાચવી રાખવા જેવો છે. કચ્છના પ્રાણ પ્રશ્નને સમજવા માટે એમાં ઊંડું જ્ઞાન સાહિત્ય મબલખ ભર્યું છે અને અન્ય પ્રશ્નો પ્રતિ પ્રજાકીય સેવકો - નાગરિકોને સજાગ થવા સંપાદકીય નોંધમાં સાચી રીતે ચીંટિયો ભર્યો છે. ધન્યવાદ.

*જગદીશ રવિલાલ શાહ (માંડવી / સુરત / વડોદરા)*
*મો. ૯૨૨૨૯ ૮૫૨૩૯*

**TEJ WALA**

# અન્ય સંસ્થાઓના સમાચાર

## લીમડાને 'કમાઉ દીકરો' બનાવવા હાકલ

કચ્છ સહિત ભારતભરમાં 'હાથવગા' અને આરોગ્યની જાળવણી માટે જાણીતા લીમડાનું મહત્ત્વ માત્ર વૈજ્ઞાનિક અને સંશોધનાત્મક સ્તરે ચર્ચાયું તથા સ્વીકારાયું છે પરંતુ લોકો સુધી હજી પહોંચ્યું નથી એટલે હવે લોકોને લીમડાનું મહત્ત્વ સમજાવી તેના આર્થિક પાસાં બતાવવાની જરૂર હોવાનું લીમડા પાછળ જિંદગીના ચાર દાયકા ખર્ચી નાખનારા અને 'નીમ અમ્મા' તરીકે જાણીતા પેરીન ફિતરે તાજેતરમાં ભુજ ખાતે જણાવ્યું હતું.

મૂળ સુરતના અને કેન્યાને કર્મભૂમિ બનાવી શિક્ષણની સાથે લીમડાના મહત્ત્વને પણ ઉજાગર કરનારા પારસી મહિલાએ આજે તેમના 'નીમ મિશન'ના અનુસંધાને કચ્છયાત્રાના સંદર્ભે આયોજિત એક પત્રકાર પરિષદમાં આ 'કડવા વૃક્ષ'ની મીઠી વાતો અસલ સુરતી ગુજરાતી ભાષામાં રજૂ કરી હતી.

૬૫ વર્ષ છતાં એકદમ સ્ફૂર્તિ સાથે લીમડાના મહત્ત્વને એક શબ્દમાં કહેતાં પેરિન ફિતરે કહ્યું કે કેન્યામાં આ વૃક્ષની એક ડાળી રૂા. ૧૦માં વેચાય છે અને ખરીદનારાઓની કમી નથી. સાચા અર્થમાં આ એક સોનું જ છે અને તેનું મહત્ત્વ હવે સામાન્યજને સમજવાની જરૂર છે. શ્રેષ્ઠ જંતુનાશક ગણાતી લીંબોળીનો રસ શરીર પર લગાવીને મચ્છર દૂર કરવા ઉપરાંત ખેતરોમાં પાકને બચાવવામાં પણ સરળતાથી ઉપયોગ થતો હોવાનું કહી તેમણે કહ્યું કે લીમડા - લીંબોળીના ઉપયોગથી આપણે મોંઘાદાટ છતાં શરીર અને સ્વાસ્થ્ય માટે કોઈ રીતે હિતકારી નથી તેવા સૌંદર્ય પ્રસાધનો પરનો ખર્ચ પણ ઘટાડી શકાય છે.

તેમણે ગુજરાતમાં વૃક્ષારોપણના કાર્યને બિરદાવીને કહ્યું કે કચ્છમાં પણ આ ક્ષેત્રે સારું કામ થયાનું મારા ધ્યાને આવ્યું છે, પરંતુ હવે લોકોને લીમડાના આર્થિક પાસાંને સમજાવવાની જરૂર છે. લીમડાની છાલથી માંડીને તેના મૂળની વિશ્વમાં માંગ વધી રહી છે ત્યારે જો અત્યારથી સમૂહમાં લીમડાના તેલ સહિતના ઉત્પાદનો શરૂ કરાય તો આંગણે ઊભેલું આ વૃક્ષ આર્થિક રીતે કમાઉ દીકરો પણ બની શકે તેમ છે. ગુજરાતના પ્રવાસ બાદ તેઓ ઉત્તરપ્રદેશની મુલાકાત લેશે એમ તેમણે કહ્યું હતું.

ડીસીએફ એમ.આર. ગુર્જરે કચ્છમાં વનીકરણની વિગતો આપી હતી. માનવ જ્યોત સંસ્થાના પ્રબોધ મુનવરે પેરિન ફિતરનો પરિચય આપ્યો હતો. કોટિવૃક્ષ અભિયાનના પ્રણેતા એલ.ડી. શાહ, જળસંકટ નિવારણ સમિતિના કેશવજી દેઢિયા અને માનવ જ્યોતના શંભુભાઈ જોશી હાજર રહ્યા હતા.

*એલ. ડી. શાહ*
*કોટિવૃક્ષ અભિયાન - બિદડા*

★

## સાહિત્ય કલા પુરસ્કાર - ૨૦૧૩

શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય કલા પુરસ્કાર - ૨૦૧૩ નીચે પ્રમાણે પુરસ્કાર જાહેર કરવામાં આવેલ છે.

૧. શ્રી મનહર ચૌહાણ - કુંભારિયા. હિંદી ભાષામાં આજીવન પ્રદાન માટે.

૨. શ્રી આસમલ ધુલિયા - ગાંધીધામ. વર્ષ ૨૦૧૨ના ઉત્તમ કચ્છી કાવ્ય સંગ્રહ 'લાખેણી લાણ'ના સર્જન માટે.

૩. શ્રી રાજેશ ગઢવી - દેવપર. કચ્છી લોક ગાયકીમાં આજીવન પ્રદાન માટે.

૪. શ્રી કેશવજી રામજી સતરા (જૈન) - ગુંદાલા. સંગીત ક્ષેત્રે આજીવન પ્રદાન માટે.

૫. શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ - નલિયા. નૃત્ય કલા ક્ષેત્રે આજીવન પ્રદાન માટે.

પુરસ્કાર એનાયત કરવાનો કાર્યક્રમ રવિવાર, તા. ૮-૧૨-૨૦૧૩નાં બપોરે ૨.૩૦ વાગે શ્રીમતી ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ ખાતે રાખવામાં આવેલ છે. આ જાહેર આમંત્રણ છે એટલે સહકુટુંબ બધાને આવવા નિમંત્રણ છે. પુરસ્કાર માટેની સમિતિમાં નીચે જણાવેલ વ્યક્તિઓએ નિર્ણાયક તરીકેની જવાબદારી નિભાવી હતી. (૧) શ્રી માધવ જોશી "અશ્ક", (૨) ડૉ. માધુરીબેન છેડા, Ph.D. (૩) ડૉ. ગુલાબ દેઢિયા, Ph.D. (૪) ડૉ. વિશન નાગડા, MBBS અને (૫) શ્રી વિશનજી હરશી ગાલા — એમ ઉપરોક્ત સાહિત્ય કલા સંસ્થાની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

*સંપર્ક : ડૉ. વિશન નાગડા (ફોન : ૦૨૨-૨૬૬૭૩૦૫૫)*

[redacted]

**JAYANT STEELS**
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

**જયંત સ્ટીલ્સ**
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

ઓક્ટો./નવે. – ૨૦૧૩ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- શ્રી નાગજી વિશ્રામ હાઈસ્કૂલ — કોટડા (રોહા), કચ્છ
- લીલાવતીબેન એન. સાવલા — માટુંગા, મુંબઈ
- પ્રદીપ શાંતિલાલ મહેતા — ગાંધીધામ, કચ્છ
- નિકીતા ઉર્વિશ શાહ — પાલડી, અમદાવાદ
- મનસુખલાલ ખુશાલચંદ મહેતા — ગાંધીધામ, કચ્છ
- રમણિકલાલ ચુનીલાલ મહેતા — દાદર (વેસ્ટ), મુંબઈ
- લક્ષ્મીચંદ દેવજી એન્ડ કાં. — કલ્યાણ (વેસ્ટ), મુંબઈ
- મહેશ મગનલાલ દેઢિયા — બોરીવલી (ઈસ્ટ), મુંબઈ
- જયંત એમ. લોડાયા — અકોલા (મહારાષ્ટ્ર)
- શ્રીમતી વસંતબેન જયેશ ઠક્કર — ભુજ, કચ્છ
- સુરેન્દ્ર મણિલાલ શાહ — પ્રહલાદનગર, અમદાવાદ
- ગુલાબચંદ દેવશી ડાઘા — અમલનેર (મહારાષ્ટ્ર)
- રમેશ પી. મહેતા — સુરત
- મૂકેશ એન. સાવલા — માટુંગા, મુંબઈ
- મહેન્દ્ર એમ. જાદવ — જીવરાજ પાર્ક, અમદાવાદ
- સફીરભાઈ સાકીર — ભુજ, કચ્છ
- પરેશ ભવાનજી નાગડા — ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ
- કેતન ઠાકરશી ગોસર — ધુલિયા (મહારાષ્ટ્ર)

#### ૫ વર્ષનું લવાજમ

- માલશી નરશી શાહ — ગીરગામ, મુંબઈ
- શૈલેષ ખીમરાજ ગાલા — મલાડ (વેસ્ટ), મુંબઈ

#### આજીવન

- નટવર કે. સંઘવી — અંધેરી (વેસ્ટ), મુંબઈ
- વિપુલ મગનલાલ ગડા — ગ્રાન્ટ રોડ, મુંબઈ
- પ્રવીણ ચાંપશી ગાલા — દાદર, મુંબઈ
- લાઈબ્રેરી - નવનીત નગર — ડોંબીવલી (ઈસ્ટ) (થાણા)
- ડૉ. નીરવ ડી. છેડા — ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ

*સમય, સમજ, સામગ્રી અને સામર્થ્ય – માનવીએ આ ચારને પોતાના માટે લગાડવા એ તેનો દુરુપયોગ છે અને બીજાઓના હિતમાં લગાડવા એ એનો સદુપયોગ છે.*

### રીન્યુ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- લક્ષ્મીચંદ વિશનજી ધરમશી — બીજાપુર (કર્ણાટક)
- મહારાવ વિજયરાજજી સાર્વ. પુસ્તકાલય ભુજ, કચ્છ
- પીયૂષ ચમનલાલ મોમાયા — યવતમાલ (મહારાષ્ટ્ર)
- ચંદ્રકાંત આર. મહેતા — વડોદરા
- જયંત એમ. વોરા — હૈદ્રાબાદ

#### ૩ વર્ષનું લવાજમ

- ભૂપેન્દ્ર એમ. મહેતા — ભુજ

#### ૫ વર્ષનું લવાજમ

- રાજેન હરિલાલ શાહ — સુરત
- ચંદ્રકાંત મગનલાલ સંઘવી — સુરત

#### આજીવન

- શામજી દેવજી દેઢિયા — ઈંદોર (મ.પ્ર.)
- હેમંત શામજી દેવજી દેઢિયા — ઈંદોર (મ.પ્ર.)

**મ-ખ્યો ભાવર મુંજા ઈ ઝેરીલો નસાઈ ગુટકો...!!**

આદત પે તેં પેલા ચેતી વિનો ભા, નિકાં પોજાંઈધો સમશાનમેં ઈ ગુટકો,
શરૂઆતમેં સ્વાદથી લલચાઈધો, ને પોય જીવનમેં ભટકાઈ ધો રોંધો ઈ ગુટકો,
જ ન વરી શકાજે પાછા ત લગી વિને ઈનજે નસેજો ભારી ઈ ચટકો,
ખબર નંઈ પે ને લગધો રોંધો સદાંઈ, ઈન ચટકે ગુટકેજો ફટકો
દંધ ફિટધા ને નિકરધો ઈન મીંજાથી સટકો, ને મથા કેન્સર જો લગતો જટકો
તડેં ભુલી કરે પણ મ-ખ્યો ભાવર મુંજા, ઈજભરો ઝેરીલો નસાઈ ગુટકો
ભારતમેં ત ખાધે જેળો ઘણે આય, ત ખાઈ-ખાઈ અંઈ કુરો ખ્યો ઈ ગુટકો?
નારેના ઈત વિનાય છડીંધો અણમોલ જિંદગી, માટે પટકોરે પટકો ઈ ગુટકો.
અજથી પંદરો વરે પહેલા, પંદરો વરે સુધી મું ખાધો વો ઈ ગુટકો
તડેં વૈદ્ય ભચાય ગિણા મુંકે ને પંદરો વરેથી મું ભંધ ક્યો ઈ ગુટકો
અજ એકુંતેર વરે મેં જીવાંતો જવાની જેળી જિંધગી, ખાધે વિગર ઈ ગુટકો
જ અંઈ ખાંઈધાવો જીવલેણ ગુટકો, ત અવદશા થીયે તેનું મોર ભંધ ક્યો ઈ ગુટકો
રશ્મિન ચેં ગુટકેથી ભલા દૂર રોણું ખાસો, ઈન કુરા વેંધે અંઈ અટકો
ગુટકો ખેંધલકે ૫ અટકાયો ને પિંઢ પણ અટકો, નેમ-ખ્યો ઈ કાંસાઈ ગુટકો.

*રશ્મિન ખોના પાસેથી સાભાર*

શુભેચ્છા સહ : સૌ. લીનાબેન હંસકુમાર શાહ
**HEMANT SURGICAL INDUSTRIES LTD.**
647, Girgaum Road, Near Dhobi Talao,
Avijah Bldg., Gr. Floor, No. 6 & 7, Mumbai-400 002. INDIA.
Tel. : 2203 0935 / 36 • Fax : 91-22-2207 7585

શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ
★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

ફાર ઈસ્ટ
All Inclusive Rs. 69,999/-
10 Days • Dep. : 21 Apr., 01, 12, 22 May, 1 June
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
TAN MAN TOURS & TRAVELS
મુલુંડ • દાદર • પાર્લા
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) ગઈ ૩જી ઓગસ્ટના રોજ અમેરિકાના મીશીગન ખાતે બીજા વિશ્વયુધ્ધ દરમ્યાન નાઝીઓના સંહારથી અનાથ બનેલા ૧૦૦૦ જેટલા લોકોના પુનઃમિલનના કાર્યક્રમનું આયોજન થયું. આવા ૧૦૦૦ જેટલા બાળકોને વિશ્વયુધ્ધ પછી જામનગરના મહારાજા જામસાહેબે ૧૯૪૨થી ૧૯૪૫ સુધી દત્તક લઈ તેઓની તમામ જવાબદારી ઉપાડી લીધી હતી. *(સાધના, તા. ૩૧-૮-૧૩)*

(૨) શહીદ ભગતસિંહના ભત્રીજાના પુત્રે ગૃહ મંત્રાલયમાં આર.ટી.આઈ. કરીને જાણકારી માગી હતી કે ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ક્યારે શહીદ કરાયા હતા? કેન્દ્રના ગૃહ મંત્રાલયે જવાબમાં જણાવ્યું કે આ ત્રણેયને ક્યારે જાહેર કરાયા તે અંગેની કોઈ માહિતી સરકાર પાસે નથી! *(સાધના, તા. ૩૧-૮-૧૩)*

(૩) અમદાવાદના દર્શિતાબહેન માત્ર આઠ વર્ષની ઉંમરે લકવાગ્રસ્ત બની ગયા છે. પરંતુ દૃઢ મનોબળ અને માતા-પિતાના સહકારથી તેમણે ચાર અનુસ્નાતક સહિત અત્યાર સુધીમાં સત્તર ડિગ્રીઓ મેળવી છે. હાલે તેઓ એમ.બી.એ. કરી રહ્યા છે. *(સાધના, તા. ૩૧-૮-૧૩)*

(૪) વર્ષ ૧૯૬૩માં ડૉ. રામમનોહર લોહિયાએ પૂછેલા તારાંકિત પ્રશ્નના જવાબમાં નહેરુ સરકારે જણાવેલું કે દેશની ૮૫% જનસંખ્યાની આવક રોજના માત્ર ચાર આના છે. *(નિરીક્ષક, તા. ૧-૯-૧૩)*

(૫) ચીનમાં વર્ષ ૧૯૫૯-૬૨ દરમ્યાન દુકાળ પડેલો. તેમાં ત્રણ કરોડ લોકો ભૂખે મરી ગયા હતા. પરંતુ તે બાબતે સહેજ ઉંહકારો પણ કરવામાં આવ્યો ન હતો. *(નિરીક્ષક, તા. ૧-૯-૧૩)*

(૬) બાંગ્લાદેશમાં ઢાકા પાસેના સાવર નામના ગામે ૨૪-૪-૧૩ના રાણા પ્લાઝા નામના જર્જરિત મકાનના પડી જવાથી ૧૦૦૦ કરતાં પણ વધારે લોકો દટાઈને મરી ગયા. *(લોક સ્વરાજ, સપ્ટેમ્બર-૧૩)*

(૭) સંગીતકાર જોડી લક્ષ્મીકાંત પ્યારેલાલના પ્યારેલાલનો લોનાવલા ખાતે આવેલ એક પ્લોટ રૂા. એક કરોડના ભાવે કોઈકે ફ્રોડ કરીને નકલી કાગળો બનાવીને બે વાર વેચી માર્યો છે! *(વિવેકપંથી, જુલાઈ-૨૦૧૩)*

(૮) મહારાષ્ટ્ર સરકારે ૧૦ વર્ષમાં રૂા. વીસ હજાર કરોડના ખર્ચ પછી એક મેગાવોટ વીજળી પણ પેદા કરી નથી. *(વિવેકપંથી, જુલાઈ-૨૦૧૩)*

(૯) ન્યૂયોર્કના પોલીસ વિભાગે ત્યાંની મસ્જિદોને આતંકી સંગઠન જાહેર કરેલ છે. આ સાથે જ પોલીસને મસ્જિદમાં થતી તમામ ગતિવિધિઓને રેકોર્ડ કરવાની સત્તા મળેલ છે. *(સાધના, તા. ૭-૯-૧૩)*

(૧૦) અફઘાનિસ્તાનમાં થયેલ ચૂંટણી સુધારા અનુસાર ત્યાંની જિરગા (સંસદ)માં અફઘાન નાગરિક, શીખ તથા હિંદુ માટે બેઠક અનામત રાખવામાં આવશે. *(સાધના, તા. ૧૪-૯-૧૩)*

(૧૧) કેરળથી મહાત્મા ગાંધી યુનિ. (કોટ્ટમ)ના કેમ્પસમાં 'સ્વામી વિવેકાનંદ ચેર' માટેની જાહેરાત થઈ. પણ મુસ્લિમ લીગના વિરોધને કારણે એ યોજના રદ કરવામાં આવી. *(સાધના, તા. ૧૪-૯-૧૩)*

(૧૨) પીપલ્સ લિન્ગ્વિસ્ટીક સર્વે ઓફ ઈન્ડિયાએ જણાવ્યા મુજબ ભારતમાં ૮૫૦ જેટલી ભાષાઓ બોલવામાં આવે છે. જો કે છેલ્લા ૫૦ વર્ષ દરમ્યાન ૨૫૦ જેટલી ભાષાઓ લુપ્ત થઈ ગઈ છે. *(સાધના, તા. ૧૪-૯-૧૩)*

(૧૩) આપણા દેશમાં જવાહર, ઈંદિરા અને રાજીવ નહેરુ - ગાંધીના નામે લગભગ સાડા ચાર લાખ જેટલી સંસ્થાઓ છે અને યોજનાઓ છે. *(સાધના, તા. ૨૧-૯-૧૩)*

(૧૪) અમેરિકા સ્થિત ભારતીય દુતાવાસના કોમ્પ્યુટરમાંથી તમામ સંવેદનશીલ માહિતી ચીનના સાઈબર નિષ્ણાતો ચોરી ગયા છે. *(સાધના, તા. ૨૧-૯-૧૩)*

(૧૫) આપણા દેશની 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયર્સ' નામની સંસ્થાના સર્વે રિપોર્ટ મુજબ ઑસ્ટ્રેલિયા દેશમાં જેટલા ઘઉં પાકે છે એટલા ઘઉંનો તો ભારતમાં બગાડ થાય છે. તેણે વધુમાં જણાવ્યું છે કે દેશમાં અનાજનો જે વધારાનો જથ્થો પડી રહ્યો છે તેની ગુણીઓ (બોરીઓ)ને જો એક ઉપર એક એમ ખડકલો કરવામાં આવે તો તે હિમાલય કરતા પણ ઊંચો થાય. *(દલિત અધિકાર, તા. ૧-૯-૧૩)*

(૧૬) કારગીલ વિજય દિવસ : ગુજરાતના શહીદ મુકેશ રાઠોડના પરિવારને ૧૪ વર્ષ વીતી ગયા પછી પણ ગુજરાત સરકારે હજુ સુધી પ્લોટ આપેલ નથી. તેની પત્ની પ્લોટ માટે ધક્કા ખાય છે. *(નયા માર્ગ, તા. ૧-૯-૧૩)*

(૧૭) શ્રી નરેન્દ્ર મોદીને મળેલ ભેટ હરાજીમાં ખરીદવા કોઈ તૈયાર નથી! રાજકોટ, ભાવનગર અને વડોદરામાં હરાજી માટે દિવસો લંબાવાયા. અધિકારીઓના દબાણ છતાં વસ્તુઓ વેચાતી નથી! *(કરન્ટ હોટલાઈન - સુરત, તા. ૩૦-૭-૧૩)*

*જ્યારે પણ તક મળે ત્યારે સ્મિત રેલાવો.*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

જૈન ધર્મના સિદ્ધાંત પ્રમાણે ભગવાન શ્રી ઋષભદેવના સમય સુધી યુગલિક માનવોની જરૂરિયાત કલ્પવૃક્ષ પૂરું પાડતું હતું પરંતુ ત્યારબાદ કલ્પવૃક્ષે જરૂરિયાત પૂરી પાડવાનું બંધ કરતાં ભગવાન શ્રી ઋષભદેવે અસિ, મસી અને કૃષિ એમ ત્રણ બાબતો તે વખતના માનવીઓને શીખવી અને ખેતી આધારિત જીવન જીવવાનું શરૂ થયું.

વિજ્ઞાન અને ઈતિહાસવિદના કથન પ્રમાણે માનવ શરૂઆતમાં ગુફામાં રહેતો હતો. નદીના માછલાં અને અન્ય નાના જીવને પકડીને મારીને કાચુ માંસ ભક્ષણ કરતો હતો પરંતુ 'અગ્નિ'ની શોધે તેને પકવેલું માંસ ખાતો કર્યો. ત્યારબાદ ખેતીની શોધે તેને શાકાહારી બનાવ્યો. પૈડાની શોધે 'ભ્રમણ' શરૂ કરાવ્યું અને સામાજિક સંસ્થાઓ, કુટુંબ કબીલો, ગામ વગેરે બન્યાં.

માણસ જાત હંમેશા 'માનવીની જિંદગી' સુવિધા યુક્ત બને તે માટે અવનવી શોધો કરતી રહી. આ વૈજ્ઞાનિક શોધે માનવ જીવનમાં આમૂલ પરિવર્તન લાવી દીધું. આ પરિવર્તનમાં અનેક વૈજ્ઞાનિકોનો ફાળો રહેલો છે. 'વિજ્ઞાન અને સમાજ' વચ્ચે માધ્યમ બનીને વિજ્ઞાનક્ષેત્રે થઈ રહેલાં સંશોધનો તથા વિકાસમાં વિશ્વ સ્તરે ફાળો આપનાર મહાન વૈજ્ઞાનિકો અને તેમની અગત્યની શોધખોળો આ પ્રમાણે છે.

★ **લિઓનાર્દો-દ-વિન્ચી** : આ નામ સાંભળતા જ આપણી આંખની સામે વિશ્વ વિખ્યાત અને દુનિયાની મોંઘેરી કલાકૃતિ 'મોનાલીસા' તાદશ્ય થાય છે. આવા મહાન ચિત્રકાર લિઓનાર્દો-દ-વિન્ચી માત્ર ચિત્રકાર જ ન હતા, પણ તેઓ મૂર્તિકાર, સંગીતકાર, એન્જિનિયર, ગણિતશાસ્ત્રી, સંશોધક, ભૂસ્તરશાસ્ત્રી, લેખક, વનસ્પતિશાસ્ત્રી, નકશા દોરવાની વિદ્યા જાણનાર અને શરીર રચનાવિદ પણ હતા.

વિજ્ઞાન અને કળાનું શ્રેષ્ઠ ઉદાહરણ એવા 'વિન્ચી' વિજ્ઞાન ક્ષેત્રમાં આગળ પડતા હતા. કુદરતી વિચારક હોવાથી આસપાસ થતી ક્રિયાઓના ચિત્ર દોરી તેના પર અવલોકનો લખતા. તેમણે લખેલા દરેક અવલોકનો ૧૩૦૦૦ જેટલા પત્તાઓ અને ચિત્રોમાં સંગ્રહાયેલા છે. તેમણે ૨૪૦ જેટલા ચિત્રોમાં સંપૂર્ણ માનવ રચના વિશે ૧૩૦૦૦ શબ્દોમાં લખાણ કર્યું છે. આ ઉપરાંત તેમણે ગર્ભાશયમાં રહેલા શિશુ ઊડી શકે તેવા મશીનની ડિઝાઈન, હાડપિંજરના ઢાંચા જેવા ચિત્રોને ગણિતશાસ્ત્રી Luca Pacioliની હેઠળ રહીને શીખ્યા અને બનાવ્યા હતા.

★ **સર આઈઝેક ન્યૂટન** : ફિઝીક્સ, મેથેમેટિક્સ, એસ્ટ્રોનોમી, ઈકોનોમિક્સના માસ્ટર માઈન્ડ વિજ્ઞાન ક્રાંતિના સૌથી જાણીતાં અંગ્રેજ ભૌતિકશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી હતા. એક સફરજનના ઝાડ પરથી સફરજનને પડતા જોઈને 'ગ્રેવિટેશન'ની થિયરી આપનાર વૈજ્ઞાનિક તરીકે ન્યૂટન સૌથી વધુ જાણીતા થયા. ઉપરાંત પ્રિઝમ પર સફેદ પ્રકાશ પાડવાથી મેઘધનુષ્ય જેવા રંગોની હારમાળા સર્જાય છે તેની શોધ પણ ન્યૂટનને જ આભારી છે.

ન્યૂટોનિયમ મિકેનિક્સ, યુનિવર્સલ ગ્રેવિટેશન, ચલરાશિ કલન, પ્રકાશ વિજ્ઞાન, દ્વિપદી સિદ્ધાંત, પ્રિન્સીપિઆ મેથડ માટે સર આઈઝેક ન્યૂટન જાણીતા હતા.

★ **આલ્બર્ટ આઈન્સ્ટાઈન** : આ એક એવા પ્રતિભાશાળી વૈજ્ઞાનિક હતા કે જેમને વિવિધ દેશો તરફથી રાષ્ટ્રીયતા આપવામાં આવી હતી. તેઓ જર્મન, ઈટાલિયન, ઓસ્ટ્રેલિયન અને અમેરિકન રાષ્ટ્રીયતા ધરાવતા મહાન વૈજ્ઞાનિક હતા.

આધુનિક ભૌતિકશાસ્ત્રની પાયાની શોધમાંની એક મહત્ત્વની શોધ આલ્બર્ટ આઈન્સ્ટાઈનની સાપેક્ષતાવાદની થિયરી છે. ૧૯૨૧માં ફિઝિક્સ માટે તેમને નોબલ પ્રાઈઝ મળેલું. આઈન્સ્ટાઈનના સંશોધન અને પ્રસિદ્ધિ એટલી બધી હતી કે 'આઈન્સ્ટાઈન' બરાબર 'બુદ્ધિશાળી' શબ્દ પ્રયોગ થવા લાગ્યો. આલ્બર્ટ આઈન્સ્ટાઈન મુખ્યત્વે સાપેક્ષતાવાદની થિયરી, પ્રકાશમાં રાખેલા પદાર્થમાંથી નીકળતા વિજાણુઓની અસર, સમાન સરખા જથ્થાના $E = Mc^2$ માટે જાણીતા છે.

★ **થોમસ આલ્વા એડિસન** : આ અમેરિકન વૈજ્ઞાનિક વિવિધ પ્રકારના યંત્રોની શોધ કરવા માટે જાણીતા છે.

તેમની મુખ્ય શોધોમાં ફોનોગ્રાફ, મોશન પિક્ચર કેમેરા, વીજળી પરિવહન પ્રક્રિયા અને 'વીજળી બલ્બ' જેવી અદ્‌ભુત શોધો છે. વીજળી બલ્બમાં વપરાતો ટંગસ્ટનનો તાર જે પ્રકાશ આપે છે તે તાર શોધવા પહેલાં તેમણે જુદી જુદી જાતના સો (૧૦૦) તાર કે પદાર્થનો પ્રયોગ કરેલો. તેમાં તેમણે જુદી જુદી ધાતુના તાર તેમજ ઘોડાના વાળનો પણ પ્રયોગ કરેલો આ ઉપરાંત તેમની એક અદ્‌ભુત શોધ 'કિનેટોસ્કોપ' એટલે કે નાનકડા કાણામાંથી ચિત્રો જોવાનું યંત્ર.

ચોથા સૌથી મહાન સંશોધક તરીકે તેઓ ૧૦૯૩ યુ.એસ.પેટન્ટસ તથા યુ.કે, ફ્રાન્સ અને જર્મનીમાં પણ વિવિધ પેટન્ટસ ધરાવે છે.

★ **ચાર્લ્સ ડાર્વિન** : બ્રિટિશ વૈજ્ઞાનિક ચાર્લ્સ ડાર્વિનનું કાર્યક્ષેત્ર ભૂગર્ભવિદ્યા તેમજ કુદરતી ઘટનાઓનો અભ્યાસ હતું. 'ઉત્ક્રાંતિવાદ' ની થિયરી આપનાર ચાર્લ્સ ડાર્વિન તેમના ભૂસ્તર વિદ્યાના જ્ઞાન માટે જાણીતા હતા.

તેમણે વનસ્પતિ અને પ્રાણીઓ પરના વિવિધ સંશોધનો પરથી ૨૦ વરસ સુધી પુરાવાઓ એકઠા કરીને કેટલીક ગેરમાન્યતાઓ દૂર કરવા ૧૮૫૯માં 'On the origin of Species' નામના પુસ્તકમાં તારણો આપ્યા. ઉપરાંત 'The Voyage of the Beagle' માં ખાડી ફરતે આંતરતા વલયાકાર ટાપુ કે ટેકરાની જટીલ રચનાનો ઉકેલ લખનાર ભૂ-વૈજ્ઞાનિક તરીકે જાણીતા હતા. ■

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

## શબ્દ રમત-૮૮

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ■ | ૩ | | ૪ | | ૫ | ૬ |
| | ■ | | ■ | ■ | ૭ | | ■ | | ■ | | |
| ૮ | ૯ | ■ | ૧૦ | | | | ■ | | ■ | ■ | |
| ૧૧ | | ૧૨ | | ■ | | ■ | ૧૩ | ■ | ૧૪ | ■ | |
| ૧૫ | | | ■ | ૧૬ | ■ | ૧૭ | ■ | ૧૮ | | | |
| ■ | ૧૯ | | ૨૦ | | ■ | ૨૧ | ૨૨ | | ■ | ■ | |
| ૨૩ | ■ | ૨૪ | | ■ | ૨૫ | | | ■ | ૨૬ | ૨૭ | ■ |
| ૨૮ | ૨૯ | ■ | ■ | ૩૦ | ■ | ૩૧ | | | | | ૩૨ |
| ૩૩ | | ૩૪ | ■ | ૩૫ | | ■ | ■ | | | ■ | |
| ૩૬ | | | ■ | | ■ | ૩૭ | | ૩૮ | ■ | ૩૯ | |
| ■ | ■ | ૪૦ | | | ■ | ■ | ૪૧ | | ૪૨ | ■ | ■ |
| ૪૩ | | | ■ | ■ | ૪૪ | | ■ | ૪૫ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૧૨-૨૦૧૩)*

### ઊભી ચાવીઓ

૧. સાથે મુસાફરી કરનાર (૫)
૨. દીવાની વાટ (૨)
૩. એક જંતુ (૩)
૪. રાત્રી (૩)
૫. ન્યાય કરનાર (અંગ્રેજી) (૨)
૬. અસ્થિર, ચલાયમાન (૬)
૭. મધ્યસ્થી (૩)
૯. ઊંડા પાણીમાં ડૂબકી લગાડનારા (૪)
૧૦. વિકેટની વચ્ચે બેટ્સમેન દોડે તે (૨)
૧૨. મા, બાપ (૪)
૧૪. બેંક દ્વારા ચૂકવણીનું એક માધ્યમ (૨)
૧૬. પાટુ પગથી મારવું તે (૨)
૧૭. આરોગ્ય માટે આ સીંગ ઉપયોગી છે (૪)
૧૮. ઝુકેલું, નિરાશ (૨)
૨૦. મદદ માટે પાડેલી બૂમ (૨)
૨૨. માલમત્તા, ઘરેણાં (જોડણી છૂટ) (૬)
૨૩. ચોખાની એક જાત (૪)
૨૬. અગ્નિ, તણખો (૩)
૨૭. એક માપ (૨)
૨૯. મુખ, મોં, ચહેરો (૩)
૩૦. ખેડ્યા વિનાનું, ખુલ્લું (૪)
૩૨. એક પક્ષી (૩)
૩૪. ફરીથી શરૂ કરીને (૪)
૩૮. દોજખ, વિષ્ટા (૩)
૪૨. શિક્ષા, દંડ, નસિયત (૨)

### આડી ચાવીઓ

૧. તારામતીનો પતિ સત્યવાદી (૫)
૩. ચર્ચાસ્પદ એન્કાઉન્ટર કેસ (૬)
૭. સુર, તાર (૨)
૮. સોગંદ (૨)
૧૦. રક્ષક, ચોકી કરનાર (૪)
૧૧. આજ્ઞા, હુકમ (૪)
૧૩. મારી જાત (૧)
૧૫. વજીર શબ્દ આડોઅવળો થઈ ગયેલ છે (૩)
૧૮. પૂર્વ ભારતમાં વકરેલો વાદ (૪)
૧૯. સંવાદ, ચર્ચા (૪)
૨૧. રૂપુ, ચાંદી (૩)
૨૪. શેરડીનો તાજો ---- પીઓ (૨)
૨૫. હેયું, દિલોજાન (૩)
૨૬. શરીર, અવયવ, ભાગ, કર્ણ -- દેશનો રાજા હતો (૨)
૨૮. ફરિયાદ (૨)
૩૧. ધામધૂમથી (૫)
૩૩. ઘર, રહેઠાણ (૩)
૩૫. ભય, બીક (૨)
૩૬. વિમાનને ઉડવા માટે આના પર દોડવું પડે (અંગ્રેજીમાં) (૩)
૩૭. ઉજ્જડ (૩)
૩૯. પારકું, બીજાનું (૨)
૪૦. પ્રભાત (૩)
૪૧. પ્યાસ, તૃષા (૩)
૪૩. હજામનું એક ઓજાર (૩)
૪૪. ધરતી (૨)
૪૫. નુકસાનકારક, યુક્તિબાજ, મૃત્યુ નિપજાવે એવું (૪)

[redacted]

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

[redacted]

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

## શબ્દ રમત-૮૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | મા | વ | ત | ર | | | હ્રીં | | | મા | યા |
| લ્પિ | | ખા | ર | | ક | ટિ | | ધા | ર | | જા |
| ત | | ણ | | | લ | | ઉ | મ | ળ | કો | |
| | | | ર | હે | મ | | મા | | વું | | સા |
| ખુ | દા | ઈ | | ઠે | | આ | શં | કા | | જ | ર |
| | વા | વ | ર | | સા | | ક | | સ | મા | સ |
| અ | ગ્નિ | | | કા | ર | ભા | ર | | મ | ત | |
| ગ | | વ્યો | મ | | પ | ગ | | શા | ણું | | ત |
| મ | સ્તી | | હ | સ્તી | | | ના | | | ખૂ | બી |
| નિ | | | ટા | | સા | થી | દા | ર | | | ય |
| ગ | મ | | મ | દ | દ | | ન | | આ | ફ | ત |
| મ | સી | હા | | ન | ગી | ન | | આં | ગ | ળી | |

*સપ્ટેમ્બર-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૮૬ના સમય મર્યાદા બાદ ઉકેલ મોકલાવનારના નામ*

૯. નવીન શામજી લાલકા - ગદગ બધા સાચા
૧૦. જયચંદ માણેકજી લોડાયા - મુંબઈ બધા સાચા

*ઓક્ટોબર-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૮૭ના ઉકેલ મોકલાવનારના નામ*

૧. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ બધા સાચા
૨. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ બધા સાચા
૩. ચંદ્રા મહેન્દ્ર શાહ - સેટેલાઈટ, અમદાવાદ૧ ભૂલ
૪. ચંદ્રા મહેન્દ્ર શાહ - ભઠ્ઠા, અમદાવાદ ૧ ભૂલ
૫. અજિત મ. મહેતા - અમદાવાદ ૧ ભૂલ
૬. શાતિભાઈ વ. શાહ - અમદાવાદ ૧ ભૂલ
૭. કિશોર જે. શાહ - ભુજ ૧ ભૂલ
૮. ભારતી ભાવેશ શાહ - ગાંધીનગર ૨ ભૂલ
૯. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ ૨ ભૂલ

છગનબાપુને અકસ્માત થયો. હોસ્પિટલમાં લઈ ગયા. ઘા તપાસીને ડોક્ટરે કહ્યું, ટાંકા લેવા પડશે.

બાપુએ પૂછ્યું : કેટલા રૂપિયા થશે?

ડોક્ટર કહે : ૭,૦૦૦ રૂા. તો મિનિમમ થશે.

બાપુ બગડ્યા : અલ્યા, ટાંકા લેવાના છે. કાંઈ એમ્બ્રોયડરી નથી કરવાની!

☺ ☺ ☺ ☺ ☺

પતિ : હું તારી આ રોજ રોજની ફરમાઈશોથી ત્રાસી ગયો છું. હવે હું આત્મહત્યા કરવા જઈ રહ્યો છું.

પત્ની : એમ? તો એક સારામાંની સફેદ સાડી તો અપાવતા જાવ!

### કચ્છજો માડુ...

કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.

*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

❀

MAYUR PEER

NATIONAL ENTERPRISES

CLEARING, FORWARDING
SHIPPING & TRANSPORT AGENT

277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
Tel. : (022) 2266 3097, 3254 7879
Fax : (022) 2267 3098
E-mail : mumbai@burleighintl.com
E-mail : mp@nealmp.com
Website : www.burleighintl.com
Website : www.nealmp.com

### આ જગમાં થોડા મલે!

જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી
પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!
લખે લહિયા અનેક, ટેવના પરિણામથી
મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

Viketa
Electronics
An ISO 9001-2000 COMPANY
MANUFACTURERS OF
ELECTRICAL PANEL BOARDS
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
Phone : 02646-226257 Fax : +91-2646-252759
Mobile : 9824101111, 9824762141
E-mail : viketa53@rediffmail.com

**સપ્ટેમ્બર-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૪૨નો સાચો ઉકેલ સમય મર્યાદા બાદ મોકલનારના નામ**

૯. નિમિષ ચીમનલાલ વોરા - અમદાવાદ
૧૦. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૧૧. સરોજ અનુપ ચંદુરા - સુરત

**ઓક્ટોબર-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૪૩નો સાચો ઉકેલ મોકલનારના નામ**

| | | | |
|---|---|---|---|
| ૧. | દેવેન દિલીપ દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | નિમિષ ચમનલાલ વોરા | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૪. | સ્મિતા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૫. | ઉષ્મા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૬. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - અમદાવાદ | બધા સાચા |
| ૭. | અરવિંદ જે. ભટ્ટ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૮. | અવંતિ દેવેશ દંડ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૯. | નવીન શામજી લાલકા | - ગદગ | ૧ ભૂલ |

★ જીવનમાં કેટલીક ઘટનાઓ યોજના વિનાની - ધાર્યા વિનાની - બની જતી હોય છે અને તેમાંથી નવા નવા વળાંકો પેદા થતા હોય છે. જે જીવનનો વળાંક તમારી ઈચ્છાથી નથી આવ્યો પણ ઓચિંતો - ઈચ્છાવિરુદ્ધ આવ્યો હોય તેને ભક્ત લોકો ઈશ્વરેચ્છા માની લેતા હોય છે.

★ પુસ્તકોની દુકાનોની સંખ્યા પરથી જે તે નગરના સંસ્કારનું માપ પ્રગટ થાય છે. પુસ્તકોની દુકાન એ દુકાન નથી પરંતુ વિચાર મંદિર છે.

★ સમાજમાં વિચારવંત મનુષ્યો પાતળી લઘુમતીમાં હોય છે.

# સુડોકુ

**રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)**

સુડોકુ ક્રમાંક-૧૦૪૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૧૨-૨૦૧૩ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જાન્યુઆરી-૨૦૧૪ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**<u>શરતો</u> :** ૧. **1થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.**
૨. **1થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.**

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

**ક્રમાંક - ૧૦૪૪**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | ૭ | | ૪ | | ૨ | |
| | ૮ | | | ૬ | | ૧ | | ૪ |
| | ૪ | ૯ | | ૮ | | | | |
| ૭ | | ૨ | ૯ | | | ૪ | | |
| | ૩ | | ૪ | | ૬ | | ૯ | |
| | | ૪ | | | ૭ | ૫ | | ૩ |
| | | | | ૭ | | ૩ | ૪ | |
| ૯ | | ૬ | | ૪ | | | ૭ | |
| | ૭ | | ૨ | | ૫ | | | ૧ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | ૨ | ૪ | | ૭ | |
| ૧ | ૨ | | | | ૭ | | ૬ | |
| | | ૯ | | | ૬ | ૨ | | ૫ |
| | | ૩ | | | | | ૯ | |
| | | | ૭ | ૪ | ૩ | | | |
| | ૪ | | | | | ૫ | | |
| ૪ | | ૮ | ૩ | | | ૯ | | |
| | ૧ | | ૯ | | | | ૮ | ૪ |
| | ૫ | | ૪ | ૮ | | ૬ | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | ૩ | ૪ | | ૮ | |
| | ૪ | ૮ | | | | | ૯ | |
| ૩ | | | ૮ | | | ૫ | | ૭ |
| | | ૫ | | | ૮ | ૪ | ૩ | |
| ૬ | | | | ૧ | | | | ૯ |
| | ૩ | ૯ | ૬ | | | ૮ | | |
| ૮ | | ૩ | | | ૬ | | | ૧ |
| | ૫ | | | | | ૨ | ૬ | |
| | ૬ | | ૨ | ૯ | | | | ૮ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | ૬ | | | ૪ | | ૮ |
| | ૨ | | ૩ | | | | ૫ | |
| | | ૯ | ૭ | ૮ | | | | |
| ૯ | | ૮ | | ૨ | | | ૩ | |
| | ૩ | | ૮ | | ૭ | | ૪ | |
| | ૬ | | | ૩ | | ૧ | | ૭ |
| | | | | ૭ | ૩ | ૫ | | |
| | ૪ | | | | ૮ | | ૨ | |
| ૫ | | ૧ | | | ૬ | | | ૩ |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૪૩**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૨ | ૧ | ૬ | ૯ | ૮ | ૩ | ૫ |
| ૫ | ૧ | ૮ | ૩ | ૪ | ૭ | ૬ | ૯ | ૨ |
| ૩ | ૯ | ૬ | ૨ | ૫ | ૮ | ૪ | ૧ | ૭ |
| ૯ | ૨ | ૧ | ૫ | ૮ | ૪ | ૩ | ૭ | ૬ |
| ૭ | ૩ | ૪ | ૬ | ૯ | ૨ | ૧ | ૫ | ૮ |
| ૮ | ૬ | ૫ | ૭ | ૩ | ૧ | ૨ | ૪ | ૯ |
| ૧ | ૮ | ૭ | ૪ | ૨ | ૫ | ૯ | ૬ | ૩ |
| ૨ | ૫ | ૩ | ૯ | ૧ | ૬ | ૭ | ૮ | ૪ |
| ૬ | ૪ | ૯ | ૮ | ૭ | ૩ | ૫ | ૨ | ૧ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૧ | ૯ | ૬ | ૪ | ૨ | ૫ | ૩ |
| ૫ | ૯ | ૬ | ૨ | ૩ | ૮ | ૭ | ૪ | ૧ |
| ૩ | ૨ | ૪ | ૫ | ૭ | ૧ | ૬ | ૮ | ૯ |
| ૪ | ૧ | ૯ | ૭ | ૨ | ૩ | ૮ | ૬ | ૫ |
| ૨ | ૫ | ૩ | ૪ | ૮ | ૬ | ૧ | ૯ | ૭ |
| ૮ | ૬ | ૭ | ૧ | ૯ | ૫ | ૪ | ૩ | ૨ |
| ૯ | ૭ | ૮ | ૬ | ૫ | ૨ | ૩ | ૧ | ૪ |
| ૬ | ૪ | ૨ | ૩ | ૧ | ૯ | ૫ | ૭ | ૮ |
| ૧ | ૩ | ૫ | ૮ | ૪ | ૭ | ૯ | ૨ | ૬ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૬ | ૮ | ૪ | ૨ | ૯ | ૭ | ૧ |
| ૨ | ૧ | ૯ | ૭ | ૫ | ૬ | ૮ | ૪ | ૩ |
| ૭ | ૪ | ૮ | ૩ | ૧ | ૯ | ૬ | ૫ | ૨ |
| ૫ | ૩ | ૪ | ૨ | ૬ | ૭ | ૧ | ૯ | ૮ |
| ૬ | ૯ | ૭ | ૪ | ૮ | ૧ | ૩ | ૨ | ૫ |
| ૧ | ૮ | ૨ | ૯ | ૩ | ૫ | ૭ | ૬ | ૪ |
| ૪ | ૬ | ૫ | ૧ | ૯ | ૮ | ૨ | ૩ | ૭ |
| ૯ | ૨ | ૧ | ૫ | ૭ | ૩ | ૪ | ૮ | ૬ |
| ૮ | ૭ | ૩ | ૬ | ૨ | ૪ | ૫ | ૧ | ૯ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૬ | ૧ | ૭ | ૪ | ૯ | ૫ | ૨ |
| ૭ | ૫ | ૪ | ૨ | ૯ | ૬ | ૮ | ૩ | ૧ |
| ૧ | ૨ | ૯ | ૮ | ૩ | ૫ | ૭ | ૪ | ૬ |
| ૪ | ૭ | ૧ | ૯ | ૫ | ૨ | ૬ | ૮ | ૩ |
| ૨ | ૬ | ૩ | ૭ | ૧ | ૮ | ૫ | ૯ | ૪ |
| ૮ | ૯ | ૫ | ૬ | ૪ | ૩ | ૧ | ૨ | ૭ |
| ૫ | ૪ | ૮ | ૩ | ૬ | ૧ | ૨ | ૭ | ૯ |
| ૬ | ૩ | ૭ | ૫ | ૨ | ૯ | ૪ | ૧ | ૮ |
| ૯ | ૧ | ૨ | ૪ | ૮ | ૭ | ૩ | ૬ | ૫ |

*તમારી અંદર છૂપાયેલી શક્તિને ઓળખો.*


नीलम स्टेनलेस स्टील का सरताज - वही है बडा विश्वास !
STAINLESS STEEL
PRESSURE
COOKER
AND PRESSURE PAN
IS-2347
ISI
CM/L-9495910
NEW
ARRIVAL
neelam
STAINLESS STEEL
Available Sizes :
Pressure Cooker 2.5, 3.5, 5.5, 7.5 Ltrs.
Belly Pressure Cooker 3, 5, 7.5 Ltrs.
Pressure Pan Junior & Senior
Features
• Heavy Bottom Thickness
• Long-Lasting Stainless Steel Vent Tube
• Strong Rim For Enhanced Protection
• Anti-Bulging Thermal Base
• Energy Saver Base
• Induction Base Encapsulated Sandwich Bottom
• Made From 18/8 Salem Steel
5 Years Warranty
NEELAM APPLIANCES PVT. LTD.
Off. :
Neelam House, Fafadia Ind. Estate, Village Waliv, Vasai (E) - 401208.
Dist - Thane, Maharashtra, INDIA.
Tel. +91-250-2452309 / 2454869 / 3295791
Telefax : 2451982
Email : mail@neelamappliances.com / neelamappliances@gmail.com
Web. : www.neelamappliances.com
Regd. Off. :
G-75, Sarvoday Nagar, 1st Pabjarapole Lane,
C. P. Tank, Mumbai - 400 004.
Ph. - +91-22-22420227
E-mail : neelamsteel@yahoo.com
Innovators in exclusive range of quality stainless steel utensils

## પૂ.સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મ.સા. ત્રે ઠાણે ભેરો તેરેંમેં ચાતુર્માસ ક્યા જોરધાર....



*જન્મ : ચંદ્રપુર (ચાંદા - મહારાષ્ટ્ર)માં*
*આસો સુદ-૧૦ ને દશેરા*
*વિ.સં. ૧૯૯૯*
*પિતાનું નામ : ડુંગરશી ધનજી દંડ*
*માતાનું નામ : મોંઘીબાઈ ઉર્ફે માનબાઈ*

*કચ્છમાં ગામ : તેરા,*
*દીક્ષા ગ્રહણ : લાયજા (કચ્છ)*
*પોષ સુદ-૧૩ ને બુધવાર, વિ.સં. ૨૦૧૫*
*સંસારી નામ : શાંતાબહેન ઉર્ફે હીરાબહેન*
*૧૫ વર્ષની વયે સંયમી થયા.*

### પૂ.સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મ.સા.

ધન્ય! પિતા ડુંગરશી ભાને, ધન્ય! કુક્ષી માતા મોંઘીબાઈ;
હી ભાગ્યવંતા આણંદ પરિવારમેં, જન્મ્યા બાલુડી હીરબાઈ - ૧
ધન્ય! ધરા મહારાષ્ટ્રજીને, ધન! ધન! થ્યો ચંદ્રપુર ગામ;
હીરલી હીરબાઈ જન્મ્યા, શોભાયલા જિન શાસનજી શાન - ૨
ગુરૂ પુષ્પાશ્રીજી નિશ્રામેં ને, લીલુડી ધરતી લાયજેજીતેં દીક્ષા દેવાઈ;
બાલ-બ્રહ્મચારી હીરબાઈ થ્યા હંસાવલી ને થ્યા અચલગચ્છજા સાધ્વી સવાઈ - ૩
ગુરૂ મૈયા પુષ્પાશ્રીગ્યા, શાસ્ત્ર સિધ્ધાંત શિખીને થ્યા તૈયાર;
ચોમાસા કરેજી ક્યાં શરૂઆત, ને ધર્મ પમાડેમેં થ્યા હોશિયાર - ૪
આંજી વિમળ વાણી સુણીને, માડુથીંયેં ભાવવિભોર;
ઉંચા - ઉંચા અદ્ભુત દૃષ્ટાંત ડે સમજાઈયેંને, માડુ થીંયે તરબોળ - ૫
કચ્છ - ગુજરાત - મહારાષ્ટ્ર - કર્ણાટકને, આંધ્રપ્રદેશ જે ગામેગામ;
ધર્મજા એળા ઉપદેશ ડે ડંકો વજાયાં જૈન ધર્મજો, ને કઢ્યાં અ.ગચ્છજો નામ - ૬
૫૫-૫૫ વરે દીક્ષા પર્યાયજા પસાર ક્યાં, ઈજ આંજે પુણ્યજી કમાઈ;
ને ૫૫ ઐતિહાસિક ચાતુર્માસ કરે, પૂરે ભાવથી ધર્મ ડીના સમજાઈ - ૭
તપ - ત્યાગ ને મૌન મીમાંસા, કપ્પા કરોડો કરમ;
હે, પુણ્યવંતા પાવની આતમ્, આંજે ચરણે વંદન હી વંદન - ૮
ધન ભાગ્ય તેરેંજા જેંકે આંજો ૩૫મેં વરે-૫, ફિરી મિલ્યો ચાતુર્માસ;
આત્માજો ઉધ્ધાર કરેલા ધર્મજો મર્મ સમજાયાં ભાવથી, ધ્યાન ડેને ખાસ - ૯
(આંજા) શાંત-સોમ્ય ચેલી હર્ષશીલાને, હોશિયાર પ્રશિષ્યાંઉ ચંદ્રશીલા ને વિતરાગશીલા;
ઈ પણ સદા સમૃધ્ધ કઈધા રોંધા, જિન શાસનજા ધર્મિ ચીલા - ૧૦
★ટેકુલાધુ સંઘજા અંઈ લાડીલા, ટેકુલાધુ સંઘ ભાવેં નમે ને કીં ભૂલે ઉપકાર?
આંજી પ્રેરણાથી મિલે ધર્મજો શરણું, ને થીવાજે ભવપાર - ૧૧
આણંદ પરિવારમેં પહેલા સાધ્વી થૈ, ખૂબ વધાર્યાં કુળજો ગૌરવ;
વીરજી વાટતેં હલી દીપાંયાં આણંદ પરિવારજો નાં, ને ફેલાંયાં ધર્મજી સૌરભ - ૧૨
કચ્છ-તેરાને અચલગચ્છજો નાં રોશન ક્યાં, થૈને વડા શુભકારી;
રશ્મિન નમે ચરણ હે ગુરૂમૈયા, ઈ આય મહાવીરજી બલિહારી - ૧૩

***— રશ્મિન ખોના (તેરા - મુંબઈ)***

**સૌજન્ય : માતુશ્રી જયાબાઈ શાંતિલાલ ખોના (તેરા - કચ્છ)**

★ *ટેકુલાધુ = તેરા, કુવાપધર, લાખણીયા ને ફુફી આ ચાર ગામનો સમાવેશ છે.*

## લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | |
|---|---|---|---|
| | |  |  |
| (૧) ઉમેદવારનું નામ | : | **નેહા** | **નિકેત** |
| (૨) પિતાશ્રીનું નામ | : | અનિસભાઈ | પરેશકુમાર |
| (૩) માતાશ્રીનું નામ | : | હેમાલીબેન | સુશીલાબેન |
| (૪) અટક | : | દોશી | નાગડા |
| (૫) જ્ઞાતિ | : | કચ્છી ગુર્જર વીસા શ્રીમાળી | કચ્છી દસા ઓસવાળ |
| (૬) સંપ્રદાય | : | સ્થાનકવાસી જૈન | દેરાવાસી જૈન |
| (૭) મૂળ વતન | : | અંજાર | નલિયા |
| (૮) જન્મ તારીખ | : | ૧૮-૦૨-૧૯૯૦ | ૦૫-૦૮-૧૯૮૪ |
| (૯) ઉંમર વર્ષ | : | ૨૩ | ૨૯ |
| (૧૦) ઊંચાઈ | : | ૫'૫" | ૫'૧૦" |
| (૧૧) વજન | : | ૭૦ કિ.ગ્રા. | ૫૮ કિ.ગ્રા. |
| (૧૨) દેખાવ | : | ઘઉંવર્ણ | |
| (૧૩) અભ્યાસ | : | M.B.A. (Mkt. & Finance) | B.Com. |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) | : | નોકરી | નોકરી |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક | : | | |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) | : | નોકરી | |
| (૧૭) સરનામું | : | એ-૩૦૧, સત્કાર એપાર્ટમેન્ટ, સમભાવ પ્રેસની બાજુમાં, જજીસ બંગલાની સામે, બોડકદેવ, અમદાવાદ. | ૪, ૧લે માળે, નારાયણ બિલ્ડિંગ, હીરાચંદ દેસાઈ રોડ, રેલવે સ્ટેશન સામે, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ. |
| (૧૮) ફોન નંબર | : | (૦૭૯) ૨૬૮૭૦૭૦૬ | |
| (૧૯) મોબાઈલ નંબર | : | ૯૪૨૭૯ ૫૮૨૬૭ | ૯૯૩૦૧ ૬૯૯૮૮ |
| (૨૦) ભાઈ – બહેન | : | | ૧ (પરિણિત) |
| (૨૧) વિશેષ નોંધ | : | | |

### ગુરુપદનો આદર્શ ત્યાગ

માનવધર્મમાં વિશ્વાસ રાખતા એક ઉચ્ચ કોટિના ધર્મગુરુ પાસે કેટલાક આગેવાન ધર્મપ્રેમીઓ ગયા. ધર્મગુરુને તેઓએ વિનંતી કરતાં કહ્યું : 'ગુરુદેવ, આપના પરમ શિષ્યને અમે ગુરુપદે રાખવા ઈચ્છીએ છીએ. તેઓ અમારું ગુરુપદ સ્વીકારે તેવી આજ્ઞા આપો!'

ગુરુજીએ શિષ્યને ગુરુપદ સ્વીકારવા કહ્યું પરંતુ શિષ્યએ ગુરુપદ સ્વીકારવાની નમ્રતાથી ના પાડી દીધી.

ગુરુદેવે થોડી કડકાઈથી કહ્યું : 'શિષ્ય, તારે તારી જીદ છોડી દેવી જોઈએ અને ગુરુપદ સ્વીકારી લેવું જોઈએ. જો ગુરુપદ નહિ સ્વીકારે તો મારી આજ્ઞાનું ઉલ્લંઘન થયું ગણાશે અને તું આ લોક અને પરલોક બગાડીશ.'

શિષ્યે અતિ નમ્રભાવે કહ્યું. 'ભલે મારા બંને ભવ બગડે, મને એની લેશમાત્ર ચિંતા નથી, પરંતુ જે પદ માટે હું યોગ્યતા ધરાવતો નથી તે પદ સ્વીકારી પ્રજાને હું ભરમાવવા માગતો નથી!'

આવા મહત્ત્વના પદનો અસ્વીકાર કરનારને ધન્યવાદ!

**બોધ વાક્યો :**

★ યોગ્યતા વગર પદ પ્રાપ્ત કરવું નહિ.

★ લાયકાત વગરનું સ્થાન શોભે નહિ.

★ ઊંચા પદની પ્રાપ્તિ માટે ઊંચા ગુણ ગ્રહણ કરો.

★ મનુષ્ય વગર ગુણે આગળ ધપતો નથી.

★ ગુણ ગ્રહણ કર્યા પછી જ પદ ગ્રહણ કરી શકાય.

*'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી*

Prakash®
PRAKASH METAL CRAFT PVT. LTD.
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS



**સંકલન : દિનેશ આર. મહેતા**

★ **કચ્છનું પ્રતિનિધિત્વ :** ગુજરાત રાજ્યના પ્રધાન મંડળનું ધનતેરસના રોજ વિસ્તરણ કરવામાં આવ્યું. તેમાં અંજાર વિભાગના ધારાસભ્ય શ્રી વાસણભાઈ આહીરનો સમાવેશ કરવામાં આવેલ છે. તેઓ ૧૨મી વિધાનસભામાં રાજ્યમંત્રી રહી ચૂક્યા છે.

વર્ષ ૧૯૫૬થી ૨૦૦૮ સુધીની નામાવલિ નીચે મુજબ છે.

૧૯૫૬ : પ્રેમજીભાઈ ઠક્કર (નાયબ પ્રધાન)

૧૯૬૦થી ૭૧ : પ્રેમજીભાઈ ઠક્કર (મંત્રી)

૧૯૭૨ : રામજીભાઈ ઠક્કર (મંત્રી - મહેસુલ, ઉદ્યોગ ખાતું)

૧૯૭૫થી ૮૦ : કુંદનભાઈ ધોળકિયા (વિધાનસભા અધ્યક્ષ)

૧૯૮૦ : ખીમજીભાઈ જેસંગ (નાયબ મંત્રીશ્રી - વન વિભાગ)

૧૯૮૯ : નવીનભાઈ શાસ્ત્રી (કેબિનેટ મંત્રી)

૧૯૯૫ : સુરેશભાઈ મહેતા (મુખ્યમંત્રી ઉપરાંત તેઓ અગાઉ ખનિજ, ઉદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી પણ રહી ચૂક્યા છે.

૧૯૯૫ : બાબુભાઈ મેઘજી શાહ (મંત્રી - પાણી પુરવઠા)

૧૯૯૬ : હરિલાલ પટેલ (રાજ્યકક્ષાના પ્રધાન : પુરવઠા અને ગૃહ વિભાગ)

૧૯૯૭ : બાબુભાઈ મેઘજી શાહ (નાણાં મંત્રી)

૧૯૯૮ : ધીરુભાઈ શાહ (વિધાનસભા અધ્યક્ષ)

૨૦૦૮ : વાસણભાઈ આહીર (કેબિનેટ મંત્રી)

★ **વસતી નહીં વિસ્તાર :** રસ્તાના કામો માટેની ગ્રાન્ટ ફાળવણીમાં વસતીના સ્થાને વિસ્તારને ધ્યાને લેવાની ૧૪મા નાણાપંચ સમક્ષ કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખે ગુજરાતના જિલ્લા પંચાયતના પ્રમુખો વતી રજૂઆત કરી હતી. અમદાવાદ ખાતે ગુજરાતના વિકાસ કમિશનર દ્વારા દિલ્હીથી આવેલા કેન્દ્ર સરકારના ૧૪મા નાણાપંચ કમિશન સાથેની બેઠકનું આયોજન તાજેતરમાં કરાયું હતું. જેમાં રાજ્યની સમગ્ર પંચાયતો વતી કચ્છ, આણંદ અને સુરતના એમ ત્રણ જિલ્લા પંચાયતોના પ્રમુખોએ ૧૩ મુદ્દે રજૂઆત સાથે ચર્ચા કરી હતી. તે પૈકી રસ્તાના કામો માટે વસતી નહીં પરંતુ તેના વિસ્તારને ધ્યાનમાં લેવાની રજૂઆત થઈ હતી.

★ **અબોલ જીવોને બચાવ્યા :** બકરી ઈદના તહેવાર નિમિત્તે કુરબાનીના નામે મોટા પાયે અબોલ જીવોની હત્યા અટકાવવાની બાબતે અમદાવાદ ખાતેના ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટે સર્વે સહયોગીઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. સંસ્થા દ્વારા ઓક્ટોબર માસના ૧૭ દિવસોમાં અમદાવાદ તેમજ ખેડા જિલ્લામાં જુદા જુદા પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાંથી કુલ ૨૧૪ અબોલ જીવોની કતલ થતા બચાવીને અભયદાન અપાવ્યું હતું.

★ **લઘુમતી પંચ પ્રભાવિત :** રાષ્ટ્રીય લઘુમતી પંચના સભ્ય અજાયબ સિંઘે કચ્છ જિલ્લાના પ્રવાસ દરમ્યાન વહીવટી તંત્ર સાથે ચર્ચા કરતા કચ્છની કોમી એકતાને બિરદાવી હતી. કચ્છમાં શિક્ષણનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે લઘુમતી સમાજનાં બાળકો પણ ભણતરમાં ખૂબ જ આગળ વધે એ માટે પ્રયત્નો કરવા વહીવટી તંત્રને તેમણે અનુરોધ કર્યો હતો. જિલ્લાના પ્રશ્નોની ચર્ચા કરતા કચ્છ પંચરંગી સંસ્કૃતિ ધરાવતો જિલ્લો થયો હોવાનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, આ સરહદી જિલ્લામાં દરેક સમાજના લોકો એક સંપથી રહે છે એ દૃષ્ટાંતરૂપ છે.

★ **ગોપાલક વિકાસ નિગમ :** રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં ૧૧ બોર્ડ નિગમના અધ્યક્ષોની વરણી કરાઈ હતી. જેમાં કચ્છના અરજણભાઈ રબારીનો ગોપાલક વિકાસ નિગમના ચેરમેન તરીકે સમાવેશ થયો છે. તેઓ આ પૂર્વે પણ ગોપાલક વિકાસ નિગમના ચેરમેનપદે રહી ચૂક્યા છે.

★ **અધ્યાપન મંદિરો :** ગુજરાત રાજ્યની કુલ ૨૧૦ પી.ટી.સી. કૉલેજો (પ્રાથમિક અધ્યાપન મંદિરો) પૈકી મોટાભાગની કોલેજો અપૂરતા તાલીમાર્થીઓ મળવાના કારણે શટડાઉન થવા જઈ રહી છે. પી.ટી.સી.ની કુલ ૧૪,૪૨૧ સીટોમાંથી માત્ર ૨૪૬૭ સીટો તાજેતરમાં ભરાઈ હતી. કચ્છ જિલ્લામાં ૨૫૦ સીટોમાંથી માત્ર ૩૨ સીટો ભરાઈ છે. મુંદ્રાની માન્ય સીટો ૧૦૦ની સામે માત્ર ૯ સીટો ભરાઈ છે. જ્યારે ભુજ ડાયરાની ૫૦ માંથી ૪, મા-આશાપુરા કોલેજની ૫૦ માંથી ૧૩ અને અંજારની ૫૦ માંથી ૬ સીટો ભરાતા ૨૧૮ સીટો ખાલી રહી ગઈ છે!

★ **સીસીસી પરીક્ષા :** રાજ્ય સરકારના કર્મચારીઓને બઢતી માટે ફરજિયાત કોમ્પ્યુટર તાલીમ સીસીસી અને સીસીસી પ્લસ પરીક્ષા મામલે આમેય કચ્છમાં સમસ્યાઓ હતી ત્યાં વળી કચ્છના બંને કેન્દ્ર છીનવી લેવાનો પણ સરકારે નિર્ણય લેતાં નારાજગી ઊઠી છે. કર્મચારીઓના જણાવ્યા મુજબ કચ્છમાં સીસીસીની પરીક્ષાનું આઈ.ટી.આઈ. - ભુજ ખાતેનું કેન્દ્ર તો અગાઉ જ બંધ થઈ ગયું હતું. હવે ભુજની ઈજનેરી કોલેજ અને સરકારી પોલીટેકનિક ખાતેના કેન્દ્રોની સુવિધા પણ છીનવાઈ જશે. સરકારના ટેકનિકલ શિક્ષણ વિભાગે તાજેતરમાં એવો આદેશ કર્યો હતો કે નવી સૂચના ન આવે ત્યાં સુધી કોઈ પરીક્ષાઓ લેવી નહીં અને તે માટેના ફોર્મ પણ સ્વીકારવા નહીં.

*ભવિષ્યમાં થનારી ભૂલો પ્રત્યે સાવધ રહો.*

★ **ગ્રીન પોટાશનું ઉત્પાદન :** ભારતનો જ નહીં એશિયાનો પ્રથમ અને ભારત સરકારના 'ગ્રીન પોટાશ મિશન' તરીકે ઓળખાવાયેલો કચ્છમાં આકાર લઈ રહેલો આર્ચિયન જૂથનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ હવે ઉત્પાદનના તબક્કાની નજીક છે અને આગામી બે-ત્રણ મહિનાઓમાં પર્યાવરણ અનુકૂળ એવા પોટેશિયમ સલ્ફેટનું ઉત્પાદન શરૂ થઈ જશે. ૨૪,૦૦૦ હેક્ટર ક્ષેત્રમાં રૂા. ૧૦૦૦ કરોડના રોકાણથી નિર્માણ પામતા પ્રોજેક્ટની વિગતો કંપનીના ઉચ્ચાધિકારીઓએ તાજેતરમાં પત્રકારો સાથેના એક મિલનમાં આપી હતી.

★ **આંતરરાષ્ટ્રીય યોગા હરીફાઈમાં કચ્છનો વિદ્યાર્થી :** ખંભરા (તા. અંજાર) પ્રાથમિક શાળાના ધોરણ-૮માં અભ્યાસ કરતો સૂંઢા શૈલેષકુમાર રમેશભાઈ આંતરરાષ્ટ્રીય યોગા ચેમ્પિયનશિપમાં ભાગ લેવા તાઈવાન જઈ રહ્યો છે. યોગશિક્ષક વરુણભાઈ પટેલની મહેનત થકી નાના ગામનો વિદ્યાર્થી આંતરરાષ્ટ્રીય કક્ષામાં ભાગ લેવા જતાં તેને શિક્ષકો, ગામ અને સમાજ તરફથી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

★ **લિગ્નાઈટ ક્વોટામાં વધારો :** ગુજરાત રાજ્ય ખનિજ વિકાસ નિગમ દ્વારા કચ્છમાં લખપત તાલુકાના માતાના મઢ ખાતે કાર્યરત માતાના મઢ લિગ્નાઈટ ખાણના દૈનિક ક્વોટામાં ઘટાડો કરવાનો નિર્ણય લેવાયા બાદ આ મુદ્દે રાજ્ય સરકારમાં થયેલી રજૂઆત થકી તાજેતરમાં ક્વોટામાં ફરી વધારો કરી નખાયો છે.

★ **નૂતન વર્ષારંભે પ્રવાસીઓ કચ્છમાં :** કચ્છે કદી કલ્પના પણ નહીં કરી હોય તેટલા જંગી પ્રમાણમાં પ્રવાસીઓનો ધસારો આ વખતે નૂતન વર્ષના આરંભે અનુભવાયો હતો. રણપ્રદેશમાં પ્રવાસીઓનો પતંગ સાતમા આસમાને ઊડી રહ્યો હતો. માતાના મઢ, શ્વેત રણ અને કાળા ડુંગર સુધીના સ્થળો પર ૧૦ દિવસના ટૂંકા ગાળામાં સવા ચાર લાખ જેટલા સહેલાણીઓએ કચ્છની મુલાકાત લીધી હતી. ભુજ, નારાયણ સરોવર, કોટેશ્વર, માંડવી વગેરે સ્થળોની માયા સહેલાણીઓને લાગી હતી. વિશ્વ વિખ્યાત બન્ની, ભુજોડી, ધમડકા વગેરે સ્થળોના કસબીઓની કમાલ અને બેજોડ કૃતિઓની ઝલક લેવા દેશભરના પર્યટકો દિવાળીના સમયે ઊમટી પડ્યા હતા.

★ **કચ્છી અખો કવિ રાઘવ! :** કચ્છી સાહિત્યના સર્જનમાં છંદબદ્ધ રચનાઓ આપી શબ્દના અદકેરા સર્જક તરીકે કવિ રાઘવ અમર હોવાનું જણાવતાં કચ્છી સાહિત્ય કલા સંઘના પ્રમુખ ડૉ. કાંતિ ગોર 'કારણ' કચ્છી ભાષાના સાહિત્યિક સેમિનારને તાજેતરમાં માંડવી ખાતે ખુલ્લો મૂકતાં ઉદ્‌ઘાટન બેઠકના અધ્યક્ષ સ્થાનેથી કવિ રાઘવની અપ્રગટ રચનાઓ પ્રસિદ્ધ કરવાની નેમ સાથે કહ્યું હતું કે, કચ્છી ભાષાના વિસરાઈ ગયેલા અને ભૂંસાઈ ગયેલા શબ્દો કવિ રાઘવની રચનાઓ વાંચવાથી જીવંત થશે!

★ **બિદડામાં 'માવતરનો માળો' :** બિદડા ગામ માનવ મંદિર, બિદડા સર્વોદય અને સાધના આશ્રમની લોકોપયોગી પ્રવૃત્તિઓમાં સાતત્ય ધરાવે છે તેમાં વધુ એક સોપાન માતૃ વંદના અંતર્ગત 'માવતરનો માળો'નો ઉમેરો થયો છે. વયોવૃધ્ધ માવતર અને અસહાય બાળકો માટે મૂળ બિદડાના હાલે મુંબઈ નિવાસી કોમલભાઈ સાવલાના સંપૂર્ણ આર્થિક સહયોગથી રૂા. સવા પાંચ કરોડના ખર્ચે સંકુલ નિર્માણ કરાયું છે. જેને નવનીત પરિવારના અમરચંદભાઈ ગાલાએ તાજેતરમાં ખુલ્લું મૂક્યું હતું.

આ સંકુલમાં સર્વ સુવિધાયુક્ત ૩૬ રૂમ, ભોજનશાળા, લિફ્ટ, છતરડી, ધ્યાનકક્ષ, બગીચા સહિતની સુવિધાઓ કુદરતી રમણીય વાતાવરણ વચ્ચે વિકસાવવામાં આવી છે. પ્રોજેક્ટની રૂપરેખા આપ્યા બાદ માવતરના માળાનું લોકાર્પણ કરાયું હતું. કાર્યક્રમના પ્રારંભે શિશુ મંદિરના બાળકોએ દેશભક્તિનું ગીત રજૂ કર્યું હતું. સાધના આશ્રમના વડીલ ભવાનજી નાથાના અધ્યક્ષ સ્થાને આયોજિત કાર્યક્રમને દીપ પ્રાગટ્ય દ્વારા ખુલ્લો મૂકાયો હતો. સ્વાગત પ્રવચન માતૃ વંદનાના કોમલભાઈએ આ કાર્યની રૂપરેખા આપી મહત્ત્વાકાંક્ષા સમજાવી નિવૃત્તિમાં પ્રવૃત્ત રહી આધ્યાત્મિક અને સાત્ત્વિક જીવન વડીલો જીવી શકે તેવા ઉમદા હેતુથી માવતરના માળાનું સર્જન કરાયાનું જણાવ્યું હતું. આ પ્રસંગે માનવ મંદિરના પ્રણેતા પૂ. દિનેશમુનિએ જૈન ધર્મ એ જ જનધર્મ અને જનધર્મ એ જ માનવ ધર્મ હોવાનું જણાવી કહ્યું, માનવ ધર્મ વિસરાતાં સંપ્રદાયો વિછિન્ન થયા છે. આ સ્થિતિમાં માનવ ધર્મની સાથે માતા-પિતાની સેવા કરવા શીખ આપી હતી. મંચસ્થ ચંદ્રકાંત ગોગરી, બચુભાઈ રાંભિયા, મંદાકિનીબેન સાવલા, વિનયભાઈ છેડા, ડૉ. મયૂર, ધીરાબેન ગોર, નીલેશ દામજી ગાલા, નાનજી છેડા, પ્રફુલ્લ પાસડનું સન્માન કરાયું હતું. આ વડીલોના સંકુલના નિભાવાર્થે દાનની સરવાણી વહી હતી. આ પ્રસંગે કાંતિસેન શ્રોફ, કોમલ છેડા, સુરેશ સંઘાર, એલ.ડી. શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોક મહેતા તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ શ્રી શાંતિલાલ મૂળજી સાવલા, શ્રી મણિલાલ કું. ગોસર, શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ, શ્રી કે.આર. શાહ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રીમતી પુષ્પાબેન કે. શાહ, શ્રીમતી મધુરીબેન આર. ગોસર, શ્રી મહેન્દ્ર વશનજી શાહ, શ્રીમતી ચંદ્રાબેન મહેન્દ્ર શાહ વગેરે પણ ઉપસ્થિત રહેલ હતા.

***(વર્તમાન પત્રો પર આધારિત)***

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**ચંદ્રકાંત વીરજી ભાણજી દેઢિયા** (ગઢશીશા)
**L.I.C. એજન્ટ**
**સાયન, મુંબઈ. ● ફોન : 24023429, મો. 9819861440**

# "મંગલ મંદિર" — લવાજમ પ્રથાનો અમલ

'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૧૩ના દીપોત્સવી અંકના પાના નં.-૨૨૨ પર સહુ સભ્યોને "મંગલ મંદિર"ના વાર્ષિક લવાજમ ભરવા અપીલ કરવામાં આવેલ હતી.

પોસ્ટલ ખાતાના નિયમ પ્રમાણે કન્સેશનલ દરથી પોસ્ટીંગ કરવાનું હોય તો ફ્રી સરક્યુલેશન બંધ કરવું પડે અને દરેક સભ્ય પાસેથી લવાજમ ઉઘરાવવું ફરજિયાત છે.

આથી જે સભ્યોને તથા મહાનુભાવોને અત્યાર સુધી કોમ્પ્લિમેન્ટરી કોપી મોકલી આપવામાં આવતી હતી તે પ્રથા હવેથી બંધ કરવી જરૂરી બની રહે છે અને દરેક સભ્યને તથા જે-તે મહાનુભાવને આથી અપીલ કરવામાં આવે છે કે તેઓ સ્વેચ્છાએ પોતાના લવાજમ તાત્કાલિક શ્રી કચ્છી જૈન ભવન પર મોકલી આપે. લવાજમનો ચેક "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો લખવાનો રહેશે.

"મંગલ મંદિર"ના લવાજમના દર નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | : | રૂા. ૧૫૦/- |
| ૩ વર્ષનું લવાજમ | : | રૂા. ૪૦૦/- |
| ૫ વર્ષનું લવાજમ | : | રૂા. ૬૦૦/- |
| આજીવન (૧૫ વર્ષનું) લવાજમ | : | રૂા. ૧,૫૦૦/- |

**લવાજમ મોકલવાનું સ્થળ :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

***નોંધ** : લવાજમ ભરવા માટેનું ફોર્મ "મંગલ મંદિર"ના આ જ અંકમાં પાના નંબર-૭૫ ઉપર પ્રકાશિત કરવામાં આવેલ છે. અત્યાર સુધી જેઓએ લવાજમ ભરેલ નથી તેઓને આ ફોર્મ ભરીને લવાજમના ચેક સાથે વહેલી તકે શ્રી કચ્છી જૈન ભવન પર પહોંચાડવા અપીલ કરવામાં આવે છે.*

# વયસ્ક સમિતિ

## અમૃત મહોત્સવ તથા સમાજના દરેક સભ્ય પરિવારો માટે સંગીત સંધ્યા — કાર્યક્રમ

ગત અંકમાં થયેલ જાહેરાત મુજબ વયસ્ક સમિતિ તરફથી તા. ૧૮-૧૨-૨૦૧૩ના રોજ નીચે મુજબ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

★ સમિતિના તમામ વડીલ સભ્યો માટે સાંજે ૫.૦૦ વાગ્યાથી કાર્યક્રમની શરૂઆત.

★ જેમાં ૭૫ વરસ અને તેની ઉપરની ઉંમરના વડીલો માટે "અમૃત મહોત્સવ" કાર્યક્રમ.

★ વયસ્ક સમિતિના તમામ સભ્યો માટે સમૂહ ભોજન.

★ ત્યારબાદ સાંજે ૭.૩૦થી સમાજના તમામ પરિવારજનો માટે અમદાવાદના નામી સંગીત કલાકારો દ્વારા સંગીત સંધ્યાનો કાર્યક્રમ.

"અમૃત મહોત્સવ" કાર્યક્રમમાં ઉપર જણાવેલ વય મર્યાદાવાળા વડીલો ઉપસ્થિત રહેવા ઈચ્છતા હોય, તેઓશ્રીએ પોતાના નામની જાણ મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ પર શ્રી રજનીકાંત પારેખને કરવી જરૂરી છે.

***કન્વીનર : વયસ્ક સમિતિ***

*કઠોર નિર્ણય લેવામાં કદી ખચકાવું નહીં.*

# "સંકલ્પ"

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

તા. ૧૫-૧૧-૨૦૧૩ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ શ્રી કાંતિલાલ વેલજી સાવલાનું દુઃખદ અવસાન થયેલ છે. તેથી "સંકલ્પ" તેઓશ્રીના આત્માને શાંતિ મળે તેવી પ્રાર્થના કરે છે. તદુપરાંત આવા દુઃખદ સમયે "સંકલ્પે" તા. ૧-૧૨-૨૦૧૩ને રવિવારના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજેલ "ગેટ-ટુ-ગેધર"નો કાર્યક્રમ, હાલના સંજોગોમાં મોકૂફ રાખવામાં આવેલ છે જેની નોંધ લેવા વિનંતી.

### • "સંકલ્પ"ના આગામી કાર્યક્રમો •

૧. તા. ૩૧-૧૨-૨૦૧૩ના રોજ રાત્રે ૮ વાગે વર્ષ ૨૦૧૩ની વિદાય તથા નવી આશા, ઉમંગ અને વિશ્વ કલ્યાણની ભાવના સાથે વર્ષ ૨૦૧૪ના આગમનને ભાવભર્યો આવકાર આપવા એક અવનવા કાર્યક્રમ "વેલકમ ૨૦૧૪"નું આયોજન કરેલ છે.

આ કાર્યક્રમમાં આવવા માટે 'સંકલ્પ'ના મેમ્બરો માટે વ્યક્તિદીઠ રૂા. ૧૦૦/-નાં એન્ટ્રી પાસ રાખવામાં આવેલ છે તથા ગેસ્ટ પાસ માટે વ્યક્તિદીઠ રૂા. ૨૦૦/- રાખવામાં આવેલ છે. આ એન્ટ્રી પાસ તા. ૧૪-૧૨-૨૦૧૩થી તા. ૨૬-૧૨-૨૦૧૩ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી મેળવી લેવાના રહેશે. માત્ર સમાજ તથા સંકલ્પના સભ્યો માટે જ આ કાર્યક્રમ રાખેલ છે. કાર્યક્રમના પ્રવેશ પાસ ખૂબ જ મર્યાદિત સંખ્યામાં હોતાં, વહેલા તે પહેલાના ધોરણે શ્રી કચ્છી જૈન ભવન પરથી મેળવી લેશો.

ઉપરોક્ત કાર્યક્રમ અંગે કંઈ વધુ માહિતી જોઈતી હોય તો દર્શન કોઠારી (મો. ૯૪૨૯૬ ૨૦૦૩૯) અને મહેક સંઘવી (મો. ૯૯૦૪૫ ૧૬૩૬૩)નો સંપર્ક સાધવા વિનંતી છે.

***નોંધ :*** કાર્યક્રમના સ્થળ અંગેની માહિતી મેમ્બરોને પાસ લેવા આવવાના સમયે જણાવવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી.

૨. જાન્યુઆરી મહિનામાં "સ્પોર્ટસ ડે"નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વયજૂથ પ્રમાણે જુદી જુદી રમતો / સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે. વિવિધ રમતોમાં ભાગ લેવા ઈચ્છતા 'સંકલ્પ'ના મેમ્બરો તથા સમાજના મેમ્બરોએ પોતાના નામ અંકિત મહેતા (મો. ૮૪૬૦૪ ૧૯૩૬૨)ને લખાવી દેવા વિનંતી. જેથી વ્યવસ્થા કરવામાં આયોજકોને સુગમતા પડે.

૩. માર્ચ-૨૦૧૪માં બે દિવસની પાલિતાણા છ'ગાઉની જાત્રાના પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. આ જાત્રામાં પંચતિથિ તથા પાલિતાણામાં રહેવા, ખાવાપીવાની વ્યવસ્થા 'સંકલ્પ' દ્વારા કરવામાં આવશે. કાર્યક્રમ અંગે વધુ માહિતી માટે 'સંકલ્પ' તથા સમાજના મેમ્બરો ચૈતન્ય રાંભિયા (મો.૮૧૪૧૧ ૯૧૭૬૩)નો સંપર્ક કરી શકે છે.

૪. માર્ચ-૨૦૧૪માં ધૂળેટીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

૫. મે-જૂન મહિનામાં વિદ્યાર્થીઓને રાહત દરે નોટબુક - ચોપડાનું વિતરણ કરવાનું આયોજન વિચારણા હેઠળ છે. આ કાર્યક્રમની વધુ માહિતી માટે સંજય સંઘવી (મો. ૯૮૨૪૭ ૮૫૯૨૯) અને અલ્પેશ મહેતા (મો. ૮૫૩૦૭ ૩૦૧૨૭)નો સંપર્ક કરી શકો છો.

૬. જુલાઈ / ઓગસ્ટ માસમાં કલ્ચરલ એક્ટિવિટી હેઠળ સ્ટેજ શો નું આયોજન વિચારણા હેઠળ છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા 'સંકલ્પ' તથા સમાજના યુવા વર્ગને નમ્ર વિનંતી કે તેઓ આ અંગેની વધુ માહિતી દર્શન કોઠારી (મો. ૯૪૨૯૬ ૨૦૦૩૯) પાસેથી મેળવી શકે છે.

૭. પર્યુષણ પર્વમાં "ભાવના"નું આયોજન કરવામાં આવનાર છે. તે માટે વધુ માહિતી મેળવવી હોય તો સંજય સંઘવી (મો. ૯૮૨૪૭ ૮૫૯૨૯)નો સંપર્ક સાધી શકો છો.

*પારસ વીરા - પ્રમુખ (મો. ૯૮૨૫૫ ૫૦૦૬૬)*
*નીતિન શાહ - મંત્રી (મો. ૯૯૭૯૮ ૮૨૪૦૧)*
*"સંકલ્પ"*

[redacted]

**ટાણું ટક ન ભૂલજે, છડે હજારું કમ;**
**ટાણે ધારૂં કીં કર્યો, તેંમેં ન હુવે ધમ. ૩૬**
**ક્રોડ જતન કર્યો તોય, વીચ્છી ન ભૂલે સ્વભાવ;**
**સંત ભૂલે કીં સાધુતા, અચેં ગમે સે દાવ. ૩૭**
**લગન લગાય કમ કર્યો, ચિત્ત રખી પ્રસન્ન;**
**ધાર્યોતાં પાર ઉતરે, સહાય કરે ભગવન. ૩૮**
**બાલકવટ બાલક થીઓ, દૂર્જન વટ નઠોર;**
**અંતર ખોલ્યો ઉન વટે, જેંમેં સત્યજી ફોર. ૩૯**
**ગુરૂ કજે બકરી કે, જાુકો છેલ અને ચાલાક;**
**ચરી વિને મુલક કે, છતાં ચોવાજે રાંક. ૪૦**
**જાુકો હુએ આળસુ, જિત્ત તિત્ત ખત્તા ખાય;**
**લાભ બદલ હાની થીએ, અને મૂરખમેં લેખાય. ૪૧**
**કળવાયું ગળી વેજે, સક્કર રખજે જીભ;**
**દુશ્મન દોસ્ત ભનાઈજે, માન દઈ દુર્લભ. ૪૨**
**દેવ-દેવડી છડેં ને ખીલ્લ ન કજે ખેતર પાર;**
**આદર્યો અદ્ધ વિચરે, અને ખેણી પે કીત્ત ગાર. ૪૩**
**કરજ ન કજે કોડીજો, ધન ગોરજે ખીં;**
**ઉલ્ટા વર્તો તેં કન્ના, ત માઠાં અચેં ડીં. ૪૪**

*'રશ્મિન જો રણકાર' ભાગ-૧ માંથી સાભાર*

શુભેચ્છા સહ : **નયન મેપાણી (M. : 098211 63241)**

**KRYSTAL Colloids Pvt. Ltd.**
**Processors – Manufacturers – Exporters**
301, 'Shivam' Appartment, Valji Ladha Road,
Mulund (W), Mumbai-400 080.

*લક્ષ્ય પ્રાપ્તિ માટે સાથીનો સહયોગ જરૂરી.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## મંગલ મંદિર

## લવાજમ ભરવા માટેનું ફોર્મ

*તા. :* ____________________

પ્રતિ,
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.

આપશ્રીનાં મંગલ મંદિર મેગેઝીનના લવાજમ પેટે આ સાથે રૂા. ____________________ રોકડા / ચેક નં. ____________________ બેંક ____________________ નો કુલ ____________ વર્ષ માટે જમા કરાવીએ છીએ.

અમોને આપશ્રીનું મેગેઝીન નીચે દર્શાવેલ પોસ્ટલ એડ્રેસ પર મોકલવા વિનંતી.

નામ : ____________________

સરનામું : ____________________

____________________

____________________ પીન કોડ નં. : ____________

જિલ્લો : ____________________ રાજ્ય : ____________________

ફોન : ____________________ મોબાઈલ : ____________________

રસીદ નં. : ____________________ તારીખ : ____________________

લવાજમ પીરિયડ : ____________________ કેટલા વર્ષ : ____________________

લવાજમની રકમની વિગત : ____________________

*લવાજમ લેનારની સહી* *અરજદારની સહી*

*સ્વાર્થની માનસિકતા છોડી પરોપકાર કરો.*

## પ્રસાદનો પ્રતાપ

એક ગામમાં એક વિદ્વાન કથાકાર પધાર્યા.

તેમણે કથા શરૂ કરી પરંતુ શ્રોતાઓ ઘણા ઓછા આવે.

ચેલાએ બીજે-ત્રીજે દિવસે ઉપાય શોધી નાખ્યો; શ્રોતાઓ વધુ, આવે તે માટે!

કથાકાર સંતના શિષ્યએ પડિયો-પડિયો ભરી શીરાનો પ્રસાદ આપવાનું શરૂ કર્યું!

શ્રોતાઓની સંખ્યા વધવા લાગી.

કથાકાર ગુરુએ શિષ્યને પૂછ્યું : 'આટલા બધા શ્રોતા આવે છે તેનું રહસ્ય શું છે?

'પ્રસાદનો પ્રતાપ છે ગુરુજી!' શિષ્યે કહ્યું.

'આ તો પ્રલોભન કહેવાય, શિષ્ય' ગુરુએ કહ્યું.

શિષ્ય જ્ઞાની હતો. નમ્રતાથી ગુરુજીને કહ્યું : 'ગુરુજી, આપના અધ્યાત્મ પ્રવચનનો લાભ મળે અને શ્રોતાઓની ઈચ્છા પ્રસાદતૃપ્તિ થાય તે માટે પ્રસાદની પ્રથા રાખી છે. પ્રસાદની ઈચ્છાથી આવનારના કાનમાં એકાદ-બે બોધ વચનો પ્રવેશશે તો કોઈકનો તો ઉદ્ધાર થશે ને!'

ગુરુજીના ગળે શિષ્યની વાત ઊતરી ગઈ, શીરાના પ્રસાદની જેમ!

**બોધ વાક્યો :**

★ કથા સાંભળવા આવનારે આત્મપ્રેરણાથી જ આવવું જોઈએ.

★ કોઈ અંગત ઈચ્છા કે લાલચે ધાર્મિક કાર્યો કરવાં ન જોઈએ.

★ પ્રસાદની પ્રથા સારી છે, પરંતુ માત્ર પ્રસાદ માટે જ ભેગા ન થવાય.

★ સત્સંગસભામાં લાલચ કે કોઈ ઈચ્છા રખાય નહિ

★ સત્સંગમાં સેવા, સદ્ભાવના અને સ્નેહ હોવાં જોઈએ.

*'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી*

## દોષદૃષ્ટિ

એક ખાનગી શાળામાં શિક્ષકની જગ્યા પૂરવાની હતી.

એક યુવાન શિક્ષકને રૂબરૂ મુલાકાત માટે આચાર્યએ અગિયાર વાગ્યે શાળામાં બોલાવ્યો. યુવાન દશેક મિનિટ વહેલો શાળામાં પહોંચી ગયો.

આચાર્યએ એને કહ્યું : 'સાવ નવરાધૂપ જેવા લાગો છો! વહેલા કેમ આવ્યા? - અને એમણે યુવાનને બીજે દિવસે આવવા કહ્યું.

બીજે દિવસે યુવાન શાળામાં ગયો. પરંતુ પાંચ-સાંત મિનિટ મોડો પહોંચ્યો હતો. રેલવે ક્રોસિંગ ઓળંગતા ગાડીઓની અવરજવરને લીધે થોડું મોડું પડાયું હતું.

આચાર્યએ એ દિવસે પણ કહ્યું : 'મોડા પડ્યા છો! સમયપાલનમાં સાવધાન રહ્યા નથી! હવે એવું કરો, આવતી કાલે આવો.'

ત્રીજે દિવસે બરાબર અગિયારના ટકોરે યુવાન આચાર્યના કાર્યાલયમાં પ્રવેશ્યો. પ્રવેશતાની સાથે આચાર્યે હસતાં હસતાં કહી દીધું : 'મારાથી ડરી ગયા ને! તમે ડરપોક લાગો છો!'

આચાર્યનાં વાક્યો સાંભળતાં જ યુવાન ઊભો થઈ ગયો ... અને 'આપના જેવા દોષદૃષ્ટિવાળા આચાર્યની શાળામાં મારે નોકરી નથી કરવી...' એવું કહી તે જતો રહ્યો.

**બોધ વાક્યો :**

★ દોષ દૃષ્ટિવાળી વ્યક્તિ બધી જ પરિસ્થિતિમાં દોષ જુએ છે.

★ પરિસ્થિતિને સમજીને જ વ્યવહાર કરવો

★ સમય પાલનમાં પણ વિવેકની જરૂર છે.

★ સમય પાલનની ખૂબ જરૂર છે, પરંતુ તેમાં જડતા ન હોવી જોઈએ.

★ સ્વમાની મનુષ્યે અન્યાય સહન ન કરવો.

*'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી*

## પશ્ચાતાપનું મહત્ત્વ

એકવાર સ્વર્ગના પ્રવેશદ્વારે ભારે ભીડ થઈ. સ્વર્ગમાં થોડી જગ્યા હતી, જ્યારે પ્રવેશાર્થીઓ બહુ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા.

ધર્મરાજાએ સાચા અને યોગ્ય પ્રવેશાર્થીઓની કસોટી કરવા વિચાર્યું. તેમણે પ્રત્યેકને બે-બે કોરા કાગળ આપ્યા. એક કાગળમાં પોતાના પાપો અને બીજામાં પોતાનાં પુણ્યો લખવા કહ્યું. મોટાભાગના પ્રવેશાર્થીઓએ એક કાગળમાં પોતાનાં પુણ્યોનું લાબું-લાબું વર્ણન કર્યું, જ્યારે પાપનું વર્ણન ટૂંકું અને બહુ ઓછું કર્યું. પાપને છુપાવ્યું પણ ખરું. જ્યારે બહુ થોડા એવા હતા કે તેમણે પોતાનાં સર્વ પાપ વિસ્તારથી લખ્યાં અને પ્રાયશ્ચિત કરવા માર્ગદર્શન માગ્યું.

ધર્મરાજાએ પાપની માહિતી વિગતવાર-વિસ્તારપૂર્વક લખીને પ્રાયશ્ચિત માટે માર્ગદર્શન માગનારાઓની ભાવના અને અંતરની શુદ્ધતા જોઈ તેમને જ સ્વર્ગમાં પ્રવેશ આપ્યો.

**બોધ વાક્યો :**

★ પાપકર્મોનો સ્વીકાર કરનારને પુણ્ય પ્રાપ્ત કરવાનું ફળ મળે છે.

★ પ્રાયશ્ચિત કરનારનાં પાપ નાશ પામે છે.

★ અંતઃકરણથી પ્રાયશ્ચિત કરનાર શુદ્ધ બને છે.

★ પાપકર્મોનું પ્રાયશ્ચિત કરનારને જ પુણ્યકાર્યો કરવાનો માર્ગ મળે છે.

★ પશ્ચાતાપથી પાપ બળી જાય છે અને પુણ્યશાળી બની જવાય છે.

*'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી*

*બીજાની મદદ કરો, ખુદની મદદ થઈ જશે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**શ્રી કચ્છી જૈન ભવન**

નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

સભ્ય ક્રમાંક

## તબીબી સારવાર યોજનાનું ફોર્મ

સભ્યનું પૂરું નામ ____________ પિતા / પતિ ____________

દાદા / સસરા ____________ અટક ____________

ઘરનું સરનામું ____________

____________

સભ્યશ્રીનો મોબાઈલ નંબર ____________

ઘરનો ફોન નંબર ____________ વ્યવસાયનો ફોન નંબર ____________

કચ્છમાં ગામ ____________ તાલુકો ____________ જ્ઞાતિ અને પેટા જ્ઞાતિ ____________

● કૌટુંબિક વિગત (એક જ ઘરમાં સાથે રહેતા) ●

| ક્રમ | કુટુંબના સભ્યોના નામ | | | | પુરુષ / સ્ત્રી | મુખ્ય વ્યક્તિ સાથે સંબંધ | જન્મ તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| | નામ | પિતા/પતિનું નામ | દાદાનું નામ | અટક | | | |
| ૧. | | | | | | સભ્ય પોતે | |
| ૨. | | | | | | | |
| ૩. | | | | | | | |
| ૪. | | | | | | | |
| ૫. | | | | | | | |
| ૬. | | | | | | | |
| ૭. | | | | | | | |
| ૮. | | | | | | | |

તારીખ ____________ સહી ____________

સભ્યનું નામ ____________

### કાર્યાલયના ઉપયોગ માટે

૧. સભ્યનું પૂરું નામ ____________

૨. મેડિકલ કાર્ડ નંબર અને તારીખ ____________

૩. સભ્યપદનો પ્રકાર અને સભ્ય થયા તારીખ ____________

૪. નોંધ ____________

# પરિવાર તબીબી સારવાર યોજના

## નિયમો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ બોર્ડની તા. ૨-૫-૧૯૯૯ના રોજ મળેલ મીટિંગમાં લેવાયેલા નિર્ણય અનુસાર સમાજના દરેક નોંધાયેલા સભ્ય પરિવારને ''પરિવાર તબીબી સારવાર યોજના''નો લાભ નીચેના નિયમોને અધીન મળી શકશે :

૧. સમાજના દરેક નોંધાયેલા સભ્યના પરિવારને દર વર્ષે વધુમાં વધુ વ્યક્તિ દીઠ રૂા. ૧,૫૦૦/-ની મર્યાદામાં રહીને નિર્ધારીત ફી માં કન્સેશન આપવામાં આવશે અને તે માટે દરેક નોંધાયેલા પરિવારને એક કાર્ડ આપવામાં આવશે.

૨. એક જ ઘરમાં સાથે રહેતી બધી જ વ્યક્તિઓનો એક જ પરિવાર ગણવામાં આવશે.

૩. એક જ પરિવારના (એક જ ઘરમાં સાથે રહેતા) એકથી વધારે સભ્ય આ સમાજના નોંધાયેલા સભ્ય હશે તો પણ બધાને એક જ પરિવાર ગણીને એક કાર્ડ આપવામાં આવશે. દરેક નોંધાયેલા સભ્યને અલગ અલગ કાર્ડ ફાળવાશે નહીં.

૪. સભ્યે આપેલી માહિતીના આધારે, પરિવારના સભ્યોના નામ સાથેનું કાર્ડ આપવામાં આવશે. મેડિકલ સેન્ટર પર આ કાર્ડ અવશ્ય રજૂ કરવાનું રહેશે. તે સિવાય કન્સેશનનો લાભ મળી શકશે નહીં.

૫. મેડિકલ સેન્ટર પર જે તે સારવાર માટે નિયત કરેલ ચાર્જીસ સામે માત્ર ૨૫ ટકા રકમ સભ્યએ રોકડી જમા કરાવવાની રહેશે. એક વર્ષમાં આ કન્સેશનની રકમ વ્યક્તિ દીઠ રૂ. ૧,૫૦૦/-ની મર્યાદામાં રહેશે. વર્ષ પહેલી એપ્રિલથી એકત્રીસમી માર્ચ સુધીનું ગણાશે.


૬. આ કાર્ડ બીજાને તબદીલ કરી શકાશે નહિ.

૭. દરેક નોંધાયેલા સભ્યે પોતાના પરિવારના સભ્યના નામ (એક જ ઘરમાં સાથે રહેતા) અગાઉથી આ ફોર્મ ભરીને સંસ્થાના કાર્યાલયમાં આપવાનું રહેશે અને તે પ્રમાણે જ નામ કાર્ડ પર લખવામાં આવશે. કાર્ડમાં નોંધાયેલા ન હોય તેવા નામોને પરિવારની ગણતરીમાં લેવામાં આવશે નહિ. આવું ભરાયેલ ફોર્મ કાર્યાલયને મળ્યા બાદ દિવસ ૧૫ની અંદર કાર્ડ તૈયાર થશે. જે સભ્યે સમાજના કાર્યાલયમાંથી મેળવી લેવાનું રહેશે.

૮. શ્રી કચ્છી જૈન ભવન - પાલડીમાં ચાલતી મેડિકલ પ્રવૃત્તિઓ માટે જ આ કાર્ડનો ઉપયોગ થઈ શકશે. અન્યત્ર લીધેલ સારવારને આ યોજના નીચે લાભ મળી શકશે નહીં.

૯. કાર્ડ ખોવાઈ જાય, ફાટી જાય કે વાંચી ન શકાય તે રીતે ખરાબ થઈ જશે તો રૂ. ૫૦/- રોકડા જમા કરાવીને ડુપ્લિકેટ કાર્ડ લેવાનું રહેશે.

***કન્વીનર, તબીબી સેવા સમિતિ***




## સરનામા ફેરફાર

- **નીપેશ જયકુમાર શાહ**
  ૧૦૩, દેવ સ્ટેટ્સ, બોડીલાઈન હોસ્પિટલ પાસે,
  વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

## અમદાવાદ ખાતે આગમન

- **સુરેન્દ્ર મણિલાલ શાહ**
  એ-૩૧, ઓર્ચિડ વુડ્સ, કોર્પોરેટ રોડ,
  પ્રહ્લાદ નગર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## પુત્ર જન્મ

- **ગુરૂવાર, તા. ૫-૯-૨૦૧૩**
  **ચિ. માહિર ટ્વીંકલ નિહાર ધીરજલાલ મહેતા (ભુજ - અમદાવાદ)**

## પુત્રી જન્મ

- **શનિવાર, તા. ૨૬-૧૦-૨૦૧૩**
  **ચિ. હીરવા હાર્દિક ધનસુખલાલ પટવા (માંડવી - અમદાવાદ)**

## અવસાન નોંધ

- **શ્રી કાંતિલાલ વેલજી સાવલા (તુંબડી - અમદાવાદ)** (ઉં.વ. ૬૮)
  શુક્રવાર, તા. ૧૫-૧૧-૨૦૧૩ના રોજ અરિહંત શરણ થયેલ છે.

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સક્રિય વિવિધ યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વૈયાવચ્ચ ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧૧,૦૦૦/- | શ્રી મૂલચંદભાઈ એન્ડ સન્સ - વીરમગામ |
| રૂા. | ૭૦૧/- | શ્રી નિશાંત છેડા - મુંબઈ |
| રૂા. | ૫૦૧/- | શ્રીમતી નવલબેન ઠાકરશી લોડાયા - વાપી |
| રૂા. | ૫૦૧/- | શ્રી જયંત ભવાનજી દંડ - મુંબઈ |
| રૂા. | ૫૦૧/- | શ્રી કમલેશ વીરજી દેઢિયા - મુંબઈ |
| રૂા. | ૨૫૧/- | શ્રી જિતેન્દ્ર ઉમરશી કુરુવા - અમદાવાદ |
| રૂા. | ૨૫૧/- | શ્રી કિશોર મણિલાલ શાહ - મુંબઈ |
| રૂા. | ૨૫૧/- | શ્રી જવાહરલાલ દેવરાજ શાહ - મુંબઈ |
| રૂા. | ૨૫૧/- | શ્રી વિક્રમ મધુકાંત શાહ - વાપી |
| રૂા. | ૨૫૧/- | શ્રી દામજીભાઈ દેઢિયા - મુંબઈ |

### તબીબી સહાય ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૫૦૧/- | શ્રી શૈલેષ લોડાયા - મુંબઈ |
| રૂા. | ૫૦૧/- | શ્રી નરેશભાઈ પાલાણી - વ્યારા (સુરત) |

### શૈક્ષણિક સહાય ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૫૦૧/- | શ્રી પીયૂષ લલિત શાહ - મુંબઈ |
| રૂા. | ૪૦૦/- | શ્રી કેયુર ગાલા - બરોડા |
| રૂા. | ૩૫૧/- | શ્રી નીરવ વિનોદભાઈ શાહ - મુંબઈ |

### 'મંગલ મંદિર'ને ભેટ

| | | |
|---|---|---|
| રૂા. | ૭૫૧/- | એક સદ્‌ગૃહસ્થ તરફથી |

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

## જોઈએ છે

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને તેના ત્રણે ભવન પર ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ માટે નીચે મુજબના સ્ટાફની જરૂરિયાત છે.**

### કાઉન્ટર કલાર્ક

*અભ્યાસ* : ગ્રેજ્યુએટ
*લાયકાત* : કોમ્પ્યુટરનું જ્ઞાન જરૂરી છે.
*પગાર* : સમાજના ધારાધોરણ મુજબ

### હાઉસ કીપર

*(ત્રણે ભવનની દરરોજની સફાઈ પર સુપરવિઝન માટે)*

*અભ્યાસ* : ગ્રેજ્યુએટ
*લાયકાત* : હાઉસ કીપિંગનો અભ્યાસ કરેલ હોય તેમને પ્રથમ પસંદગી
*પગાર* : સમાજના ધારાધોરણ મુજબ

*ઉમેદવારી નોંધાવનારે તરતમાં પોતાની અરજી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઓફિસ પર મોકલી આપવી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યને તથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પરિવારના ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.*

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## અમદાવાદમાં સહુ પ્રથમ

# કચ્છી યલો પેજીસ

"કચ્છી યલો પેજીસ"ની કાર્યવાહી સંતોષજનક રીતે આગળ વધી રહેલ છે. તેનું વિમોચન અમદાવાદ ખાતે ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ કરવાનું આયોજન ચાલી રહેલ છે.

ઉપરોક્ત કાર્યવાહીના અનુસંધાને નીચેની બાબતે સહુ કચ્છી પરિવારોનું ધ્યાન દોરવામાં આવે છે.

(૧) જેઓના ફોર્મ હજુ સુધી અમને પ્રાપ્ત થયેલ નથી એ ૫૦૦ સભ્યોને અમે પત્ર લખીને તેની સાથે ફોર્મ મોકલેલ છે. તે સામે અમને માત્ર ૧૫૦ ફોર્મ ભરાઈને પરત મળેલ છે. બાકી રહેતા ૩૫૦ સભ્યોનો અનેકવાર ફોન પર સંપર્ક સાધવા છતાં તેઓના ફોર્મ અમને પ્રાપ્ત થઈ શકેલ નથી. આ ૩૫૦ સભ્ય પરિવારોને આથી અપીલ કરવામાં આવે છે કે તેઓ પોતાના ફોર્મ યોગ્ય રીતે ભરીને શક્ય ત્વરાએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઓફિસ પર મોકલી આપે. કે જેથી તેઓના વ્યવસાયની એન્ટ્રી પણ આ બિઝનેસ ડિરેક્ટરીમાં થઈ શકે.

(૨) કચ્છી યલો પેજીસમાં જાહેરાત આપવાનું જે મહાનુભાવોએ અમારી સાથે નક્કી કરેલ છે તેમાંથી ૫૦ ટકા જેટલી જાહેરાતની મેટર જ અમને પ્રાપ્ત થઈ શકેલ છે. બાકી રહેતા ૫૦ ટકા વ્યવસાયિકોની જાહેરાતની મેટર અમને પ્રાપ્ત થવાની બાકી રહે છે. શ્રી કચ્છી યલો પેજીસમાં જે વ્યવસાયિકોએ જાહેરાત આપવાનું નક્કી કરેલ છે તેઓ પોતાની જાહેરાતની મેટર શક્ય ત્વરાએ શ્રી કચ્છી જૈન ભવન પર પહોંચાડે તેવી અપીલ કરવામાં આવે છે.

(૩) આ સમાચાર વાંચનારના પરિચિતમાં હોય પણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ / ગાંધીનગરના વિવિધ ઘટકના સભ્ય પરિવારના જેઓએ હજુ સુધી ફોર્મ મેળવી તેને ભરીને અમારા પર મોકલેલ ન હોય તે માટે વાચક વર્ગને અપીલ કરવામાં આવે છે કે તેઓના જે પરિચિતોના ફોર્મ ભરાયેલા ના હોય તેઓના ફોર્મ ભરાવવા મદદરૂપ થાય અને તેઓના ફોર્મ અમને વહેલી તકે મળે તેવા પ્રયાસ આદરે.

(૪) આ "કચ્છી યલો પેજીસ", અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી વ્યવસાયકારો માટે પ્રથમ જ ડિરેક્ટરી છે. તેમાં અપાયેલ જાહેરાત દરેક કચ્છી પરિવારોના ટેબલ પર આવતા ૫ વર્ષ લગી રહેવાની છે. તેમાં જાહેરાત આપી સહુ કચ્છી પરિવારો વચ્ચે પરિચિત રહેવાનો આ અમૂલ્ય અવસર છે. તેથી આપશ્રીના વ્યવસાયની અથવા તો શુભેચ્છા જાહેરાત વહેલી તકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઓફિસ પર મોકલી આપવી બધી રીતે હિતાવહ રહેશે. જાહેરાતના દર નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| પ્રકાર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|
| અંદરનું પાનું - મલ્ટી કલર | ૧૫,૦૦૦/- | ૮,૦૦૦/- | ૫,૦૦૦/- | — |
| અંદરનું પાનું - બ્લેક એન્ડ વ્હાઈટ | ૧૦,૦૦૦/- | ૬,૦૦૦/- | ૩,૫૦૦/- | ૧,૦૦૦/- |

*અમદાવાદ - ગાંધીનગર સ્થિત સહુ કચ્છી પરિવારોના સહકારની અપેક્ષા સહ,*

**મનુભાઈ ગોવિંદલાલ શાહ**
**કન્વીનર - કચ્છી યલો પેજીસ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

Inter
PLASTICA PVT. LTD.
AN ISO 9001 : 2000 CERTIFIED COMPANY
SHAILESH V. HARIA
Director
MFG. : HDPE JERRY CANS, DRUMS 20 LTRS TO 160 LTRS.
NARROW MOUTH, WIDE MOUTH, FULL OPEN TOP DRUMS
Plot No. 1103/1104, G.I.D.C. Estate, Ankleshwar-393 002 (Gujarat)
Tel. : 225861, 221126 Fax : (02646) 252861 Mo. : 098241 34499
E-mail : info@interplastica.com • Website : www.interplastica.com

# મેડિકલ કાર્ડ

છેલ્લા કેટલાયે વર્ષોથી સમાજના નોંધાયેલા સભ્ય પરિવારને "તબીબી સારવાર યોજના"નો લાભ આપવામાં આવે છે. આ યોજના અનુસાર જે સભ્યોએ પોતાની 'તબીબી સારવાર યોજના'નું ફોર્મ ભરીને "મેડિકલ કાર્ડ" મેળવેલ છે તેમને મેડિકલ સેન્ટરના દરમાં ૭૫ ટકાનું કન્સેશન આપવામાં આવે છે. સભ્યે પોતાની સારવારની બીલના માત્ર ૨૫ ટકા રકમ જ ભરવાની હોય છે. આ યોજના અનુસાર ૭૪૦ સભ્ય પરિવારોએ પોતાના "મેડિકલ કાર્ડ" આ અગાઉ મેળવેલ છે અને તેઓ આ યોજનાનો હાલે લાભ મેળવી રહ્યા છે.

કોમ્પ્યુટરના પ્રોગ્રામમાં કેટલાક કારણો અનુસાર ફેરફાર કરવામાં આવેલ હોઈ આ પ્રકારની સુવિધા મેળવનાર કાર્ડધારકે પોતાના ફોર્મ ફરીથી ભરીને નવા કાર્ડ મેળવવાના રહે છે. અત્યાર સુધી અનેક પરિવારના સભ્યોમાં ફેરફાર થઈ ગયેલ હોવાથી પણ નવા પ્રકારના કાર્ડની યોજનાનો અમલ કરવો જરૂરી બની રહે છે.

આ માટે "મંગલ મંદિર"ના સપ્ટેમ્બર-૨૦૧૩ના અંકમાં જરૂરી જાહેરાત આપવામાં આવેલ હતી. તેમજ ઓક્ટોબર-૨૦૧૩ના અંકમાં નવું મેડિકલ કાર્ડ મેળવવા જરૂરી ફોર્મ ભરીને મોકલી આપવા એ ફોર્મ પણ પ્રસારિત કરવામાં આવેલ હતું.

અત્યાર સુધી સમાજના સભ્યો તરફથી આ પ્રકારના ૪૮૯ ફોર્મ ભરાઈને મોકલી આપવામાં આવેલ છે કે જ્યારે તેની સામે ૨૫૦થી પણ વધુ સભ્યોએ તેમના પોતાના ફોર્મ ભરીને મોકલી આપવાના બાકી રહે છે.

આ પ્રકારના ફોર્મ મંગલ મંદિરના ચાલુ અંકમાં ફરીથી પ્રસારિત કરવામાં આવેલ છે. બાકી રહેતા સભ્યોએ એ ફોર્મ ભરીને વહેલી તકે શ્રી કચ્છી જૈન ભવન પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

અમને મળેલ ૪૮૯ ફોર્મના મેડિકલ કાર્ડ બનાવવાની અને તેનો ડેટા કોમ્પ્યુટરમાં ઉમેરવાની પ્રક્રિયા ચાલુ છે.

૧ જાન્યુઆરી, ૨૦૧૪થી નવા કાર્ડની યોજનાનો પ્રારંભ કરવાનો હોવાથી ૧ જાન્યુઆરી, ૨૦૧૪થી જેમની પાસે નવા પ્રકારના મેડિકલ કાર્ડ નહીં હોય તેઓને મેડિકલ સેન્ટરની આ યોજનાનો લાભ મળી શકશે નહીં. જૂના કાર્ડ મેડિકલના કોમ્પ્યુટરમાંથી ડિલીટ કરી નાખવામાં આવશે.

આથી સમાજના સહુ સભ્યોને અપીલ કરવામાં આવે છે કે જેઓએ પોતાના આ પ્રકારના ફોર્મ ભરેલ ના હોય, તેઓએ વહેલી તકે આ ફોર્મ ભરી ભવન પર મોકલી આપવા જરૂરી બની રહે છે.

૧ જાન્યુઆરી, ૨૦૧૪થી જેઓ પાસે નવા મેડિકલ કાર્ડ નહીં હોય, તેઓને મેડિકલ સેન્ટરના કોઈ પણ કન્સેશનનો લાભ મળી શકશે નહીં.

જેઓના ફોર્મ ભરાઈને અમને મળી ગયેલ છે એ સભ્યો સિવાયના સભ્યોને પોતાના ફોર્મ ચાલુ મહિનાના 'મંગલ મંદિર'ના અંકમાંથી મેળવી, તેને ભરીને તરતમાં જ શ્રી કચ્છી જૈન ભવન પર પહોંચાડવાના રહે છે. મેડિકલ કાર્ડ યોજનાનો લાભ લેવા સહુ સભ્યોને અપીલ કરવામાં આવે છે.

**રમણિકલાલ કુંવરજી ગોસર**
**કન્વીનર – સભ્યપદ સમિતિ તથા મેડિકલ કાર્ડ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિ

## "પ્રેરણા"

"Google" – આ નામ આપણા સૌ માટે કેટલું બધું અગત્યનું છે. કંઈ પણ માહિતી મેળવવી હોય તો તુરંત આનો ઉપયોગ કરીએ છીએ.

આપણા સમાજના સભ્ય શ્રી કિરણભાઈ ત્રેવડિયાનો પુત્ર "આર્ષ" આ Google નો ઉપયોગ કરીને સ્વિટ્ઝરલેન્ડ સુધી પહોંચી ગયો. "Google" એ એના ખર્ચે એને ત્યાં ૧૫ દિવસના આંતરરાષ્ટ્રીય સેમિનાર માટે સિલેક્ટ કર્યો અને ૫,૦૦૦ ડોલર સ્ટાઈપેન્ડ પણ આપ્યું.

નિરમા યુનિ.માં ઈજનેરીનું ભણતો આર્ષ નિરમા યુનિ.માં આજદિન સુધીના સૌથી મહત્તમ પેકેજથી "મોર્ગન સ્ટેનલી"માં નોકરી (Placement) મેળવેલ છે. આ આર્ષની પ્રેરણા આપણા સમાજના સૌ વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓને મળી રહે એના માટે તા. ૨૯-૧૨-૨૦૧૩ને રવિવારે સવારે ૧૦.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એકત્રિત થવાનું નક્કી કરેલ છે.

આર્ષ, પોતે કઈ રીતે અને કેવી રીતે આટલા મોટા શિખરો સર કર્યા તે સમજાવશે. તો આનાથી પ્રેરણા લેવા સમાજના સૌ વિદ્યાર્થી તથા વાલીઓ આવી શકે છે, જોડાઈ શકે છે, લાભ લઈ શકે છે.

**તા. ૨૯-૧૨-૨૦૧૩, રવિવારે સવારે ૧૦ વાગે. • શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.**

***નોંધ :*** આ કાર્યક્રમમાં જેઓ ઉપસ્થિત રહેવા માંગતા હોય તેઓએ પોતાના નામ શ્રી કચ્છી જૈન ભવન પર નિધિ પટેલને નોંધાવવા વિનંતી.

***કન્વીનર, શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## આરોગ્ય વીમા (મેડિક્લેઈમ)ના નિયમોમાં થયેલ ફેરફાર

સભ્યોના વીમાધારક પરિવારોને જણાવવાનું કે ૨૦૧૩ના ઓગસ્ટ માસથી આરોગ્ય વીમાની નવી પોલીસીઓના નિયમોમાં ફેરફાર થયા છે, જેની મુખ્ય વિગત ટૂંકમાં નીચે આપેલ છે.

૧. હોસ્પિટલમાં દાખલ થયા બાદ ૨૪ કલાકમાં જ કંપનીને જાણ કરવાની ફરજિયાત રહેશે તથા ડિસ્ચાર્જ મળ્યા બાદ એક અઠવાડિયામાં જ બધા કાગળો કંપનીને મોકલવાના રહેશે. ડિસ્ચાર્જ બાદ સારવાર લંબાય તો પાછળથી ક્લેઈમ કરી શકાશે, જે ૬૦ દિવસની અંદરની સારવાર માટે હોય.

૨. પ્રીમિયમના દર માટે ભારતને ૪ વિભાગમાં વહેંચવામાં આવેલ છે અને દરેક વિભાગના દર અલગ રહેશે. આપણે એટલે કે અમદાવાદ વિસ્તાર વિભાગ-૨ માં આવે છે. સારવાર માટે પણ આ વિભાગો યાદ રાખવાની જરૂર છે. આપણે વિભાગ-૧ના મુંબઈમાં સારવાર કરાવીએ તો ક્લેઈમમાંથી ૨૦% કપાય અને વિભાગ-૪ જેમાં બિહાર, ઝારખંડ, ઓડિસા વિ. પડે છે તેઓ મુંબઈ સારવાર કરાવે તો ક્લેઈમમાંથી ૪૦% કપાય.

૩. પોલિસીની મુદત પૂરી થયા બાદ રિન્યુઅલ માટે હવે ૩૦ દિવસનો સમય મળશે. આ સમય શરતી છે. જો વધારાના સમયમાં બીમારી આવી તો ક્લેઈમ નહિં મળે અને તે જ બીમારી માટે ભવિષ્યમાં પણ ક્લેઈમ નહીં મળે.

૪. No Claim Bonusમાં અગાઉ વીમાની રકમમાં વધારો કરાતો હતો. હવેથી વીમાધારકની ઉંમર વિભાગ-૧ થી ૪ની ગણતરી લક્ષમાં લઈને પ્રીમિયમમાં ૨ થી ૧૫% સુધીનું વળતર મળશે. અલબત્ત અગાઉ જમા થયેલ બોનસની રકમ આગળ ખેંચાશે. (જૂની પોલીસીમાં)

૫. ૪૫ વર્ષથી ઉપરની ઉંમરના તથા ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરના દર્દીઓને દરદ, ઉંમર વિ.ને લક્ષમાં લીધા બાદ ૧૦થી ૨૦% વધારાનું પ્રીમિયમ આપવાનું રહેશે તેમજ ૭૦ વર્ષથી ઉપરની વ્યક્તિને તેની તંદુરસ્તીને લક્ષમાં લઈ કંપની વધારાનું પ્રીમિયમ માગી શકશે.

૬. વીમાધારક ઈચ્છે તો હાલના TPAને બદલવાની માંગણી કરી શકશે અથવા ઈચ્છે તો સીધા જ કંપની સાથે વહેવાર કરી શકશે. પણ એ સીધા વહેવારમાં Cash Lessની સગવડ નહિ મળી શકે.

૭. ૪૫થી ૬૬ વર્ષની ઉપર અથવા તેથી ઉપરની ઉંમરના વીમાધારક તેની ઉપર, ક્લેઈમ વગરનો સમય લક્ષમાં લઈ જરૂર પડ્યે તબીબી પરીક્ષણ કરાવી, વીમાની રકમમાં વધારો માત્ર એક જ વખત — આ વર્ષે કરાવી શકશે. આ સગવડ વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે જ છે.

૮. ૭૦ વર્ષ બાદ અગાઉથી ચાલુ રહેલ પોલીસીનું પ્રીમિયમમાં દર વર્ષે ૨.૫ ટકાનો વધારો કરીને ગણવાનું રહેશે. આમ ૮૦ વર્ષની ઉંમરે ૨૫%નો વધારો થાય.

ફેરફારની મુખ્ય મુખ્ય બાબતો અહીં ટૂંકમાં જણાવી છે. વધારે વિગત અથવા બારીકીઓને જાણવાની ઈચ્છા હોય તો સમિતિના કન્વીનરને રૂબરૂ સોમ તથા ગુરૂવારે સાંજે ૫ થી ૭ મળી શકાશે. આ સિવાયના દિવસોમાં તેમના ફોન નં. ૨૬૮૭૧૯૨૫ ઉપર ૧ થી ૩.૩૦ સિવાય સંપર્ક કરી શકાશે. ઉપરાંત કંપનીના આપણા એજન્ટ શ્રી નૃપેન શાહનો પણ ૯૮૨૪૦ ૫૬૬૮૮ ઉપર સંપર્ક કરી શકાશે.

<u>તા.ક.</u> : આરોગ્ય વીમાની પોલીસીઓ વ્યક્તિગત થઈ ગઈ હોતાં દરેક વીમા ધારકને કંપનીના પત્રો મળેલ હશે. સમાજ સેવાભાવથી જ આ સૂચનાઓ સૌને આપે છે. આમાં સમાજની આર્થિક કે અન્ય કોઈપણ જાતની જવાબદારી રહેતી નથી. જેની નોંધ લેવા વિનંતી.

*કન્વીનર : મગનલાલ સંઘવી*
*સમાજ સુરક્ષા સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*

**નવનીત મેડિકલ સેન્ટર તથા**

**શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર**

**તબીબી સેવા સમિતિ દ્વારા આયોજિત**

## એક અનોખી પ્રવૃત્તિ : આનંદ તથા ચેક-અપ કેમ્પ (નિઃશુલ્ક)

**ફક્ત ૧૨ વર્ષ તથા તેની નાની ઉંમરના બાળકો માટે**
**(કોઈ પણ સમાજ કે જ્ઞાતિની વ્યક્તિ ભાગ લઈ શકે છે.)**

★ મેજીક શો / આર્ટ ક્રાફ્ટની મનગમતી પ્રવૃત્તિ સાથે.

★ ૦-૧, ૧-૩, ૩-૫ તથા ૫ વર્ષથી ૧૨ વર્ષની ઉંમરના બાળકોનાં ગ્રુપમાં સૌથી તંદુરસ્ત બાળકોને ઈનામ

*સાથે*

★ બાળકોના નિષ્ણાત, આંખના નિષ્ણાત, દાંતના નિષ્ણાત તથા પીડોડોન્ટીસ્ટ જેવા નિષ્ણાતો દ્વારા બાળકની તપાસ.

★ બાળકોની વર્તણૂક, ભણતર વિગેરેને લગતી બાબતે નિષ્ણાત દ્વારા સલાહ-સૂચન, આઈ.ક્યુ. ટેસ્ટ વિ. માટે રજીસ્ટ્રેશન.

★ વિકલાંગતાની સમસ્યાવાળા બાળકો માટે પ્રાથમિક ધોરણે સ્ક્રીનિંગ.

વહેલા તે પહેલાના ધોરણે તા. ૨-૧૨-૨૦૧૩થી તા. ૧૪-૧૨-૨૦૧૩ સુધી રજિસ્ટ્રેશન (ફ્રી) કરવામાં આવશે.

### કેમ્પનાં આયોજનની વિગત

*તારીખ : ૧૫-૧૨-૨૦૧૩, રવિવાર*

*સમય : સવારે ૯ થી ૧૨*

*સ્થળ : મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.*

*કેમ્પનો પૂરો લાભ લેવા સમયસર આવવા વિનંતી.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### આરોગ્ય વીમા (મેડિક્લેઈમ)ના નિયમોમાં થયેલ ફેરફાર

સભ્યોના વીમાધારક પરિવારોને જણાવવાનું કે ૨૦૧૩ના ઓગસ્ટ માસથી આરોગ્ય વીમાની નવી પોલીસીઓના નિયમોમાં ફેરફાર થયા છે, જેની મુખ્ય વિગત ટૂંકમાં નીચે આપેલ છે.

૧. હોસ્પિટલમાં દાખલ થયા બાદ ૨૪ કલાકમાં જ કંપનીને જાણ કરવાની ફરજિયાત રહેશે તથા ડિસ્ચાર્જ મળ્યા બાદ એક અઠવાડિયામાં જ બધા કાગળો કંપનીને મોકલવાના રહેશે. ડિસ્ચાર્જ બાદ સારવાર લંબાય તો પાછળથી ક્લેઈમ કરી શકાશે, જે ૬૦ દિવસની અંદરની સારવાર માટે હોય.

૨. પ્રીમિયમના દર માટે ભારતને ૪ વિભાગમાં વહેંચવામાં આવેલ છે અને દરેક વિભાગના દર અલગ રહેશે. આપણે એટલે કે અમદાવાદ વિસ્તાર વિભાગ-૨ માં આવે છે. સારવાર માટે પણ આ વિભાગો યાદ રાખવાની જરૂર છે. આપણે વિભાગ-૧ના મુંબઈમાં સારવાર કરાવીએ તો ક્લેઈમમાંથી ૨૦% કપાય અને વિભાગ-૪ જેમાં બિહાર, ઝારખંડ, ઓડિસા વિ. પડે છે તેઓ મુંબઈ સારવાર કરાવે તો ક્લેઈમમાંથી ૪૦% કપાય.

૩. પોલિસીની મુદત પૂરી થયા બાદ રિન્યુઅલ માટે હવે ૩૦ દિવસનો સમય મળશે. આ સમય શરતી છે. જો વધારાના સમયમાં બીમારી આવી તો ક્લેઈમ નહિં મળે અને તે જ બીમારી માટે ભવિષ્યમાં પણ ક્લેઈમ નહીં મળે.

૪. No Claim Bonusમાં અગાઉ વીમાની રકમમાં વધારો કરાતો હતો. હવેથી વીમાધારકની ઉંમર વિભાગ-૧ થી ૪ની ગણતરી લક્ષમાં લઈને પ્રીમિયમમાં ૨ થી ૧૫% સુધીનું વળતર મળશે. અલબત્ત અગાઉ જમા થયેલ બોનસની રકમ આગળ ખેંચાશે. (જૂની પોલીસીમાં)

૫. ૪૫ વર્ષથી ઉપરની ઉંમરના તથા ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરના દર્દીઓને દરદ, ઉંમર વિ.ને લક્ષમાં લીધા બાદ ૧૦થી ૨૦% વધારાનું પ્રીમિયમ આપવાનું રહેશે તેમજ ૭૦ વર્ષથી ઉપરની વ્યક્તિને તેની તંદુરસ્તીને લક્ષમાં લઈ કંપની વધારાનું પ્રીમિયમ માગી શકશે.

૬. વીમાધારક ઈચ્છે તો હાલના TPAને બદલવાની માંગણી કરી શકશે અથવા ઈચ્છે તો સીધા જ કંપની સાથે વહેવાર કરી શકશે. પણ એ સીધા વહેવારમાં Cash Lessની સગવડ નહિ મળી શકે.

૭. ૪૫થી ૬૬ વર્ષની ઉપર અથવા તેથી ઉપરની ઉંમરના વીમાધારક તેની ઉપર, ક્લેઈમ વગરનો સમય લક્ષમાં લઈ જરૂર પડ્યે તબીબી પરીક્ષણ કરાવી, વીમાની રકમમાં વધારો માત્ર એક જ વખત — આ વર્ષે કરાવી શકશે. આ સગવડ વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે જ છે.

૮. ૭૦ વર્ષ બાદ અગાઉથી ચાલુ રહેલ પોલીસીનું પ્રીમિયમમાં દર વર્ષે ૨.૫ ટકાનો વધારો કરીને ગણવાનું રહેશે. આમ ૮૦ વર્ષની ઉંમરે ૨૫%નો વધારો થાય.

ફેરફારની મુખ્ય મુખ્ય બાબતો અહીં ટૂંકમાં જણાવી છે. વધારે વિગત અથવા બારીકીઓને જાણવાની ઈચ્છા હોય તો સમિતિના કન્વીનરને રૂબરૂ સોમ તથા ગુરૂવારે સાંજે ૫ થી ૭ મળી શકાશે. આ સિવાયના દિવસોમાં તેમના ફોન નં. ૨૬૮૭૧૯૨૫ ઉપર ૧ થી ૩.૩૦ સિવાય સંપર્ક કરી શકાશે. ઉપરાંત કંપનીના આપણા એજન્ટ શ્રી નૃપેન શાહનો પણ ૯૮૨૪૦ ૫૬૬૮૮ ઉપર સંપર્ક કરી શકાશે.

<u>**તા.ક.**</u> : આરોગ્ય વીમાની પોલીસીઓ વ્યક્તિગત થઈ ગઈ હોતાં દરેક વીમા ધારકને કંપનીના પત્રો મળેલ હશે. સમાજ સેવાભાવથી જ આ સૂચનાઓ સૌને આપે છે. આમાં સમાજની આર્થિક કે અન્ય કોઈપણ જાતની જવાબદારી રહેતી નથી. જેની નોંધ લેવા વિનંતી.

*કન્વીનર : મગનલાલ સંઘવી*
*સમાજ સુરક્ષા સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ <u>*સંચાલિત*</u>

**નવનીત મેડિકલ સેન્ટર તથા**

**શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર**

**તબીબી સેવા સમિતિ દ્વારા આયોજિત**

## એક અનોખી પ્રવૃત્તિ : આનંદ તથા ચેક-અપ કેમ્પ (નિઃશુલ્ક)

**ફક્ત ૧૨ વર્ષ તથા તેની નાની ઉંમરના બાળકો માટે**
**(કોઈ પણ સમાજ કે જ્ઞાતિની વ્યક્તિ ભાગ લઈ શકે છે.)**

★ મેજીક શો / આર્ટ ક્રાફ્ટની મનગમતી પ્રવૃત્તિ સાથે.

★ ૦-૧, ૧-૩, ૩-૫ તથા ૫ વર્ષથી ૧૨ વર્ષની ઉંમરના બાળકોનાં ગ્રુપમાં સૌથી તંદુરસ્ત બાળકોને ઈનામ

*સાથે*

★ બાળકોના નિષ્ણાત, આંખના નિષ્ણાત, દાંતના નિષ્ણાત તથા પીડોડોન્ટીસ્ટ જેવા નિષ્ણાતો દ્વારા બાળકની તપાસ.

★ બાળકોની વર્તણૂક, ભણતર વિગેરેને લગતી બાબતે નિષ્ણાત દ્વારા સલાહ-સૂચન, આઈ.ક્યુ. ટેસ્ટ વિ. માટે રજીસ્ટ્રેશન.

★ વિકલાંગતાની સમસ્યાવાળા બાળકો માટે પ્રાથમિક ધોરણે સ્ક્રીનિંગ.

વહેલા તે પહેલાના ધોરણે તા. ૨-૧૨-૨૦૧૩થી તા. ૧૪-૧૨-૨૦૧૩ સુધી રજિસ્ટ્રેશન (ફ્રી) કરવામાં આવશે.

### કેમ્પનાં આયોજનની વિગત

*તારીખ : ૧૫-૧૨-૨૦૧૩, રવિવાર*

*સમય : સવારે ૯ થી ૧૨*

*સ્થળ : મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.*

***કેમ્પનો પૂરો લાભ લેવા સમયસર આવવા વિનંતી.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ઓક્ટોબર / નવેમ્બર - ૨૦૧૩

● **શુક્રવાર, તા. ૨૫-૧૦-૨૦૧૩**

★ આજરોજ કચ્છી યલો પેજિસ સમિતિની એક મીટિંગ મળેલ હતી. શ્રી મનુભાઈ શાહ, શ્રી દિનેશ જ. શાહ, શ્રી નરેન્દ્ર કોઠારી તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. કચ્છી યલો પેજિસમાં કઈ કઈ માહિતીઓનો સમાવેશ કરવો તે અંગે ચર્ચા કરવામાં આવી. યલો પેજિસ સમિતિના જે સભ્યો આ કાર્યમાં રસ દાખવતા નથી અને આ જવાબદારીભર્યા કાર્યમાં બિલકુલ સહયોગ આપતા નથી તે અંગે નારાજગી વ્યક્ત કરવામાં આવેલ હતી.

● **સોમવાર, તા. ૨૮-૧૦-૨૦૧૩**

★ કચ્છી યલો પેજિસ માટે આજે બીજા ૨૦૪ ફોર્મ પ્રિન્ટીંગ માટે મોકલી આપવામાં આવ્યા.

★ આજરોજ ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી ર.કું. ગોસર તથા શ્રી રજનીભાઈ પારેખ એકત્રિત થયેલ હતા અને સ્ટાફના કાર્યો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

● **ગુરુવાર, તા. ૩૧-૧૦-૨૦૧૩**

★ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર ભવન સમિતિની એક મીટિંગ મળેલ હતી. શ્રી પ્રતાપ ના. દંડ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે. ડી. શાહ, શ્રી ભવાનજી પ્રેમજી દેઢિયા, શ્રી દિનેશ જ. શાહ, શ્રી ચંદ્રકાંત મહેતા, શ્રી ર.કું. ગોસર તથા શ્રી પીયૂષ પારેખ ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, એસ.ટી. ભવન તથા શ્રી કચ્છી જૈન ભવનની કેન્ટીનના સિવિલ રિપેરીંગ કામ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. એસ.ટી. ભવન અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહના ટી.વી. તેમજ એ.સી. રિપેરીંગ કામ અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

● **શનિવાર, તા. ૨-૧૧-૨૦૧૩**

★ રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૩ના રીનોવેટેડ મેડિકલ સેન્ટરના ઓપનિંગ કાર્યક્રમના ફોટા આવી જતા, લાગતા વળગતા અનેક લોકોને આ ફોટાઓ મોકલી આપવામાં આવેલ હતા.

★ આજરોજ મંગલ મંદિરનો નવેમ્બર-૨૦૧૩નો દીપોત્સવી વિશેષાંક, કચ્છના પાણી પ્રશ્ન વિશેનો પોસ્ટ કરવામાં આવ્યો.

● **સોમવાર, તા. ૪-૧૧-૨૦૧૩**

★ આજે નૂતન વર્ષ નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન પર નૂતન વર્ષાભિનંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. સમાજની લગભગ ૪૦૦ વ્યક્તિ આ સમારંભમાં ઉપસ્થિત રહેલ હતી. લોકોએ હળીમળીને એકબીજાને સાલ મુબારક પાઠવેલ હતા.

● **શુક્રવાર, તા. ૮-૧૧-૨૦૧૩**

★ આજરોજ કચ્છી યલો પેજિસ માટે ૩૭૩ ફોર્મ પ્રિન્ટીંગમાં મોકલી આપ્યા.

★ આજરોજ મુંબઈથી તરૂણ મિત્ર મંડળના શ્રી ધીરજભાઈ રાંભિયા તથા હીનાબેન રાંભિયા ભવન પર આવેલ હતા. સાથે શ્રી મણિલાલ કું. ગોસર તથા રેવંતીબેન ગોસર પણ હતા. સમાજના કાર્યો વિષે જનરલ ચર્ચા કરવામાં આવેલ હતી.

★ આજરોજ મુંબઈથી શ્રી કાંતિભાઈ ગડા ભવન પર આવેલ હતા. શ્રી શાંતિલાલ મૂળજી સાવલા પણ સાથે હતા. મેડિકલ સેન્ટર વિષે વિવિધ ચર્ચાઓ કરવામાં આવેલ હતી.

● **શનિવાર, તા. ૯-૧૧-૨૦૧૩**

★ બિદડા માતૃ વંદનાના ઉદ્‌ઘાટન પ્રસંગે આજરોજ અમદાવાદથી શ્રી અશોક મહેતા, શ્રી શાંતિલાલ મુ. સાવલા, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી મણિલાલ કું. ગોસર, શ્રી કે.આર. શાહ, શ્રીમતી પુષ્પાબેન શાહ, શ્રી બંસીલાલ મ. ગડા, શ્રી મયૂર ચંદ્રકાંત દેઢિયા, શ્રીમતી અનિલા મયૂર દેઢિયા વગેરે નીકળીને બપોર સુધી બિદડા પહોંચી ગયા હતા. તેઓએ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી સાથે રહી નાના ભાડિયાની તુલસી વિદ્યા મંદિર સ્કૂલની મુલાકાત લીધેલ. ત્યારબાદ માતૃ વંદનાના આજના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેલ હતા.

● **રવિવાર, તા. ૧૦-૧૧-૨૦૧૩**

★ આજે માતૃ વંદનાનો બિદડામાં ઉદ્‌ઘાટન સમારોહ હતો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ગઈકાલના સભ્યો ઉપરાંત શ્રી ર.કું. ગોસર, શ્રીમતી મધુરીબેન ર. ગોસર, શ્રી મહેન્દ્ર વશનજી શાહ તથા શ્રીમતી ચંદ્રાબેન મહેન્દ્ર શાહ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા.

★ આજરોજ બિદડાથી અમદાવાદ પરત ફરતા શ્રી અશોક મહેતા, શ્રી મ.કું. ગોસર, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી શાંતિલાલ મુળજી સાવલાએ વડીલ વંદના - ગુંદાલાની મુલાકાત લીધેલ હતી. ત્યાં શ્રી ચીમનભાઈની મુલાકાત લઈ તેમની સાથે આ વડીલ વંદનાની વિગત સમજેલ હતી. અંદાજે ૧૦૦ની કેપેસિટીવાળા આ વડીલ વંદનામાં ૭૦ જેટલા વડીલો હાલે ત્યાં રહે છે. ગુંદાલાની મુલાકાત બાદ આ ટીમ ભચાઉ પહોંચી. ભચાઉમાં વિચરતા

*બેફામ જબાનને બાનમાં રાખશો તો જિંદગી વરદાન.*

સમુદાયના લોકોને એકત્રિત કરી, તેઓને હુન્નર ઉદ્યોગમાં લગાવવા તથા તેમના બાળકોને ત્યાં તેમના માટે એક સ્પેશિયલ સ્કૂલ બનાવી ત્યાં અભ્યાસ કરવા મોકલવા અને સમગ્ર સમુદાયમાં જાગૃતિ લાવવાના ઉદ્દેશથી શ્રી ચંદ્રકાંત ગોગરીના માર્ગદર્શન હેઠળ એક સમારંભ ગોઠવવામાં આવેલ હતો કે જેની મુલાકાત આ ટીમે લીધેલ હતી. આ સમારંભમાં શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, તેમના માતુશ્રી ધનલક્ષ્મીબેન, તેમના ધર્મપત્નીશ્રી, શ્રી લીલાધર ગડા, મિત્તલ પટેલ, શ્રી કેશવજી દેઢિયા, શ્રી લાલ રાંભિયા વગેરે ઉપસ્થિત રહેલ હતા. વિચરતા સમુદાયની સુખાકારી માટે પોતાની એક એકર જેટલી જમીનનું દાન આપનાર ભચાઉના મણિબેન તથા સરકારી અધિકારીશ્રીઓ પણ ઉપસ્થિત રહેલ હતા. સમાજના નીચેના વર્ગને ઉપર લાવવાની શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની ભાવનાને બિરદાવવી જોઈએ.

- **મંગળવાર, તા. ૧૨-૧૧-૨૦૧૩**

★ શ્રી પ્રદીપભાઈ જોશીએ આજથી ટ્રાયલ બેઝ પર લાયઝન ઓફિસર તરીકે શ્રી કચ્છી જૈન ભવન પર કામ કરવાની શરૂઆત કરેલ છે. સરકારશ્રી તથા મ્યુનિસિપાલિટી સાથે જે કંઈ કામો કરવાના રહેવા પામેલ છે તેમાં કદાચ વેગ આવી શકશે.

★ તેમની લાંબી માંદગી બાદ શ્રી કાંતિભાઈ સાવલા હોસ્પિટલમાંથી ઘરે થોડા દિવસ અગાઉ આવી ગયેલ છે પરંતુ તેમની તબિયત અવારનવાર નાદુરસ્ત તો રહેતી જ હોય છે. તેઓ તેમની માંદગીમાંથી સંપૂર્ણપણે બહાર આવી શકેલ નથી. સમાજના અધિકારીઓ અવારનવાર તેમની મુલાકાત લે છે.

★ અખિલ કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ ઝોનના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ પટેલ તથા તેમના અન્ય એક કાર્યકર શ્રી બાબુભાઈ પટેલ તેમના સમાજ દ્વારા તા. ૧૪-૧૧-૨૦૧૩ના રોજ યોજવામાં આવનાર સમૂહ લગ્ન (૨૨ જોડીના લગ્ન)ની આમંત્રણ પત્રિકા આપવા રૂબરૂ ભવન પર આવેલ હતા.

- **ગુરુવાર, તા. ૧૪-૧૧-૨૦૧૩**

★ શ્રી કાંતિભાઈ સાવલાની તબિયત ખૂબ જ નાજુક બની ગયેલ હોવાથી તેમને ફરીથી સીમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. તેમને બ્રેઈન હેમરેજ હોવાથી વેન્ટીલેટર પર રાખવામાં આવેલ છે.

- **શુક્રવાર, તા. ૧૫-૧૧-૨૦૧૩**

★ આજરોજ સવારના ૧૧ વાગ્યાના સુમારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રથમ ઉપપ્રમુખ અને મિતભાષી એવા શ્રી કાંતિલાલભાઈ સાવલાનું દુ:ખદ અવસાન થયાના સમાચાર જાણી સારાયે સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામેલ. તેમની આંખોનું ચક્ષુદાન કરવામાં આવેલ. સાંજના ૬ વાગે તેમની સ્મશાનયાત્રા કાઢવામાં આવી ત્યારે ૫૦૦થી પણ વધુ લોકો આ સ્મશાનયાત્રામાં જોડાયેલ હતા.

- **શનિવાર, તા. ૧૬-૧૧-૨૦૧૩**

★ આજરોજ સવારના ભાગે શ્રી કચ્છી જૈન ભવન પર વયસ્ક સમિતિની એક મીટિંગ મળેલ હતી. આ મીટિંગમાં શ્રી રજનીભાઈ પારેખ, શ્રી ર.કું. ગોસર, શ્રી દિલીપભાઈ દંડ, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી મ.કું. ગોસર, શ્રી કે.ડી. શાહ તથા શ્રી પ્રતાપભાઈ દંડ ઉપસ્થિત રહેલ હતા. આગામી તા. ૧૮-૧૨-૨૦૧૩ના રોજ યોજવામાં આવનાર અમૃત મહોત્સવ કાર્યક્રમ તથા આગામી રાજસ્થાન પ્રવાસ અંગે વિવિધ ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

- **રવિવાર, તા. ૧૭-૧૧-૨૦૧૩**

★ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પરના પટાંગણમાં સવારના ૯.૦૦થી ૧૦.૩૦ના સમય દરમ્યાન સદ્‌ગત શ્રી કાંતિલાલભાઈ સાવલાની પ્રાર્થના સભા યોજવામાં આવેલ હતી. આ સભા તેમના કુટુંબીજનો તરફથી યોજવામાં આવેલ હતી. લગભગ ૮૦૦ જેટલી વ્યક્તિ આ સભામાં ઉપસ્થિત રહેલ હતી. પ્રાર્થના સમયે ભક્તિભાવના ગીતો શ્રીમતી શેફાલીબેને તેમની મંડળી સહિત ઉપસ્થિત રહી ખૂબ જ સ્વરે અવાજથી ગાયેલ હતા.

★ પ્રાર્થના સભા પૂરી થયા બાદ તરત જ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી સદ્‌ગત કાંતિલાલભાઈની સેવાને અનુરૂપ એક શ્રધ્ધાંજલિ સભાનું આયોજન અશોકભાઈ મહેતાના પ્રમુખપણા હેઠળ ગોઠવવામાં આવેલ હતું. શ્રી પ્રતાપભાઈ દંડે આ શ્રધ્ધાંજલિ સભાનું સંચાલન કરેલ હતું. શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી ટોકરશી નાનજી શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી બચુભાઈ રાંભિયા, શ્રી પારસ વીરા વગેરેએ વક્તવ્ય દ્વારા શ્રી કાંતિભાઈ સાવલાને અંજલિ અર્પેલ હતી. છેલ્લે સમારંભના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ સદ્‌ગત શ્રી કાંતિભાઈ સાવલાના જીવનની વિગતો રજૂ કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરેલ હતી. તેના પ્રતિસાદ સ્વરૂપે શ્રી રૂપેશભાઈ સાવલાએ સહુનો આભાર માનેલ હતો.

- **સોમવાર, તા. ૧૮-૧૧-૨૦૧૩**

★ આજરોજ સભ્યપદ તથા મેડિકલ કાર્ડ સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. શ્રી રમણિકલાલ કું. ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રીમતી અમીબેન શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ વગેરે આ મીટિંગમાં ઉપસ્થિત રહેલ હતા. અત્યાર સુધી મેડિકલ કાર્ડ માટે ૨૪૦ સભ્યોના ફોર્મ આવેલ છે. અગાઉ ૭૪૦ સભ્યોને મેડિકલ કાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ હતા. બાકીના સભ્યોના નવા મેડિકલ

*અહંકારથી ધરેલી ભેટ ભગવાન સ્વીકારતા નથી.*

## ઊડતી નજરે....

### ઑક્ટોબર-૨૦૧૩ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...........<br>જેમાંથી – | **૧૧,૨૪૧** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........... **૪૬૮** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........... **૪૯** | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ........... **૧૨** | |
| | (ગ) | સોનોગ્રાફી ........... **૮૫૯** | |
| | (ઘ) | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........... **૩૮** | |
| | (ચ) | બોડી ચેક-અપ ........... **૪૦૮** | |
| | (છ) | અન્ય ........... **૯,૪૦૭** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........... **૨,૫૨૩**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ ........... **૫,૬૨૦**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ ........... **૪૪૫**<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ........... **૧,૬૩૮** | **૧૦,૨૨૬** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........... **૯૩૨**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........... **૩,૭૪૮** | **૪,૬૮૦** |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........... **૬૩૭** | **૬૩૭** |
| | | ઓક્ટોબર - ૨૦૧૩ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........... | **૨૬,૭૮૪** |


## "એક રોટલીનું દાન"

દાન કરવાનું તો જીવનમાં વણાયેલું જ હોય છે પણ એક રોટલીનું દાન આપનાર જુદી જુદી કેવી રીતે આપે છે તેનું ઉદાહરણ અહીં રજૂ કરેલ છે.

ધારો કે બપોરના સમયે સૌ જમવા બેસે છે તે વખતે એક ભૂખ્યો ભિખારી ત્યાં આવી "કોઈ ખાવાનું આપો મા બાપ..." ની બૂમ પાડે છે તેને જુદી જુદી રીતે કેવા જવાબ મળે છે તે જોઈએ.

**(૧)** અમારે હજુ જમવાનું બાકી છે પછી આવજે. **(૨)** આ માણસ ભૂખ્યો લાગે છે. નોકરની રોટલીમાંથી એક રોટલી આપી શકાય. **(૩)** આ ભિખારી ભૂખ્યો લાગે છે. તેને બેસવાનું કહો. જમી રહ્યા બાદ એક રોટલી આપજે. **(૪)** ભિખારી ખૂબ ભૂખ્યો લાગે છે થાળીમાં એક રોટલી વધી છે તે આપી આવ. **(૫)** બિચારો ખૂબ ભૂખ્યો લાગે છે. તેને એક રોટલી પહેલા જ આપી આવ કારણકે પાછળ વધે કે ન પણ વધે.

આ પાંચ જવાબમાં અપાય તો છે માત્ર એક રોટલીનું દાન પરંતુ દરેકની ભાવના અલગ અલગ છે તેથી તેમને મળતું પુણ્ય દરેક ક્રમમાં વધીને છેલ્લા ક્રમવાળાને સૌથી વિશેષ મળે છે. તો પછી આપણે આપણો નંબર પાંચમાં ક્રમમાં કેમ ન લગાડીએ? ■



# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ



## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

**કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો, લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.**

### શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

**કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.**

**ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)**

## સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)

**: મુંબઈ ઓફિસ :**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

Since 1958

Leading. Innovating. Growing.







Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012

ISO 9001 : 2008

## V-Trans offers unmatched service edge to all its customers

- **Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates**
- **Expertise in multi point door pickup and door delivery**
- **Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations**
- **Geographical presence across India at 400 locations in 26 states - further expanding**
- **Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof**

## Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management

**Corporate Office : V-Trans (India) Limited**
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180**

**V-Xpress Toll Free no. : 1800-220-240**

॥ ૐ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ ॥

શુભ દિપાવલી અને નૂતન વર્ષની સૌને અંતરથી શુભ કામનાઓ....

## શ્રી શંખેશ્વર તીર્થમાં 1 BHK એપાર્ટમેન્ટની ભવ્ય યોજના



# Manibhadra Residency

A PROJECT BY SAMYAK DEVELOPERS

૫૬ વારના (૫૦૬ Sq.Ft.)
સુપર બીલ્ટ-અપ એરીયા

**મુખ્ય દેરાસરથી ખુબજ નજીક**

માણિભદ્ર રેસીડેન્સી, C/O સમ્યક ડેવલોપર્સ
દાદાવાડીની સામે, શંખેશ્વર તીર્થ, ગુજરાત

- સુંદર આકર્ષક ગાર્ડન
- બુકીંગ ચાલુ છે
- દરેક બ્લોકમાં લીફ્ટ
- સિક્યૂરીટી - કંપાઉન્ડ વોલ
- બેંકમાંથી લોન મળશે
- દલાલ મિત્રો આવકાર્ય
- વિશાળ પાર્કીંગની વ્યવસ્થા
- ૨૪ કલાક પાણી/ડ્રેનેજ/ઈલેક્ટ્રીસિટી
- તાલુકા પોલીસ સ્ટેશન/સીવીક સેન્ટર પાસે

SAMYAK
Developers

Deep Sheth : 076981 98555
Manan Mehta : 099250 64037

અમદાવાદ ઓફીસ : સમ્યક ડેવલોપર્સ, હેમકુંજ ૧૮, જૈન નગર, પાલડી, અમદાવાદ

Email : sales@samyak.biz, www.samyak.biz

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2012-2014 Valid upto 31st December, 2014.
Published on 1st of Every Month and Permitted to Post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978

A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

INDOCEM (INDIA) PVT. LTD.
(An ISO 9001: 2000 Certified Company)

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,